પ્રકાશક :
**શ્રી સૂર્યશશી જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા.**
ઠે. સી/૫ આરતી, જુના નાગરદાસ રોડ.
ચીનોય કોલેજ સામે, અંધેરી (ઈસ્ટ)
મુંબઈ – ૪૦૦૦૬૯

પ્રાપ્તિસ્થાન :

૧. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ ફુવારા સામે,
અમદાવાદ–૧

૨. સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના, અમદાવાદ–૧

૩. સોમચંદ ડી. શાહ
જીવનનિવાસ સામે, પાલીતાણા

૪. સેવન્તીલાલ વી. જૈન
૨૦, મહાજન ગલી, પહેલે માળે,
ઝવેરી બજાર, મુંબઈ–૨

૫. શંખેશ્વર પુસ્તક ભંડાર
જૈન ભોજન શાળા પાસે
મુ. શંખેશ્વર વાયા. હારિજ (ઉ. ગુ)

આવૃત્તિ ત્રીજી

વિક્રમ સંવત ૨૦૩૬

કિંમત :– રૂ. ૮–૦૦

મુદ્રક :– કાંતિલાલ ડી. શાહ.
"ભરત પ્રિન્ટરી" દાણાપીઠ પાછળ,
પાલીતાણા :– ૩૬૪૨૭૦

# પ્રકાશકીય

નાનકડા બીજમાં વિરાટ વૃક્ષ છુપાયેલું છે. હીરા-મોતી-માણેકમાં લાખોની સંપત્તિ સમાયેલી છે. એમ અડસઠ અક્ષરાત્મક શ્રી નવકાર મહામંત્રમાં ચૌદપૂર્વનો સાર સમાયેલો છે. તેમાં વિશ્વનાં સર્વ શુભ તત્ત્વો પ્રદાન કરવાની મહાન શક્તિ છુપાયેલી છે.

સર્વ મંગલોમાં શ્રેષ્ઠ મંગલ નવકાર-નમસ્કારમંત્ર છે, જે સર્વ પાપનું—સર્વના પાપનું વિસર્જન કરવાની અને સર્વોત્તમ પુણ્યનું સર્જન કરવાની અક્ષુણ્ણ શક્તિ ધરાવે છે.

આત્માનો વિકાસ, અને વિનાશ, નમસ્કાર અને અહંકાર ઉપર નિર્ભર છે; નમસ્કાર જીવને વિકાસના પંથે દોરી જાય છે, ક્રમશઃ પૂર્ણ બનાવે છે. અહંકાર જીવને વિનાશ—પતનની ખાઈમાં ફેંકી દે છે, ખાલીખમ બનાવે છે, ગુણહીન બનાવે છે, કોના શરણે જવું એ આપણી ઇચ્છાને આધીન છે.

વિશ્વમાં જ્યાં-ત્યાં જે કાંઈ શુભ-સુંદર અને મંગલમય દેખાય છે, એ નમસ્કારની ભેટ છે. વિશ્વમાં એવો કોઈ ઉત્તમ પદાર્થ કે પદ નથી જે નમસ્કારથી ન મળે !

એવો અજબ મહિમા છે પરમેષ્ઠિ નમસ્કારનો !

નમસ્કારની આવી સર્વોત્તમતા, સર્વશ્રેષ્ઠતા અને પરમ મંગલમયતા તેમાં બિરાજમાન પંચપરમેષ્ઠીને લઇને જ છે.

લોકમાં પરમમંગલસ્વરૂપ, સર્વોત્તમ અને પરમશરણભુત કોઈ હોય તો પંચપરમેષ્ઠી છે, એનાથી ચડિયાતું કોઇ મંગલ, ઉત્તમ અને શરણભુત તત્ત્વ—પદાર્થ આ લોકમાં નથી.

નમસ્કાર અને તેમાં બિરાજમાન પંચપરમેષ્ઠીનો પ્રત્યક્ષ અને પૂર્ણ પરિચય કરવો એજ માનવજીવનનું પરમ અને ચરમ કર્તવ્ય છે, એમ જ્ઞાની પુરુષો આપણને વારંવાર પ્રેરણા-ઉપદેશ આપે છે.

પ્રસ્તુત પુસ્તકમાં પાને પાને અને વાકયે વાકયે, શાસ્ત્ર અને અનુભવજ્ઞાનથી રસાયેલું એવું અપૂર્વ તત્ત્વચિંતન પીરસવામાં આવ્યું છે, જેનું સ્વસ્થ ચિત્તે આસ્વાદન કરવાથી આપણી જન્મોજન્મની તૃષ્ણા-તૃષા શમી જાય છે, વિષય-કષાયના સર્વ ઉકળાટ શાન્ત થઇ જાય છે, ચિત્ત અત્યન્ત પ્રસન્ન અને પવિત્ર બને છે.

શ્રી નમસ્કાર મહામંત્રનો મહિમા અને અર્થવિસ્તાર અનંત અને અપાર છે. પરમેષ્ઠીઓની અનન્ય શરણાગતિ સ્વીકારીને તેમનાં કીર્તન, સ્મરણ અને ધ્યાનમાં ઓતપ્રોત બનવાથી જ તેના મહિમા અને રહસ્યાર્થનો યત્કિંચિત્ યથાર્થ અનુભવ-લાભ મેળવી શકાય છે.

એક મહાત્મા પુરુષની અનુભવસિદ્ધ કલમે આલેખાયેલી આ વિચારધારા આપણને તત્ત્વચિંતનની કોઈ નવી દુનિયાનું દર્શન કરાવે છે, નવકાર મહામંત્રની ઉંડાઈ-ઉંચાઈ કેટલી અગાધ અદ્દ્ભુત અને અદ્વિતીય

છે. તેની ઝાંખી કરાવે છે અને તેના મહાન ભાવ-પ્રભાવને આ જીવનમાં જ અનુભવવા માટે અનન્ય શ્રદ્ધા અને અખંડ પુરુષાર્થ કેળવવાની પ્રબળ પ્રેરણા અને હિંમત અર્પે છે.

પ્રચારવાદના આ જમાનામાં નિત અવનવું સાહિત્ય થોકબંધ બહાર પડે છે. બે ઘડીના મનોરંજન સિવાય જીવનમાં તેનું ચિરસ્થાયી કોઇ મૂલ્ય કે મહત્ત્વ નથી હોતું. વાંચનપ્રિય લોકોના જીવનમાં સદ્‌વિચાર અને સદ્‌વર્તનનું સર્જન કરે, ક્ષમા, નમ્રતા સ્નેહભાવ, પરોપકાર, કૃતજ્ઞતા વગેરે દૈવી ગુણો કેળવવાની રુચિ-તાલાવેલી જગાડે એવા શિષ્ટ સાહિત્યની આજ ઘણી જરૂરિયાત છે. એથીયે આગળ વધીને લોક-જીવનમાં પરમાત્મપ્રેમ-ભક્તિ, સાધુસેવા અને તત્ત્વજ્ઞાન પ્રત્યે વિશેષ અભિરુચિ—શ્રદ્ધા વિકસે તેવું વાંચન પીરસવાની ખાસ જરૂર છે.

પ્રસ્તુત 'અનુપ્રેક્ષા' પુસ્તક તત્ત્વપ્રેમીઓ માટે અતીવ ઉપકારક ગ્રન્થ છે. તેના લેખક પૂજ્ય પંન્યાસજી મહારાજ અને તેમાં આલેખાયેલાં તત્ત્વચિન્તનો વિષે યથાર્થ સમીક્ષા કરવી એ મારા ભેજા-ગજા બહારની વાત છે. તત્ત્વજિજ્ઞાસુ સાધક આત્માઓ જ એનાં મૂલ્ય અને મહત્ત્વ આંકી શકે !

અંતે, આવાં ઉત્તમ પ્રકાશનો પ્રગટ કરવાનું સૌભાગ્ય અમને સદા મળતું રહે અને તે દ્વારા આપણા સહુના જીવનમાં તત્ત્વનો પ્રકાશ પથરાતો રહે એ જ મંગલ કામના.

આ પ્રકાશનનું સુંદર છાપકામ કરી આપવા બદલ પાલિતાણા "ભરત પ્રિન્ટરી"ના માલિક કાન્તિલાલ ડી. શાહ તથા પ્રકાશનમાં અનેક રીતે સાથ સહકાર આપનાર સજ્જનોનો પણ આભાર માનું છું.

પ્રકાશક

# નવકારનો મહિમા

## પંચપરમેષ્ઠિ–નમસ્કાર

तीर्थकृद्भ्यो नमस्कारो, देहमाजां भवच्छिदे ।
भवति क्रियमाणः सन्, बोधिलाभाय चोच्चकैः ॥ १ ॥

તીર્થંકર ભગવંતોને કરવામાં આવતો નમસ્કાર પ્રાણીઓના સંસારનો નાશ કરે છે, અને વિશુદ્ધ બોધિના લાભને માટે સમર્થ થાય છે.

सिद्धेभ्यश्च नमस्कारो, भगवद्भ्यो विधीयताम् ।
कर्मैधोऽदाहि यैर्ध्यानाग्निना भवसहस्रजं ॥ २ ॥

જેઓએ સેંકડો ભવોનાં કર્મરૂપી ઇન્ધન ધ્યાનરૂપી અગ્નિ વડે ભસ્મ કર્યાં છે, તે સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરો.

आचार्येभ्यः पंचविधाचारेभ्यश्च नमस्कुरु ।
यैर्धार्यते प्रवचनं, भवच्छेदसदोद्यमैः ॥ ३ ॥

જેઓ પંચવિધ આચારમય છે, જેઓ પ્રવચન (જિન-શાસન) ને ધારણ કરે છે અને જેઓ ભવનો છેદ કરવામાં સતત ઉદ્યમવંત છે, એવા આચાર્ય ભગવંતોને નમસ્કાર કરો.

श्रुतं बिभर्ति ये सर्वं, शिष्येभ्यो व्याहरन्ति च ।
तेभ्यो नमो महात्मभ्य, उपाध्यायेभ्य उच्चकैः ॥ ४ ॥

સમગ્ર શ્રુતને ધારણ કરનારા, શિષ્યગણને ભણાવનારા, મહાત્મા શ્રી ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર થાઓ.

**शीलव्रतसनाथेभ्यः साधुभ्यश्च नमस्कुरु ।**
**क्षमामंडलगाः सिद्धि-विद्यां संसाधयन्ति ये ॥ ५ ॥**

શીલવ્રતથી યુક્ત, ક્ષમાનાં મંડલમાં સ્થિત (ક્ષમાને ધારણ કરનારા), તથા મોક્ષ વિદ્યાને જેઓ સિદ્ધ કરી રહ્યા છે, એવા સાધુ ભગવંતોને નમસ્કાર કરો.

**इत्थं पंचनमस्कारसमं यज्जीवितं व्रजेत् ।**
**न याति यद्यसौ मोक्षं, ध्रुवं वैमानिको भवेत् ॥ ६ ॥**

આ રીતે અંત સમયે પાંચ નમસ્કારની સાથે જે પોતાના પ્રાણોનો ત્યાગ કરે છે, તે જો મોક્ષમાં ન જાય તો અવશ્ય વૈમાનિક થાય છે, અર્થાત્ વૈમાનિક દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે.

●

નમસ્કાર એ સર્વશ્રેષ્ઠ દાન છે, એ દાનના પાત્ર સર્વશ્રેષ્ઠ પરમેષ્ઠી ભગવંતો છે. એ દાન આપવાના પરિણામ જેના ચિત્તમાં જાગે છે, તે નિકટભવી, સરલપરિણામી, ભવ્ય જીવ છે.

તમારો ઉપયોગ નવકારમાં પરોવો. યોગ, ઉપયોગ બંને નવકારમાં લીન બને, તેવું જીવન જીવો. મન, વચન અને કાયાના યોગો નવકારની સાથે તન્મયપણાને પામે, તેવો અભ્યાસ કરો.

ભાવથી નવકારની પ્રાપ્તિ થઈ એટલે દુર્લભ વસ્તુનો લાભ થયો, પ્રિયનો સમાગમ થયો, તત્ત્વનો પ્રકાશ થયો, સારભુત વસ્તુની પ્રાપ્તિ થઇ કષ્ટો નષ્ટ થયાં, પાપ પલાયન થઇ ગયું, ભવસમુદ્રનો પાર પામ્યા. તપ, જપ, નિયમ બધું સફળ થયું, વિપત્તિ પણ સંપત્તિ માટે એમ વિચારવું.

卐

# અનુક્રમણિકા


| | પૃષ્ઠ |
|---|---|
| કિરણ પહેલું | ૧ થી ૭૦ |
| કિરણ બીજું | ૭૧ થી ૧૫૪ |
| કિરણ ત્રીજું | ૧૫૫ થી ૨૪૭ |


---

## પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરકૃત

### —: પુસ્તકોની યાદી :—

| | | |
|---|---|---|
| ૧. | જૈન માર્ગની પિછાન | ૪—૫૦ |
| ૨. | પરમેષ્ઠી-નમસ્કાર અને સાધના | ૭—૦૦ |
| ૩. | જિનભક્તિ | ૩—૦૦ |
| ૪. | પ્રતિમાં-પૂજન | ૮—૦૦ |
| ૫. | નમસ્કાર-મીમાંસા | ૭—૦૦ |
| ૬. | નમસ્કાર દોહન | ૩—૫૦ |
| ૭. | નમસ્કાર મહામંત્ર | ૧૦—૦૦ |
| ૮. | ધર્મશ્રદ્ધા | ૬—૦૦ |
| ૯. | દેવદર્શન | ૬—૦૦ |
| ૧૦. | આરાધનાનો માર્ગ | ૫—૫૦ |
| ૧૧. | પ્રાર્થના | ૧—૫૦ |
| ૧૨. | તત્ત્વ દોહન | ૧૦—૦૦ |
| ૧૩. | તત્ત્વ પ્રભા | ૯—૦૦ |
| ૧૪. | મનન માધુરી | |
| ૧૫. | આસ્તિકતાનો આદર્શ | ૭—૫૦ |

# અનુપ્રેક્ષા

## કિરણ પહેલું

卐

## श्री पंचपरमेष्ठी नमस्कार महामंत्र

नमो अरिहंताणं ।

नमो सिद्धाणं ।

नमो आयरियाणं ।

नमो उवज्झायाणं ।

नमो लोए सव्वसाहूणं ।

एसो पंच नमुक्कारो ।

सव्वपावप्पणासणो ।

मंगलाणं च सव्वेसिं ।

पढमं हवइ मंगलं ।

卐

# મહામંત્રની અનુપ્રેક્ષા

## મનનું બલ મંત્રથી વિકસે છે.

નમસ્કાર મનુષ્યની પોતાની પુંજી છે. નમવું એ જ માનવમન અને બુદ્ધિનું તાત્વિક ફળ છે. નમઃ એ દૈવી ગુણ અને આધ્યાત્મિક સંપત્તિ છે.

બીજાના ગુણ ગ્રહણ કરવાની શક્તિ ( Receptivity ) નમસ્કારમાં રહેલી છે. શરીરને મન કરતાં વધુ મહત્ત્વ ન મળવું જોઈએ. શરીર એ ગાડી છે અને મન એ ઘોડો છે. મનરૂપી ઘોડો શરીરરૂપી ગાડીની આગળ જોડવો જોઈએ.

મન વડે જ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. શાશ્વત સુખ અને સાચી શાંતિ અંતરમાંથી મેળવવાની છે.

હાથીનું શરીર મોટું અને વજનદાર છે પરંતુ કામી છે. સિંહનું શરીર નાનું અને હલકું હોવા છતાં અપેક્ષાએ કામનો વિજેતા છે, તેથી હાથીને પણ સિંહ જીતી જાય છે. માનવીનું મન સિંહ કરતાં પણ બળવાન હોવાથી સિંહને પણ વશ કરીને પાંજરામાં પૂરે છે.

મનનું બળ મંત્રથી વિકસે છે. મંત્રમાં સૌથી શ્રેષ્ઠ મંત્ર નમસ્કારમંત્ર છે. તેથી અંતરના શત્રુ કામ, ક્રોધ, અને લોભ, તથા રાગ, દ્વેષ અને મોહ જિતાય છે.

નમસ્કાર મંત્રમાં પાપની ઘૃણા છે અને પાપીની દયા છે. પાપની ઘૃણા આત્મબળને વધારે છે, નમ્રતા અને નિર્ભયતા લાવે છે. પાપીની ઘૃણા આત્મબળને ઘટાડે છે, અહંકાર અને કઠોરતા લાવે છે. સાચો નમસ્કાર આત્મામાં પ્રેમ અને આદર વધારે છે. સ્વાર્થ અને કઠોરતાનો ત્યાગ કરાવે છે.

જેટલો અહંકાર તેટલું સત્યનું પાલન ઓછું. જેટલું સત્યનું પાલન ઓછું તેટલું જિતેન્દ્રિયપણું ઓછું, તથા કામ, ક્રોધ અને લોભનું બળ વધારે. નમસ્કારથી વાણીની કઠોરતા, મનની કૃપણતા અને બુદ્ધિની કૃતઘ્નતા નાશ પામે છે, અનુક્રમે કોમળતા, ઉદારતા અને કૃતજ્ઞતા વિકસિત થાય છે.

## નમસ્કાર વડે મનોમય કોષની શુદ્ધિ.

નમસ્કારમાં ન્યાય છે, સત્ય છે, દાન છે અને સેવાનો ભાવ રહેલો છે. ન્યાયમાં ક્ષાત્રવટ છે, સત્ય અને તેના બહુમાનમાં બ્રહ્મજ્ઞાન છે, દાન અને દયામાં શ્રી અને વાણિજ્યની સાર્થકતા છે, સેવા અને શુશ્રૂષામાં સંતોષ ગુણની સીમા છે. નમસ્કાર વડે ક્ષત્રિયોનું ક્ષાત્રવટ, બ્રાહ્મણોનું બ્રહ્મજ્ઞાન, વૈશ્યોનો દાનગુણ અને શૂદ્રોનો સેવાગુણ એક સાથે સાર્થક થાય છે.

સમર્પણ, પ્રેમ, પરોપકાર અને સેવાભાવ એ માનવ-મનના અને વિકસિત બુદ્ધિના સહજ ગુણ છે.

મનુષ્ય-જન્મને શ્રેષ્ઠ બનાવનારી કોઈ ચીજ હોય તો તે પવિત્ર બુદ્ધિ છે. જીવ, દેહ અને પ્રાણ તો પ્રાણી માત્રમાં છે, પણ વિકસિત મન અને વિકસિત બુદ્ધિ તો માત્ર મનુષ્યમાં

જ છે. બધું હોય પણ સદ્‌બુદ્ધિ ન હોય તો બધાનો દુરુપયોગ થઈને દુર્ગતિ થાય છે. બીજું કાંઈ ન હોય પણ સદ્‌બુદ્ધિ હોય તો તેના પ્રભાવે બધું આવી મળે છે.

માનવમનમાં અહંકાર અને આસક્તિ એ બે મોટા દોષ છે. બીજાના ગુણ જોવાથી અને પોતાના દોષ જોવાથી અહંકાર અને આસક્તિ જાય છે. નમસ્કાર એ બીજાના ગુણ ગ્રહણ કરવાની અને પોતાનામાં રહેલા દોષો દૂર કરવાની ક્રિયા છે. નમસ્કારથી સદ્‌બુદ્ધિનો વિકાસ થાય છે અને સદ્‌બુદ્ધિનો વિકાસ થવાથી સદ્‌ગતિ હસ્તામલકવત્ બને છે.

નમસ્કારરૂપી વજ્ર અહંકારરૂપી પર્વતનો નાશ કરે છે. નમસ્કાર માનવના મનોમય કોષને શુદ્ધ કરે છે. અહંકારનું સ્થાન મસ્તક છે. મનોમય કોષ શુદ્ધ થવાથી અહંકાર આપોઆપ વિલય પામે છે.

નમસ્કારમાં શુભ કર્મ, ઉપાસના અને જ્ઞાન એ ત્રણેનો સુમેળ છે. શુભ કર્મનું ફળ સુખ, ઉપાસનાનું ફળ શાન્તિ અને જ્ઞાનનું ફળ પ્રભુપ્રાપ્તિ છે.

નમસ્કારના પ્રભાવે આ જન્મમાં સુખશાંતિ અને જન્માન્તરમાં પરમાત્મપદની પ્રાપ્તિ સુલભ બને છે.

કર્મફળમાં વિશ્વાસાત્મક બુદ્ધિ તે સદ્‌બુદ્ધિ છે. સદ્‌બુદ્ધિ શાંતિદાયક છે. નમસ્કારથી તે વિકાસ પામે છે, અને તેના પ્રભાવે હૃદયમાં પ્રકાશ પ્રકટે છે.

જ્ઞાન–વિજ્ઞાનનું સ્થાન બુદ્ધિ છે અને શાંતિ–આનંદનું સ્થાન હૃદય છે. બુદ્ધિનો વિકાસ અને હૃદયમાં પ્રકાશ એ નમસ્કારનું અસાધારણ ફળ છે.

## બુદ્ધિની નિર્મલતા અને સૂક્ષ્મતા.

માનવજન્મ દુર્લભ છે. તેથી પણ દુર્લભ પવિત્ર અને તીક્ષ્ણ બુદ્ધિ છે. નમસ્કાર શુભ કર્મ હોવાથી તેના વડે બુદ્ધિ તીક્ષ્ણ બને છે. નમસ્કારમાં ભક્તિની પ્રધાનતા હોવાથી બુદ્ધિ વિશાલ અને પવિત્ર બને છે. નમસ્કારમાં સમ્યગ્જ્ઞાન હોવાથી બુદ્ધિ સૂક્ષ્મ પણ બને છે.

બુદ્ધિને સૂક્ષ્મ, શુદ્ધ અને તીક્ષ્ણ બનાવવાનું સામર્થ્ય આ રીતે નમસ્કારમાં રહેલું છે. પરમપદની પ્રાપ્તિ માટે બુદ્ધિના તે ત્રણે ગુણોની આવશ્યકતા છે. સૂક્ષ્મ બુદ્ધિ વિના નમસ્કારના ગુણો જાણી શકાતા નથી, શુદ્ધ બુદ્ધિ વિના નમસ્કાર્ય પ્રત્યે પ્રેમ પ્રગટી શકતો નથી અને તીક્ષ્ણ બુદ્ધિ વિના નમસ્કારના ગુણોનું સ્મરણ ચિત્તરૂપી ભૂમિમાં સુદૃઢ કરી શકાતું નથી.

નમસ્કાર કર્તામાં રહેલો ન્યાય, નમસ્કાર્ય તત્ત્વમાં રહેલી દયા, નમસ્કાર ક્રિયામાં રહેલું સત્ય, બુદ્ધિને સૂક્ષ્મ, શુદ્ધ અને સ્થિર કરી આપે છે. એ રીતે બુદ્ધિને સૂક્ષ્મ, શુદ્ધ અને સ્થિર કરવાનું સામર્થ્ય નમસ્કારમાં રહેલું છે.

નમસ્કારમાં અહંકાર વિરુદ્ધ નમ્રતા છે, પ્રમાદ વિરુદ્ધ પુરુષાર્થ છે અને હૃદયની કઠોરતા વિરુદ્ધ કોમળતા છે. નમસ્કારથી એક બાજુ મલિન વાસના, બીજી બાજુ ચિત્તની ચંચળતા દૂર થવાની સાથે જ્ઞાનનું ઘોર આવરણ જે અહંકાર તે ટળી જાય છે. નમસ્કારની ક્રિયા શ્રદ્ધા, વિશ્વાસ અને એકાગ્રતા વધારે છે. શ્રદ્ધાથી તીવ્રતા, વિશ્વાસથી સૂક્ષ્મતા અને એકાગ્રતાથી બુદ્ધિમાં સ્થિરતાગુણ વધે છે.

નમસ્કારથી સાધકનું મન પરમ તત્ત્વમાં લાગે છે અને બદલામાં પરમ તત્ત્વ તરફથી બુદ્ધિ પ્રકાશિત થાય છે. તે પ્રકાશથી બુદ્ધિના અનેક દોષો જેમકેઃ- મંદતા, સંકુચિતતા, સંશયયુક્તતા, મિથ્યાભિમાનિતાદિ એક સાથે નાશ પામે છે.

## નમસ્કાર મંત્ર એ સિદ્ધ મંત્ર છે

નમસ્કાર એક મંત્ર છે અને મંત્રનો પ્રભાવ મન પર પડે છે. મનથી માનવાનું અને બુદ્ધિથી જાણવાનું કામ થાય છે. મંત્રથી મન અને બુદ્ધિ બંને પરમ તત્ત્વને સમર્પિત થઇ જાય છે. શ્રદ્ધાનું સ્થાન મન છે અને વિશ્વાસનું સ્થાન બુદ્ધિ છે. એ બંને પ્રભુને સમર્પિત થઈ જાય છે, ત્યારે તે બંનેના દોષો બળીને ભસ્મીભૂત થઈ જાય છે.

સ્વાર્થાંધતાના કારણે બુદ્ધિ મંદ થઈ જાય છે, કામાંધતાના કારણે બુદ્ધિ કુબુદ્ધિ બની જાય છે, લોભાંધતાના કારણે બુદ્ધિ દુર્બુદ્ધિ બની જાય છે. ક્રોધાંધતાના કારણે બુદ્ધિ સંશયી બની જાય છે, માનાંધતાના કારણે બુદ્ધિ મિથ્યા બની જાય છે, કૃપણાંધતાના કારણે બુદ્ધિ અતિશય સંકુચિત બની જાય છે.

નમસ્કારરૂપી વિદ્યુત ચિત્તરૂપી બેટરીમાં જ્યારે પ્રગટ થાય છે, ત્યારે સ્વાર્થથી માંડીને કામ, ક્રોધ, લોભ, માન, માયા, દર્પ આદિ સઘળા દોષો દગ્ધ થઈ જાય છે અને ચિત્તરત્ન ચારે દિશાએથી નિર્મલપણે પ્રકાશી ઊઠે છે. સમતા, ક્ષમા, સંતોષ, નમ્રતા, ઉદારતા, નિઃસ્વાર્થતા આદિ ગુણો તેમાં પ્રગટી નીકળે છે.

શબ્દ એ નમસ્કારનું શરીર છે, અર્થ એ નમસ્કારનો પ્રાણ છે અને ભાવ એ નમસ્કારનો આત્મા છે. નમસ્કારનો ભાવ જ્યારે ચિત્તને સ્પર્શે છે, ત્યારે માનવને મળેલ આત્મ-વિકાસ માટેનો અમૂલ્ય અવસર ધન્ય બને છે.

નમસ્કારથી આરંભ થયેલ ભક્તિ અંતે જ્યારે સમર્પણમાં પૂર્ણ થાય છે ત્યારે માનવી પોતાને પ્રાપ્ત થયેલ જન્મની સાર્થકતા અનુભવે છે.

નમસ્કાર મંત્ર એ સિદ્ધ મંત્ર છે. એ મંત્રનું સ્મરણ કરવા માત્રથી આત્મામાં જીવરાશિ ઉપર સ્નેહ પરિણામ જાગૃત થાય છે. એ માટે સ્વતંત્ર અનુષ્ઠાન કે પુરશ્ચરણાદિ વિધિની પણ જરૂર પડતી નથી. તેમાં મુખ્ય કારણ પંચ પરમેષ્ઠિ ભગવંતોનો અનુગ્રહકારક સહજ સ્વભાવ છે, તથા પ્રથમ પરમેષ્ઠિ અરિહંત ભગવંતોનો "જીવ માત્રનું આધ્યાત્મિક કલ્યાણ થાઓ" એવો સિદ્ધ સંકલ્પ છે.

## અભેદમાં અભય અને ભેદમાં ભય.

ગુણ બહુમાનનો પરિણામ અચિન્ત્ય શક્તિયુક્ત કહ્યો છે. નિશ્ચયથી બહુમાનનો પરિણામ અને વ્યવહારથી બહુ-માનનો સર્વોત્કૃષ્ટ વિષય, બેઉ મળીને કાર્યસિદ્ધિ થાય છે.

ગુણાધિકનું સ્મરણ કરવાથી રક્ષા થાય છે, તેમાં વસ્તુ-સ્વભાવનો નિયમ કાર્ય કરે છે. ધ્યાતા–અંતરાત્મા જ્યારે ધ્યેય–પરમાત્માનું ધ્યાન કરે છે, ત્યારે ચિત્તમાં ધ્યાતા–ધ્યેય–ધ્યાન એ ત્રણેની એકતારૂપી સમાપત્તિ થાય છે, તેથી ક્લિષ્ટ કર્મનો વિગમ થાય છે અને અંતરાત્માને અદ્ભુત શાંતિ મળે છે. તેનું જ નામ મંત્રથી રક્ષા ગણાય છે.

પરના સુકૃતની અનુમોદનારૂપ સુકૃત અખંડિત શુભ ભાવનું કારણ છે. પરમ તત્ત્વ પ્રત્યે સમર્પણ ભાવ એક બાજુ નમ્રતા અને બીજી બાજુ નિર્ભયતા લાવે છે અને એ બેના પરિણામે નિશ્ચિન્તતા અનુભવાય છે.

અભેદમાં અભય છે અને ભેદમાં ભય છે. નમસ્કારના પ્રથમ પદમાં 'અરિહં' શબ્દ છે તે અભેદવાચક છે, તેથી તેને કરાતો નમસ્કાર અભયકારક છે. અભયપ્રદ અભેદવાચક 'અરિહં' પદનું પુનઃ પુનઃ સ્મરણ ત્રાણ કરનારું, અનર્થને હરનારું તથા આત્મજ્ઞાનરૂપી પ્રકાશને કરનારું હોવાથી સૌ કોઇ વિવેકીને અવશ્ય આશ્રય લેવા લાયક છે.

## નમસ્કાર મંત્ર એ મહા ક્રિયાયોગ છે.

પંચ મંગલરૂપ નમસ્કાર મંત્ર એ મહાક્રિયા યોગ છે, કેમ કે તેમાં બંને પ્રકારનો તપ, પાંચે પ્રકારનો સ્વાધ્યાય અને સર્વોત્કૃષ્ટ તત્ત્વોનું પ્રણિધાન રહેલું છે.

બાહ્ય–અભ્યંતર તપ એ કર્મરોગની ચિકિત્સારૂપ બને છે, પાંચે પ્રકારનો સ્વાધ્યાય એ મહામોહરૂપી વિષને ઉતારવા માટે મંત્ર સમાન બની રહે છે અને પરમ પંચપરમેષ્ઠિનું પ્રણિધાન ભવભયનું નિવારણ કરવા માટે પરમ શરણરૂપ બને છે.

નમસ્કારરૂપ પંચમંગલની ક્રિયા એ અભ્યંતર તપ, ભાવ સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાનરૂપ મહાક્રિયા યોગ છે, એનું સ્મરણ અવિદ્યાદિ ક્લેશોનો નાશ કરે છે અને ચિત્તની અખંડ સમાધિરૂપ ફલને ઉત્પન્ન કરે છે. ક્લેશનો નાશ દુર્ગતિનો ક્ષય કરે છે અને સમાધિભાવ સદ્ગતિનું સર્જન કરે છે.

નમસ્કારમાં 'નમો' પદ પૂજા અર્થમાં છે અને 'પૂજા' દ્રવ્યભાવ સંકોચ અર્થમાં છે. દ્રવ્યસંકોચ કર શિરઃ–પાદાદિનું નિયમન છે. અને ભાવસંકોચ એ મનનો વિશુદ્ધ વ્યાપાર છે.

બીજી રીતે નમો એ સ્તુતિ, સ્મૃતિ અને ધ્યાનપરક તથા દર્શન, સ્પર્શન અને પ્રાપ્તિપરક પણ છે. સ્તુતિ વડે નામગ્રહણ, સ્મૃતિ વડે અર્થભાવન અને ધ્યાન વડે એકાગ્ર ચિંતન થાય છે. તથા દર્શન વડે સાક્ષાત્કરણ, સ્પર્શન વડે વિશ્રાંતિગમન અને પ્રાપ્તિ વડે સ્વસંવેદ્ય અનુભવન પણ થાય છે. નામગ્રહણ આદિ વડે દ્રવ્યપૂજા અને અર્થભાવન, એકાગ્રચિન્તન તથા સાક્ષાત્કરણાદિ વડે ભાવપૂજા થાય છે.

જેમ જલ વડે દાહનું શમન, તૃષાનું નિવારણ અને પંકનું શોષણ થાય છે, તેમ નમો પદના અર્થની પુનઃ પુનઃ ભાવના વડે કષાયના દાહનું શમન થાય છે. વિષયની તૃષાનું નિવારણ થાય છે અને કર્મનો પંક શોષાઈ જાય છે. જેમ અન્ન વડે ક્ષુધાની શાન્તિ, શરીરની તુષ્ટિ અને બલની પુષ્ટિ થાય છે, તેમ નમો પદ વડે વિષયક્ષુધાનું શમન, આત્માના સંતોષાદિ ગુણોની તુષ્ટિ તથા આત્માના બલ–વીર્ય–પરાક્રમાદિ ગુણોની પુષ્ટિ થાય છે.

## ઋણમુક્તિનું મુખ્ય સાધન નમસ્કાર

માનવજીવનનું સાચું ધ્યેય ઋણમુક્તિ છે. ઋણમુક્તિનું મુખ્ય સાધન નમસ્કાર છે. નમસ્કાર એ વિવેકજ્ઞાનનું ફળ છે અને વિવેકજ્ઞાન એ સમાહિત ચિત્તનું પરિણામ છે.

પરમેષ્ઠિસ્મરણથી ચિત્ત સમાધિવાળું બને છે. "સાધક સમાહિત ચિત્તવાળા બનો" એવો સંકલ્પ સર્વ પરમેષ્ઠિ ભગવંતોનો છે. તેથી તેમનું સ્મરણ અને નામગ્રહણ સાધકના ચિત્તને સમાધિવાળું કરે છે.

સમાધિવાળા ચિત્તમાં વિવેક સ્ફુરે છે. અને વિવેકી ચિત્તમાં ઋણમુક્તિની ભાવના પ્રગટે છે. ઋણમુક્તિની ભાવનામાંથી પ્રગટેલી નમસ્કૃતિ અવશ્ય ઋણમુક્તિ–સાચા અર્થમાં કર્મમુક્તિને અપાવે છે.

નમસ્કાર મંત્ર વડે પંચમંગલ મહાશ્રુતસ્કંધરૂપ શ્રુતજ્ઞાનનું આરાધન થાય છે. તેમાં થતી પંચપરમેષ્ઠિની સ્તુતિ વડે સમ્યગ્દર્શન ગુણનું આરાધન થાય છે અને ત્રિકરણ યોગે થતી નમનક્રિયા વડે આંશિક ચારિત્ર ગુણનું આરાધન થાય છે.

જ્ઞાન ગુણ પાપ-પુણ્યને સમજાવે છે, દર્શનગુણ પાપની ગર્હા અને પુણ્યની અનુમોદના કરાવે છે અને ચારિત્રગુણ પાપનો પરિહાર તથા ધર્મનું સેવન કરાવે છે.

જ્ઞાનથી ધર્મમંગળ સમજાય છે, દર્શનથી ધર્મમંગળ સદ્દહાય છે અને ચારિત્રથી ધર્મમંગળ જીવનમાં જીવાય છે.

ગુણોમાં ઉપાદેયપણાની બુદ્ધિ એ સાચીશ્રદ્ધા છે, ઉપાદેયપણાની બુદ્ધિ ગુણો પ્રત્યે ઉપેક્ષાબુદ્ધિનો નાશ કરે છે. પંચપરમેષ્ઠિઓ ગુણોના ભંડાર હોવાથી તેમનો નમસ્કાર ગુણોમાં ઉપાદેયપણાની બુદ્ધિને પુષ્ટ કરે છે.

પંચપરમેષ્ઠિઓએ પાંચ વિષયોને તજ્યા છે. ચાર કષાયોને જીત્યા છે, તેઓ પાંચ મહાવ્રતો અને પાંચ આચારોથી સંપન્ન છે, આઠ પ્રવચન-માતા અને અઢાર હજાર શીલાંગ રથના ધોરી છે. તેમને નમસ્કાર કરવાથી તેમનામાં રહેલા બધા ગુણોને નમસ્કાર થાય છે. પરિણામે ગુણો પ્રત્યે અનુકૂલતાની બુદ્ધિ અને દોષો પ્રત્યે પ્રતિકૂલપણાની સન્મતિ જાગે છે.

## રાગ, દ્વેષ અને મોહનો ક્ષય.

નવપદયુક્ત નવકારથી નવમું પાપસ્થાન લોભ અને અઢારમું પાપસ્થાન મિથ્યાત્વશલ્ય નાશ પામે છે. નવકાર એ દુન્યવી લોભનો શત્રુ છે, કેમ કે એમાં જેને નમસ્કાર કરવામાં આવે છે, તે પાંચે પરમેષ્ઠિ ભગવંતો સંસારસુખને તૃણવત્ સમજી તેનો ત્યાગ કરનારા છે અને મોક્ષસુખને પ્રાપ્ત કરવા માટે પરમ પુરુષાર્થ કરનારા છે. નવકાર જેમ સાંસારિક સુખની વાસના અને તૃષ્ણાનો ત્યાગ કરાવે છે, તેમ મોક્ષસુખની અભિલાષા અને તેને માટે જ સર્વ પ્રકારનો પ્રયત્ન કરતાં શીખવે છે.

નવકાર એ પાપમાં પાપબુદ્ધિ અને ધર્મમાં ધર્મબુદ્ધિ શીખવનાર હોવાથી મિથ્યાત્વશલ્ય નામના પાપસ્થાનકનો છેદ ઉડાવે છે અને શુદ્ધ દેવ, ગુરુ તથા ધર્મ ઉપર પ્રેમ જગાડી સમ્યક્ત્વ-રત્નને નિર્મળ બનાવે છે. નવકારથી ભવનો વિરાગ જાગે છે, તે લોભ-કષાયને હણી નાખે છે અને નવકારથી ભગવદ્-બહુમાન જાગે છે, તે મિથ્યાત્વશલ્યને દૂર કરી આપે છે.

રાગદોષનો પ્રતિકાર જ્ઞાનગુણ વડે થાય છે. જ્ઞાની પુરુષ નિષ્પક્ષ હોવાથી પોતાનામાં રહેલાં દુષ્કૃત્યોને જોઈ શકે છે. નિરંતર તેની નિંદા-ગર્હા કરે છે, અને તે દ્વારા પોતાના આત્માને દુષ્કૃત્યોથી ઉગારી લે છે.

દ્વેષદોષનો પ્રતિકાર દર્શન ગુણ વડે થાય છે. સમ્યગ્-દર્શન ગુણને ધારણ કરનાર પુણ્યાત્મા નમસ્કારમાં રહેલા અરિહંતાદિના ગુણોને, સત્કર્મોને અને વિશ્વવ્યાપી ઉપકારોને જોઈ શકે છે, તેથી તેને વિષે પ્રમોદને ધારણ કરે છે, સત્કર્મો અને ગુણોની અનુમોદના તથા પ્રશંસા દ્વારા પોતાના આત્માને સન્માર્ગે વાળી શકે છે.

જ્ઞાન-દર્શન ગુણની સાથે જ્યારે ચારિત્ર ગુણ ભળે છે, ત્યારે મોહ દોષનો મૂળથી ક્ષય થાય છે. મોહ જવાથી પાપમાં નિષ્પાપતાની અને ધર્મોમાં અકર્તવ્યતાની બુદ્ધિ દૂર થાય છે. તે દૂર થવાથી પાપમાં પ્રવર્તન અને ધર્મમાં પ્રમાદ–બેદરકારી અટકી જાય છે. પાપનું પરિવર્જન અને ધર્મનું સેવન અપ્રમત્તપણે થાય છે. તે આત્મા ચારિત્ર–ધર્મરૂપી મહારાજના રાજ્યનો વફાદાર સેવક બને છે અને મોક્ષ–સામ્રાજ્યના સુખનો અનુભવ કરે છે.

નવકારમાં સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્ર એ ત્રણે ગુણોની આરાધના રહેલી હોવાથી દુષ્કૃત ગર્હા, સુકૃતાનુમોદના અને પ્રભુ આજ્ઞાનું પાલન પ્રતિદિન વધતું જાય છે, તેથી મુક્તિસુખના અધિકારી થવાય છે.

## નિર્વેદ અને સંવેગરસ.

નવકારમાં નિર્વેદ અને સંવેગરસનું પોષણ થાય છે. નિગોદઆદિમાં રહેલા જીવોના દુઃખનો વિચાર કરીને ચિત્તમાં સંસાર પ્રત્યે ઉદ્વેગ ધારણ કરવો તે નિર્વેદરસ છે અને સિદ્ધિગતિમાં રહેલા સિદ્ધ ભગવંતાદિના સુખને જોઈને આનંદનો અનુભવ થવો તે સંવેગરસ છે. દુઃખી જીવોની દયા અને સુખી જીવોના પ્રમોદ વડે રાગ, દ્વેષ અને મોહ એ ત્રણે દોષોનો નિગ્રહ થાય છે.

બધા દુઃખી આત્માના દુઃખ કરતાં નરકના નારકીનું દુઃખ વધી જાય છે, તેથી પણ અધિક દુઃખ નિગોદમાં રહેલું છે. બધા સુખી આત્માઓના સુખ કરતાં અનુત્તરના દેવોનું સુખ ચડી જાય છે, તેથી પણ એક સિદ્ધના આત્માનું સુખ અનંત ગુણ અધિક છે. એક નિગોદનો જીવ જે દુઃખ ભોગવે છે, તે દુઃખની આગળ નિગોદ સિવાયના સર્વ દુઃખી જીવોનું દુઃખ એકત્ર થાય તો પણ કાંઈ વિસાતમાં નથી. એક સિદ્ધના જીવનું સુખ દેવ અને મનુષ્યના ત્રણે કાળના સુખનો અનંત વાર ગુણાકાર કે વર્ગ કરવામાં આવે તો પણ તેની સરખામણીમાં ઘણું વધારે છે.

પોતાથી અધિક દુઃખીના દુઃખને દૂર કરવાની બુદ્ધિરૂપ દયાના પરિણામથી પોતાનું દુઃખ અને તેથી આવેલી દીનતા નષ્ટ થાય છે. પોતાથી અધિક સુખનું સુખી જોઈને તેમાં હર્ષ કે પ્રમોદભાવ ધારણ કરવાથી પોતાના સુખનો મિથ્યા ગર્વ કે દર્પ ગળી જાય છે.

દીનતા કે દર્પ, ભય કે દ્વેષ, ખેદ કે ઉદ્વેગ આદિ ચિત્તના દોષોનું નિવારણ કરવા માટે ગુણાધિકની ભક્તિ અને દુઃખાધિકની દયા એ સરળ અને સર્વોત્તમ ઉપાય છે. તેને જ શાસ્ત્રની પરિભાષામાં સંવેગ–નિર્વેદ ગણાવ્યા છે. નવકારમાં તે બંને પ્રકારના રસો પોષાતા હોવાથી જીવની માનસિક અશાંતિ અને અસમાધિ તેના સ્મરણથી દૂર થાય છે.

## સેવન કારણ પહેલી ભૂમિકા, અભય-અદ્વેષ-અખેદ

નમસ્કાર મંત્રની સાધનાથી શુદ્ધ આત્માઓ સાથે કથંચિત્ અભેદની સાધના થાય છે. જ્યાં અભેદ ત્યાં અભય એ નિયમ છે. ભેદથી ભય અને અભેદથી અભય અનુભવસિદ્ધ છે. ભય એ ચિત્તની ચંચલતારૂપ બહિરાત્મદશારૂપ આત્માનો પરિણામ છે. અભેદના ભાવનથી તે ચંચલતાદોષ નાશ પામે છે અને અંતરાત્મદશારૂપ નિશ્ચલતા ગુણ ઉત્પન્ન થાય છે.

અભેદના ભાવનથી અભયની જેમ અદ્વેષ પણ સધાય છે. દ્વેષ એ અરોચક ભાવરૂપ છે, તે અભેદના ભાવનથી ચાલ્યો જાય છે. અભેદના ભાવનથી જેમ ભય અને દ્વેષ ટળી જાય છે, તેમ ખેદ પણ નાશ પામે છે. ખેદ એ પ્રવૃત્તિમાં થાકરૂપ છે. જ્યાં ભેદ ત્યાં ખેદ અને જ્યાં અભેદ ત્યાં અખેદ આપોઆપ આવે છે. નમસ્કારમંત્રના પ્રભાવે જેમ અભેદબુદ્ધિ દૃઢ થતી જાય છે. તેમ ભય, દ્વેષ અને ખેદ દોષ ચાલ્યા જાય છે અને તેના સ્થાને અભય, અદ્વેષ અને અખેદ ગુણ આવે છે.

ભય, દ્વેષ અને ખેદ જે આત્માના તાત્ત્વિક સ્વરૂપના અજ્ઞાનથી ઉત્પન્ન થતા હતા, તે આત્માનું શુદ્ધ અને તાત્ત્વિક

સ્વરૂપનું સમ્યગ્ જ્ઞાન થતાંની સાથે દૂર થઈ જાય છે. નમસ્કારમંત્રમાં રહેલા પાંચે પરમેષ્ઠિઓ શુદ્ધ સ્વરૂપને પામેલા હોવાથી તેમનો નમસ્કાર જ્યારે ચિત્તમાં પરિણામ પામે છે, ત્યારે આત્મામાં સર્વની સાથે આત્મપણાથી તુલ્યતાનું જ્ઞાન તથા સ્વ-સ્વરૂપથી શુદ્ધતાનું જ્ઞાન આવિર્ભાવ પામે છે અને તે આવિર્ભાવ પામતાંની સાથે જ ભય દ્વેષ, અને ખેદ ચાલ્યા જાય છે.

નમસ્કારમંત્ર વૈરાગ્ય અને અભ્યાસ સ્વરૂપ પણ છે. વૈરાગ્ય એ નિર્ભ્રાન્ત જ્ઞાનનું ફળ છે અને અભ્યાસ એ ચિત્તની પ્રશાન્તવાહિતાનું નામ છે. ચિત્ત જ્યારે પ્રશમભાવને પામે છે, વિશ્વમૈત્રીવાળું બને છે, જ્યારે ચિત્તમાં વૈર વિરોધનો એક અંશ પણ રહેતો નથી ત્યારે તે અભ્યાસનું ફળ ગણાય છે. વૈરાગ્ય જ્ઞાનરૂપ છે અને અભ્યાસ પ્રયત્નરૂપ છે. જ્ઞાનની પરાકાષ્ઠા-તે વૈરાગ્ય અને સમતાની પરાકાષ્ઠા તે અભ્યાસ. જ્ઞાન અને સમતા જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે છે, ત્યારે મોક્ષ સુલભ બને છે.

**નમસ્કારમંત્ર દોષની પ્રતિપક્ષ ભાવના સ્વરૂપ છે:**

શ્રીનમસ્કારમંત્ર દોષની પ્રતિપક્ષ ભાવના સ્વરૂપ પણ છે.

**यो यः स्याद्बाधको दोषस्तस्य तस्य प्रतिक्रियाम् ।**
**चिन्तयेद्दोषमुक्तेषु, प्रमोदं यतिषु व्रजन् ॥ १ ॥**

—યો શા., પ્ર. ૩, શ્લોક—૧૩૬

સ્વોપજ્ઞ ટીકાકાર મહર્ષિ આ શ્લોકના વિવરણમાં ફરમાવે છે કે—

**सुकरं हि दोषमुक्त-मुनिदर्शनेन प्रमोदात् आत्मन्यपि दोषमोक्षणम्**

જે દોષ પોતાને બાધક લાગે તે દોષને દૂર કરવાનો ઇલાજ તે દોષથી મુક્ત થયેલા મુનિઓના ગુણોને વિષે પ્રમોદ-ભાવ ધારણ કરવો તે છે.

દોષમુક્ત યતિઓના ગુણોને વિષે પ્રમોદભાવને ધારણ કરતો એવો જીવ તે તે દોષોથી સ્વયમેવ મુક્ત બની જાય છે. પંચ પરમેષ્ઠિ નમસ્કારમંત્રનું સ્મરણ પરમેષ્ઠિપદે બિરાજ-માન મહામુનિઓના ગુણોને વિષે બહુમાન ભાવ ઉત્પન્ન કરે છે, તેથી સ્મરણ કરનારના અંતઃકરણમાં રહેલા તે તે દોષો સ્વયમેવ ઉપશાંતિને પામે છે.

કામદોષનો પ્રતિકાર સ્થૂલભદ્ર મુનિનું ધ્યાન છે, ક્રોધ-દોષનો પ્રતિકાર ગજસુકુમાલ મુનિનું ધ્યાન છે, લોભદોષનો પ્રતિકાર શાલિભદ્ર અને ધન્યકુમારમાં રહેલા તપ, સત્ય, સંતોષ આદિ ગુણોનું ધ્યાન છે. એ રીતે માનને જીતનાર બાહુબલિ અને ઇન્દ્રભૂતિ, મોહને જીતનાર જંબૂસ્વામી અને વજ્રકુંવર, મદ-માન અને તૃષ્ણાને જીતનાર મલ્લીનાથ, નેમનાથ અને ભરત ચક્રવર્તી આદિ મહાન આત્માઓનું ધ્યાન તે તે દોષોને જિતાડનાર થાય છે.

શ્રી નમસ્કાર મહામંત્રમાં ત્રણે કાળના અને સર્વ સ્થળોના મહાપુરુષો કે જેમણે મદ-માન, માયા, લોભ, ક્રોધ, કામ અને

મોહ આદિ દોષો ઉપર વિજય મેળવ્યો છે, તે સર્વનું ધ્યાન થતું હોવાથી ધ્યાતાના તે તે દોષો કાળક્રમે સમૂલપણે વિનશ્વર થાય છે. એ રીતે નમસ્કારમંત્ર દોષોની પ્રતિપક્ષ ભાવનારૂપ બનીને ગુણકારી થાય છે.

એ જ અર્થને જણાવનાર નીચેનો એક શ્લોક અને તેની ભાવના નમસ્કારની જ અર્થભાવનાસ્વરૂપ બની જાય છે.

" धन्यास्ते वन्दनीयास्ते, तैस्त्रैलोक्यं पवित्रितम् ।
यैरेष भुवन–क्लेशी काममल्लो विनिर्जितः ॥ १ ॥"

—ધર્મબિન્દુ ટીકા

તે પુરુષો ધન્ય છે, તે પુરુષો વંદનીય છે અને તે પુરુષોએ ત્રણે લોકને પવિત્ર કર્યાં છે, કે જેઓએ કામરૂપી મલ્લને જીતી લીધો છે.

એ જ રીતે ક્રોધરૂપી મલ્લ, લોભરૂપી મલ્લ, મોહરૂપી મલ્લ, માનરૂપી મલ્લ, અને બીજા પણ આકરા દોષરૂપી મલ્લો જેણે જેણે જીતી લીધા છે તે તે પુરુષો પણ ધન્ય, વંદ્ય અને ત્રૈલોક્યપૂજ્ય છે, એવી ભાવના કરી શકાય છે. અને તે બધી ભાવનાઓ શ્રી નમસ્કારમંત્રના સ્મરણ સમયે થઈ શકે છે.

## ઇષ્ટનો પ્રસાદ અને પૂર્ણતાની પ્રાપ્તિ.

મંત્ર જપમાં નિત્ય નવો અર્થ થાય છે, શબ્દ તેના તે જ રહે છે, અને અર્થ નિત્ય નૂતન પ્રાપ્ત થાય છે. ધાન્ય તેનું તે છે, છતાં નિત્ય તેમાં નવો સ્વાદ ક્ષુધાના પ્રમાણમાં અનુભવાય છે. તે જ વાત તૃષાતુરને જળમાં અને પ્રાણ ધારણ કરનાર જીવને પવનમાં અનુભવાય છે.

તૃષા તથા ક્ષુધાને શમાવવાની અને પ્રાણને ટકાવવાની તાકાત જ્યાં સુધી જળ, અન્ન અને પવનમાં રહેલી છે, ત્યાં સુધી તેની ઉપયોગિતા અને નિત્ય નૂતનતા માનવીમનમાં ટકી રહે છે. નામમંત્રનો જાપ પણ આત્માની ક્ષુધા-તૃષાને શમાવનાર છે અને આત્માના બળ-વીર્યને વધારનાર છે, તેથી તેની ઉપયોગિતા અને નિત્ય નૂતનતા સ્વયમેવ અનુભવાય છે.

નમસ્કારમંત્રનો જાપ એક બાજુ ઇષ્ટનુ સ્મરણ, ચિંતન અને ભાવન કરાવે છે અને બીજી બાજુ નિત્ય નૂતન અર્થની ભાવના જગાડે છે, તેથી તે મંત્રને માત્ર અન્ન, જળ અને પવન તુલ્ય જ નહિ કિન્તુ પારસમણિ અને ચિંતામણિ, કલ્પવૃક્ષ અને કામકુમ્ભ કરતાં પણ વધારે મૂલ્યવાન માન્યો છે.

માનવીમનમાં નરકનું સ્વર્ગ અને સ્વર્ગનું નરક ઊભું કરવાની તાકાત છે. ઉત્તમ મંત્ર વડે તે નરકનું સ્વર્ગ રચી શકે છે. શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક ઉત્તમ મંત્રનો જપ કરનારા સર્વદા સુરક્ષિત છે. નામ અને નમસ્કારમંત્ર વડે ઇષ્ટનો પ્રસાદ અને પૂર્ણતાની પ્રાપ્તિ થાય છે. ઇષ્ટનું નામ સર્વ મુશ્કેલીઓમાંથી જીવને પાર ઉતારનારું સર્વોત્તમ સાધન છે. ઇષ્ટનો નમસ્કાર સર્વ પાપવૃત્તિ અને પાપપ્રવૃત્તિનો સમૂલ વિનાશ કરે છે.

## ઇષ્ટ તત્ત્વની અચિન્ત્ય શક્તિ.

ધર્મમાત્રનું ધ્યેય આત્મજ્ઞાન છે. મંત્રના ધ્યાન માત્રથી તે સિદ્ધ થાય છે. મંત્રનું રટણ એક બાજુ હૃદયનો મેલ, ઈર્ષા-અસુયાદિને સાફ કરવાનું કાર્ય કરે છે, બીજી બાજુ તન-મન-ધનની આધિ, વ્યાધિ અને ઉપાધિઓને ટાળી આપે છે.

શરીરનો વ્યાધિ અસાધ્ય હોય અને કદાચ ન ટળે તો પણ મનની શાંતિ અને બાહ્ય વ્યાધિ માત્રને સમતાથી સહન કરવાની શક્તિ તો તે આપે જ છે. તે કેવી રીતે આપે છે, એ પ્રશ્ન અસ્થાને છે. કેટલાક પ્રશ્ન અને તેના ઉત્તર બુદ્ધિથી કે બુદ્ધિને આપી શકાય તેવા હોતા નથી. હૃદયની વાત હૃદય જ જાણી શકે છે. શ્રદ્ધાની વાત શ્રદ્ધા જ સમજી શકે છે. પરમાત્મતત્ત્વ અને તેની શક્તિ ન માનનારને મન પોતાનો 'અહં' એ જ પરમાત્માનું સ્થાન લે છે. સર્વ સમર્થનું શરણ લીધા વિના અહં કદી ટળતો નથી અને અહં ટળતો નથી ત્યાં સુધી શાંતિનો અનુભવ આકાશકુસુમવત્ છે.

પૂ. ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજશ્રીએ 'અધ્યાત્મસારગ્રંથ' ના અનુભવાધિકારમાં કહ્યું છે કે:–

**"शान्ते मनसि ज्योतिः, प्रकाशते शान्तमात्मनः सहजम् ।**
**भस्मीभवत्यविद्या, मोहध्वान्तं विलयमेति" ॥ १ ॥**

મન જ્યારે શાંત થાય છે ત્યારે તે શાન્ત ચિત્તમાં આત્માનો સહજ શુદ્ધ સ્વભાવ પ્રકાશિત થાય છે, તે વખતે અનાદિકાલીન અવિદ્યા–મિથ્યાત્વમોહરૂપ અંધકાર નાશ પામે છે.

પરમાત્મા અને તેના નામનો લાભ બધાને નહિ પણ સદાચારી, શ્રદ્ધાવાન અને ભક્ત હૃદયને જ મળે છે. પરમાત્માની અચિન્ત્ય શક્તિ ઉપર મનુષ્યને જ્યારે પૂરેપૂરી શ્રદ્ધા બેસે છે, ત્યારે તેની સાતે ધાતુઓનું રૂપાંતર થાય છે. તેથી પરમાત્માનું નામ એ ભક્ત માટે બ્રહ્મચર્યની દશમી વાડ પણ છે. નવ વાડ કરતાં પણ તેનું સામર્થ્ય અપેક્ષાએ અધિક છે.

## મંત્રયોગની સિદ્ધિ.

મંત્ર એ શબ્દોનો સમૂહ છે, જેનો કોઈ અર્થ નીકળતો હોય છે. આ શબ્દોના અર્થને સાકાર થવું એ જ મંત્રને સિદ્ધ થવું ગણાય છે. શબ્દથી વાયુ પર આઘાત થાય છે. જ્યારે કોઈ શબ્દ બોલાય છે, ત્યારે અનંત એવા વાયુરૂપી મહાસાગરમાં તરંગ પેદા થાય છે. તરંગથી ગતિ, ગતિથી ગરમી અને ગરમીથી સ્વાસ્થ્ય સુધરે છે. પ્રાણાયામનો પણ એ જ ઉદ્દેશ છે, અને તે ઉદ્દેશ મંત્રજાપથી સિદ્ધ થાય છે.

મંત્રનો જાપ હૃદયમાંથી દૂષિત ભાવનાઓને બહાર કાઢી અન્તઃકરણને શુદ્ધ કરે છે. મંત્રજાપ વડે ગરમી વધવાથી મસ્તિષ્કની ગુપ્ત સમૃદ્ધિનો કોષ ખૂલી જાય છે અને એ દ્વારા ધાર્યું કાર્ય સિદ્ધ થાય છે.

શબ્દરચનાની શક્તિ અત્યંત પ્રબળ હોય છે. જે કાર્ય વર્ષોમાં નથી થઈ શકતું તે કાર્ય યોગ્ય શબ્દરચના દ્વારા થોડી જ ક્ષણોમાં થઈ શકે છે. નમસ્કારમંત્ર એ કારણથી મોટો મંત્ર ગણાય છે અને મોટામાં મોટાં અસાધ્ય-દુઃસાધ્ય કાર્યો પણ એનાથી સિદ્ધ થતાં જોવાય છે.

'उत्साहान्निश्चयात् धैर्यात्, संतोषात्तत्त्वदर्शनात् ।
मुनेर्जनपदत्यागात् षड्भिर्योगः प्रसिध्यति ॥'

બીજા યોગની જેમ મંત્રયોગની સિદ્ધિ પણ ઉત્સાહથી, નિશ્ચયથી, ધૈર્યથી, સંતોષથી, તત્ત્વદર્શનથી અને લોકસંપર્કના ત્યાગથી થઇ શકે છે.

## અમૂર્ત અને મૂર્ત વચ્ચેનો સેતુ.

નમો એ ધર્મવૃક્ષનું મૂળ છે, ધર્મનગરનું દ્વાર છે, ધર્મપ્રાસાદનો પાયો છે, ધર્મરત્નનું નિધાન છે, ધર્મ જગતનો આધાર છે અને ધર્મરસનું ભાજન છે.

નમસ્કારરૂપી મૂળ વિના ધર્મવૃક્ષ સુકાય છે. નમસ્કારરૂપી દ્વાર વિના ધર્મનગરમાં પ્રવેશ અશક્ય છે. નમસ્કારરૂપી પાયા વિના ધર્મપ્રાસાદ ટકી શકતો નથી. નમસ્કારરૂપી નિદાન વિના ધર્મરત્નોનું રક્ષણ થતું નથી. નમસ્કારરૂપી આધાર વિના ધર્મજગત નિરાધાર છે. નમસ્કારરૂપી ભાજન વિના ધર્મરસ ટકી શકતો નથી અને ધર્મના રસનો સ્વાદ ચાખી શકાતો નથી.

'વિનય-મૂલો ધમ્મો'-ધર્મનું મૂળ વિનય છે. નમસ્કાર એ વિનયનો જ એક પ્રકાર છે. ગુણાનુરાગ એ ધર્મદ્વાર છે અને નમસ્કાર ગુણાનુરાગની ક્રિયા છે. શ્રદ્ધા એ ધર્મ-મહેલનો પાયો છે. નમસ્કાર એ શ્રદ્ધા અને રુચિનું બીજું નામ છે. મૂલ ગુણો અને ઉત્તર ગુણો એ રત્નો છે, નમસ્કાર તેનું મૂલ્યાંકન છે. ચતુર્વિધ સંઘ અને માર્ગાનુસારી જીવો એ ધર્મરૂપી જગત છે, તેમનો આધાર નમસ્કાર ભાવ છે. સમતા ભાવ, વૈરાગ્ય ભાવ, ઉપશમ ભાવ એ ધર્મનો રસ છે. એ રસાસ્વાદ માટેનું ભાજનપાત્ર કે આધાર નમસ્કાર છે.

વિનય, ભક્તિ, શ્રદ્ધા, રુચિ, આર્દ્રતા, નિરભિમાનિતા વગેરે નમસ્કાર ભાવના જ પર્યાયવાચક વિભિન્ન શબ્દો છે, તેથી નમસ્કાર ભાવ એ જ ધર્મનું મૂલ, દ્વાર, પીઠ, નિધાન, આધાર અને ભાજન છે. અમૂર્ત અને મૂર્ત વચ્ચે એક માત્ર પુલ, સેતુ કે સંધિ હોય તો તે નમસ્કાર છે.

## નવકારમાં સર્વ સંગ્રહ.

નવકારમાં ચૌદ 'ન' કાર છે (પ્રાકૃત ભાષામાં 'ન' અને 'ણ' બન્ને વિકલ્પે આવે છે) તે ચૌદ પૂર્વોને જણાવે છે, અને નવકાર ચૌદ પૂર્વરૂપી શ્રુતજ્ઞાનનો સાર છે એવી પ્રતીતિ કરાવે છે. નવકારમાં બાર 'અ' કાર છે, તે બાર અંગોને જણાવે છે. નવ 'ણ' કાર છે, તે નવનિધાનને સૂચવે છે. પાંચ 'ન' કાર પાંચ જ્ઞાનને, આઠ 'સ' કાર આઠ સિદ્ધિને, નવ 'મ' કાર ચાર મંગળ અને પાંચ મહાવ્રતોને, ત્રણ 'લ' કાર ત્રણ લોકને, ત્રણ 'હ' કાર આદિ, મધ્ય અને અંત્ય મંગળને, બે 'ચ' કાર દેશ અને સર્વ ચારિત્રને, બે 'ક' કાર બે પ્રકારના ઘાતી-અઘાતી કર્મોને, પાંચ 'પ' કાર પાંચ પરમેષ્ઠિને, ત્રણ 'ર' કાર (જ્ઞાન, દર્શન ચારિત્રરૂપી) ત્રણ રત્નોને, ત્રણ 'ય' કાર (મન, વચન, કાયાના) ત્રણ યોગો અને તેના નિગ્રહને, બે 'ગ' કાર (ગુરૂ અને પરમગુરુ એમ) બે પ્રકારના ગુરૂઓને, બે 'એ' કાર સાતમો સ્વર હોવાથી સાત રાજ ઊર્ધ્વ અને સાત રાજ અધો એવા ચૌદ રાજલોકને સૂચવે છે.

મૂળ મંત્રના ચોવીસ ગુરુ અક્ષરો ચોવીસ તીર્થંકરોરૂપી પરમ ગુરુઓને અને અગિયાર લઘુ અક્ષરો વર્તમાન તીર્થપતિના અગિયાર ગણધર ભગવંતોરૂપી ગુરુઓને પણ જણાવનારા છે.

## પ્રાણશક્તિ અને મનસ્તત્ત્વ.

નમસ્કારરૂપી ક્રિયા દ્વારા શ્વાસનું મનસ્તત્ત્વમાં રૂપાંતર થઇ જાય છે. જેમ જેમ નમસ્કારના જાપની સંખ્યા વધતી

જાય છે, તેમ તેમ આધ્યાત્મિક ઉન્નતિ થતાંની સાથે સાધક શ્વાસપ્રશ્વાસને મનની જ ક્રિયારૂપે જાણી શકે છે. તેથી મનના સંકલ્પો-વિકલ્પો શમી જાય છે.

મનને સીધેસીધી રીતે પ્રાણશક્તિ દ્વારા જ સંયમમાં લેતી ક્રિયા-પ્રણાલિ અનન્તને પહોંચવાનો સહેલામાં સહેલો, ખૂબ જ અસરકારક અને સંપૂર્ણ રીતે વૈજ્ઞાનિક રસ્તો છે. નમસ્કારની ક્રિયા અને જપ દ્વારા આ માર્ગની સરળપણે સિદ્ધિ થતી જાય છે, તેથી જાપ દ્વારા થતી નમસ્કારની ક્રિયાનો માર્ગ અનન્ત એવા પરમાત્મસ્વરૂપને પામવાનો ઝડપી, સુનિશ્ચિત અને અનેક મહાપુરુષો વડે અનુભવીને પ્રકાશેલો રાજમાર્ગ છે. તુલસીદાસજીનું પણ કથન છે કે:-

नाम लिया उसने सब कुछ लिया
ए सब शास्त्रका भेद,
नाम लिया विना नरक में पडे
पढ पढ पुरान अरु वेद.

મંત્રના શબ્દોમાં થતો પ્રાણનો વિનિયોગ કોઇ એક અર્થમાં જ પુરાઈ ન રહેતાં શાસ્ત્રનિર્દિષ્ટ સર્વ અર્થોમાં વ્યાપી જાય છે. મંત્ર જાપ વડે શરીર, પ્રાણ, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ અને પ્રજ્ઞા પર્યંત સર્વ કરણો શુદ્ધિને અનુભવે છે અને આધ્યાત્મિક આનંદની અનુભૂતિ પર્યંત જીવાત્માને લઈ જાય છે. મંત્રના શબ્દો વડે મન-બુદ્ધિ આદિનું પ્રાણતત્ત્વમાં રૂપાંતર થાય છે અને પ્રાણતત્ત્વ સીધેસીધી આત્માનુભૂતિ કરાવે છે. પ્રાણ-તત્ત્વ આત્માના વીર્યગુણની સાથે નિકટનો સંબંધ ધરાવે છે.

શબ્દના બે અર્થ હોય છે : એક વાચ્યાર્થ અને બીજો લક્ષ્યાર્થ. વાચ્યાર્થનો સંબંધ શબ્દકોષ સાથે છે. લક્ષ્યાર્થનો સંબંધ સાક્ષાત્ જીવન સાથે છે. પંચમંગલનો લક્ષ્યાર્થ પ્રાણ-તત્ત્વની શુદ્ધિ દ્વારા સાક્ષાત્ જીવનશુદ્ધિ કરાવનારો થાય છે.

## કર્મનો નિરનુબંધ ક્ષય.

ચિત્તમાં અરતિ, ઉદ્વેગ, કંટાળો જણાય ત્યારે જાણવું કે મોહનીય કર્મનો ઉદય અને તેની સાથે અશુભ કર્મનો વિપાક જાગ્યો છે, તેને ટાળવાનો ઉપાય શાસ્ત્રકારોએ પંચમંગલને કહ્યો છે.

એકાગ્રતાપૂર્વક પંચમંગલનો જાપ શાંત ચિત્તે કરવાથી અશુભ કર્મ ટળી જઈ શુભ બની જાય છે. તેનો અર્થ એ છે કે ઉદયમાં આવેલું કર્મ અવશ્ય ભોગવવું પડે છે, તેને જ્ઞાની જ્ઞાનથી, સમતાથી અને અજ્ઞાની અજ્ઞાનથી, આર્તરૌદ્ર ધ્યાનથી વેદે છે. જ્ઞાનીને નવીન બંધ થતો નથી, અજ્ઞાનીને થાય છે. સત્તામાંથી એટલે સંચિતમાંથી ઉદયમાં આવવા સન્મુખ થયેલા કર્મમાં વર્તમાનના શુભાશુભ ભાવથી ફેરફાર થઈ શકે છે.

પંચમંગલના જાપ અને સ્મરણમાં જ્ઞાનીના જ્ઞાનગુણની, સાધુના સંયમગુણની, તપસ્વીઓના તપગુણની અનુમોદના થાય છે અને તે તે ગુણોનું માનસિક આસેવન થાય છે, તેથી જે શુભ ભાવ જાગે છે, તેનાથી કર્મની સ્થિતિ અને અશુભ રસ ઘટી જાય છે અને શુભ રસ વધી જાય છે; તથા ઉદયાગત કર્મ સમતાભાવે વેદન થઇ જતું હોવાથી તેનો નિરનુબંધ ક્ષય થઈ જાય છે.

પંચ મંગલથી ભાવધર્મનું આરાધન થાય છે, કેમ કે તેમાં રત્નત્રયધરોને વિષે ભક્તિ પ્રકટે છે, તેમની આજ્ઞાનું પાલન કરવાનો ઉત્સાહ જાગે છે, સર્વના શુભની જ એક ચિન્તાનો ભાવ પ્રગટે છે અને અશુભ સંસાર પ્રત્યે નિર્વેદની ભાવના જન્મે છે. કહ્યું છે કે—

'रत्नत्रयधरेष्वेका, भक्तिस्तत्कार्यकर्म च ।
शुभैकचिन्तासंसार-जुगुप्सा चेति भावना ॥'

આ ભાવધર્મ દાન, શીલ, તપ આદિ દ્રવ્યધર્મની વૃદ્ધિ કરે છે અને તે દ્રવ્યધર્મની વૃદ્ધિ પાછી ભાવધર્મની વૃદ્ધિ કરે છે. એમ ઉત્તરોત્તર દ્રવ્ય-ભાવધર્મની વૃદ્ધિ તેની પરાકાષ્ઠાને પામી સર્વ કર્મરહિત મોક્ષનું કારણ બને છે.

નવકાર મંત્રના પદોમાં ગુણ-ગુણીની ઉપાસના ઉપરાંત શબ્દ દ્વારા શુભ સ્પંદનો ઉત્પન્ન કરવાની જબરદસ્ત શક્તિ છે. તેથી તેને સર્વ મંગલોમાં પહેલું મંગલ અને સર્વ કલ્યાણોમાં ઉત્કૃષ્ટ કલ્યાણ કહ્યું છે.

ચારે નિક્ષેપા વડે થતી પાંચે પરમેષ્ઠિઓની ભક્તિ નવકાર મંત્રમાં રહેલી હોવાથી સર્વ પ્રકારના શુભ, શિવ અને ભદ્ર તથા પવિત્ર, નિર્મળ અને પ્રશસ્ત ભાવો પેદા કરવાનું સામર્થ્ય તેમાં રહેલું છે.

અનિર્ણીત વસ્તુનો નામાદિ દ્વારા નિર્ણય કરાવે, શબ્દ દ્વારા અર્થનો અને અર્થ દ્વારા શબ્દનો નિશ્ચિત બોધ કરાવે તથા અનભિમત અર્થનો ત્યાગ અને અભિમત અર્થનો સ્વીકાર કરાવવામાં ઉપયોગી થાય તે નિક્ષેપ કહેવાય છે.

નવકાર મંત્રનાં પદો નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચારે નિક્ષેપોની સાથે સંબંધ ધરાવનારા હોવાથી સમગ્ર વિશ્વની શુભ વસ્તુઓ સાથે સંબંધ કરાવે છે. એ દ્વારા અશુભ કર્મનો ક્ષય અને શુભ કર્મનો બંધ કરાવી પરંપરાએ મુક્તિસુખને મેળવી આપે છે. તેથી નવકાર મંત્ર એ સર્વ શુભોમાં ઉત્કૃષ્ટ શુભ, સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ પણ કહેવાય છે.

## મોક્ષમાર્ગમાં પુષ્ટાવલંબન.

નવકાર મંત્ર એ જીવને પોતાની ઉન્નતિ સાધવામાં પુષ્ટાવલબંન છે. અલક્ષ્યને સાધવા માટે લક્ષ્યનું અવલંબન લેવું તે સાલંબન ધ્યાન છે. આલંબન વડે ધ્યેયમાં ઉપયોગની એકતા થાય છે. ઉપયોગ એટલે બોધરૂપ વ્યાપાર અને એકતા એટલે સજાતીય જ્ઞાનની ધારા. નિમિત્ત કારણો બે પ્રકારનાં છેઃ એક પુષ્ટ અને બીજાં અપુષ્ટ.

પુષ્ટ નિમિત્તનું લક્ષણ તે છે કે જે કાર્ય સિદ્ધ કરવાનું હોય તે કાર્ય અથવા સાધ્ય જેમાં વિદ્યમાન હોય તે પુષ્ટ નિમિત્ત છે.

મોક્ષમાર્ગમાં સાધ્ય સિદ્ધત્વ છે. તે શ્રી અરિહંતસિદ્ધાદિ પરમેષ્ઠિઓમાં છે, તેથી તેમનું નિમિત્ત એ પુષ્ટ નિમિત્ત છે, તેમનું આલંબન એ પુષ્ટ આલંબન છે.

પાણીમાં સુગંધરૂપી કાર્ય ઉત્પન્ન કરવું હોય તો પુષ્પો એ પુષ્ટ નિમિત્ત છે, કારણ કે પુષ્પમાં સુગંધ રહેલી છે. પુષ્ટ નિમિત્તોનું આલંબન સ્મરણ, વિચિન્તન અને ધ્યાન વડે લઇ શકાય છે.

પુષ્ટ નિમિત્તોનાં સ્મરણને શાસ્ત્રોમાં મોક્ષમાર્ગનો પ્રાણ કહ્યો છે. સ્મરણ એ સર્વસિદ્ધિઓને આપવામાં અચિન્ત્ય ચિન્તામણિ સમાન ગણાય છે. નિમિત્તોની સ્મૃતિરૂપી ચિન્તામણિ રત્ન પ્રશસ્ત ધ્યાનાદિ ભાવોને પ્રાપ્ત કરાવી પ્રશસ્ત ફળોને અભિવ્યક્ત કરે છે.

સ્મરણ, વિચિંતન અને ધ્યાન એ સાધનાનું જીવિત, પ્રાણ અને વીર્ય છે. પુષ્ટ નિમિત્તોના આલમ્બનથી તે પ્રાપ્ય છે. તેથી પુષ્ટ નિમિત્તો સાધનાના પ્રાણ ગણાય છે.

શ્રીસિદ્ધસેનસૂરિજી ફરમાવે છે કે:–

'पुष्टहेतुर्जिनेन्द्रोऽयम्, मोक्ष–सद्भाव–साधने ।'

મોક્ષરૂપી કાર્યની સિદ્ધિ માટે શ્રી જિનેન્દ્ર ભગવાન અને ઉપલક્ષણથી પાંચે પરમેષ્ઠિઓ પુષ્ટ નિમિત્ત છે. તેથી શ્રી નમસ્કાર મંત્ર સર્વ સાધકોને પુષ્ટ આલંબનરૂપ થઈને સાધ્યની સિદ્ધિ કરાવે છે.

## દેહનું દ્રવ્ય સ્વાસ્થ્ય અને આત્માનું ભાવ સ્વાસ્થ્ય.

પંચમંગલ મહાશ્રુતસ્કંધરૂપ હોવાથી સમ્યગ્ જ્ઞાનસ્વરૂપ છે. પંચ પરમેષ્ઠિની સ્તુતિરૂપ હોવાથી સમ્યગ્ દર્શનસ્વરૂપ છે. તથા સામાયિકની ક્રિયાના અંગરૂપ અને મન, વચન, કાયાની પ્રશસ્ત ક્રિયારૂપ હોવાથી કથંચિત્ ચારિત્રસ્વરૂપ પણ છે. જ્ઞાનમાં પ્રધાનતા મનની, સ્તુતિમાં પ્રધાનતા વચનની અને ક્રિયામાં પ્રધાનતા કાયાની રહેલી છે.

આયુર્વેદ મુજબ વાત, પિત્ત અને કફની વિષમતા તે રોગ અને સમાનતા તે આરોગ્ય છે. જ્યાં મન ત્યાં પ્રાણ અને જ્યાં પ્રાણ ત્યાં મન, એ ન્યાયે સમ્યગ્‌જ્ઞાન વાત વૈષમ્યને શમાવે છે. જ્યાં દર્શન, સ્તવન, ભક્તિ આદિ હોય ત્યાં મધુર પરિણામ હોય છે, અને તે પિત્ત પ્રકોપને શમાવે છે. જ્યાં કાયાની સમ્યક્ ક્રિયા ત્યાં ગતિ છે અને જ્યાં ગતિ ત્યાં ઉષ્ણતા હોય જ. ઉષ્ણતા કફના પ્રકોપને શમાવે છે. એ રીતે શ્રી પંચ મંગલમાં શરીરનું અસ્વાસ્થ્ય નિપજાવનાર ત્રિદોષને શમાવવાની શક્તિ છે.

બીજી રીતે વિચારતાં રાગ એ જ્ઞાનગુણનો ઘાતક છે, દ્વેષ એ દર્શનગુણનો ઘાતક છે અને મોહ એ ચારિત્રગુણનો ઘાતક છે. તેથી વિપરીત પંચ મંગલમાં જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે તથા મનની, વચનની, કાયાની પ્રશસ્ત ક્રિયા છે. તેથી પંચ મંગલમાં દેહને દૂષિત કરનાર વાત, પિત્ત અને કફ દોષને શમાવવાની શક્તિ છે, તેમ આત્માને દૂષિત કરનાર રાગ, દ્વેષ અને મોહને શમાવવાની પણ શક્તિ છે.

વિકૃત જ્ઞાન એ રાગ છે, વિકૃત શ્રદ્ધા એ દ્વેષ છે અને વિકૃત વર્તન એ મોહ છે. રાગી દોષને જોતો નથી, દ્વેષી ગુણને જોતો નથી અને મોહી જાણવા છતાં ઊંધું વર્તન કરે છે. ગુણ અને દોષનું યથાર્થ જ્ઞાન કરવા માટે રાગ અને દ્વેષને જીતવા જોઈએ તથા યથાર્થ વર્તન કરવા મોહને જીતવો જોઈએ.

જ્યાં જ્યાં વર્તનમાં દોષ જણાય ત્યાં ત્યાં જ્ઞાન દૂષિત જ હોય, એવો નિયમ નથી. જ્ઞાન યથાર્થ હોવા છતાં વર્તન દૂષિત

થવામાં કારણ પ્રમાદશીલતા, દુઃસંગ અને અનાદિ અસદભ્યાસ છે. તે કારણે રાગાદિ દોષોનો નિગ્રહ કરવા માટે એક બાજુ યથાર્થ જ્ઞાન અને બીજી બાજુ યથાર્થ વર્તનનો અભ્યાસ જરૂરી છે.

જ્ઞાન મનમાં, સ્તુતિ–સ્તવ વચનમાં અને પ્રવૃત્તિ કાયા વડે થાય છે. કફ દોષ કાયાની ક્રિયાની સાથે સંબંધ રાખે છે. પિત્ત દોષ વચનની ક્રિયા સાથે સંબંધ રાખે છે અને વાતદોષ મનની ક્રિયાની સાથે સંબંધ રાખે છે. રાગ, દ્વેષ અને મોહ એ ત્રણ દોષો પણ અનુક્રમે મન, વચન અને કાયાની ક્રિયાની સાથે સંબંધ ધરાવે છે. રાગની અભિવ્યક્તિ મુખ્યત્વે મનમાં, દ્વેષની અભિવ્યક્તિ મુખ્યત્વે વચનમાં અને મોહની અભિવ્યક્તિ મુખ્યત્વે ક્રિયા દ્વારા થાય છે.

પંચમંગલ જ્ઞાન–દર્શન–ચારિત્રસ્વરૂપ હોવાથી તથા તેમાં મન, વચન, અને કાયા ત્રણેની પ્રશસ્ત ક્રિયા હોવાથી આત્માને દૂષિત કરનાર રાગ, દ્વેષ અને મોહ તથા શરીરને દૂષિત કરનાર વાત, પિત્ત અને કફનો નિગ્રહ કરવાની શક્તિ તેમાં રહેલી છે. તેથી શ્રી પંચમંગલનું આરાધન આત્માનું ભાવ-સ્વાસ્થ્ય અને દેહનું દ્રવ્યસ્વાસ્થ્ય ઉભયને આપવાની એક સાથે શક્તિ ધરાવે છે.

## પ્રથમ પદનો અર્થભાવનાપૂર્વક જાપ.

સમગ્ર નવકારની જેમ નવકારના પ્રથમ પદના જાપથી મન–વચન–કાયાના યોગો અને આત્માના જ્ઞાન-દર્શન–ચારિત્ર

ગુણોની શુદ્ધિ થાય છે દેહની ત્રણ ધાતુઓ વાત, પિત્ત અને કફ તથા આત્માના ત્રણ દોષો રાગ, દ્વેષ અને મોહ અનુક્રમે, ત્રણ યોગની અને ત્રણ ગુણની શુદ્ધિ વડે દૂર થાય છે.

'નમો' પદ વડે મનોયોગ અને જ્ઞાનગુણની, 'અરિહં' પદ વડે વચનયોગ અને દર્શનગુણની તથા 'તાણં' પદ વડે કાયયોગ અને ચારિત્રગુણની શુદ્ધિ થાય છે. ત્રણ યોગની શુદ્ધિ વડે વાત, પિત્ત અને કફના વિકારો તથા ત્રણ ગુણની શુદ્ધિ વડે રાગ, દ્વેષ અને મોહના દોષો નાશ પામે છે. તેથી શ્રી નવકાર મંત્રના પ્રથમ પદના જાપ વડે શરીર અને આત્મા ઉભયની શુદ્ધિ થાય છે.

શુભ મનોયોગથી વાત વિકાર જાય છે, શુભ વચનયોગથી પિત્ત વિકાર જાય છે. અને શુભ કાયયોગથી કફ વિકાર જાય છે. સમ્યગ્ જ્ઞાન વડે રાગદોષ જાય છે, સમ્યગ્ દર્શન વડે દ્વેષદોષ જાય છે અને સમ્યક્ ચારિત્ર વડે મોહ દોષ જાય છે.

મનની શુદ્ધિ મુખ્યત્વે 'નમો' પદ અને તેના અર્થની ભાવના વડે થાય છે. વચનની શુદ્ધિ 'અરિહં' પદ અને તેના અર્થની ભાવના વડે થાય છે. કાયાની શુદ્ધિ 'તાણં' પદ અને તેના અર્થની ભાવના વડે થાય છે.

નમો પદ મંગલસૂચક છે, અરિહં પદ ઉત્તમતાનું સૂચક છે, અને તાણં પદ શરણ અર્થને સૂચવે છે. મંગલ, ઉત્તમ અને શરણને જણાવનાર પ્રથમ પદની અર્થભાવના અનુક્રમે જ્ઞાન, દર્શન અને ચારિત્રની શુદ્ધિ કરે છે.

સાચું જ્ઞાન દુષ્કૃતવાન એવા પોતાના આત્માની ગર્હા કરાવે છે, સાચું દર્શન સુકૃતવાન એવા અરિહંતાદિની સ્તુતિ કરાવે છે અને સાચું ચારિત્ર આજ્ઞાપાલનના ભાવનો વિકાસ કરે છે. દુષ્કૃત પ્રત્યેનો રાગ, સુકૃત પ્રત્યેનો દ્વેષ અને આજ્ઞા-પાલન પ્રત્યેનો પ્રમાદ સમ્યગ્ જ્ઞાન દર્શન અને ચારિત્ર ગુણના વિકાસથી નાશ પામે છે, અને એ ત્રણે ગુણોનો વિકાસ પ્રથમ પદની અર્થભાવનાપૂર્વક થતા તેના જાપ વડે સુસાધ્ય બને છે.

## નવકાર–ચૌદપૂર્વ–અષ્ટપ્રવચનમાતા

મહામંત્રનો મુખ્ય વિષય યોગશાસ્ત્રમાં વર્ણવેલ લક્ષણો-વાળી મનોગુપ્તિ છે. ત્યાં કહ્યું છે કે–

'विमुक्तकल्पनाजालं, समत्वे सुप्रतिष्ठितम् ।
आत्मारामं मनस्तज्ज्ञैर्मनोगुप्तिरुदाहृता ॥'

આર્ત–રૌદ્રધ્યાનનો ત્યાગ, ધર્મધ્યાનમાં સ્થિરતા અને આત્મારામવાળું શુક્લધ્યાન જેમાં હોય તેને જ્ઞાની પુરુષોએ મનોગુપ્તિ કહી છે.

નવકાર મંત્રના જાપથી તે ત્રણે કાર્યો ઓછા–વધતાં અંશે સિદ્ધ થતાં દેખાય છે. તેથી મનોગુપ્તિની જેમ નવકારને પણ ચૌદ પૂર્વનો સાર કહ્યો છે

ચૌદ પૂર્વનો સાર જેમ નવકાર મંત્ર છે, તેમ અષ્ટપ્રવચન માતા પણ છે. અષ્ટપ્રવચનમાતામાં પણ મનોગુપ્તિ પ્રધાન છે. બાકીની ગુપ્તિ અને સમિતિઓ મનોગુપ્તિને સિદ્ધ કરવા માટે જ કહેલી છે. બીજી રીતે ચૌદ પૂર્વનો અભ્યાસ કરીને પણ

છેવટે અષ્ટપ્રવચનમાતાના પરિપૂર્ણ પાલન સ્વરૂપ પંચ પરમેષ્ઠિપદને જ પ્રાપ્ત કરવાનું છે.

મહામંત્રનો જાપ અને ચિન્તવન પાંચે પરમેષ્ઠિ ઉપર પ્રીતિ અને ભક્તિ જગાડે છે તથા એ સ્વરૂપ પામવાની તાલાવેલી ઉત્પન્ન કરે છે અને અંતે તે સ્વરૂપ પમાડીને વિરમે છે. તેથી નવકાર, ચૌદ પૂર્વ અને અષ્ટપ્રવચનમાતા એક જ કાર્યને સિદ્ધ કરનાર હોવાથી સમાનાર્થક, એક પ્રયોજનાત્મક અને પરસ્પર પૂરક બની જાય છે.

## તત્ત્વરુચિ-તત્ત્વબોધ-તત્ત્વપરિણતિ.

નવકારના પ્રથમ પદની અર્થભાવના અનેક રીતે વિચારી શકાય છે.

નમો પદથી તત્ત્વરુચિ, અરિહં પદથી તત્ત્વબોધ અને તાણં પદથી તત્ત્વપરિણતિ લઈ શકાય છે. નમો પદ આત્મતત્ત્વની રુચિ જગાડે છે, અરિહં પદ શુદ્ધ આત્મતત્ત્વનો બોધ કરાવે છે અને તાણં પદ આત્મતત્ત્વની પરિણતિ ઊભી કરે છે.

શ્રી વિમલનાથ પ્રભુના સ્તવનમાં પૂ. ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ ફરમાવે છે કે :-

'તત્ત્વપ્રીતી કર પાણી પાએ વિમલાલોકે આંજી જી,
લોયણ ગુરુ પરમાન્ન દિએ તવ ભ્રમ નાંખે સવિ ભાંજી જી.'

પરમાત્માનું ધ્યાન તત્ત્વપ્રીતિકર પાણી છે, તત્ત્વબોધકર નિર્મળ નેત્રાંજન છે અને સર્વ રોગહર પરમાન્નભોજન છે. નવકારના પ્રથમ પદમાં થતું અરિહંત પરમાત્માનું ધ્યાન તે ત્રણે કાર્યોને કરે છે.

નમો પદથી મિથ્યાત્વનો ત્યાગ, અરિહં પદથી અજ્ઞાનનો ત્યાગ અને તાણં પદથી અવિરતિનો ત્યાગ થાય છે. નમનીયને ન નમવું તે મિથ્યાત્વ છે, આત્માના શુદ્ધ સ્વરૂપને ન જાણવું તે અજ્ઞાન છે અને આચરવા લાયકને ન આચરવું તે અવિરતિ છે નવકારના પ્રથમ પદના આરાધનથી નમનીયને નમન, જ્ઞાતવ્યનું જ્ઞાન અને કરણીયનું કરણ થતું હોવાથી ત્રણે દોષોનું નિવારણ થઈ જાય છે.

## બહિરાત્મભાવ–અંતરાત્મભાવ–પરમાત્મભાવ.

નવકારના પ્રથમ પદથી બહિરાત્મભાવનો ત્યાગ, અંતરાત્મભાવનો સ્વીકાર અને પરમાત્મભાવનો આદર થાય છે. શ્રી આનન્દઘનજી મહારાજ સુમતિનાથ ભગવાનના સ્તવનમાં ફરમાવે છે કે :–

'બહિરાતમ તજી અંતર આતમા–
રૂપ થઈ થિર ભાવ, સુજ્ઞાની,
પરમાતમનું હો આતમ ભાવવું,
આતમ અરપણ દાવ, સુજ્ઞાની
સુમતિ ચરણ કજ આતમ અરપણા–'

સુમતિનાથ ભગવાનના ચરણકમળમાં આત્માનું અર્પણ કરવાનો દાવ તે છે, કે બહિરાત્મભાવનો ત્યાગ કરી, અંતરાત્મભાવમાં સ્થિર થઈ, પોતાનો આત્મા તત્ત્વથી પરમાત્મા છે, એવા ભાવમાં રમણ કરવું.

નમો પદ વડે બહિરાત્મભાવનો ત્યાગ અને અંતરાત્મભાવનો સ્વીકાર થાય છે તથા અરિહં અને તાણં પદ વડે

આત્માનું પરમાત્મસ્વરૂપે ભાવન અને તેના પરિણામે રક્ષણ થાય છે. ત્રણે ભાવોનું પૃથક્ પૃથક્ વર્ણન કરતાં તેઓશ્રી ફરમાવે છે કે:–

'આતમ બુદ્ધે હો કાયાદિક ગ્રહ્યો,
બહિરાતમ અઘરૂપ, સુજ્ઞાની;
કાયાદિકનો હો સાખીધર રહ્યો,
અંતર આતમરૂપ, સુજ્ઞાની, સુમતિ ચરણ.
જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો
વરજિત સકલ ઉપાધિ. સુજ્ઞાની;
અતીન્દ્રિય ગુણ ગણ મણિ આગરુ,
ઈમ પરમાતમ સાધ, સુજ્ઞાની, સુમતિ ચરણ.'

કાયા, વચન, મન, આદિને એકાંત આત્મબુદ્ધિથી ગ્રહણ કરનાર બહિરાત્મભાવ છે અને તે પાપરૂપ છે. તે જ કાયાદિનો સાક્ષીભાવ અંતરાત્મસ્વરૂપ કહેવાય છે અને જે પરમાત્મસ્વરૂપ જ્ઞાનાનંદથી પૂર્ણ છે, સર્વ બાહ્ય ઉપાધિથી રહિત છે, અતીન્દ્રિય ગુણ સમૂહરૂપ મણિઓની ખાણ છે, તેની સાધના કરવી જોઈએ.

નવકારના પ્રથમ પદની સાધના બહિરાત્મભાવને છોડાવી, અંતરાત્મભાવમાં સ્થિર કરી, પરમાત્મભાવની ભાવના કરાવે છે, તેથી પુનઃ પુનઃ કરવા યોગ્ય છે. કહ્યું છે કે:–

'बाह्यात्मनमपास्य, प्रसत्तिभाजाऽन्तरात्मना योगी ।
सततं परमात्मनं, विचिन्तयेत्तन्मयत्वाय ॥

—યોગશાસ્ત્ર, પ્ર૦ ૧૨, શ્લો૦ ૬

બાહ્યાત્મભાવનો ત્યાગ કરી, પ્રસન્ન એવા અન્તરાત્મભાવ વડે, પરમાત્મતત્ત્વનું વિશિષ્ટ ચિંતન, તન્મય થવા માટે યોગી નિરન્તર કરે.

પ્રથમ પદનો જાપ અને તેના અર્થનું ચિન્તન સાધકને યોગીઓની ઉપરોક્ત ભાવનાનો અભ્યાસ કરાવનાર થાય છે.

## ગતિ ચતુષ્ટયથી મુક્તિ અને અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ

નવકારનું પ્રથમ પદ 'નમો' સદ્‌વિચારનું પ્રેરક છે, 'અરિહં' પદ સદ્‌વિવેકનું પ્રેરક છે અને 'તાણં' પદ સદ્‌વર્તનનું પ્રેરક છે. સદ્‌વિચાર, સદ્‌વિવેક અને સદ્‌વર્તન એ જ નિશ્ચયથી રત્નત્રયી છે.

વ્યક્તિનિષ્ઠ અહં મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યા-ચારિત્રથી યુક્ત છે. તે જ અહં જ્યારે સમષ્ટિનિષ્ઠ બને છે, ત્યારે સમ્યગ્‌દર્શન-જ્ઞાન-ચારિત્રયુક્ત બને છે.

વ્યવહારથી સંસારી જીવ માત્ર કર્મબદ્ધ છે અને તે કારણે જન્મ-મરણ કર્યા કરે છે. નિશ્ચયનયથી જીવ માત્ર અનંત ચતુષ્ટયવાન છે, અષ્ટ કર્મથી ભિન્ન છે, એવી શ્રદ્ધા, જ્ઞાન અને તદનુરૂપ વર્તન થાય છે ત્યારે અહં પોતે જ અર્હંરૂપ બની જન્મમરણરૂપ ચાર ગતિનો અંત કરે છે.

નવકારના પ્રથમ પદનું આરાધન, ચિંતન અને મનન જીવને મિથ્યા રત્નત્રયથી મુક્ત કરી સમ્યગ્ રત્નત્રયથી યુક્ત કરે છે અને પરિણામે અનંતચતુષ્ટયથી યુક્ત કરી ગતિ ચતુ-ષ્ટયથી મુક્ત બનાવે છે.

## શૂન્યતા-પૂર્ણતા અને એકતાનું બોધક.

નવકારનું પ્રથમ પદ પરરૂપેણ નાસ્તિત્વરૂપ શૂન્યતાનું બોધક છે, સ્વરૂપેણ અસ્તિત્વરૂપ પૂર્ણતાનું બોધક છે અને ઉભય રૂપે યુગપદ્ અવાચ્યત્વરૂપ સ્વસંવેદ્યત્વનું બોધક છે. તેથી શૂન્યતા, પૂર્ણતા અને એકતાની ભાવના કરાવી જીવને ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનથી પરિપૂર્ણ બનાવે છે.

પૂર્ણતાનો બોધ ભક્તિપ્રેરક છે, શૂન્યતાનો બોધ વૈરાગ્ય-પ્રેરક છે અને એકતાનો બોધ તત્ત્વજ્ઞાનનો પ્રેરક છે.

ચતુર્થ ગુણસ્થાનકે ભક્તિની પ્રધાનતા, છઠ્ઠા ગુણસ્થાનકે વૈરાગ્યની પ્રધાનતા અને તે ઉપરના ગુણસ્થાનકોએ તત્ત્વજ્ઞાનની મુખ્યતા માનેલી છે. પ્રથમ પદ આ રીતે સર્વ ગુણસ્થાનકોને યોગ્ય સાધનાની સામગ્રી પૂરી પાડે છે. તેથી તેને સિદ્ધાંતના સારરૂપ કહેલ છે.

## ઇચ્છાયોગ-શાસ્ત્રયોગ-સામર્થ્યયોગ.

નવકારના પ્રથમ પદમાં ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ એ ત્રણે પ્રકારના યોગનો સમાવેશ થયેલો છે. 'નમો' પદ ઇચ્છાયોગનું પ્રતીક છે, 'અરિહં' પદ શાસ્ત્રયોગનું પ્રતિક છે અને 'તાણં' પદ સામર્થ્યયોગનું પ્રતીક છે.

ઇચ્છાયોગ પ્રમાદી એવા જ્ઞાનીની વિકલ-અપૂર્ણ ક્રિયા છે, શાસ્ત્રયોગ અપ્રમાદી એવા જ્ઞાનીની અવિકલ ક્રિયા છે અને સામર્થ્યયોગ એ એથી પણ વિશેષ અપ્રમત્તભાવને ધારણ કરનારની શાસ્ત્રાતિક્રાન્ત પ્રવૃત્તિ છે.

'નમો' પદ શાસ્ત્રોક્ત ક્રિયાની ઇચ્છા દર્શાવે છે તેથી પ્રાર્થનાસ્વરૂપ છે. 'અરિહં' પદ શાસ્ત્રોક્ત ક્રિયાનું સ્વરૂપ બતાવે છે તેથી સ્તુતિસ્વરૂપ છે અને 'તાણં' પદ શાસ્ત્રોક્ત માર્ગે ચાલીને તેનું પૂર્ણ ફળ બતાવે છે તેથી ઉપાસનાસ્વરૂપ છે. નવકારના પ્રથમ પદમાં આ રીતે સદનુષ્ઠાનની પ્રાર્થનારૂપ ઇચ્છાયોગ, સદનુષ્ઠાનની સ્તુતિરૂપ શાસ્ત્રયોગ અને સદનુષ્ઠાનની ઉપાસનારૂપ સામર્થ્યયોગ ગુંથાયેલો હોવાથી ત્રણે પ્રકારના યોગીઓને ઉત્તમ આલંબન પૂરું પાડે છે.

ઇચ્છાયોગથી યોગાવંચકતાની પ્રાપ્તિ, શાસ્ત્રયોગથી ક્રિયાવંચકતાની પ્રાપ્તિ અને સામર્થ્યયોગથી ફલાવંચકતાની પ્રાપ્તિ થાય છે. ત્રણે પ્રકારના અવંચક યોગ પ્રથમ પદના આરાધકને અનુક્રમે પ્રાપ્ત થાય છે.

કારણમાં કાર્યનો ઉપચાર કરીને પ્રથમ પદની આરાધનાને અહીં ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગનાં નામ ઘટે છે અને તેના ફલરૂપે સદ્‌ગુરુની પ્રાપ્તિરૂપી યોગવંચકતા, તેમની આજ્ઞાના પાલનરૂપી ક્રિયાવંચકતા અને તેના ફલ સ્વરૂપ પરમ પદની પ્રાપ્તિરૂપી ફલાવંચકતા પણ ઘટે છે.

## હેતુ, સ્વરૂપ અને અનુબંધથી શુદ્ધ લક્ષણવાળું ધર્માનુષ્ઠાન.

ધર્મનો હેતુ સદનુષ્ઠાનનું સેવન છે, ધર્મનું સ્વરૂપ પરિણામની વિશુદ્ધિ છે અને આલોક–પરલોકનાં સુખદાયક ફલો તથા મુક્તિ ન મલે ત્યાં સુધી પુનઃ પુનઃ સદ્ધર્મની પ્રાપ્તિરૂપ અનુબંધ એ ધર્મનું ફલ છે. એ ત્રણે વસ્તુઓની પ્રાપ્તિ નમ-

સ્કારમંત્ર અને તેના પ્રથમ પદના આરાધકને પ્રાપ્ત થાય છે તેથી તે હેતુ, સ્વરૂપ અને અનુબંધથી શુદ્ધ લક્ષણવાળું ધર્માનુષ્ઠાન બને છે.

શાસ્ત્રોમાં ધર્મનું સ્વરૂપ નીચે મુજબ કહ્યું છે :–

'वचनाद्यदनुष्ठानमविरुद्धाद्यथोदितम् ।
मैत्र्यादिभावसंयुक्तं, तद्धर्म इति कीर्त्यते ॥ २॥"

પૂર્વાપર અવિરુદ્ધ એવા વચનને અનુસરીને, મૈત્ર્યાદિ ભાવ-યુક્ત યથોક્ત અનુષ્ઠાનને ધર્મ કહેલ છે. નવકારની આરાધના અવિરુદ્ધ વચનાનુસારી છે, સર્વ પ્રકારના ગુણસ્થાનકોએ રહેલા જીવોને તેમની યોગ્યતાનુસાર વિકાસ કરનારી છે તથા મૈત્રી-પ્રમોદાદિ ભાવોથી સહિત છે. તેથી યથોક્ત ધર્માનુષ્ઠાન બને છે અને તેનું ફલ આ લોકમાં અર્થ, કામ, આરોગ્ય, અભિ-રતિ અને પરલોકમાં મુક્તિ અને તે મુક્તિ ન મળે ત્યાં સુધી સદ્ગતિ, ઉત્તમ કુળમાં જન્મ, અને સદ્બોધની પ્રાપ્તિ વગેરે અવશ્ય મળે છે.

બીજી રીતે 'નમો' એ ધર્મનું બીજ છે, કેમ કે તેમાં સદ્ધર્મ અને તેને ધારણ કરનારા સત્પુરુષોની પ્રશંસાદિ રહેલા છે, ધર્મ ચિન્તનાદિ તેમાં અંકુરા છે અને પરંપરાએ નિર્વાણરૂપ પરમ ફલ રહેલું છે તેથી તેનું આરાધન અત્યંત આદરણીય છે. તે માટે કહ્યું છે કે:–

'वपनं धर्मबीजस्य, सत्प्रशंसादि तद्गतम् ।
तच्चिन्ताद्यंकुरादि स्यात् फलसिद्धिस्तु निर्वृत्तिः'

'નમો અરિહંતાણં' એ પદના આરાધનમાં ધર્મબીજનું વપન, ધર્મચિન્તનાદિ અંકુરાદિ અને ફલસિદ્ધિરૂપી નિર્વાણ પર્યંતના ગુણ રહેલાં છે.

## આગમ—અનુમાન—ધ્યાનાભ્યાસ.

'નમો' પદથી ધર્મનું શ્રવણ, 'અરિહં' પદથી ધર્મનું ચિંતન અને 'તાણં' પદથી ધર્મની ભાવના થાય છે. શ્રુત, ચિન્તા અને ભાવનાને અનુક્રમે ઉદક, પય (દુધ), અને અમૃત તુલ્ય કહ્યાં છે. ઉદકમાં તૃષાને છિપાવવાની જે તાકાત છે, તેથી અધિક પયમાં અર્થાત્ દુધમાં છે અને તેથી પણ અધિક અમૃતમાં છે.

ધર્મનું શ્રવણ વિષયની જે તૃષાને છિપાવે છે, તેથી અધિક તૃષાને ધર્મની ચિન્તવના આદિ છિપાવે છે અને તેથી પણ અધિક ધર્મની ભાવના–ધ્યાન–નિદિધ્યાસનાદિ છિપાવે છે. વિષયની તૃષા અને કષાયની ક્ષુધાને તૃપ્ત કરવાની તાકાત પ્રથમ પદની અર્થભાવનામાં રહેલી છે, કેમ કે તેના ત્રણે પદો વડે ધર્મના શ્રવણ–મનન–નિદિધ્યાસનાદિ ત્રણે કાર્યો સિદ્ધ થાય છે. ધર્મની અને યોગની સિદ્ધિ માટે જે ત્રણ ઉપાયો શાસ્ત્રકારોએ દર્શાવ્યા છે તે ત્રણેની આરાધના પ્રથમ પદની આરાધનાથી થાય છે. તે માટે યોગાચાર્યોએ કહ્યું છે કે :—

'आगमेनानुमानेन ध्यानाभ्यासरसेन च ।
त्रिधा प्रकल्पयन् प्रज्ञां, लभते योगमुत्तमम् ॥'

આગમ, અનુમાન અને ધ્યાનાભ્યાસનો રસ એ ત્રણે ઉપાયોથી પ્રજ્ઞાને જ્યારે સમર્થ બનાવવામાં આવે છે, ત્યારે

ઉત્તમ એવા યોગની અથવા ઉત્તમ પ્રકારે યોગની એટલે મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે.

યોગ વડે જે મોક્ષની સાધના કરવાની હોય છે, તે યોગ અને મોક્ષ એ બન્નેની પ્રથમ શ્રદ્ધા આગમના શ્રવણ વડે થાય છે. પછી અનુમાન–યુક્તિ આદિના વિચાર વડે પ્રતીતિ થાય છે અને છેલ્લે ધ્યાન-નિદિધ્યાસન વડે સ્પર્શના-પ્રાપ્તિ થાય છે.

આગમ, અનુમાન, ધ્યાન અથવા શ્રુત, ચિન્તા અને ભાવના એ અનુક્રમે શ્રવણ, મનન અને નિદિધ્યાસનના જ પર્યાયવાચક શબ્દો છે. અને તે ત્રણે અંગોની આરાધના પ્રથમ પદની અર્થભાવનાયુક્ત આરાધના વડે થાય છે.

## ધર્મકાય, કર્મકાય અને તત્ત્વકાય અવસ્થા.

તીર્થંકરોની ધર્મકાય, કર્મકાય અને તત્ત્વકાય એમ ત્રણ અવસ્થા હોય છે. તેને શાસ્ત્રની પરિભાષામાં અનુક્રમે પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત નામથી સંબોધવામાં આવે છે.

ધર્મકાય અથવા પિંડસ્થ અવસ્થા પ્રભુની સમ્યક્ત્વ પ્રાપ્તિ અનંતર થતી ધર્મ સાધનાને કહેવામાં આવે છે. યાવત્ છેલ્લા ભવની અંદર પણ જ્યાં સુધી ઘાતીકર્મનો ક્ષય થતો નથી ત્યાં સુધી તેમની જન્માવસ્થા, રાજ્યાવસ્થા અને ચારિત્ર ગ્રહણ કર્યા બાદ કેવલજ્ઞાન ન થાય ત્યાં સુધીની છદ્મસ્થાવસ્થાની આરાધના એ ધર્મકાય અવસ્થા કહી છે. ત્યાર બાદ ઘાતીકર્મનો ક્ષય અને કૈવલ્યની પ્રાપ્તિ થયા બાદ ધર્મતીર્થની સ્થાપના, નિરન્તર ધર્મોપદેશાદિ વડે પરોપકારની પ્રવૃત્તિ તે કર્મકાય અવસ્થા છે અને યોગ નિરોધરૂપ શૈલેશીકરણને તત્ત્વકાય અવસ્થા કહી છે

એ ત્રણે અવસ્થાનું ધ્યાન અને આરાધન નવકારના પ્રથમ પદની આરાધનાથી થાય છે. તેમાં 'નમો' પદ ધર્મકાય અવસ્થાનું પ્રતીક બને છે. 'અરિહં' પદ કર્મકાય અવસ્થાનું પ્રતીક બને છે અને 'તાણં' પદ તત્ત્વકાય અવસ્થાનું પ્રતીક બને છે.

એ રીતે પ્રભુની પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત અવસ્થાઓની આરાધનાનું સાધન નવકારના પ્રથમ પદ વડે થતું હોવાથી પ્રથમ પદનો જાપ, ધ્યાન અને અર્થચિન્તન પુનઃ પુનઃ કરવા લાયક છે.

## અમૃત અનુષ્ઠાન.

પ્રથમ પદ વડે પરમાત્માની સ્તુતિ, પરમાત્માનું સ્મરણ અને પરમાત્માનું ધ્યાન સરળતાથી થઈ શકે છે. નામગ્રહણ વડે સ્તુતિ, અર્થભાવન વડે સ્મરણ અને એકાગ્રચિન્તન વડે ધ્યાન થઈ શકે છે.

શ્રદ્ધા વડે, મેધા વડે, ધૃતિ વડે, ધારણા વડે અને અનુપ્રેક્ષા વડે થતી પ્રભુની સ્તુતિ, સ્મૃતિ અને ધ્યાન અનુક્રમે બોધિ, સમાધિ અને સિદ્ધિનું કારણ બને છે.

'નમો અરિહંતાણં' એ પદ યોગની ઇચ્છા, યોગની પ્રવૃત્તિ, યોગનું સ્થૈર્ય અને યોગની સિદ્ધિ કરાવે છે, એટલું જ નહિ પણ પ્રીતિ–ભક્તિ–વચન અને અસંગ એ ચારે પ્રકારના અનુષ્ઠાનની પ્રાપ્તિ કરાવી નિર્વિઘ્નપણે જીવોને મોક્ષમાં લઈ જાય છે.

યોગનાં પાંચ અંગો- જેમ કે સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને અનાલંબન તથા આગમોક્ત યોગની આઠ અવસ્થા-જેમકે તચ્ચિત્ત, તન્મન, તલ્લેશ્ય, તદધ્યવસાય, તત્તીવ્રઅધ્યવસાય, તદર્થોપયુક્ત, તદર્પિતકરણ અને તદ્ભાવનાભાવિત પર્યંતની અવસ્થા, તે પ્રથમ પદના આલંબન વડે સિદ્ધ કરી શકાય છે.

દ્રવ્યક્રિયાને ભાવક્રિયા બનાવનાર અને તદ્હેતુ અનુષ્ઠાનને અમૃત અનુષ્ઠાન બનાવનાર જે ચિત્તવૃત્તિઓને શાસ્ત્રકારોએ ફરમાવી છે, તે સૌનું આરાધન પ્રથમ પદના અવલંબન વડે થઈ શકે છે.

અર્થનું આલોચન, ગુણનો રાગ અને ભાવની વૃદ્ધિ-એ ત્રણ ગુણ દ્રવ્યક્રિયાને ભાવક્રિયા બનાવે છે. તથા તદ્ગત ચિત્ત, શાસ્ત્રોક્ત વિધાન, ભાવની વૃદ્ધિ, ભવનો ભય, વિસ્મય, પુલક અને પ્રધાનપ્રમોદ તે તદ્હેતુ અનુષ્ઠાનને અમૃત અનુષ્ઠાન બનાવે છે. તે માટે કહ્યું છે કેઃ-

તદ્ગત ચિત્તને સમય વિધાન
ભાવની વૃદ્ધિ ભવ ભય અતિ ઘણો જી;
વિસ્મય પુલક પ્રમોદ પ્રધાન,
લક્ષણ એ છે અમૃત ક્રિયા તણો જી.

## ભાવ પ્રાણાયામનું કાર્ય.

નમો પદ બાહ્ય ભાવનો રેચક કરાવે છે, આંતરભાવનો પૂરક કરાવે છે અને પરમાત્મભાવનો કુંભક કરાવે છે, તેથી તે ભાવ પ્રાણાયામનું કાર્ય પણ કરે છે.

ભાવ પ્રાણાયામ જ્ઞાનાવરણનો ક્ષય તથા યોગના ઉપરના ધ્યાનાદિ અંગોની સિદ્ધિ કરાવનાર હોવાથી માત્ર શરીર સ્વાસ્થ્યને સુધારનાર દ્રવ્ય પ્રાણાયામની અપેક્ષાએ ઉત્કૃષ્ટ છે. અને તેનું આરાધન પ્રથમ પદના આલંબનથી સુન્દર રીતે થતું હોવાથી પ્રથમ પદ અત્યંત ઉપાદેય છે.

આગમોમાં નમસ્કાર પદનો અર્થ નીચે મુજબ કહ્યો છે :–

**'मणसा गुणपरिणामो, वाया गुणभासणं च पंचण्हं**
**कायेण संपणामो, एस वयत्थो नमुक्कारो ॥'**

મનથી પંચ પરમેષ્ઠિના ગુણોનું પરિણમન, વાણીથી પંચ પરમેષ્ઠિના ગુણોનું ભાષણ તથા કાયાથી પંચ પરમેષ્ઠિ ભગવંતોને સમ્યક્ પ્રણામ કરવો, તે નમસ્કાર પદનો અર્થ છે.

'નમો' પદ વડે મનમાં ગુણોનું પરિણમન થાય છે, 'અરિહં' પદ વડે ગુણોનું ભાષણ થાય છે અને 'તાણં' પદ વડે કાયાનું પરિણમન થાય છે. અથવા ત્રણે પદો મળીને પરમેષ્ઠિ ભગવંતોના ગુણોનું પરિણમન, ભાષણ અને પ્રણમન કરાવે છે. તેથી મન, વચન અને કાયાના ત્રણે યોગોનું સાર્થકય થાય છે.

**ભવ્યત્વ પરિપાકના ત્રણ ઉપાય અને છ અભ્યંતર તપ.**

નવકારના પ્રથમ પદના જાપ અને ધ્યાન વડે ભવ્યત્વ પરિપાકના ત્રણે ઉપાયો અનુક્રમે દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદન અને શરણગમન એકી સાથે સધાય છે અને અભ્યંતર તપના છએ પ્રકારો, અનુક્રમે પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગનું પણ એક સાથે સેવન થાય છે.

'નમો' પદ દુષ્કૃતની ગર્હા કરાવે છે, 'અરિહં' પદ સુકૃતની અનુમોદના કરાવે છે અને 'તાણં' પદ શરણગમનની ક્રિયા કરાવે છે.

એ જ રીતે 'નમો' પદ વડે પાપનું પ્રાયશ્ચિત્ત અને ગુણોનો વિનય થાય છે. 'અરિહં' પદ વડે ભાવથી વૈયાવચ્ચ અને સ્વાધ્યાય થાય છે અને 'તાણં' પદ વડે પરમાત્માનું ધ્યાન અને દેહાત્મભાવનું વિસર્જન થાય છે.

દુષ્કૃત ગર્હાદિ વડે જીવની મુક્તિગમન યોગ્યતા પરિપક્વ થાય છે તથા પ્રાયશ્ચિત્ત-વિનયાદિ તપ વડે ક્લિષ્ટ કર્મોનો વિગમ તથા ભાવનિર્જરા થાય છે.

## સમાપત્તિ, આપત્તિ અને સંપત્તિ.

નવકારના પ્રથમ પદમાં ધ્યાતા, ધ્યેય અને ધ્યાન તથા તે ત્રણેની એકતારૂપ સમાપત્તિ સધાય છે, તેથી તીર્થંકર નામ-કર્મના ઉપાર્જન રૂપ આપત્તિ અને તેના વિપાકોદયરૂપ સંપત્તિની પણ પ્રાપ્તિ થાય છે.

'નમો' એ ધ્યાતાની શુદ્ધિ સૂચવે છે, 'અરિહં' એ ધ્યેયની શુદ્ધિ સૂચવે છે અને 'તાણં' એ ધ્યાનની શુદ્ધિ સૂચવે છે. એ ત્રણેની શુદ્ધિ વડે ત્રણેની એકતારૂપ સમાપત્તિ અને તેના પરિણામે આપત્તિ અર્થાત્ તીર્થંકર નામકર્મનું ઉપાર્જન તથા બાહ્યાંતર સંપત્તિ પ્રાપ્ત થાય છે.

'જ્ઞાનસાર' ગ્રન્થના ધ્યાનાષ્ટકમાં કહ્યું છે કે :-

**ध्याता ध्येयं तथा ध्यानं, त्रयं यस्यैकतां गतम्**
**मुनेरनन्यचित्तस्य, तस्य दुःखं न विद्यते ॥ १ ॥**

ध्याताऽन्तरात्मा ध्येयस्तु, परमात्मा प्रकीर्तितः ।
ध्यानं चैकाग्र्यसंवित्तिः, समापत्तिस्तदेकता ॥ २ ॥
आपत्तिश्च ततः पुण्यतीर्थकृत् कर्मबन्धतः ।
तद्भावाभिमुखत्वेन, संपत्तिश्च क्रमाद् भवेत् ॥ ३ ॥
इत्थं ध्यानफलाद्युक्तं, विंशतिस्थानकाद्यपि ।
कष्टमात्रं त्वभव्यानामपि नो दुर्लभं भवे ॥ ४ ॥'

ધ્યાનનું ફળ સમાપત્તિ, આપત્તિ (તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન) અને સંપત્તિ (તીર્થંકર નામકર્મનો વિપાકોદય) રૂપ હોવાથી વિંશતિસ્થાનક તપ આદિનું આરાધન સફળ માન્યું છે. જેને તે ફળ થતું નથી તે (અભવ્યોનું) આરાધન કષ્ટ માત્ર ફળવાળું છે અને તે તો આ ભવચક્રમાં અભવ્યોને પણ દુર્લભ નથી.

નવકારના પ્રથમ પદનું ભાવથી થતું આરાધન આ રીતે સમાપત્તિ આદિ ભેદ વડે સફળ થતું હોવાથી અત્યંત ઉપાદેય છે.

## ધર્મધ્યાન અને શુક્લધ્યાન.

શાસ્ત્રોમાં આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચયાદિ ચાર પ્રકારનું ધર્મધ્યાન કહ્યું છે. તે ધર્મધ્યાન નવકારના પ્રથમ પદના 'નમો' પદની અર્થભાવના વડે સાધી શકાય છે.

નમસ્કારમાં પ્રભુની આજ્ઞાનો વિચાર છે, રાગાદિ દોષોની અપાયકારકતા અને જ્ઞાનાવરણીયાદિ અષ્ટવિધ કર્મના વિપાકની

વિરસતાનો પણ વિચાર છે, તથા ચૌદ રાજલોકરૂપ વિસ્તારવાળા આકાશ પ્રદેશોમાં ધર્મસ્થાનની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે એ વિચારરૂપી સંસ્થાનવિચય ધ્યાન પણ તેમાં રહેલું છે.

'અરિહં' પદમાં શુક્લ ધ્યાનના પ્રથમ બે ભેદ પૃથક્ત્વ-વિતર્ક સવિચાર અને એકત્વવિતર્ક-અવિચાર, તથા 'તાણં' પદમાં શુક્લ ધ્યાનના છેલ્લા બે ભેદ સૂક્ષ્મક્રિયા-અપ્રતિપાતિ અને વ્યુપરતક્રિયા-અનિવૃત્તિનો વિચાર રહેલો છે.

આ રીતે અર્થભાવનાપૂર્વક પ્રથમ પદનો જાપ ધર્મ-ધ્યાનના ચારે પાયા તથા શુક્લ ધ્યાનના ચારે પાયાનો એક સાથે સંગ્રહ કરાવનાર હોવાથી અતિ ઉજ્જવળ લેશ્યાને પેદા કરાવનારો થાય છે, તેથી આત્માર્થી જીવોને અત્યંત ઉપાદેય છે અને પુનઃ પુનઃ કરવા લાયક છે.

## તપ, સ્વાધ્યાય અને ઇશ્વર-પ્રણિધાન.

યોગશતકમાં કહ્યું છે કે:-

सरणं भए उवाओ,
रोगे किरिया विसम्मि मंतो य ।
एए वि पावकम्मो-
वक्कमभेया उ तत्तेणं ॥ १ ॥
सरणं गुरु य इत्थं,
किरिया उ तवो त्ति कम्मरोगम्मि ।
मंतो पुण सज्झाओ,
मोहविसविणासणो पवरो ॥ २ ॥

બીજાથી ભય ઉત્પન્ન થાય ત્યારે તેનો ઉપાય જેમ સમર્થનું શરણ છે, કુષ્ઠાદિ વ્યાધિ ઉત્પન્ન થાય ત્યારે તેનો ઉપાય જેમ યોગ્ય ચિકિત્સા છે, તથા સ્થાવરજંગમરૂપ વિષનો જ્યારે ઉપદ્રવ થાય ત્યારે તેનું નિવારણ જેમ દેવાધિષ્ઠિત અક્ષરન્યાસરૂપે મંત્ર છે, તેમ ભયમોહનીયાદિ પાપકર્મોનો ઉપક્રમ અર્થાત્ વિનાશ કરવાના ઉપાય પણ શરણ વગેરેને જ કહેલાં છે.

શરણ્ય ગુરુવર્ગ છે, કર્મ રોગની ચિકિત્સા બાહ્ય-અભ્યંતર તપ છે અને મોહ–વિષનો વિનાશ કરવામાં સમર્થ મંત્ર પાંચ પ્રકારનો સ્વાધ્યાય છે.

'પાતંજલ યોગસૂત્ર'માં પણ કહ્યું છે કે:-

**तप: स्वाध्यायेश्वरप्रणिधानानि क्रियायोग: ।**
**समाधिभावनार्थः क्लेशतनूकरणार्थश्च ॥ (२–१–२)**

તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન એ ક્રિયા યોગ છે. તે વડે ક્લેશની અલ્પતા અને સમાધિની પ્રાપ્તિ થાય છે.

નવકારનું પ્રથમ પદ 'નમો અરિહંતાણં' સમાધિની ભાવના અને અવિદ્યાદિ ક્લેશોનું નિવારણ કરે છે. 'નમો' પદ વડે કર્મરોગની ચિકિત્સારૂપ બાહ્ય–અભ્યંતર તપ, 'અરિહં' પદ વડે સ્વાધ્યાય અને 'તાણં' પદ વડે ઈશ્વરપ્રણિધાન–એકાગ્ર ચિત્તે પરમાત્મસ્મરણ થાય છે. પ્રથમપદના વિધિપૂર્વક જાપ વડે શ્રદ્ધા વધે છે, વીર્ય–ઉત્સાહ વધે છે, સ્મૃતિ–સમાધિ અને પ્રજ્ઞા વધે છે તથા અંતે કૈવલ્યની પ્રાપ્તિ થાય છે.

## અષ્ટાંગ યોગ.

યોગના આઠ અંગ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર ધારણા, ધ્યાન અને સમાધિ કહેલાં છે, તે પ્રત્યેક અંગની સાધના વિધિયુક્ત નવકાર મંત્ર ગણનારને સધાય છે.

નવકાર મંત્રને ગણનાર અહિંસક બને છે, સત્યવાદી થાય છે, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહવ્રતનો પણ આરાધક થાય છે. નવકાર મંત્રના આરાધકને બાહ્યાંતર શૌચ અને સંતોષ તથા પૂર્વે કહ્યા મુજબ તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાનરૂપ નિયમોની સાધના થાય છે. નવકાર મંત્રને ગણનાર સ્થિર સુખઆસનની' અને બાહ્યઆભ્યંતર પ્રાણાયામની સાધના કરનારો પણ થાય છે.

નવકારનો સાધક ઇન્દ્રિયોનો પ્રત્યાહાર, મનની ધારણા અને બુદ્ધિની એકાગ્રતારૂપ ધ્યાન તથા અંતઃકરણની સમાધિનો અનુભવ કરે છે.

'નમો' પદ વડે નાદની, 'અરિહં' પદ વડે બિંદુની અને "તાણં' પદ વડે કલાની સાધના થાય છે.

નવકાર મંત્ર વડે નાસ્તિકતા, નિરાશા અને નિરુત્સાહતા નાશ પામે છે તથા નમ્રતા, નિર્ભયતા અને નિશ્ચિતતા પ્રાપ્ત થાય છે.

નવકાર મંત્રમાં પોતાની કર્મબદ્ધ અવસ્થાનો સ્વીકાર થાય છે, અરિહંતોની કર્મમુક્ત અવસ્થાનું ધ્યાન થાય છે તથા કર્મમુક્તિના ઉપાયો સ્વરૂપ જ્ઞાન, દર્શન અને ચારિત્રનું આરાધન થાય છે.

## ક્ષાયિક ભાવની પ્રાપ્તિ.

નવકાર મંત્ર વડે ઔદયિક ભાવોનો ત્યાગ, ક્ષાયોપશમિક ભાવોનો આદર અને પરિણામે ક્ષાયિક ભાવની પ્રાપ્તિ થાય છે.

નવકાર મંત્રના આરાધકને મધુર પરિણામની પ્રાપ્તિરૂપ 'સામભાવ,' તુલા પરિણામની આરાધનારૂપ 'સમભાવ' અને ક્ષીર ખંડયુક્ત અત્યંત મધુર પરિણામની આરાધનારૂપ 'સમ્મભાવ'ની પરિણતિનો લાભ થાય છે.

નવકારની આરાધના વડે ચિંતામણિ, કલ્પવૃક્ષ અને કામકુંભથી પણ અધિક એવા શ્રદ્ધેય, ધ્યેય અને શરણની પ્રાપ્તિ થાય છે.

'નમો' પદ વડે ક્રોધનો દાહ શમે છે, 'અરિહં' પદ વડે વિષયની તૃષા જાય છે અને 'તાણં' પદ વડે કર્મનો પંક શોષાય છે. દાહ શમવાથી શાંતિ થાય છે, તૃષા જવાથી તુષ્ટિ થાય છે અને પંક શોષાવાથી પુષ્ટિ થાય છે, તેથી આ મંત્રને તીર્થજળની અને પરમાન્નની ઉપમાઓ યથાર્થપણે ઘટે છે.

પરમાન્નનું ભોજન જેમ ક્ષુધાનું નિવારણ કરે છે તથા ચિત્તને તુષ્ટિ અને દેહને પુષ્ટિ કરે છે, તેમ આ મંત્રનું આરાધન પણ વિષયક્ષુધાનું નિવારણ કરનાર હોવાથી મનને શાંતિ, ચિત્તને તુષ્ટિ અને આત્માને પુષ્ટિ કરે છે.

'નમો'એ ઉપશમ છે, 'અરિહં'એ વિવેક છે અને 'તાણં' એ સંવર છે.

નવકાર મંત્રમાં કૃતજ્ઞતા અને પરોપકાર, વ્યવહાર અને નિશ્ચય, અધ્યાત્મ અને યોગ, ધ્યાન અને સમાધિ, દાન

અને પૂજન, શુભ વિકલ્પ અને નિર્વિકલ્પ, યોગારંભ અને યોગસિદ્ધિ, સત્ત્વશુદ્ધિ અને સત્ત્વાતીતતા, પુરુષાર્થ અને સિદ્ધિ, સેવક અને સેવ્ય, કરુણાપાત્ર અને કરુણાવંત વગેરે સાધનાની સઘળી સામગ્રી રહેલી છે. ઇચ્છા, જ્ઞાન અને ક્રિયાનો સુંદર સુમેળ હોવાથી આત્મશક્તિના વિકાસ માટે પરિપૂર્ણ સામર્થ્ય તેમાં રહેલું છે. તે કારણે શાસ્ત્રોમાં કહ્યું છે કેઃ-

**एसो अणाई कालो, अणाइ जीवो य अणाइ जिणधम्मो ।**
**तइयावि ते पढंता, एसुच्चिय जिण नमुक्कारो ॥**

કાલ અનાદિ છે, જીવ અનાદિ છે અને જિનધર્મ પણ અનાદિ છે, તેથી આ નમસ્કાર અનાદિ કાળથી ભણાતો આવ્યો છે અને અનંત કાળ સુધી ભણાશે અને એ ભણનાર તથા ભણાવનારનું અનંત કલ્યાણ કરશે.

## સહજમલનો હ્રાસ અને ભવ્યત્વભાવનો વિકાસ.

કર્મના સંબંધમાં આવવાની જીવની પોતાની યોગ્યતાને સહજમલ કહેવાય છે અને મુક્તિના સંબંધમાં આવવાની જીવની યોગ્યતાને ભવ્યત્વ સ્વભાવ કહેવાય છે. દરેક જીવની યોગ્યતા ભિન્ન ભિન્ન હોય છે, તેને તથા ભવ્યત્વ કહેવાય છે.

સહજમલનો હ્રાસ અને તથાભવ્યત્વનો વિકાસ ત્રણ સાધનોથી થાય છે. તેમાં પહેલું દુષ્કૃતગર્હા છે, બીજું સુકૃતાનુમોદન છે અને ત્રીજું અરિહંતાદિ ચારનું શરણગમન છે.

દુષ્કૃતગર્હાનો પ્રતિબંધક મુખ્યત્વે રાગદોષ છે, સુકૃતાનુમોદનનો પ્રતિબંધક દ્વેષદોષ છે અને શરણગમનનો પ્રતિબંધક

મોહદોષ છે. રાગદોષ જ્ઞાનગુણ વડે જિતાય છે, દ્વેષદોષ દર્શનગુણ વડે જિતાય છે અને મોહદોષ ચારિત્રગુણ વડે જિતાય છે

જ્ઞાનગુણની પરાકાષ્ઠા 'નમો' ભાવમાં છે, દર્શનગુણની પરાકાષ્ઠા 'અર્હં' ભાવમાં છે અને ચારિત્રગુણની પરાકાષ્ઠા 'શરણ' ભાવમાં છે. જ્ઞાનગુણ મંગલરૂપ છે, દર્શનગુણ લોકોત્તમ સ્વરૂપ છે અને ચારિત્રગુણ શરણાગતિરૂપ છે. એ રીતે રત્નત્રયીનો વિકાસ આત્માની મુક્તિગમન–યોગ્યતાનો પરિપાક કરે છે અને સંસારભ્રમણ–યોગ્યતાનો નાશ કરે છે.

## સ્વદોષદર્શન અને પરગુણદર્શન.

ચાર વસ્તુ મંગલ છે, ચાર વસ્તુ લોકમાં ઉત્તમ છે અને ચાર શરણ કરવા યોગ્ય છે. મંગલની ભાવના જ્ઞાનસ્વરૂપ છે, ઉત્તમની ભાવના દર્શનસ્વરૂપ છે, શરણની ભાવના ચારિત્ર સ્વરૂપ છે. જ્ઞાન વડે રાગદોષ જાય છે, દર્શન વડે દ્વેષદોષ જાય છે, ચારિત્ર વડે મોહદોષ જાય છે.

રાગ જવાથી પોતાના દોષ દેખાય છે, દ્વેષ જવાથી બીજાના ગુણ દેખાય છે અને મોહ જવાથી શરણભૂત આજ્ઞાનું સ્વરૂપ જણાય છે.

સ્વદોષદર્શન દોષની ગર્હા કરાવે છે, પરગુણદર્શન પરની અનુમોદના કરાવે છે અને આજ્ઞાનું સ્વરૂપ સમજવાથી આજ્ઞાના શરણે રહેવાની વૃત્તિ પેદા થાય છે.

ગુણવાનની આજ્ઞા જ સ્વીકારવા યોગ્ય છે, દોષ જવાથી જ ગુણ પ્રગટે છે, આજ્ઞાનું આરાધન કરવાથી જ દોષ જાય

છે, તેથી આજ્ઞાનું આરાધન મોક્ષને માટે થાય છે અને આજ્ઞાની વિરાધના સંસારને માટે થાય છે.

સ્વમતિ કલ્પનાનો મોહ આજ્ઞાપાલનના અધ્યવસાયથી જ જાય છે અને તે જવાથી શરણ સ્વીકારવામાં બલ પેદા થાય છે.

અરિહંતનું શરણ, સિદ્ધનું શરણ, સાધુનું શરણ અને કેવલી-પ્રજ્ઞપ્ત ધર્મનું શરણ એ અરિહંતાદિ ચારની લોકોત્તમતાના જ્ઞાન ઉપર આધાર રાખે છે. એ ચારની લોકોત્તમતા એ ચારની મંગલમયતાના સ્વીકાર ઉપર આધાર રાખે છે. એ ચારની મંગલમયતા તેમના જ્ઞાન, દર્શન અને ચારિત્રની મંગલ-મયતાના આધારે છે અને જ્ઞાન, દર્શન, ચારિત્રની મંગલમયતા રાગ, દ્વેષ અને મોહનો પ્રતિકાર કરવાના સામર્થ્યમાં રહેલી છે.

## યોગ્યનું શરણ લેવાથી યોગ્યતા વિકસે છે.

જીવને સૌથી અધિક રાગ સ્વજાત ઉપર હોય છે. તે રાગના કારણે પોતામાં રહેલા અનંતાનંત દોષોનું દર્શન થતું નથી. સ્વજાતનો રાગ પર પ્રત્યે દ્વેષનો આવિર્ભાવ કરે છે, એ દ્વેષના પ્રભાવે પરગુણદર્શન થતું નથી. સ્વદોષદર્શન અને પરગુણદર્શન ન થવાના કારણે મોહનો ઉદય થાય છે, મોહનો ઉદય થવાથી બુદ્ધિ અવરાય છે, બુદ્ધિનું આવરણ શરણે કરવા-યોગ્યનું શરણ સ્વીકારવામાં અંતરાયભૂત થાય છે.

યોગ્યનું શરણ ન સ્વીકારવાથી પોતાની અયોગ્યતા ઉપર કાબૂ આવતો નથી. પોતાની અયોગ્યતા કર્મબંધનના હેતુઓ પ્રત્યે દુર્લક્ષ્ય કરાવે છે અને કર્મક્ષયના હેતુઓનું સેવન

કરવામાં પ્રતિબંધક થાય છે. કર્મબંધના હેતુઓથી પરાङ્મુખ થવા માટે અને કર્મક્ષયના હેતુઓની સન્મુખ થવા માટે યોગ્યતા વિકસાવવી જોઇએ.

યોગ્યનું શરણુ લેવાથી યોગ્યતા વિકસે છે. યોગ્યનું શરણુ લેવાની યોગ્યતા સ્વદોષ-દર્શન અને પરગુણુ-ગ્રહણુથી પેદા થાય છે. રાગ-દ્વેષની મંદતા થવાથી પરગુણુ અને સ્વદોષદર્શન થાય છે અને રાગ-દ્વેષની મંદતા જ્ઞાન-દર્શન ગુણુનો વિકાસ થવાથી થાય છે.

જ્ઞાન-દર્શન ગુણુનો વિકાસ અરિહંતાદિની મંગલમયતા અને લોકોત્તમતાને જોવાથી અને તેમનું શરણુ સ્વીકારવાથી થાય છે.

## દુષ્કૃત એટલે સ્વકૃત અનંતાનંત અપરાધ
## અને
## સુકૃત અટલે પરકૃત અનંતાનંત ઉપકાર.

વીતરાગ પરમાત્મા નિગ્રહાનુગ્રહ સામર્થ્યયુક્ત અને સર્વજ્ઞ-સર્વદર્શિત્વ ગુણુને ધારણુ કરનારા હોવાથી સર્વ પૂજ્ય છે.

રાગદોષ જવાથી કરુણાગુણુ પ્રગટે છે, દ્વેષદોષ જવાથી માધ્યસ્થ્ય ભાવ પ્રગટે છે. કરુણા ગુણુનો સ્થાયીભાવ અનુગ્રહ છે અને માધ્યસ્થ્ય ગુણુનો સ્થાયીભાવ નિગ્રહ છે. જાતનો પક્ષપાત તે રાગ છે. પોતાની જાત સિવાય સર્વની ઉપેક્ષા તે દ્વેષ છે.

રાગ એ સ્વ દુષ્કૃતગર્હાનો પ્રતિબંધક છે અને દ્વેષ એ પર સુકૃતાનુમોદનનો પ્રતિબંધક છે. અહીં દુષ્કૃત એટલે સ્વકૃત

અનંતાનંત અપરાધ અને સુકૃત એટલે પરકૃત અનંતાનંત ઉપકાર. પોતાના અપરાધની ગર્હા અને બીજાના ઉપકારની પ્રશંસા તો જ થાય કે અપ્રશસ્ત રાગ દ્વેષ જાય. જ્ઞાન-દર્શન ગુણ રાગ-દ્વેષના પ્રતિપક્ષી છે. એટલે રાગ-દ્વેષ જવાથી એક બાજુ અનંત જ્ઞાન-દર્શન ગુણ પ્રગટે છે અને બીજી બાજુ નિગ્રહાનુગ્રહ સામર્થ્ય પ્રગટે છે અને તે બંનેના કારણભૂત કરુણા અને માધ્યસ્થ્ય ભાવ જાગે છે.

વીતરાગ એટલે કરુણાના નિધાન અને માધ્યસ્થ્ય ગુણના ભંડાર, તથા વીતરાગ એટલે અનંત જ્ઞાન-દર્શન સ્વરૂપ કેવળજ્ઞાન અને કેવળદર્શનના માલિક, સર્વ વસ્તુને જાણનારા અને જોનારા છતાં સર્વથી અલિપ્ત રહેનારા, સર્વ ઉપર પોતાનો પ્રભાવ પાડનારા પરંતુ કોઈના પણ પ્રભાવ નીચે કદી ય નહીં આવનારા.

## આત્મામાં રહેલી અચિન્ત્ય શક્તિનો સ્વીકાર.

વીતરાગતા એ આ રીતે નિષ્ક્રિયતા-સ્વરૂપ નહીં પણ સર્વોચ્ચ સક્રિયતારૂપ (Most Dynamic) છે. તે ક્રિયા અનુગ્રહ-નિગ્રહરૂપ છે અને અનુગ્રહ-નિગ્રહ એ રાગ-દ્વેષના અભાવમાંથી ઉત્પન્ન થયેલ આત્મશક્તિરૂપ છે.

આત્માની સહજ શક્તિ જ્યારે આવરણરહિત થાય છે ત્યારે તેમાંથી એક બાજુ સર્વજ્ઞતા-સર્વદર્શિતા પ્રકટે છે અને બીજી બાજુ નિગ્રહ-અનુગ્રહ સામર્થ્ય પ્રગટે છે. તે બંનેને પ્રગટાવવાનો ઉપાય આવરણરહિત થવું તે છે. આવરણ રાગ-

દ્વેષ અને અજ્ઞાનરૂપ છે. અજ્ઞાન ટાળવા માટે સ્વ અપરાધનો સ્વીકાર અને પરકૃત ઉપકારનો અંગીકાર અને એ બન્ને પૂર્વક અચિન્ત્ય શક્તિયુક્ત આત્મતત્ત્વનો આશ્રય અનિવાર્ય છે.

આત્મતત્ત્વનો આશ્રય એટલે પ્રથમ આત્મામાં રહેલી અચિન્ત્ય શક્તિનો સ્વીકાર (Consciousness of the Eternal Soul Power ). એ સ્વીકાર થવાથી અનંતાનુબંધી રાગ-દ્વેષ ટળી જાય છે, પૂર્વે કદી ન અનુભવેલો એવો સમત્વ ભાવ પ્રગટે છે. એ સમત્વ ભાવ અપક્ષપાતિતા અને મધ્યસ્થ-વૃત્તિતારૂપ છે.

મોટામાં મોટો પક્ષપાત સ્વદોષ છે. પોતે નિર્ગુણ અને દોષવાન હોવા છતાં પોતાને નિર્દોષ અને ગુણવાન માનવાની વૃત્તિરૂપ પક્ષપાત સમત્વ ભાવથી ટળી જાય છે.

## વીતરાગ અવસ્થા જ પરમ પૂજનીય છે.

પોતે કરેલા ઉપકારના મહત્ત્વ જેટલું જ કે તેથી અધિક પરકૃત ઉપકારોનું મહત્ત્વ છે એવો મધ્યસ્થવૃત્તિતારૂપ સમત્વ ભાવ એ દ્વેષદોષના પ્રતિકારસ્વરૂપ છે.

ઉભય પ્રકારનું સમત્વ રાગ-દ્વેષને નિર્મૂલ કરી આત્માના શુદ્ધ સ્વભવરૂપ કેવલજ્ઞાન-કેવલદર્શનને ઉત્પન્ન કરે છે. તેમાં લોકાલોક પ્રતિભાસિત થાય છે. પરંતુ તે કોઇથી પ્રતિભાસિત થતું નથી, કેમ કે તે સ્વયંભૂ છે. તેથી વીતરાગ અવસ્થા જ પરમ પૂજનીય છે અને તેને પ્રાપ્ત કરવાના ઉપાયભૂત દુષ્કૃત ગર્હા, સુકૃતાનુમોદન અને શરણગમન એ પરમ ઉપાદેય છે.

**वीतरागोऽप्यसौ देवो, ध्यायमानो मुमुक्षुभिः ।**
**स्वर्गापवर्गफलदः शक्तिस्तस्य हि तादृशी ॥ १ ॥**

આ દેવ વીતરાગ હોવા છતાં મુમુક્ષુ વડે જ્યારે ધ્યાન કરાય છે, ત્યારે તે સ્વર્ગાપવર્ગરૂપી ફલને આપે છે, કેમ કે તેમની નિશ્ચિત તેવા પ્રકારની શક્તિ છે.

**वीतरागोऽप्यसौ ध्येयो, भव्यानां स्याद् भवच्छिदे ।**
**विच्छिन्नबन्धनस्यास्य, तादृग् नैसर्गिको गुणः ॥ २ ॥**

આ ધ્યેય વીતરાગ હોવા છતાં ભવ્ય જીવોના ભવોચ્છેદને માટે થાય છે. બંધન જેઓના છેદાઈ ગયા છે, તેઓમાં આ નૈસર્ગિક ગુણ હોય છે.

વીતરાગ આત્માઓનો સ્વભાવ જ તેમનું ધ્યાન કરનારાઓના રાગ-દ્વેષનો છેદ કરવાનો છે. 'स्वभावोऽतर्कगोचरः ।' સ્વભાવ તર્કનો અવિષય છે. વસ્તુસ્વભાવના નિયમ મુજબ વીતરાગ વસ્તુનો સ્વભાવ જ સ્વ-પરનો ભવોચ્છેદક છે. કોઈ પણ વસ્તુસ્વભાવ તર્કથી અગ્રાહ્ય છે.

## પરાર્થભાવ એ જ સાચી દુષ્કૃત ગર્હા
## અને
## કૃતજ્ઞતા ગુણ એ જ સાચું સુકૃતનું અનુમોદન.

દુષ્કૃત માત્રનું પ્રાયશ્ચિત પરાર્થવૃત્તિ છે, કેમ કે પરપીડાથી દુષ્કૃતનું ઉપાર્જન છે તેથી તેની વિપક્ષ પરાર્થવૃત્તિનું સેવન તેના નિરાકરણનો ઉપાય છે.

કૃતિ માત્ર મન-વચન-કાયાથી થાય છે. તેમાં દુષ્ટત્વ લાવનાર પરપીડાનો અધ્યવસાય છે, અને તે અધ્યવસાય રાગભાવમાંથી, સ્વાર્થભાવમાંથી જન્મે છે. સ્વાર્થભાવનો પ્રતિપક્ષીભાવ પરાર્થભાવ છે, તેથી પરાર્થભાવ એ જ ભવ્યત્વ પરિપાકનો તાત્ત્વિક ઉપાય છે, પરન્તુ તે પરાર્થભાવ પરપીડાના પ્રાયશ્ચિત્તરૂપ હોવો જોઇએ.

પરાર્થભાવથી એક તરફ નૂતન પરપીડાનું વર્જન થાય છે અને બીજી તરફ પૂર્વે કરેલી પરપીડાનું શુદ્ધિકરણ થાય છે. તેથી પરાર્થભાવ એ જ સાચી દુષ્કૃતગર્હા છે. દુષ્કૃત ગર્હણીય છે, ત્યાજ્ય છે, હેય છે, એવી સાચી બુદ્ધિ તેને જ ઉત્પન્ન થયેલી ગણાય કે જેને સુકૃત એ અનુમોદનીય છે, ઉપાદેય છે, આદરણીય છે, એવો ભાવ સ્પષ્ટ થયેલો હોય.

પરપીડા એ દુષ્કૃત છે, તો પરોપકાર એ સુકૃત છે. પરોપકારમાં કર્તવ્યબુદ્ધિ પેદા થવી એ જ દુષ્કૃત માત્રનું સાચું પ્રાયશ્ચિત્ત છે. પરોપકાર જેને કર્તવ્ય લાગે તેનામાં એક બીજો ગુણ ઉત્પન્ન થાય છે, તેનું નામ કૃતજ્ઞતા છે.

બીજાનો પોતાના ઉપર થયેલો ઉપકાર જેને સ્મરણપથમાં નથી તે પરોપકારગુણને સમજ્યો જ નથી. કૃતજ્ઞતા ગુણ સુકૃતનું અનુમોદન કરાવે છે અને તેથી પરોપકાર વૃત્તિ દૃઢ થાય છે, એટલું જ નહીં પણ પરાર્થકરણનો અહંકાર પણ તેથી વિલીન થઈ જાય છે. પોતે જે કંઈ પરાર્થકરણ કરે છે, તે પોતાના ઉપર બીજાઓનો જે ઉપકાર થઈ રહ્યા છે, તેનો શતાંશ, સહસ્રાંશ કે લક્ષાંશ ભાગ પણ હોતો નથી. પરાર્થભાવની સાથે કૃતજ્ઞતાગુણ જોડાયેલો હોય તો જ તે પરાર્થભાવ તાત્ત્વિક બને છે.

## અરિહંતાદિનું શરણગમન.

પરાર્થવૃત્તિ અને કૃતજ્ઞતાગુણ વડે દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનરૂપ ભવ્યત્વ પરિપાકના બે ઉપાયોનું સેવન થાય છે, ત્રીજો ઉપાય અરિહંતાદિ ચારનું શરણગમન છે. અહીં શરણગમનનો અર્થ એ છે કે જેઓ પરાર્થભાવ અને કૃતજ્ઞતાગુણના સ્વામી છે, તેઓને જ પોતાના એક આદર્શ માનવા, તેમના જ સત્કાર, સન્માન, આદર, બહુમાનને પોતાનાં કર્તવ્ય માનવા.

પરાર્થભાવ અને કૃતજ્ઞતાગુણના સાચા અર્થી જીવોમાં તે બે ભાવની ટોચે (Climax) પહોંચેલાઓની શરણાગતિ, ભક્તિ, પૂજા, બહુમાન વગેરે સહજપણે આવે છે. જો તે ન આવે તો સમજવું કે તેને અંતરથી દુષ્કૃતગર્હા કે સુકૃતાનુ-મોદન થયેલું નથી, એટલું જ નહીં પણ દુષ્કૃતગર્હા કે સુકૃતાનુમોદનનો ભાવ તેનામાં ઉત્પન્ન થયો હોય તો પણ તે સાનુબંધ નથી, જ્ઞાન-શ્રદ્ધાપૂર્વકનો નથી.

જ્ઞાન અને શ્રદ્ધાથી વિહીન એવો દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનનો ભાવ નિરનુબંધ બને છે, ક્ષણ વાર ટકીને ચાલ્યો જાય છે, તેથી તેને સાનુબંધ બનાવવા માટે તે બે ગુણોને પામેલા અને તેની ટોચે પહોંચેલા પુરુષોની શરણા-ગતિ અપરિહાર્ય છે.

એ શરણાગતિ, પરાર્થભાવ અને કૃતજ્ઞતાગુણને સાનુબંધ બનાવવા માટેનું સામર્થ્ય પૂરું પાડે છે, વીર્ય વધારે છે, ઉત્સાહ જગાડે છે અને તેમની જેમ જ્યાં સુધી પૂર્ણત્વ પ્રાપ્ત

ન થાય અર્થાત્ તે બે ગુણોની ક્ષાયિક ભાવે સિદ્ધિ ન થાય ત્યાં સુધી સાધનામાં વિકાસ થતો રહે છે. તેને અનુગ્રહ કહેવાય છે. સાધનામાં ઉત્તરોત્તર વિકાસ વધારી સિદ્ધિ સુધી પહોંચાડનાર શ્રેષ્ઠ પ્રકારના આલંબનો પ્રત્યે આદરનો પરિણામ અને તેથી પ્રાપ્ત થતી સિદ્ધિ એ તેમનો અનુગ્રહ ગણાય છે. કહ્યું છે કે :–

**आलंबनादरोद्भूतप्रत्यूहक्षययोगतः ।**
**ध्यानाद्यारोहणभ्रंशो, योगिनां नोपजायते ॥**

– 'અધ્યાત્મસાર'

ઊંચે ચઢવામાં આલંબનભૂત થનારાં તત્ત્વો પ્રત્યે આદરના પરિણામથી સિદ્ધિની આડે આવતાં વિઘ્નોનો ક્ષય થાય છે અને તે વિઘ્નક્ષયથી યોગી પુરુષોને ધ્યાનાદિના આરોહણથી ભ્રંશ થતો નથી.

આલંબનોના આદરથી થતા પ્રત્યક્ષ લાભને જ શાસ્ત્રકારો અરિહંતાદિનો અનુગ્રહ કહે છે.

## અરિહંતાદિ ચારનું અવલમ્બન સ્વરૂપના બોધનું કારણ છે.

જેનું આલંબન લઈને જીવ આગળ વધે છે, તેનો ઉપકાર હૃદયમાં ન વસે તો તે પાછો પતનને પામે છે. એટલે પરાર્થ-વૃત્તિરૂપી દુષ્કૃતગર્હા, કૃતજ્ઞતાગુણના પાલનસ્વરૂપ સુકૃતાનુમોદના અને તે ગુણોની સિદ્ધિને વરેલા મહાપુરુષોની શરણાગતિ, એ ત્રણે ઉપાયો મળીને જીવની મુક્તિગમન યોગ્યતા વિકસાવે છે અને ભવભ્રમણની શક્તિનો ક્ષય કરે છે.

સાચી દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના, દુષ્કૃત રહિત અને સુકૃતવાન તત્ત્વોની ભક્તિ સાથે જોડાયેલી જ હોય છે. તેથી એક ભક્તિને જ મુક્તિની દૂતી કહેલી છે.

કૃતજ્ઞતાગુણ સુકૃતની અનુમોદનારૂપ છે. પરાર્થવૃત્તિ દુષ્કૃતની ગર્હારૂપ છે. દુષ્કૃતની ગર્હારૂપ પરાર્થવૃત્તિ અને સુકૃતની અનુમોદનારૂપ કૃતજ્ઞતાભાવથી વિશુદ્ધ થયેલ અંતઃકરણમાં શુદ્ધ આત્મતત્ત્વનું પ્રતિબિંબ પડે છે. શુદ્ધ આત્મતત્ત્વ અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલીકથિત ધર્મથી અભિન્ન સ્વરૂપવાળું છે.

અરિહંતાદિ ચારનું શરણગમન એ મુક્તિનું અનન્ય કારણ છે. મુક્તિ એ સ્વરૂપલાભરૂપ છે. સ્વરૂપનો બોધ એ અરિહંતાદિ ચારના અવલંબનથી થાય છે. અરિહંતાદિ ચારનું અવલંબન સ્વરૂપના બોધનું કારણ છે. આત્મામાં આત્માથી આત્માને જાણવાનું સાધન અરિહંતાદિ ચારનું શરણ-સ્મરણ છે. એ ચારનું સ્મરણ એ જ તત્ત્વથી આત્મસ્વરૂપનું સ્મરણ છે.

આત્માનું સ્વરૂપ નિશ્ચયથી પરમાત્મતુલ્ય છે, એવો બોધ જેને થયેલો છે, તેને પરમાત્મ–સ્મરણ એ જ વાસ્તવિક શરણગમન છે.

## આત્મતત્ત્વનું સ્મરણ વિશુદ્ધ અંતઃકરણમાં થાય છે.

આત્મતત્ત્વનું સ્મરણ વિશુદ્ધ અંતઃકરણમાં થાય છે. અંતઃકરણની વિશુદ્ધિ દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનથી થાય છે.

દુષ્કૃત પરપીડારૂપ છે, તેની તાત્ત્વિક ગર્હા ત્યારે થાય છે કે જ્યારે પરપીડાથી ઉપાર્જન કરેલા પાપકર્મને પરોપકાર વડે દૂર કરવાનો વીર્યોલ્લાસ જાગે છે.

પરાર્થકરણનો વીર્યોલ્લાસ એ જ પરપીડાકૃત પાપની સાચી ગર્હાના પરિણામસ્વરૂપ છે. દુષ્કૃત ગર્હામાં પરાર્થકરણની વૃત્તિ છુપાયેલી છે. સુકૃતાનુમોદનમાં પરાર્થકરણનું હાર્દિક અનુમોદન છે. ચતુઃશરણગમનમાં પરાર્થકરણ સ્વભાવવાળા આત્મતત્ત્વનો આશ્રય છે.

આત્મતત્ત્વ પોતે જ પરાર્થકરણ અને પરપીડાના પરિહાર-સ્વરૂપ છે. આત્માનો તે મૂળ સ્વભાવ પ્રાપ્ત કરવા માટે જ પરપીડાનું ગર્હણ અને પરોપકારગુણનું અનુમોદન છે.

શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત થયેલા અરિહંતાદિ ચાર સર્વથા પરાર્થકરણોદ્યત હોય છે. તેથી તે સ્વરૂપનું શરણ સ્વીકારવા યોગ્ય છે, આદરવા યોગ્ય છે, ઉપાસના કરવા લાયક છે.

શુદ્ધ આત્મતત્ત્વ હંમેશાં પોતાના સ્વભાવથી જ શુદ્ધિકરણનું કાર્ય કરે છે તેથી તે જ પુનઃ પુનઃ સ્મરણીય છે, આદરણીય છે, જ્ઞેય છે, શ્રદ્ધેય છે, સર્વ ભાવથી શરણ્ય છે, શરણ લેવા લાયક છે.

જ્યાં સુધી સ્વકૃત પોતે કરેલા દુષ્કૃતની ગર્હા થતી નથી, એક નાનું પણ દુષ્કૃત ગર્હાના વિષય વિનાનું રહે છે, ત્યાં સુધી સ્વપક્ષપાતરૂપી રાગદ્વેષનો વિકાર વિદ્યમાન છે એમ સમજવું. ગર્હાના સ્થાને અનુમોદના હોવાથી તે મિથ્યા છે, તેથી વાસ્તવિક અનુમોદનાનું સ્થાન જે પરસુકૃત તેની અનુ-મોદના પણ સાચી થતી નથી.

પરકૃત અલ્પ પણ સુકૃતનું અનુમોદન બાકી રહી જાયે છે, ત્યાં સુધી અનુમોદનના સ્થાને અનુમોદનના બદલે ઉપેક્ષા કાયમ રહે છે અને તે ઉપેક્ષા પણ એક પ્રકારની ગર્હા જ બને છે. સુકૃતની ગર્હા અને દુષ્કૃતનું અનુમોદન થોડે અંશે પણ વિદ્યમાન હોય ત્યાં સુધી સાચું શરણ પ્રાપ્ત થતું નથી. દુષ્કૃતનું અનુમોદન રાગરૂપ છે અને સુકૃતનું ગર્હણ દ્વેષરૂપ છે, તેના પાયામાં મોહ યા અજ્ઞાન યા મિથ્યાજ્ઞાન રહેલું છે.

એ મિથ્યાજ્ઞાનરૂપી મોહનીય કર્મની સત્તામાં અરિહંતાદિનું શુદ્ધ આત્મસ્વરૂપ ઓળખાતું નથી કેમ કે તે રાગ-દ્વેષરહિત છે.

## વીતરાગ અવસ્થાની સૂઝ-બૂઝ.

રાગ-દ્વેષરહિત શુદ્ધ સ્વરૂપની સાચી ઓળખાણ થવા માટે દુષ્કૃત ગર્હા અને સુકૃતાનુમોદન સર્વાંશે શુદ્ધ થવું જોઇએ, એ થાય ત્યારે જ રાગ-દ્વેષરહિત અવસ્થાવાનની સાચી શરણાગતિ પ્રાપ્ત થઈ શકે છે અને એ શરણાગતિ પ્રાપ્ત થાય તો જ ભવનો અંત આવી શકે છે.

ભવનો અંત લાવવા માટે રાગ-દ્વેષરહિત વીતરાગ અવસ્થાની અંતઃકરણમાં સૂઝ બૂઝ થવી જોઇએ. સૂઝ એટલે શોધ અર્થાત્ જિજ્ઞાસા અને બૂઝ એટલે જ્ઞાન. વીતરાગ અવસ્થાની સૂઝ-બૂઝ દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનની અપેક્ષા રાખે છે. વીતરાગ અવસ્થાનું માહાત્મ્ય પિછાણવા માટે હૃદયની ભૂમિકા તેને યોગ્ય થવી જોઈએ.

એ યોગ્યતા ગર્હણીયની ગર્હા અને અનુમોદનીયની અનુમોદનાના પરિણામથી પ્રગટે છે. ગર્હા દુષ્કૃત માત્રની હોવી જોઈએ, અનુમોદના સુકૃત માત્રની હોવી જોઈ એ. એ બે હોય ત્યારે રાગ-દ્વેષની તીવ્રતા ઘટી જાય છે.

રાગનો રાગ ન હોવો અને દ્વેષ પ્રત્યે દ્વેષની વૃત્તિ હોવી એ રાગ-દ્વેષની તીવ્રતાનો અભાવ છે. દુષ્કૃત ગર્હા અને સુકૃતાનુમોદનની હયાતિમાં તેની સિદ્ધિ થાય છે. એથી વીતરાગતાના શરણે જવાની વૃત્તિ જાગે છે. વીતરાગતા એ જ શ્રદ્ધેય, ધ્યેય અને શરણ્ય લાગે છે. પછી વીતરાગતા અચિન્ત્યશક્તિયુક્ત છે તેનો અનુભવ થાય છે.

રાગ-દ્વેષરહિત વીતરાગ અવસ્થા અચિન્ત્યશક્તિયુક્ત છે. તેનાથી વિમુખ રહેનારનો નિગ્રહ અને તેની સન્મુખ થનારનો તે અનુગ્રહ કરે છે.

લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન અને કેવળદર્શન કે જે આત્માનું સહજ સ્વરૂપ છે, તે વીતરાગ અવસ્થામાં જ પ્રકાશી ઊઠે છે, અન્ય અવસ્થામાં તે વિદ્યમાન હોવા છતાં અપ્રગટ રહે છે.

કેવળજ્ઞાન-કેવળદર્શન વડે લોકાલોકના ભાવ હસ્તામલકવત્ પ્રતિભાસે છે. સર્વ દ્રવ્યોના ત્રિકાલવર્તી સર્વ પર્યાયોનું તે ગ્રહણ કરે છે, સમયે સમયે જ્ઞાન વડે સર્વને જાણે છે અને દર્શન વડે સર્વને જુએ છે.

વીતરાગતાના શરણે રહેનારને તેમના જ્ઞાનદર્શનનો લાભ મળે છે. એ જ્ઞાનદર્શન વડે પ્રતિભાસિત સર્વ પદાર્થોના સર્વ પર્યાયાદિની ક્રમબદ્ધતા નિશ્ચિત થાય છે. તેથી જગતમાં બની ગયેલા, બની રહેલા અને ભવિષ્યમાં બનનારા સારા નરસા બનાવોમાં રાગ–દ્વેષ અને હર્ષ–શોકની કલ્પનાઓ નાશ પામે છે.

## શરણાગમન વડે ચિત્તનું સમત્વ.

સમગ્ર વિશ્વતંત્ર પ્રભુના જ્ઞાનમાં ભાસે છે અને તે જ રીતે પ્રવર્તિત થાય છે. તેથી પ્રભુને આધીન રહેનારને વિશ્વની પરાધીનતા મટી જાય છે. વિશ્વને આધીન પ્રભુ નથી પણ પ્રભુના જ્ઞાનને આધીન વિશ્વ છે, એવી પ્રતીતિ થાય છે અને તેથી ચિત્તનું સમત્વ અખંડપણે જળવાઈ રહે છે.

સમત્વ જળવાઈ રહેવાથી આત્મા અખંડ સંવર ભાવમાં રહે છે. નવા આવતાં કર્મ રોકાઇ જાય છે અને જૂનાં કર્મ ભોગવાઈ જાય છે, તેથી કર્મ રહિત થઇ આત્મા અવ્યાબાધ સુખનો ભોક્તા થાય છે. અરિહંતાદિ ચારના શરણનો આ અચિન્ત્ય પ્રભાવ છે.

અરિહંત અને સિદ્ધનું વીતરાગ સ્વરૂપ છે, સાધુનું નિર્ગ્રન્થસ્વરૂપ છે અને કેવલિકથિત ધર્મનું દયામય સ્વરૂપ છે. ધર્મ એ ધ્રુવ છે, નિત્ય છે, અનંત અને સનાતન છે. તેનું પ્રધાન લક્ષણ દયા છે.

દયામાં પોતાના દુઃખના દ્વેષ જેટલો જ દ્વેષ બીજાનાં દુઃખો પ્રત્યે પણ જાગે છે. પોતાના સુખની ઇચ્છા જેટલી જ

ઇચ્છા બીજાનાં સુખો પ્રત્યે પણ ઉત્પન્ન થાય છે. એ ઇચ્છા રાગાત્મક હોવા છતાં પરિણામે રાગને નિર્મૂળ કરનારી છે.

દયામાં બીજા બધાનાં દુઃખો પ્રત્યે પોતાના દુઃખ જેટલો જ દ્વેષ છે, છતાં તે દ્વેષ, દ્વેષવૃત્તિને અંતે નિર્મૂલ કરે છે. જેમ કાંટાથી જ કાંટો નીકળે છે, અગ્નિથી અગ્નિ શમે છે, તથા વિષથી વિષ નાશ પામે છે, એ ન્યાયે રાગ–દ્વેષની વૃત્તિરૂપી કાંટાને કાઢવા માટે સર્વ જીવોના સુખનો રાગ અને સર્વ જીવોના દુઃખનો દ્વેષ અન્ય કાંટાનું કામ કરે છે. અપ્રશસ્ત કોટિના રાગ-દ્વેષરૂપી વિષને શમાવવા માટે બીજા વિષનુ કામ કરે છે. સ્વજાતના સુખવિષયક રાગ અને સ્વજાતના દુઃખવિષયક દ્વેષરૂપી આર્ત્તધ્યાનની અગ્નિને બુઝાવવા માટે સર્વ જીવોના સુખની અભિલાષારૂપી રાગ અને સર્વ દુઃખી જીવોના દુઃખ પ્રત્યેનો દ્વેષ ધર્મધ્યાનરૂપી અગ્નિની ગરજ સારે છે.

## ધર્મવૃક્ષના મૂળમાં દયા છે તેથી ધર્મવૃક્ષના ફળમાં પણ દયા જ પ્રકટે છે.

દયાલક્ષણ ધર્મ એ રીતે અપ્રશસ્ત રાગ–દ્વેષનું શલ્ય દૂર કરવામાં સાધનરૂપ બની, જીવને સદા માટે રાગ–દ્વેષ રહિત વીતરાગ અવસ્થા પમાડનાર થાય છે.

વીતરાગ અવસ્થા અવશ્ય સર્વજ્ઞતા અને સર્વદર્શિતાને અપાવનારી હોવાથી દયાપ્રધાન ધર્મ, સર્વજ્ઞતા અને સર્વદર્શિતાને પમાડનાર પણ થાય છે. દયા છે પ્રધાન જેમાં એવો કેવલિકથિત ધર્મ જે કોઇ ત્રિકરણયોગે યાવજ્જીવિત પ્રતિજ્ઞાપૂર્વક સાધનારા છે, તેઓ નિર્ગ્રન્થ સાધુ ગણાય છે. રાગ–દ્વેષની

ગાંઠથી ઘણા છૂટેલા હોવાથી અને શેષ અંશથી સ્વલ્પ કાલમાં જ અવશ્ય છૂટનારા હોવાથી તેઓ પણ શરણ્ય છે.

નિર્ગ્રન્થ અવસ્થા વીતરાગ અવસ્થાને અવશ્ય લાવનારી હોવાથી તે પ્રચ્છન્ન વીતરાગતા જ છે. દયાપ્રધાન ધર્મનું પ્રથમ ફળ નિર્ગ્રન્થતા છે અને અંતિમ ફળ વીતરાગતા છે. ક્ષયોપશમ ભાવની દયાનું પરિપૂર્ણ પાલન તે નિર્ગ્રન્થતા છે અને ક્ષાયિક ભાવની દયાનું પ્રકટીકરણ તે વીતરાગતા છે.

નિર્ગ્રન્થતા ( સાધુ ધર્મ ) એ પ્રયત્ન સાધ્ય દયાનું સ્વરૂપ છે અને વીતરાગતા એ સહજ સાધ્ય દયામયતા છે. દયા સર્વમાં મુખ્ય છે, પછી તે ધર્મ હો કે ધર્મને સાધનારા સાધુ હો કે સાધુપણાના ફળસ્વરૂપ અરિહંત કે સિદ્ધ પરમાત્મા હો.

ધર્મવૃક્ષના મૂળમાં દયા છે. તેથી ધર્મવૃક્ષના ફળમાં પણ દયા જ પ્રકટે છે. સાધુ દયાના ભંડાર છે, તો અરિહંત અને સિદ્ધ એ દયાના નિધાન છે. દયાવૃત્તિ અને દયાની પ્રવૃત્તિમાં તારતમ્યતા ભલે હો પણ બધાનો આધાર એક દયા જ છે, તે સિવાય બીજું કશું જ નથી.

## અરિહંત અને સિદ્ધ પરમાત્માનું ધ્યાન એ કર્મ-ક્ષયનું અસાધારણ કારણ છે.

જીવનું રૂપાંતર કરનાર રસાયણના સ્થાને એક દયા છે, તે કારણે તીર્થંકરોએ દયાને જ વખાણી છે. ધર્મતત્ત્વનું પાલન, પોષણ અને સંવર્ધન કરનારી એક દયા જ છે અને તે દુઃખી અને પાપી પ્રાણીઓનાં દુઃખ અને પાપનો નાશ કરવાની વૃત્તિ અને પ્રવૃત્તિરૂપ છે તથા ક્ષાયિક ભાવમાં સહજ સ્વભાવરૂપ છે.

તે સ્વભાવ દુઃખરૂપી દાવાનળને એક ક્ષણમાત્રમાં શમાવવા માટે પુષ્કરાવર્ત્ત મેઘની ગરજ સારે છે. પુષ્કરાવર્ત્ત મેઘની ધારા જેમ ભયંકર દાવાનલને પણ શાંત કરી દે છે, તેમ આત્માનો સહજ શુદ્ધ સ્વભાવ જેઓને પ્રગટ થયો છે, તેઓના ધ્યાનના પ્રભાવથી દુઃખદાવાનળમાં દાઝતા સંસારી જીવોના દુખદાહ એક ક્ષણવારમાં શમી જાય છે.

શુદ્ધ સ્વરૂપને પામેલા અરિહંતાદિ આત્માઓનું ધ્યાન તેમના પૂજન વડે, સ્તવન વડે, તેમની આજ્ઞાનું પાલન આદિ વડે થાય છે. શુદ્ધ સ્વરૂપને પામેલા આત્માઓનું ધ્યાન એ જ પરમાત્માનું ધ્યાન છે અને એ જ નિજ શુદ્ધાત્માનું ધ્યાન છે.

ધ્યાન વડે ધ્યાતા ધ્યેયની સાથે એકતાનો અનુભવ કરે છે તે સમાપત્તિ છે. અને તે જ એક કર્મક્ષયનું અસાધારણ કારણ છે.

નિજ શુદ્ધ આત્મા દ્રવ્ય, ગુણ અને પર્યાયથી અરિહંત અને સિદ્ધ સમાન છે, તેથી અરિહંત અને સિદ્ધ પરમાત્માનું ધ્યાન દ્રવ્ય, ગુણ અને પર્યાયથી પોતાના શુદ્ધ આત્માના ધ્યાનનું કારણ બને છે.

કારણમાંથી કાર્ય ઉત્પન્ન થાય છે, એ ન્યાયે અરિહંત અને સિદ્ધ પરમાત્માના ધ્યાન વડે સકલ કર્મનો ક્ષય થવાથી પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટે છે.

કર્મક્ષયનું અસાધારણ કારણ શુદ્ધ સ્વરૂપનું ધ્યાન છે. કહ્યું છે કેઃ—

**मोक्षः कर्मक्षयादेव, स चात्मज्ञानतो भवेत् ।**
**ध्यानसाध्यं मतं तच्च, तद्ध्यानं हितमात्मनः ॥ १ ॥**

સકલ કર્મના ક્ષયથી મોક્ષ ઉત્પન્ન થાય છે અને સકલ કર્મનો ક્ષય આત્મજ્ઞાનથી થાય છે. આત્મજ્ઞાન પરમાત્માના ધ્યાનથી પ્રગટે છે, તેથી પોતાના શુદ્ધ આત્મસ્વરૂપના લાભરૂપ મોક્ષ મેળવવા માટે પરમાત્માના ધ્યાનમાં લીન થવું જોઈએ, કેમ કે તે ધ્યાન જ આત્માને મોક્ષસુખનું અસાધારણ કારણ હોવાથી અત્યંત હિત કરે છે.

## સ્વરૂપની અનુભૂતિ.

અરિહંતાદિ ચારનું શરણ એ શુદ્ધ આત્મસ્વરૂપનું સ્મરણ કરાવનાર હોવાથી અને તેના ધ્યાનમાં જ તલ્લીન કરનાર હોવાથી તત્ત્વતઃ શુદ્ધ આત્મસ્વરૂપનું જ શરણ છે. અને શુદ્ધ આત્મસ્વરૂપનું શરણ એ જ પરમ સમાધિને અર્પનાર હોવાથી પરમ આદેય છે. તે માટેની યોગ્યતા દુષ્કૃત ગર્હા અને સુકૃતાનુમોદનથી પ્રાપ્ત થાય છે તેથી દુષ્કૃત ગર્હા અને સુકૃતાનુમોદના પણ ઉપાદેય છે.

દુષ્કૃત ગર્હા અને સુકૃતાનુમોદના સહિત અરિહંતાદિ ચારનું શરણ એ ભવ્યત્વ પરિપાકના ઉપાય તરીકે શાસ્ત્રમાં વર્ણવેલું છે, તે યુક્તિ અને અનુભવથી પણ ગમ્ય છે.

દુષ્કૃત ગર્હા અને સુકૃતાનુમોદન પરાર્થવૃત્તિ અને કૃતજ્ઞતા ભાવને ઉત્તેજિત કરનાર હોવાથી અંતઃકરણની શુદ્ધતા કરે છે એ યુક્તિ છે અને અંતઃકરણમાં જ પરમાત્મ-સ્વરૂપનું પ્રતિબિંબ પડી શકે છે, એવો સર્વ યોગી પુરુષોનો પણ અનુભવ છે.

સમુદ્ર કે સરોવર જ્યારે નિસ્તરંગ બને છે ત્યારે જ તેમાં આકાશાદિનું પ્રતિબિંબ પડી શકે છે. તેની જેમ અંતઃકરણ-

રૂપી સમુદ્ર કે સરોવર જ્યારે સંકલ્પ-વિકલ્પરૂપી તરંગોથી રહિત બને છે ત્યારે જ તેમાં અરિહંતાદિ ચારનું અને શુદ્ધાત્માનું પ્રતિબિંબ પડે છે.

અંતઃકરણને નિસ્તરંગ અને નિર્વિકલ્પ બનાવનાર દુષ્કૃત ગર્હા અને સુકૃતાનુમોદનના શુભ પરિણામ છે અને તેમાં શુદ્ધાત્માનું પ્રતિબિંબ પાડનાર અરિહંતાદિ ચારનું સ્મરણ અને શરણુ છે.

સ્મરણ ધ્યાનાદિ વડે થાય છે અને શરણગમન આજ્ઞા-પાલનના અધ્યવસાય વડે થાય છે. આજ્ઞાપાલનનો અધ્યવસાય નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિને આપનારો છે અને નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ એટલે શુદ્ધાત્માની સાથે એકતાની અનુભૂતિ. તેને અંગ્રેજીમાં Self Identification (સેલ્ફ આઈડેન્ટી-ફિકેશન) અર્થાત્ સ્વરૂપની અનુભૂતિ પણ કહે છે.

એ રીતે પરંપરાએ દુષ્કૃત ગર્હા અને સુકૃતાનુમોદન તથા સાક્ષાત્ શ્રી અરિહંતાદિ ચારનું શરણગમન નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ–સ્વરૂપાનુભૂતિનું કારણ બને છે તેથી તે ત્રણેને જીવનું તથાભવ્યત્વ મુક્તિગમન–યોગ્યત્વ પકાવનાર તરીકે શાસ્ત્રમાં ઓળખાવવામાં આવેલ છે, તે યથાર્થ છે.

દુર્લભ એવા માનવજીવનમાં તે ત્રણે સાધનોનો ભવ્યત્વ પકાવવાના ઉપાય તરીકે આશ્રય લેવો એ પ્રત્યેક મુમુક્ષુ આત્માનું પરમ કર્તવ્ય છે.

—卐卐—

# અનુપ્રેક્ષા

## કિરણ બીજું

卐

## પ્રભુ આજ્ઞાનું સ્વરૂપ.

" आस्रवो भवहेतुः स्यात्, संवरो मोक्षकारणम् ।
इतीयमार्हतीमुष्टि—रन्यदस्याः प्रपञ्चनम् ॥ "

**અર્થ**—' આશ્રવ સર્વથા હેય છે અને સંવર ઉપાદેય છે. આશ્રવ ભવનો હેતુ છે અને સંવર મોક્ષનું કારણ છે. શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાનું સંક્ષેપમાં આ પરમ રહસ્ય છે. બીજો બધો આનો જ વિસ્તાર છે. '

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ – એ પાંચ આશ્રવ છે. સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, અકષાય અને અયોગ – એ પાંચ સંવર છે.

શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધમાં નમસ્કારની પાંચ વસ્તુઓ છે. શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. તે પાંચેયમાં આશ્રવનો અભાવ છે અને તે પાંચેય સંવરથી ભરેલા છે.

તે પાંચેયને નમસ્કાર તે પાંચેયમાં રહેલા સંવરને જ નમસ્કાર છે. સંવરનું સેવન તે પ્રભુની આજ્ઞા છે. આથી પાંચેયના નમસ્કારમાં આજ્ઞાને જ નમસ્કાર છે.

વળી નમસ્કારની પાંચેય વસ્તુઓ આશ્રવથી રહિત છે, જેથી તે પાંચેયને નમસ્કારમાં આશ્રવના ત્યાગને નમસ્કાર છે. આશ્રવનો ત્યાગ એ પ્રભુની આજ્ઞા છે, જેથી પાંચેયના નમસ્કારમાં સંવરનું બહુમાન છે અને આશ્રવની ગર્હા છે.

પરમેષ્ઠિ નમસ્કાર વડે સુકૃતની અનુમોદના થાય છે અને દુષ્કૃતની ગર્હા થાય છે. સુકૃતની અનુમોદના વડે શુભને-કુશળનો અનુબંધ પડે છે અને દુષ્કૃત ગર્હા વડે અશુભ-અકુશળના અનુબંધનો વિચ્છેદ થાય છે.

પરમેષ્ઠિ-નમસ્કારમાં પરમાત્માની આજ્ઞાનું બહુમાન થાય છે, જેથી આજ્ઞાપાલનનો અધ્યવસાય તીવ્ર બને છે તથા આજ્ઞાની વિરાધનાનો અધ્યવસાય નિરનુબંધ બને છે.

## આજ્ઞાનું સામ્રાજ્ય.

પરમેષ્ઠિ-નમસ્કાર પ્રભુની આજ્ઞા સાથે અનુકૂળ સંબંધ કરાવે છે. પ્રભુની આજ્ઞાનું સામ્રાજ્ય ત્રણ ભુવનમાં પ્રવર્તે છે. સમગ્ર વિશ્વનું પ્રવર્તન આજ્ઞાને આધીન છે.

આજ્ઞાનો વિરાધક શિક્ષાને પાત્ર બને છે અને પ્રભુની આજ્ઞાનો આરાધક ઉન્નતિને પામે છે. આજ્ઞાને શરણે રહેલો નિર્ભય બને છે.

આજ્ઞા એ દીવો છે, આજ્ઞા એ ત્રાણ છે, આજ્ઞા એ શરણ છે, આજ્ઞા એ જ ગતિ છે અને આજ્ઞા એ જ દુર્ગતિમાં પડતા જીવોને આલંબન છે.

પરમેષ્ઠિ-નમસ્કારમાં આજ્ઞા, આજ્ઞાપાલક અને આજ્ઞાકારક-ને નમસ્કાર હોવાથી, તે નમસ્કાર ભવ્ય જીવોને દીપકની જેમ પ્રકાશ આપે છે અથવા ભવસમુદ્રમાં દ્વીપની જેમ આધાર આપે છે.

પરમેષ્ઠિ-નમસ્કાર અનર્થ અને અનિષ્ટનો ઘાત કરે છે. વળી તે ભવભયથી પીડિતને શરણ આપે છે, દુઃખ-દારિદ્રયથી

બચવાનો માર્ગ બતાવે છે અને ભવકૂપમાં પડતા જીવોને આલંબનભૂત થાય છે.

પ્રભુની આજ્ઞામાં જેટલા ગુણો છે, તે બધા ગુણોને પામવાને પરમેષ્ઠિ–નમસ્કાર કરનારો અધિકારી બને છે, જેથી પરમેષ્ઠિ–નમસ્કાર એ સારની પોટલી છે, રત્નની પેટી છે, ઢાંકેલું નિધાન છે, ધર્મરૂપી કાંચનનો કરંડિયો છે અને મુક્તિના મુસાફર એવા ભવ્ય આત્માઓને દેવાધિદેવનું પરમ ભેટણું છે.

પરમેષ્ઠિ–નમસ્કારનો આરાધક આજ્ઞાનો આરાધક બને છે અને આજ્ઞાનો આરાધક શિવસુખને પામે છે.

## ઉત્કૃષ્ટ અનુમોદના અને ઉત્કૃષ્ટ ગર્હા.

નમસ્કારની ચૂલિકા સમ્યક્ત્વરૂપી સંવરને કહે છે, સાધુ-નમસ્કાર સર્વવિરતિ સંવરને પ્રગટ કરે છે, આચાર્ય–નમસ્કાર અને ઉપાધ્યાય–નમસ્કાર અપ્રમાદ સંવરને વ્યક્ત કરે છે, અરિહંત–નમસ્કાર એ અકષાય સંવરને તથા સિદ્ધ–નમસ્કાર એ પ્રધાનતયા અયોગ સંવરને વ્યક્ત કરે છે.

એ પાંચ નમસ્કાર પાંચેય પ્રકારના સંવરને પુષ્ટ કરે છે, જેથી પરમ મંગલસ્વરૂપ છે. તે પાંચેય પ્રકારના આશ્રવોનો કટ્ટર વિરોધી હોવાથી આશ્રવોનો સમૂળગો નાશ કરે છે.

પરમેષ્ઠિ નમસ્કાર વડે દુષ્કૃતની સર્વોત્કૃષ્ટ ગર્હા થાય છે અને સુકૃત માત્રની સર્વોત્કૃષ્ટ અનુમોદના થાય છે.

પ્રભુની આજ્ઞા દુષ્કૃત માત્રનો ત્યાગ કરવાની છે તથા સુકૃત માત્રનું સેવન કરવાની છે. આથી પંચ મંગલનું નિત્ય આરાધન કરનારો પ્રભુ–આજ્ઞાનો પરમ આરાધક બને છે.

પ્રભુની આજ્ઞા છએ જીવનિકાયનું હિત કરનારી હોવાથી, પંચ મંગલનું સેવન કરનારો છએ જીવનિકાયના હિતને ચિંતવનારો થાય છે. જીવરાશિ ઉપર હિતનો પરિણામ એ મૈત્રી છે મૈત્રીભાવ ધારણ કરનારો પરમાત્માની આજ્ઞાનો આરાધક થાય છે.

## નમસ્કાર વડે માધ્યસ્થ્ય પરિણતિ.

નમસ્કાર એટલા માટે મંત્ર છે કે–તે છએ જીવનિકાયની સાથે ગુપ્ત ભાષણ કરે છે, તેમના હિતની મંત્રણા કરે છે અને તે દ્વારા ચારેય પુરુષાર્થને આમંત્રણ આપે છે.

પંચ મંગલ એ પરમાત્માની આજ્ઞાનું મૂર્તિમંત સ્વરૂપ છે. પરમાત્માની આજ્ઞા હેયનું હાન, ઉપાદેયનું ઉપાદાન અને ઉપેક્ષણીયની ઉપેક્ષા સ્વરૂપ છે.

મિથ્યાત્વાદિ હેય છે, સમ્યક્ત્વાદિ ઉપાદેય છે અને અનાત્મ તત્ત્વ ઉપેક્ષણીય છે.

પરમેષ્ઠિ–નમસ્કાર દ્વારા મિથ્યાત્વાદિ પાપોનો નાશ થાય છે, સમ્યક્ત્વાદિ ગુણોનો સ્વીકાર થાય છે અને અજીવ તત્ત્વની ઉપેક્ષા થાય છે.

ઉપેક્ષા એટલે માધ્યસ્થ્ય પરિણતિ. અજીવ તત્ત્વ એ જેમ રાગ કરવા લાયક નથી, તેમ દ્વેષ કરવા લાયક પણ નથી. એવી પરિણતિ (મનોવૃત્તિ) તે માધ્યસ્થ પરિણતિ છે.

જીવ માત્ર પ્રત્યે મૈત્રી, અજીવ માત્ર પ્રત્યે માધ્યસ્થ્ય અને જીવની શુભાશુભ અવસ્થાઓ પ્રત્યે અનુક્રમે પ્રમોદ અને કારુણ્ય આદિ ભાવો પરમેષ્ઠિ–નમસ્કાર દ્વારા કેળવાય છે.

## પરમેષ્ઠિ-નમસ્કાર મર્મને સ્પર્શે છે.

આત્મજ્ઞાન પ્રાપ્ત થવાનું મુખ્ય સાધન વિચાર છે. તે વિચાર બે રૂપે પ્રવર્તે છેઃ એક વૈરાગ્ય રૂપે અને બીજો મૈત્રી રૂપે. જીવ માત્ર પ્રત્યે મૈત્રી રૂપ અને જડ માત્ર પ્રત્યે વૈરાગ્ય રૂપ. નમસ્કાર તે બંને પ્રકારના વિચારોને પ્રેરે છે.

પરમાર્થભૂત આત્મા સત્પુરુષોમાં છે. પરમેષ્ઠિ-નમસ્કાર સત્પુરુષોમાં રહેલા પરમાર્થભૂત આત્માને નમસ્કારરૂપ છે, જેથી પરમેષ્ઠિ નમસ્કાર એ સકલ શાસ્ત્રોના મર્મરૂપ છે.

શાસ્ત્રો માર્ગ બતાવે છે. તેનો મર્મ સત્પુરુષોના અંતરમાં રહેલો છે. પરમેષ્ઠિ નમસ્કાર તે મર્મને સ્પર્શે છે.

## જ્ઞાનચેતનાનો આદર.

જગતમાં સર્વશ્રેષ્ઠ વસ્તુ જો કોઇ હોય, તો તે શુદ્ધ ચૈતન્ય છે. પરમેષ્ઠિ નમસ્કારમાં તેનું બહુમાન થાય છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું બહુમાન પોતાના શુદ્ધ પદને પ્રગટાવે છે.

પોતાની શુદ્ધ ચેતના જ્ઞાનસ્વરૂપ છે. પરમેષ્ઠિ નમસ્કાર વડે કર્મચેતનાની અને કર્મફળ ચેતનાની ઉપેક્ષા થાય છે અને જ્ઞાનચેતનાનો આદર થાય છે.

જ્ઞાનચેતના રાગાદિથી રહિત છે, તેથી વીતરાગસ્વરૂપ છે અને જ્ઞાનાદિથી સહિત છે, તેથી સર્વજ્ઞસ્વરૂપ છે. પરમેષ્ઠિ-નમસ્કાર વડે આત્માનું વીતરાગસ્વરૂપ અને સર્વજ્ઞસ્વરૂપ પૂજાય છે.

નમસ્કારનો તાત્ત્વિક અર્થ પૂજા છે. પૂજા દ્રવ્ય-ભાવસંકોચ રૂપ છે. દ્રવ્યસંકોચ વાણીનો અને કાયાનો તથા ભાવસંકોચ

મનનો થાય છે. એ રીતે મન, વાણી અને કાયા વડે વીતરાગ-સ્વરૂપ અને સર્વજ્ઞસ્વરૂપ જ્ઞાનચેતનાનો આદર તથા તેને ધારણ કરનાર સત્પુરુષોની સતત પૂજા, એ નમસ્કારનો તાત્પર્યાર્થ છે.

પ્રભુની આજ્ઞા વીતરાગતાને પૂજવાની છે. વીતરાગતા સર્વજ્ઞતાનું અવંધ્ય કારણ છે. ભક્તિનું પ્રયોજક અને સેવ્યતાનું અવચ્છેદક વીતરાગત્વાદિ ગુણોનું હોવાપણું છે. પરમેષ્ઠિ–નમસ્કારમાં તે જ વસ્તુ પૂજાય છે. તેથી વિપરીત વસ્તુ અસેવ્ય હોવાથી અપૂજ્ય છે.

નમસ્કારમાં પૂજ્યની પૂજા અને અપૂજ્યની અપૂજા સધાય છે, તેથી તે મહામંત્ર છે. સત્પુરુષો વડે તે સેવ્ય છે, આરાધ્ય છે અને માન્ય છે.

## શ્રવણ–મનન–નિદિધ્યાસન.

આજ્ઞા પદાર્થ આપ્તવચન છે. આપ્ત યથાર્થ વક્તા છે. યથાર્થ વક્તાનું કહેલું યથાર્થ વચન તે શ્રવણ પદાર્થ છે.

મનન પદાર્થ યુક્તિને શોધે છે. આશ્રવ હેય છે, કેમ કે તે સ્વ–પર પીડાકારક છે. સંવર ઉપાદેય છે, કેમ કે તે સ્વ-પર હિતકારક છે.

નિદિધ્યાસન પદાર્થ ઐદંપર્ય બતાવે છે. આજ્ઞાનું ઐદંપર્ય આત્મા છે. આશ્રવની હેયતા અને સંવરની ઉપાદેયતાનું જ્ઞાન જેને થાય છે, તે આત્મા જ આજ્ઞાસ્વરૂપ છે.

પ્રવૃત્તિ–નિવૃત્તિરૂપ આજ્ઞા હેયોપાદેયાર્થક છે અને તે આજ્ઞાનો વ્યાવહારિક અર્થ છે. આજ્ઞાનો નૈશ્ચયિક અર્થ સ્વરૂપરમણતા છે સ્વરૂપરમણતા એ જ પરમાર્થ શરણભૂત છે.

નમસ્કારનો વ્યાવહારિક અર્થ આશ્રવત્યાગ અને સંવર-સેવનનું બહુમાન છે. નમસ્કારનો પારમાર્થિક અર્થ આશ્રવનો ત્યાગ કરનાર અને સંવરનું સેવન કરનાર વિશુદ્ધ આત્મા છે.

વિશુદ્ધ આત્મા જ્ઞાયક રૂપ છે. જ્ઞ સ્વભાવવાન આત્મામાં પરિણમન તે નમસ્કારનો ઐદંપર્યાર્થ છે અને તે જ આત્મ-સાક્ષાત્કારનું અનંતર કારણ છે. 'आत्मा वा रे द्रष्टव्यो, श्रोतव्यो, मंतव्यो, निदिध्यासितव्यो।' -શ્રવણ, મનન, નિદિ-ધ્યાસન વડે આત્માનો સાક્ષાત્કાર થાય છે.

સાક્ષાત્કાર એ મુખ્ય પ્રયોજન છે. તેનું સાધન નિદિધ્યાસન, નિદિધ્યાસનનું સાધન મનન અને મનનનું સાધન શ્રવણ છે.

શ્રવણનો અધિકારી મુમુક્ષુ છે. મુમુક્ષુનાં લક્ષણ શમ-દમ-તિતિક્ષા તથા શ્રદ્ધા-સમાધાન અને ઉપરતિ છે. તેનું મૂળ વિરાગ છે અને વિરાગનું મૂળ નિત્યાનિત્યાદિનો વિવેક અને વિચાર છે.

## અમનસ્કતાનો મંત્ર.

'नमो' મંત્ર સર્વ પ્રાણોને ઉત્ક્રમણ કરાવે છે. 'नमो' મંત્રનું ઉચ્ચારણ કરવા માત્રથી જ પ્રાણોનું ઊર્ધ્વીકરણ-ઉત્ક્રમણ થાય છે. બીજા અર્થમાં 'नमो' મંત્ર સર્વ પ્રાણોને પરમાત્મતત્ત્વમાં પરિણમન કરાવે છે.

પ્રાણોને મનની ઉપર લઈ જવામાં 'नमो' મંત્ર સહાય કરે છે. અમનસ્કત્વ અને ઉન્મનીભાવની અવસ્થા 'नमो' મંત્રના પુનઃ પુનઃ સ્મરણથી ઉત્પન્ન થાય છે. કહ્યું છે કે-

विप्रतीपं मनो नमः । 'नमो' એ મનની વિશુદ્ધ દશામાં ગતિ કરાવનાર મંત્ર છે. મનસાતીત (Beyond mind) અવસ્થા 'નમો' મંત્ર વડે સાધકને સહેલાઇથી પ્રાપ્ત થાય છે.

'નમો' નમન-પરિણમન, એકાર્થક છે જેનાથી આત્માનું શુદ્ધ સ્વરૂપમાં પરિણમન થાય તે 'નમો' મંત્ર છે, તેથી તે પરમ રહસ્યમય મનાય છે.

## સન્માનનું સર્વોત્કૃષ્ટ દાન.

'One of the greatest joy in life is the joy giving.' 'નમો' એ સર્વશ્રેષ્ઠ પુરુષોને આપવામાં આવતું સર્વશ્રેષ્ઠ દાન છે. સર્વ દાનમાં શ્રેષ્ઠ દાન સન્માનનું દાન છે.

દાનના સર્વશ્રેષ્ઠ પાત્ર શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો છે. ચિત્તના શુભ ભાવથી જેઓ નિરંતર સન્માનનું દાન 'નમો' મંત્ર વડે શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોને કરે છે, તેઓ માનવજન્મ પામીને અંશે પણ કરવા લાયક કૃત્ય કરીને કૃતાર્થતાને અનુભવે છે.

પરમેષ્ઠિ-નમસ્કારમાં કૃતજ્ઞતાનો ભાવ રહેલો છે. દુર્ગતિમાં પડતા જીવોને શ્રી પરમેષ્ઠિ ભગવંતો નમસ્કાર વડે પરમ આલંબનને આપે છે, તેઓના વિશુદ્ધ જીવન વડે પરમ આદર્શને આપે છે તથા ભવસાગર તરવા માટે જહાજ સમાન પરમ તીર્થનું સ્થાપન કરી લાખો, કરોડો અને અસંખ્ય જીવોને રત્નત્રયનું છૂટે હાથે દાન કરે છે. એવા પરમ દાતારને – તેઓને યોગ્ય એવું સન્માન કરવું; એ સર્વ કૃતજ્ઞ જીવોનું પરમ કર્તવ્ય છે.

કૃતજ્ઞતા એ પાત્રતા કેળવવાનું અને યોગ્યતા વિકસાવવાનું પ્રથમ સોપાન છે. જેઓ ઉપકારીઓ પ્રત્યે નિરંતર કૃતજ્ઞતા ભાવ દર્શાવે છે, તેઓ આ ભવાટવીમાં સુરક્ષિત રહે છે.

કૃતજ્ઞતા ગુણ તેઓને જ્યાં જાય ત્યાં ઉત્તમ આત્માઓનો સમાગમ કરાવી આપે છે અને તેઓના વાત્સલ્યના સાચા અધિકારી બનાવે છે.

કહ્યું છે કે 'क्षणमपि सज्जनसंगतिरेका भवति भवार्णवतरणे नौका ।' સત્પુરુષોની સંગતિ કરનારને યોગ્ય શુભ પુણ્યનું અર્જન કૃતજ્ઞતાભાવ વડે અવશ્ય થાય છે.

આ જગતમાં અર્થનું દાન આપનારા હજુ મળી આવશે, પણ હૃદયથી સન્માનનું દાન આપનારા દુર્લભ હોય છે.

નમસ્કારમાં જેઓનું ચિત્ત લાગતું નથી, તેઓએ સમજવું જોઇએ કે-યોગ્યને યોગ્ય દાન આપવા માટેની ઉદારતા તેઓના હૃદયમાં હજુ પ્રગટી નથી.

કૃપણુતાનો નાશ કૃતજ્ઞતાથી થાય છે અને કૃતજ્ઞતાનું પાલન સર્વશ્રેષ્ઠ દાતારોને સન્માનનું દાન દેવાથી થાય છે.

## સર્વોત્કૃષ્ટ શરણાગતિ.

સર્વોત્કૃષ્ટ ગર્હા, સર્વોત્કૃષ્ટ અનુમોદના અને સર્વોત્કૃષ્ટ શરણાગતિ માટેનો મહામંત્ર તે શ્રી નમસ્કાર-મહામંત્ર છે.

સર્વ પાપોનો સર્વથા પ્રણાશ કરવાનું પ્રણિધાન શ્રી નમસ્કાર-મહામંત્રમાં રહેલું છે, જે સર્વોત્કૃષ્ટ ગર્હાના પરિણામ

સૂચવે છે. સર્વ મંગલોમાં પ્રધાન અને પ્રથમ મંગલ નમસ્કાર છે, જે સર્વોત્કૃષ્ટ શરણાગતિનો અને સર્વોત્કૃષ્ટ અનુમોદનાનો પરિણામ છે.

'નમો' પદ સર્વોત્કૃષ્ટ શરણાગતિનું સૂચક છે, કેમ કે-તેમાં એક બાજુ કર, શિર આદિ સર્વ અંગોનું સમર્પણ છે અને બીજી બાજુ તે દ્વારા આત્માના સર્વ પ્રદેશોનું સમર્પણ છે.

ત્રણ કરણ, ત્રણ યોગ, સાત ધાતુ, દશ પ્રાણ, સર્વ રોમ અને સર્વ પ્રદેશો વડે થતી શરણાગતિ એ ઉત્કૃષ્ટ નમસ્કાર છે અને તે શરણાગતિ શ્રી નમસ્કાર-મહામંત્રનું સર્વોત્કૃષ્ટ વાચ્ય છે.

ભવ્યત્વ પરિપાકની સઘળી સામગ્રી એકી સાથે સંગ્રહાયેલી શ્રી નમસ્કાર-મહામંત્રમાં આ રીતે મળી આવે છે.

## કલ્યાણનો માર્ગ.

શ્રી નમસ્કાર-મહામંત્રના ઉપકાર અનંતા છે. અનંતા આત્માઓને મુક્તિગમન માટે નમસ્કાર-મહામંત્રે પરમ અવલંબન પૂરું પાડેલું છે. સર્વ તીર્થંકરો, સર્વ ગણધરો સર્વ પૂર્વધરો અને બીજા જ્ઞાની મહાપુરુષો શ્રી નમસ્કાર-મહામંત્રનો આધાર લઈને પરમપદે પહોંચેલા છે.

સર્વ મહાપુરુષોને આધાર આપનાર એવો મહામંત્ર આપણને અત્યારે મળ્યો, તે આપણું કેટલું મોટું સદ્ભાગ્ય ગણાય ? એ રીતે શ્રી નમસ્કાર-મહામંત્રનું ગૌરવ હૃદયમાં ધારણ કરીને તેનું આલંબન લેનાર, દુર્ગતિમાં પડતા એવા

પોતાના આત્માને બચાવી શકે છે અને સદ્‌ગતિને પરમ સુલભ બનાવી શકે છે.

આલંબનના આદરથી ઉત્પન્ન થયેલું પુણ્ય જ વિઘ્નોનો ક્ષય કરે છે અને પતન પામતા પોતાના આત્માને ખરે અવસરે ઉગારી લે છે.

નીચે પડતાને બચાવનાર અને ઊંચે ચઢવામાં આલંબન-ભૂત થનાર પ્રત્યેક વસ્તુને પરમ આદરની નજરે જોવાની ટેવ પાડવી જોઇએ. એ ટેવનો અભ્યાસ જ જીવને આત્મવિકાસમાં આગળ વધારનાર થાય છે. શ્રી નવકારમંત્ર એ રીતે કલ્યાણનો માર્ગ શીખવે છે.

## મંત્રચૈતન્યની જાગૃતિ.

શ્રી નમસ્કારમંત્રના ઉચ્ચારણની સાથે જ પ્રાણોની ગતિ ઊર્ધ્વ-ઉચ્ચ થવા લાગે છે અને સર્વ પ્રાણો એકીસાથે પરમાત્માને વિષે જોડાય છે.

મંત્રના ઉચ્ચારણની સાથે જ મન અને પ્રાણ ઊર્ધ્વ ગતિને ધારણ કરે છે, કર્મનો ક્ષય-ક્ષયોપશમ કરાવે છે, કર્મની અશુભ પ્રકૃતિઓના સ્થિતિ-રસ ઘટાડી દે છે તથા શુભ પ્રકૃતિઓના સ્થિતિ-રસ વધારી આપે છે.

સત્‌ક્ષયોપશમ થવાથી સદ્‌બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને તે સદ્‌બુદ્ધિ ગુરુતત્ત્વનું કાર્ય કરે છે. સદ્‌બુદ્ધિ દ્વારા આત્મતત્ત્વનો મહિમા જ્ઞાત થાય છે, જેથી અંતર્મુખ વૃત્તિ વધવાની સાથે પરમાત્મતત્ત્વની અનુભૂતિ થવા લાગે છે.

એ રીતે મન, મંત્ર અને પ્રાણ તથા દેવ, ગુરૂ અને આત્માની એકતા સધાય છે. તેને જ મંત્રશાસ્ત્રમાં મંત્રચૈતન્યનો ઉદ્‌ભવ થયો કહેવાય છે. કહ્યું છે કે—

"मंत्रार्थं मंत्रचैतन्यं, यो न जानाति तत्त्वतः ।
शत–लक्ष–प्रजप्तोऽपि, मंत्रसिद्धिं न ऋच्छति ॥ १ ॥"

અર્થ—'મંત્રના અર્થને અને મંત્રચૈતન્યને જે તત્ત્વથી જાણતો નથી, તેને કરોડો જાપ કરવાથી પણ મંત્રસિદ્ધિ થતી નથી.'

ભાષાવર્ગણાથી શ્વાસોશ્વાસવર્ગણા સૂક્ષ્મ છે અને મનોવર્ગણા તેથી પણ વધુ સૂક્ષ્મ છે. તેનાથી વધારે સૂક્ષ્મ કર્મવર્ગણા છે. તેના ક્ષય–ક્ષયોપશમથી અંતર્મુખ વૃત્તિ અને આત્મજ્ઞાન થવા લાગે છે. તેનું જ નામ મંત્રચૈતન્યની જાગૃતિ છે. કહ્યું છે કે—

गुरुमंत्रदेवताऽऽत्ममनः पवनानामैक्यनिष्कलनादन्तरात्मसंवित्तिः ।

'મન, મંત્ર અને પવનને તથા દેવ, ગુરુ અને આત્માને પરસ્પર કથંચિત્ ઐક્યનો સંબંધ છે. તે જાણવાથી અંતરાત્મભાવનું સંવેદન થાય છે.'

## શબ્દબ્રહ્મ દ્વારા પરબ્રહ્મની ઉપાસના.

શ્રી નમસ્કારમંત્ર જ્ઞાયકભાવને નમવાનું શીખવે છે. જ્ઞાયકભાવ એ આત્માનો સ્વભાવ છે. રાગ–દ્વેષાદિ ભાવો એ વિભાવ છે. વિભાવ તરફ ઢળી રહેલા આત્માને સ્વભાવ તરફ વાળવો એ નમસ્કારમંત્રનું કાર્ય છે.

'अरिहं' એ વર્ણમાળાનું, શબ્દબ્રહ્મનું સંક્ષિપ્ત સ્વરૂપ છે. શબ્દબ્રહ્મ એ પરબ્રહ્મનું વાચક છે અને પરબ્રહ્મ શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. કે જેમાં માત્ર જ્ઞાન રહેલું છે અને જ્ઞાન સિવાય બીજા કોઈ ભાવો રહેલા નથી.

તે શુદ્ધ પરબ્રહ્મસ્વરૂપ ઉપાસ્ય છે, પૂજ્ય છે અને આરાધ્ય છે તે સિવાયનું બીજું સ્વરૂપ અનુપાસ્ય, અપૂજ્ય અને અસેવ્ય છે; આ જૈન સિદ્ધાન્ત છે.

સેવ્યતાનું અવચ્છેદક વીતરાગત્વાદિ ગુણવત્ત્વમ્ છે. વીતરાગત્વ સર્વજ્ઞત્વની સાથે વ્યાપ્ત છે, તેથી વીતરાગ અને સર્વજ્ઞ એવું નિર્દોષ કેવલજ્ઞાનસ્વરૂપ અને તેની ઉપાસના જ પરમપદની પ્રાપ્તિનું બીજ છે.

## કૃતજ્ઞતા અને સ્વતંત્રતા.

'नमो' એ કૃતજ્ઞતાનો મંત્ર છે અને 'नमो' એ સ્વતંત્રતાનો પણ મંત્ર છે. કૃતજ્ઞતા–ગુણ એ વ્યવહારધર્મનો પાયો છે અને સ્વતંત્રતા–ગુણ એ નિશ્ચયધર્મનું મૂળ છે.

આત્મદ્રવ્ય અનાદિ કર્મસંબદ્ધ હોવા છતાં કર્મદ્રવ્ય અને આત્મદ્રવ્ય કથંચિત્ ભિન્ન છે. આત્મા અને કર્મનો સંયોગસંબંધ છે અને તે વિયોગના અંતવાળો છે. કર્મના સંબંધને આદિ અને અંત છે. આત્મદ્રવ્ય અનાદિ–અનંત છે.

આત્મદ્રવ્યની સ્વતંત્રતા અનુભવીને જગત સમક્ષ તેને બતાવનાર શ્રી તીર્થંકર ભગવંતો અનંત ઉપકારી છે.

તેઓના ઉપકારને હૃદયમાં ધારણ કરી તેઓ પ્રત્યે નિત્ય આભારની લાગણીવાળા રહેવું અને એ ઉપકારનો બદલો વાળવાની પોતાની અશક્તિને નિરંતર કબૂલ રાખવી, તે વ્યવહાર-ધર્મનું મૂળ છે અને તે જ નિશ્ચયધર્મ પામવાની સાચી યોગ્યતા છે.

'नमो' મંત્રની ઉપાસના એ કૃતજ્ઞતા ગુણના પાલન દ્વારા સ્વતંત્રતા તરફ લઈ જનારી સિદ્ધ પ્રક્રિયા છે, તેથી 'नमो' મંત્રને સેતુની ઉપમા પણ ઘટે છે.

શ્રી નમસ્કાર મંત્ર ભવસાગર તરવા માટે અને મોક્ષ-નગરમાં પહોંચવા માટે સેતુની ગરજ સારે છે, અર્થાત્ વ્યક્તમાંથી અવ્યક્તમાં તે લઈ જાય છે.

પ્રકૃતિથી પરાઙ્મુખ બનાવી પુરુષની સન્મુખ તે દોરી જાય છે. તેથી તે દીપ દ્વીપ છે, ત્રાણ-શરણ છે, ગતિ અને આધાર છે.

'नमो' મંત્ર અનુક્રમે દુષ્કૃતની ગર્હા કરાવનાર હોવાથી દીપ, દ્વીપ અને ત્રાણ છે, સુકૃતાનુમોદના કરાવનાર હોવાથી ગતિ અને પ્રતિષ્ઠારૂપ છે તથા સુકૃતથી અને દુષ્કૃતથી પર એવા વિશુદ્ધ આત્મતત્ત્વની અભિમુખ લઈ જનાર હોવાથી પરમ શરણગમનરૂપ પણ છે.

એ રીતે 'नमो' મંત્ર ભવ્ય જીવોને પરમ આલંબનરૂપ અને પરમ આધારરૂપ બનીને ભવદુઃખનો વિચ્છેદ તથા શિવ-સુખની પ્રાપ્તિ કરાવવામાં સહાયક થાય છે.

'नमो' મંત્ર બીજી રીતે સ્થૂલમાંથી સૂક્ષ્મમાં જવાનો મંત્ર છે. સૂક્ષ્મમાંથી સૂક્ષ્મતરમાં અને સૂક્ષ્મતરમાંથી સૂક્ષ્મતમમાં જવા માટેની પ્રેરણા પણ 'नमो' મંત્રમાંથી મળે છે.

અણુથી પણ અણુ અને મહાનથી પણ મહાન એવા આત્મતત્ત્વની પ્રાપ્તિ અર્થાત્ 'अणोरणीयान्' અને 'महतो-महीयान्' બંને વિશેષણોવાળા એવા પરમ પદની સિદ્ધિ 'नमो' મંત્ર વડે થાય છે.

## શાન્તરસનો ઉત્પાદક.

'नमो अरिहंताणं' એ મહામંત્ર છે, શાશ્વત છે અને શાન્ત રસનું પાન કરાવનાર છે.

શાન્ત રસ એટલે રાગ–દ્વેષવિનિર્મુક્ત માત્ર જ્ઞાનવ્યાપાર, તેને નમસ્કાર.

'अरिहं' એ મોહાદિ શત્રુઓનો નાશક છે, તેથી ત્રાણ-સ્વરૂપ છે. 'अरिहं' શબ્દ શત્રુનાશક, પૂજ્યતાનો વાચક તથા શબ્દબ્રહ્મનો સૂચક હોવાથી શાન્ત રસોત્પાદક છે.

શાન્ત રસ, સમતા રસ, ઉપશમ રસ–એ બધા શબ્દો એકાર્થક છે. રાગદ્વેષ અને સુખદુઃખના સંવેદનથી પર એવો જ્ઞાન રસ એ જ અહીં શમ રસ છે, એ જ સમતા રસ છે અને એ જ શાન્ત રસ છે.

'नमो अरिहंताणं' એ મંત્ર જ્ઞાનચેતના પ્રત્યે ભક્તિ ઉત્પન્ન કરી તેમાં જીવને તલ્લીન બનાવે છે.

## 'નમો' મંત્ર એ અનાહતસ્વરૂપ છે.

'નમો' મંત્ર એ ઉચ્ચારણમાં સરલ, અર્થથી રક્ષણહાર અને ફળથી ઊર્ધ્વાતિઊર્ધ્વ ગતિમાં લઈ જનાર છે, તેથી મહામંત્ર છે. ઉચ્ચારણ કરતાં જ તે સર્વ પ્રાણોને ઊંચે લઈ જાય છે અને તે સર્વ પ્રાણોને પરમાત્મામાં વિલીન કરી આપે છે.

તે શબ્દથી સરલ, અર્થથી મંગલ અને ગુણથી સર્વોચ્ચ છે. નમ્રતા એ સર્વ ગુણોની ટોચ છે. પોતાની જાતને અણુથી પણ અણુ જેટલી માનનાર જ મહાનથી મહાન તત્ત્વની સાથે સંબંધમાં આવી શકે છે.

પૂર્ણતા એ શૂન્યતાનું જ સર્જન છે. 'નમો' મંત્રમાં શૂન્યતા છુપાયેલી છે, તેથી જ તે પૂર્ણતાનું કારણ બને છે.

'નમો' એ અનાહતસ્વરૂપ છે; કેમ કે–તે ભાવપ્રધાન છે. જ્ઞાન અક્ષરાત્મક છે અને ભાવ અનક્ષરસ્વરૂપ છે, તેથી તેનું આલેખન અનાહત દ્વારા જ થઈ શકે છે. વળી જ્ઞાનોપયોગની સ્થિતિ અંતર્મુહૂર્તથી વધુ નથી. ભાવની સ્થિતિ અવ્યાહત છે. તે કાયમી હોવાથી તેનું આલેખન કે આકલન શબ્દ દ્વારા થઈ શકતું નથી.

પરમાત્મા માત્ર જ્ઞાનગ્રાહ્ય નથી, કિન્તુ ભાવગ્રાહ્ય છે. 'નમો' પદ એ ભાવસ્વરૂપ અને ભક્તિસ્વરૂપ હોવાથી તે દ્વારા પરમ તત્ત્વની અનુભૂતિ થઈ શકે છે છદ્મસ્થો માટે જ્ઞાનનો જ્યાં અંત છે, ત્યાં ભાવનો પ્રારંભ છે.

જ્ઞાન દ્વૈતસ્વરૂપ છે, કારણ કે-તે પૃથક્કરણ કરે છે; જ્યારે ભાવ અદ્વૈતસ્વરૂપ છે, કારણ કે–તે એકીકરણ કરે છે. આથી પરમાત્મા સાથેનું અદ્વૈત, નમસ્કારભાવ દ્વારા જ સાધી શકાય છે.

## રુચિ અનુયાયી વીર્ય.

નમસ્કારભાવ પ્રશંસાત્મક છે, તેમ જ આદર, પ્રીતિ અને બહુમાનવાચક છે.

નમસ્કારભાવ વડે પરમ તત્ત્વ પ્રત્યેની અભિરુચિ પ્રગટ કરાય છે. જ્યાં રુચિ ત્યાં જ વીર્ય પ્રવૃત્ત થાય છે. આથી આત્માનું વીર્ય અને આત્માની શક્તિને પરમાત્મભાવ તરફ વાળવા માટે એક 'નમો' ભાવ દ્વારા પ્રગટતી રુચિમાં તે સામર્થ્ય છે.

ભાવની ઉત્પત્તિ જ્ઞાનથી છે, પણ જ્ઞાન પોતે ભાવસ્વરૂપ નથી. ભાવમાં જ્ઞાન તો છે જ, પરંતુ તેથી કાંઈક અધિક હોવાથી ભાવ અધિક પૂજ્ય છે. ભાવશૂન્ય જ્ઞાનની કિંમત કોડીની નથી. અલ્પ જ્ઞાનથી યુક્ત પણ શુદ્ધ ભાવની કિંમત અગણિત છે.

પરમાત્મા ચિન્મય–જ્ઞાનાનંદમય છે, જેથી તે ભાવગ્રાહ્ય છે.

સર્વ ભાવોમાં શ્રેષ્ઠ ભાવ શ્રી નમસ્કારનો ભાવ છે. શ્રી નમસ્કાર ભાવમાં નમસ્કાર્ય પ્રત્યે સર્વસ્વનું દાન અને સર્વસ્વનું સમર્પણ કરાય છે, જેથી તેનું ફળ અગણિત, અચિંત્ય અને અપ્રમેય છે. સર્વ પાપોને ભેદવા માટે તે સમર્થ છે અને સર્વ મંગલોને ખેંચી લાવવા માટે તે અમોઘ છે.

## અનાહતભાવનું સામર્થ્ય.

અનાહતના આલેખનમાં ત્રણ આંટા વગેરે છે તે ભાવ સંબંધી જણાય છે, અર્થાત્ ઉત્તરોત્તર ભાવની વૃદ્ધિ (Spiral) ના તે સૂચક છે.

આગમનો સાર 'नमो' ભાવ છે. મંત્ર અને યંત્રનો સાર 'अनाहत' છે.

'नमो' ભાવ સમતાની વૃદ્ધિ કરે છે અને તે સમતા અનાહત છે. તેને સૂચવવા માટે ત્રણ આંટા વગેરેનું આલેખન છે.

અનાહત એક પ્રકારનો ધ્વનિ પણ છે અને તે અટક્યા વિના ચાલ્યા કરે છે. તે જણાવવા માટે તેનું આલેખન વર્તુલ (Circle)થી ન કરતાં કમાન (Spiral) થી કરેલું હોય છે.

વ્યક્તિ (Personal) માંથી જાતિ (Impersonal) માં અને વ્યષ્ટિ (Individual) માંથી સમષ્ટિ (Universal) માં જવા માટે ભાવ જ સમર્થ છે. માત્ર જ્ઞાન કે ક્રિયામાં તે સામર્થ્ય નથી.

ભાવ જ્યાં સુધી વિશ્વવ્યાપી ન બને, ત્યાં સુધી તે આહત છે. તે જ્યારે સર્વવ્યાપી બને, ત્યારે અનાહત થાય છે.

જ્ઞાન અને ક્રિયાનાં ફળ પરિમિત છે અને ભાવનું ફળ અપરિમિત છે, તે અનાહતનું આલેખન સૂચવે છે.

ભાવમાં સમર્પણ અને સંબંધ છે, તેથી તે પૂજ્ય છે.

પૂજ્યતાનું અવચ્છેદક દાન છે, પરંતુ ગ્રહણ નહિ. સર્વોત્કૃષ્ટ દાન તે સમતાભાવનું દાન છે. સમતાભાવ સર્વ માટે સમાન ભાવ ધરાવે છે, તેથી તે અનાહત છે.

## નમસ્કાર એ પ્રથમ ધર્મ શા માટે ?

જૈનાગમનું પ્રથમ સૂત્ર શ્રી પંચમંગલ યાને નમસ્કાર–સૂત્ર છે. તેનું પહેલું પદ 'नमो' છે. એ નમસ્કાર ક્રિયાના અર્થમાં વ્યાકરણમાન્ય અવ્યય પદ છે એનો અર્થ 'હું નમસ્કાર કરું છું' એવો થાય છે. આથી 'नमो अरिहंताणं' નો વાચ્યાર્થ 'હું અરિહંત પરમાત્માઓને નમસ્કાર કરું છું' એવો થાય છે.

અહીં 'नमो' પદ પ્રથમ મૂકીને એ સૂચવ્યું છે કે નમસ્કાર એ પ્રથમ ધર્મ છે. નમસ્કાર એ ધર્મ તરફ પ્રયાણ કરવા માટે મૂળભૂત મૌલિક વસ્તુ છે. નમસ્કારથી શુભ ભાવ જાગે છે, શુભ ભાવથી કર્મક્ષય થાય છે અને કર્મક્ષયથી સકલ કલ્યાણની સિદ્ધિ થાય છે.

## મિથ્યાભિનિવેશનું પરમ ઔષધ.

જીવનું સંસારપરિભ્રમણ અજ્ઞાનને કારણે છે અને મિથ્યાત્વ તેની પુષ્ટિ કરે છે.

અજ્ઞાન હોવા છતાં 'હું સમજદાર છું,' 'હું બુદ્ધિશાળી છું' અને 'હું જ્ઞાની છું.'–એવા મિથ્યાભિમાનનું જ બીજું નામ મિથ્યાત્વ છે.

અજ્ઞાન હોવા છતાં જ્ઞાનીને શરણે ન જવું, એ મિથ્યાભિનિવેશ છે એના કારણે અજ્ઞાનતાનો દોષ ટળતો નથી પણ ઊલટો દૃઢ બને છે. નમસ્કારમંત્ર એ મિથ્યાભિનિવેશનું ઔષધ છે.

નમસ્કારમાં 'હું અજ્ઞાન છું'–એવી કબૂલાત છે. એ કબૂલાત અજ્ઞાનની ગર્હા કરાવે છે, જ્ઞાનીની સ્તુતિ કરાવે છે તથા જીવમાં સરલ ભાવ પ્રગટાવે છે; અને સરલતા જ મોક્ષમાર્ગની પ્રથમ શરત છે.

જેમ બાળક અજ્ઞાન છે પણ તે માતા–પિતાના શરણે રહે છે, તો જ્ઞાની પણ થાય છે અને સુખી પણ થાય છે. પરંતુ અજ્ઞાનની સાથે જો હઠ હોય અને પોતાથી અધિક જ્ઞાનીને શરણે રહેવાની તૈયારી ન હોય, તો તે બાળક જેમ જેમ મોટું થતું જાય છે, તેમ તેમ વધુમાં વધુ આપત્તિમાં આવી પડે છે. તે રીતે મોક્ષમાર્ગમાં પણ અજ્ઞાન ક્ષન્તવ્ય છે, કિન્તુ તેનો અભિનિવેશ અક્ષન્તવ્ય છે,

'**નમો**' મંત્ર તે અભિનિવેશને ટાળી દે છે. '**નમો**' મંત્ર નમ્રતાને વિકસાવે છે. '**નમો**' મંત્ર દ્વારા જ્ઞાનીઓની પરાધીનતાનો સ્વીકાર કરવામાં આવે છે.

## નમ્રતા અને આધીનતા.

જ્ઞાનથી અજ્ઞાનતા ટળે છે એ વાત સાચી છે, તો પણ અધૂરું જ્ઞાન જ્યાં સુધી છે, ત્યાં સુધી તેનો પણ અહંકાર થવાનો સંભવ છે. આથી જ્ઞાન જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી નમ્રતા પરમ આવશ્યક છે.

'**નમો**' મંત્ર સ્વલઘુભાવ સદા ટકાવી રાખે છે અને એ લઘુભાવના પ્રભાવે જીવ પૂર્ણ દશાને એક વખત પામી શકે છે.

જ્ઞાન જ્યાં સુધી અપૂર્ણ છે, ત્યાં સુધી પૂર્ણ જ્ઞાનીની પરાધીનતા જીવને આગળ વધવામાં સહાયકારી બની શકે છે. જ્ઞાની પ્રત્યે નમ્રતા અને જ્ઞાનીની આજ્ઞા પ્રત્યે પરાધીનતા, એ છદ્મસ્થ માત્રનો પ્રથમ ધર્મ છે.

જેને નમવામાં આવે તેની ઉચ્ચતાનો અને સ્વજાતની લઘુતાનો ભાવ કાયમ ટકાવી રાખવા માટે યોગ્યને નમવાની પરમ આવશ્યકતા છે. વારંવારનો એ નમસ્કાર નમ્રતા અને યોગ્યની પરાધીનતાને પુષ્ટ કરે છે.

જેના પ્રત્યે આપણે નમ્ર અને આધીન બનીએ છીએ, તે આપણા હિત માટે શું કહે છે, તે જાણવાની પ્રથમ જિજ્ઞાસા જાગે છે અને પછી તેમની હિતકારી આજ્ઞાને જીવનમાં જીવવાનું બળ પ્રાપ્ત થાય છે.

## નમસ્કાર એ સર્વ ધર્મનું મૂળ.

જે બાળક પોતાના વડીલો પ્રત્યે નમ્ર અને પરાધીન વૃત્તિવાળો હોય છે, તે તેઓના આદેશોને અનુસરી શકે છે અને તેથી પોતાના વિકાસને સાધી શકે છે. એ માટે નમસ્કાર એ વિકાસનું પરમ સાધન છે.

નાનપણથી બાળકને માતા પિતાદિને પ્રણામાદિ કરવાનું શીખવવામાં આવ્યું હોય છે, તો તેથી તેના મન ઉપર તેઓ પ્રત્યે પૂજ્યતાનો ભાવ ટકી રહે છે. આ રીતે લોકમાં કે લોકોત્તરમાં નમસ્કાર એ સર્વ પ્રથમ ધર્મ છે.

જ્યાં સુધી પૂર્ણ જ્ઞાની ન બનાય, ત્યાં સુધી પૂર્ણ જ્ઞાનીને અને તેઓના સ્વરૂપને તથા ઉપદેશને સમજાવનાર અધિક

જ્ઞાની એવા ગુર્વાદિના આશ્રયે રહેવું જ જોઇએ અને એ માટે વારંવાર નમસ્કારનો આશ્રય લેવો જ પડે.

વારંવારનો એ નમસ્કાર મન ઉપર દેવ-ગુરૂની આધીનતા અને આશ્રિતતાનો ભાવ સદા જાગૃત રાખે છે અને તેઓના હિતોપદેશ પ્રત્યે આદર-બહુમાનનો ભાવ ટકાવી રાખે છે.

આથી નમસ્કારને સૌથી પ્રથમ ધર્મ કહેવાય છે અને બીજા સર્વ ધર્મોનું પણ તે મૂળ છે, એમ સ્પષ્ટપણે સમજી શકાય છે.

## મંત્રના અનેક અર્થ.

નમસ્કાર એ મંત્ર છે. મંત્રના અનેક અર્થ છે.

મંત્ર એટલે ગુહ્ય ભાષણ ( Silent Talk ).

મંત્ર એટલે આમંત્રણ-જેને નમવામાં આવે છે, તેને હૃદય-પ્રદેશમાં પધારવા માટેનું આમંત્રણ (Invitation).

મંત્ર એટલે મનનું રક્ષણ. મંત્રના વર્ણો વડે મનનું સંકલ્પ વિકલ્પથી રક્ષણ થાય છે-

મંત્ર એટલે વિશિષ્ટ મનન અને તે વડે થતું જીવનું રક્ષણ.

વિશિષ્ટ મનન સમ્યગ્ જ્ઞાનનું સાધન બને છે અને તે સમ્યગ્ જ્ઞાન શુભ ભાવ જગાડી જીવનું રક્ષણ કરે છે – અયોગ્ય માર્ગે જતાં જીવને રોકી યોગ્ય માર્ગે ચઢાવે છે. સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રમાં રહેવું તે યોગ્ય માર્ગ છે. અને મિથ્યાજ્ઞાન-દર્શન-ચારિત્રમાં રહેવું તે અયોગ્ય માર્ગ છે. મંત્ર

મિથ્યા રત્નત્રયીમાંથી જીવને છોડાવી સમ્યગ્ રત્નત્રયી તરફ લઈ જાય છે, તેથી તે મનન વડે રક્ષણ કરાવનાર છે, એમ સાબિત થાય છે.

## અખૂટ ફળ આપનારું દાન તે નમસ્કાર.

'નમો' મંત્ર દ્વારા શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોને અપાતા સન્માનના દાનના બદલામાં મોટામાં મોટું દાન મળે છે અને તે દાન એ પોતાના શાશ્વત આત્માનું જ્ઞાન થવું તે.

પોતાના શાશ્વત આત્માનું અનાદિ કાળથી થયેલું વિસ્મરણ એ જ અનંત દુઃખનું મૂળ છે અને તેનું સ્મરણ એ જ અનંત સુખનું બીજ છે નમસ્કાર દ્વારા શ્રી પંચપરમેષ્ઠિનું સ્મરણ એ પોતાના શાશ્વત આત્માનું જ્ઞાન કરાવીને અનંત કાળ સુધી પણ ન ખૂટે તેવું અખૂટ જ્ઞાનદાન કરે છે.

જેઓ આપનારા જ છે પરંતુ કદી પણ લેનારા નથી, તેઓને આપવામાં આવતું દાન, એ જ એક એવું દાન છે કે જેનું ફળ અક્ષય બને છે.

શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો સન્માન લેવાની ઈચ્છાથી સર્વથા રહિત હોવાથી અને જીવોને સર્વસ્વનું દાન કરવા માટે જ જેઓનું વિશ્વમાં અસ્તિત્વ હોવાથી, તેઓને નમસ્કાર દ્વારા જ્યારે સન્માનનું દાન હૃદયથી કરવામાં આવે છે, ત્યારે તેનું ફળ અપરિમિત બને છે.

પૂ. શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે-

"અહો અહો હું મુજને નમું, નમો મુજ નમો મુજ રે,
અમિત ફળ દાન દાતારની, જેહને ભેટ થઇ તુજ રે,
શાંતિજિન એક મુજ વિનતિ. (૧)"

વળી અન્યત્ર પણ કહ્યું છે કેઃ—

"नमस्तुभ्यं नमस्तुभ्यं, नमस्तुभ्यं नमो नमः ।
नमो मह्यं नमो मह्यं, मह्यमेव नमो नमः ॥ १ ॥"

અર્થ—'પરમાત્માને નમસ્કાર એ તત્ત્વથી પોતાના આત્માને જ નમસ્કાર છે અને પોતાના શુદ્ધ આત્માને નમસ્કાર એ પરમાત્માને જ નમસ્કાર છે.'

## નમો દ્વારા સર્વ સમર્પણ.

'નમો' એ આત્મનિવેદનરૂપ ભક્તિનો એક પ્રકાર છે. 'નમો' દ્વારા નમસ્કાર કરનારો પરમાત્માની આગળ 'હું તમારો જ અંશ છું, સેવક છું, દાસ છું.'—એવું પોતાનું આત્મનિવેદન કરે છે.

'નમો' દ્વારા પ્રભુનું અને પ્રભુના નામાદિનું શ્રવણ, કીર્તન અને સ્મરણ થાય છે; પ્રભુના રૂપને વંદન, અર્ચન અને પૂજન થાય છે; તેમજ પ્રભુની સન્મુખ 'પોતે પ્રભુનો દાસ છું, સેવક છું અને અંશ છું,' એવું આત્મનિવેદન થાય છે.

'નમો' દ્વારા પરમાત્માની સાથે ભક્તિના તાત્ત્વિક સંબંધનું સ્થાપન કરાય છે. 'નમો' એ પરબ્રહ્મની સાથે યોગ્ય સંબંધ

કરાવનાર મહામંત્ર છે અને તે આત્મનિવેદનપૂર્વકની શરણાગતિ સૂચવે છે.

અહંતા–મમતા એ પાપ છે, જેનું મૂળ અજ્ઞાનતા છે. અજ્ઞાન સહિત સર્વ પાપોનો નાશ કરવાની શક્તિ નમસ્કારમાં છે, કેમ કે-નમસ્કારમાં આત્મસમર્પણ થાય છે.

સમર્પણનો અર્થ છે–અનાત્મ પદાર્થોમાં આત્મબુદ્ધિનું વિસર્જન અને આત્મભાવમાં આત્માનું નિમજ્જન. તે નિમજ્જનનું બીજું નામ શરણાગતિ છે.

'नमो' મંત્ર એ પરમતત્ત્વને સમર્પણ થવાની ક્રિયા છે. શરણાગતિને નવધા ભક્તિ ઉપર દશમી ભક્તિ કહી છે. એ ભક્તિનો આશ્રય લેનારને કોલ છે કે–'न मे भक्तः प्रणश्यति ।' 'મારા ભક્તનો કદી વિનાશ નથી.'

મોટામાં મોટા પાપ અહંતા–મમતાનાં છે. આત્મનિવેદન અને શરણાગતિ વડે તે પાપોનો અંત આવે છે. એ બંને પાપોનું મૂળ સંબંધનું અજ્ઞાન છે. નમસ્કાર વડે સાચો બ્રહ્મ-સંબંધ સધાય છે, જેથી અજ્ઞાન, પાપ અને તેના વિવિધ વિપાકનો સદાને માટે અંત આવે છે.

## 'નમો' વડે થતી ભક્તિ અને પૂજાની ક્રિયાઓ.

'नमो' વડે હું પરમાત્માનું સ્મરણ કરૂં છું, કીર્તન કરું છું, પૂજન કરું છું, વંદન કરું છું, પ્રીતિ કરું છું, ભક્તિ કરું છું, આજ્ઞાને શિરોધાર્ય કરું છું અને અસંગભાવે તેઓની સાથે મળી જાઉં છું.

સ્મરણ–કીર્તનાદિ દ્રવ્યસંકોચરૂપ છે, જ્યારે આજ્ઞાપાલન અને શરણાગતિ તે ભાવસંકોચરૂપ છે. 'નમો' વડે ઉભય પ્રકારના સંકોચ અનુભવાય છે અને કેવળ આત્મતત્ત્વના વિકાસને ઇચ્છાય છે.

'નમો' પ્રીતિરૂપ છે, ભક્તિરૂપ છે, વચનરૂપ છે અને અસંગરૂપ છે. 'નમો' એ ઇચ્છારૂપ છે, પ્રવૃત્તિરૂપ છે, સ્થૈર્ય-રૂપ છે અને સિદ્ધિરૂપ પણ છે. 'નમો' માં ભક્તિના સર્વ પ્રકારો અંતર્ગત થઇ જાય છે. દ્રવ્યપૂજા અને ભાવપૂજાના સર્વ પ્રકારો 'નમો' મંત્રમાં સમાઇ જાય છે.

## સર્વ અવસ્થાઓમાં કર્તવ્ય.

શ્રી અરિહંતને નમસ્કાર, શ્રી સિદ્ધને નમસ્કાર, શ્રી આચાર્યને નમસ્કાર, શ્રી ઉપાધ્યાયને નમસ્કાર તથા સર્વ શ્રી સાધુને નમસ્કાર એ આત્માની જ ભિન્ન ભિન્ન અવસ્થાઓને નમસ્કાર છે.

શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાય અને શ્રી સાધુને નમસ્કાર તે છઠ્ઠા ગુણસ્થાનકથી બારમા-તેરમા ગુણસ્થાનક સુધીની અવસ્થાને નમન છે. શ્રી અરિહંતને નમસ્કાર એ તેરમા ગુણસ્થાનકને અને શ્રી સિદ્ધને નમસ્કાર એ મુખ્યતાએ ચૌદમા ગુણસ્થાનકને નમન છે. તત્ત્વથી તે તે અવસ્થાઓમાં આત્માનું ભાવથી પરિણમન થાય છે.

આત્માનું પોતાની તે તે વિશુદ્ધ અવસ્થાઓમાં પરિણમન બાહ્ય ભાવો સાથેની અહંતા–મમતાનો નાશ કરે છે અને

આંતર્ ભાવો સાથેની અહંતાના અને મમતાના ભાવને પેદા કરે છે.

વસ્તુતઃ નમસ્કાર એ અહંતા–મમતાનો નાશક અને નિર્મમતા નિરહંતા અને સમતાનો ઉત્પાદક છે. સમતા સમાધિસ્વરૂપ છે અને બાહ્ય વિષયોની મમતા સંક્લેશસ્વરૂપ છે. સંક્લેશને ટાળી સમાધિને સાધી આપનાર નમસ્કાર સર્વ અવસ્થાઓમાં કર્તવ્ય છે.

પ્રથમ ગુણસ્થાનકે નમસ્કાર મિથ્યાત્વનો નાશ કરે છે, ચોથે ગુણસ્થાનકે કરેલો નમસ્કાર અવિરતિનો નાશ કરે છે અને છઠ્ઠે ગુણસ્થાનકે કરેલો નમસ્કાર પ્રમાદનો નાશક બને છે. ઉપરના ગુણસ્થાનકોએ તે નમસ્કાર સ્વભાવ પરિણમનરૂપ બની અસંગભાવ લાવે છે.

કહ્યું છે કેઃ–

"જેહ ધ્યાન અરિહંત કો, તેહી જ આતમ ધ્યાન;
ફેર કછુ ઈણમેં નહિ, એહી જ પરમ નિધાન. (૧)"

## જ્ઞાન, ધ્યાન અને સમતા.

પર્યાયમાં અનુસ્યૂત દ્રવ્ય છે, દ્રવ્યમાં પ્રધાનતા ગુણની છે અને ગુણમાં પ્રધાનતા જ્ઞાનની છે. જ્ઞાન કરતાં પણ શ્રેષ્ઠ આનંદ છે.

દ્રવ્ય સામાન્ય વૃદ્ધિકારક છે, ગુણ સામાન્ય એકત્વકર છે અને પર્યાય સામાન્ય તુલ્યતાકર છે. એ રીતે દ્રવ્ય–ગુણ–પર્યાયથી પરમાત્માનું ધ્યાન એ આત્માનું જ ધ્યાન છે અને

એ રીતે થતું આત્મધ્યાન વૃદ્ધિકારક, એકત્વકર અને તુલ્યતાકર હોવાથી અનંત સમતાને અર્પનારું થાય છે.

સમતા–સમભાવ સમાન બુદ્ધિ વગેરે એકાર્થક છે. મોક્ષનું અનંતર કારણ સમતા છે. સમતાને મોક્ષનું ભાવ-લિંગ પણ કહ્યું છે. તે સમતા આત્મધ્યાનથી પ્રાપ્ત થાય છે.

કહ્યું છે કેઃ–

"न साम्येन विना ध्यानं, न ध्यानेन विना च तत् ।
निष्कंपं जायते तस्मात्, द्वयमन्योन्यकारणम् ॥१॥"

અર્થ–'સમતા વિના આત્મધ્યાન નથી અને આત્મધ્યાન વિના નિષ્કંપ સમત્વ નથી. અર્થાત્ ધ્યાન વિના સમતાભાવમાં નિશ્ચળતા પ્રાપ્ત થતી નથી, તેથી ધ્યાનનું કારણ સમતા અને સમતાનું કારણ ધ્યાન છે.'

એમ પરસ્પર કાર્ય–કારણભાવ પામીને ધ્યાનની અને સમતાની વૃદ્ધિ થાય છે.

## વૃદ્ધિ, એકતા અને તુલ્યતા.

દ્રવ્યથી થતું આત્મધ્યાન વૃદ્ધિકર છે અર્થાત્ શુભ ભાવની વૃદ્ધિ કરે છે, ગુણથી થતું ધ્યાન ભાવથી એકત્વકર છે અને પર્યાયથી થતું ધ્યાન ભાવથી તુલ્યતાકર છે.

તુલ્યતા, એકતા અને વૃદ્ધિ જ્યારે સમકાળે મળે છે, ત્યારે સમતા સ્થિર બને છે. સ્થિર સમતા અનંત દ્રવ્યોની સમાનતા, ગુણોની એકતા અને પર્યાયોની તુલ્યતાના જ્ઞાન

ઉપર અવલંબે છે, તેથી સમતાના અર્થી જીવોએ પરમેષ્ઠિ-નમસ્કાર દ્વારા અનુક્રમે દ્રવ્યથી વૃદ્ધિ, ગુણથી એકતા અને પર્યાયથી તુલ્યતાનો ધ્યાનમાં અનુભવ લેવો જોઈએ.

ધ્યાનમાં જ્યારે પરમેષ્ઠિઓના શુદ્ધ આત્મદ્રવ્ય સાથે પોતાનું આત્મદ્રવ્ય મળે છે, ત્યારે વૃદ્ધિ અનુભવાય છે. તેઓના ગુણો સાથે જ્યારે પોતાના ગુણો મળે છે, ત્યારે એકતા અનુભવાય છે અને તેઓના પર્યાયો સાથે જ્યારે પોતાના પર્યાયો મળે છે ત્યારે તુલ્યતા અનુભવાય છે.

એ રીતે તુલ્યતા, એકતા અને વૃદ્ધિનો અનુભવ વિષમતાનો નાશ કરે છે અને સમતાનો પ્રાદુર્ભાવ કરે છે.

આ પરમેષ્ઠિ–નમસ્કારમાં નિત્ય એકતાન થવાનો અભ્યાસ મુમુક્ષોએ વધારવો જોઈએ. વૃદ્ધિ પામેલો તે અભ્યાસ અનુક્રમે પ્રકર્ષને પામીને ધ્યાતાને ધ્યેયરૂપ બનાવનારો થાય છે. આત્મા પરમાત્મસ્વરૂપ બને છે તથા વ્યષ્ટિ પોતે સમષ્ટિરૂપ ધારણ કરીને અંતે પરમેષ્ઠિસ્વરૂપ બની જાય છે.

કહ્યું છે કે :–

"નિજ સ્વરૂપ ઉપયોગથી, ફિરી ચલિત જો થાય;
તો અરિહંત પરમાતમા, સિદ્ધ પ્રભુ સુખદાય. ૧
તિનકા આત્મ સરૂપકા, અવલોકન કરો સાર;
દ્રવ્ય ગુણ પજજવ તેહના, ચિંતવો ચિત્ત મઝાર. ૨
નિર્મળ ગુણ ચિન્તન કરત, નિર્મળ હોય ઉપયોગ,
તવ ફિરી નિજ સરૂપકા, ધ્યાન કરો થિર જોગ. ૩

જે સરૂપ અરિહંતકો, સિદ્ધ સરૂપ વળી જેહ;
તેહવો આતમ રૂપ છે, તિણમેં નહિ સંદેહ. ૪
ચેતન દ્રવ્ય સાધર્મ્યતા, તેણે કરી એક સરૂપ;
ભેદભાવ ઇણમે નહીં, એહવો ચેતન ભૂપ. ૫ "

## ચિન્માત્ર સમાધિનો અનુભવ.

આત્મધ્યાનનું ફળ સમતા છે. અને સમતાનું ફળ નિર્વિકલ્પ ઉપયોગ અર્થાત્ નિર્વિકલ્પ સમાધિ છે. તે સમાધિને નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ કહેવાય છે. તેમાં રાગદ્વેષ અને સુખદુઃખથી પર એવો એક ચિન્માત્ર ઉપયોગ રહે છે. તેને શાસ્ત્રોમાં જ્ઞાનચેતના તરીકે ઓળખાવેલ છે.

તે જ્ઞાનચેતના વીતરાગ અને સર્વજ્ઞ છે. આથી તેમાં કેવળ નિરુપાધિક સુખનો જ અનુભવ થાય છે. તે સુખમાં દ્વન્દ્વ નથી તેથી તે દ્વન્દ્વાતીત પણ કહેવાય છે. નમસ્કાર-મહામંત્રના પ્રથમ પદમાં જ આ નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિને અનુભવવાનો એક અનોખો પ્રયોગ છે.

ગુરુમુખથી નમસ્કારમંત્રની પ્રાપ્તિ થતાં જ 'नमो' દ્વારા દેવતત્ત્વની સન્મુખ થવાય છે, કેમ કે 'नमो' પદની સાથે જ 'अरिहं' શબ્દ જોડાયેલો છે, તે દેવતત્ત્વનો વાચક છે. જીવાત્માનું દલ પરમાત્મા છે. તે પરમાત્મતત્ત્વનો અનુભવ કરવા માટે 'ताणं' શબ્દ જોડવામાં આવ્યો છે.

આ 'ताणं' શબ્દ 'ત્રાણ' અર્થમાં છે અને એ ત્રાણ 'આજ્ઞા' શબ્દની સાથે સંબંધ ધરાવે છે. જ્યાં અને જ્યારે

અરિહંતોની આજ્ઞાનું પાલન મુખ્ય બને છે, ત્યાં અને ત્યારે મન, પ્રાણ અને આત્મા પરમાત્મામાં એકાકાર બને છે.

એ રીતે 'नमो अरिहंताणं' મંત્ર અનુક્રમે ગુરુ, મંત્ર, દેવતા, આત્મા, મન અને પ્રાણની એકતા કરાવી અંતરાત્મભાવ જગાડે છે તથા અંતરાત્મભાવમાં સ્થિર કરી પરમાત્મભાવની ભાવના કરાવે છે. એ ભાવના અંતે પરમાત્મભાવ પ્રગટાવી અવ્યાબાધ સુખના ભોક્તા બનાવે છે.

## 'नमो' પદમાં રહેલી અમૃતક્રિયા.

'नमो' એ વિસ્મય, પુલક અને પ્રમોદસ્વરૂપ છે. ભવભયનો સૂચક પણ 'नमो' પદ છે. 'नमो' પદ ઉત્તરોઉત્તર ભાવવૃદ્ધિને સૂચવનારો પણ છે. તેનું પરિણામ 'तद्गतचित्त' માં આવે છે, અર્થાત્ ચિત્તમાં એકાગ્રતા લાવવા માટે પણ 'नमो' પદ પરમ સાધન બને છે.

ભવનો સાચો ભય તો જ ગણાય, કે જ્યારે ઊંઘતા માણસને એમ લાગે કે 'મારું ઘર બળી રહ્યું છે,' અને એકદમ ઝબકીને ઊઠે ત્યારે તેને જેવો ભય સ્પર્શે છે, તેવો ભય સંસારરૂપી દાવાનળમાંથી છૂટવા માટે જ્યારે ઉત્પન્ન થાય, ત્યારે તેને સાચો ભવભય ઉત્પન્ન થયો ગણાય.

પોતાનું ઘર સળગી રહ્યું છે અને માણસ ઝબકીને ઊઠે, તેમ મોહનિદ્રામાં સૂતેલો જીવ કર્મદાવાનળના દાહમાંથી ઉગરી જવા માટે ધર્મજાગૃતિને અનુભવે, તે સાચો ભવભય છે. 'नमो' પદ એ નમસ્કાર કરનારના અંતરમાં જાગેલા ભવભયનો સૂચક છે.

જ્યાં ભય હોય, ત્યાં પ્રતિપક્ષી વસ્તુ ઉપર ભાવ યા પ્રેમ ઉત્પન્ન થાય છે. તે રીતે ભવથી ભય પામેલા જીવને આત્મ-તત્ત્વ ઉપર પ્રેમ થાય છે અને તે પ્રેમનો સૂચક પણ 'નમો' પદ બને છે.

સાચો પ્રેમ પ્રિય વસ્તુના ધ્યાનમાં એકાગ્રતા લાવે જ છે અને તેને સાધવા માટેના વિધિવિધાનમાં સાવધાન બનાવે જ છે. 'નમો' પદની સાથે તે સાવધાનતા અને એકાગ્રતા પણ જોડાયેલી જ છે. તેથી 'નમો' એ સાવધાનતા અને તન્મયતાનું પણ પ્રતીક બની જાય છે.

એ રીતે અમૃતક્રિયાને સૂચવનારાં જેટલાં લક્ષણો શાસ્ત્રમાં કહ્યાં છે, તે બધાં 'નમો' પદના આરાધકની અંદર આવવા લાગે છે અને ત્યારે જ 'નમો' પદ સાર્થક બને છે.

## અમૃતક્રિયાનાં લક્ષણ.

"તદ્‌ગત ચિત્તને સમય વિધાન,
ભાવની વૃદ્ધિ ભવ ભય અતિ ઘણો;
વિસ્મય પુલક પ્રમોદ પ્રધાન,
લક્ષણ એ છે અમૃત ક્રિયા તણો.

—ઉપા૦ શ્રી યશોવિજયજી૦ મ૦

વિસ્મય પુલક અને પ્રમોદ એ સદ્‌વસ્તુની પ્રાપ્તિના હર્ષાતિરેકને સૂચવે છે. હર્ષાતિરેકને ઉત્પન્ન કરનાર ભવ-ભ્રમણનો ભય છે. ભવભ્રમણનો ભય જેટલો તીવ્ર તેટલી ભાવની વૃદ્ધિ અધિક અને ભાવની વૃદ્ધિ જેટલી અધિક તેટલી

આરાધનામાં સાવધાનતા અને એકાગ્રતા અધિક. એ રીતે અમૃતક્રિયાનાં બધાં લક્ષણો 'નમો' પદની આરાધનામાં ઘટી જાય છે.

'નમો' પદનો આરાધક નમસ્કારની વિધિ સાચવવા સાવધાન એટલા માટે હોય છે કે તેના હૃદયમાં ભવનો ભય છે. તેથી ધર્મ અને ધર્મસામગ્રી ઉપર તે પ્રેમ ધરાવે છે અને એ પ્રેમ વિસ્મય, પુલક અને પ્રમોદ વડે અભિવ્યક્ત થાય છે.

સમય–વિધાન શબ્દના બે અર્થ નીકળે છે. સમય એટલે જે કાળે જે કાર્ય કરવાનું કહ્યું હોય તે કાળે તે કરવું 'काले कालं समाचरेत् ।' યોગ્યકાળને સાચવવો એ પ્રથમ અર્થ છે.

સમયનો બીજો અર્થ સિદ્ધાન્ત છે. સિદ્ધાન્તમાં કહેલા વિધિ–વિધાન મુજબ ધર્માનુષ્ઠાનને આચરવું તે સમય–વિધાન છે. વિધિ–વિધાનમાં સ્થાન મુદ્રાદિ જે રીતે સાચવવાનાં કહ્યાં હોય, તે રીતે સાચવીને ક્રિયા કરવી. એ રીતે કાળ–દેશ–મુદ્રાદિને સાચવવા તે સમય–વિધાન છે.

ભાવની વૃદ્ધિ ચિત્તની એકાગ્રતાદિ છે. એકાગ્રતાદિ લાવવાનાં સાધનો અર્થનું આલોચન, ગુણનો રાગ ઈત્યાદિ છે.

## 'નમો' મંત્રની અર્થભાવના.

અર્થભાવનાયુક્ત મંત્રજાપ વિશિષ્ટ ફલપ્રદ છે. નમસ્કાર મહામંત્રની અર્થભાવના અનેક રીતે વિચારી શકાય છે.

'નમો' પદ પૂજા અર્થમાં છે અને પૂજા દ્રવ્ય–ભાવસંકોચ અર્થમાં છે. દ્રવ્યસંકોચ શરીર સંબંધી છે અને ભાવ-સંકોચ મન સંબંધી છે.

સંકોચ શબ્દ અહંત્વમમત્વના સંકોચમાં પણ વાપરી શકાય છે. શરીરમાં અહંત્વની બુદ્ધિનો અને મન–વચનાદિમાં મમત્વની બુદ્ધિનો સંકોચ અર્થાત્ અહંત્વ–મમત્વના વિસર્જન-પૂર્વક શ્રી અરિહંતાદિ પરમેષ્ઠિઓને નમસ્કાર, તે નિશ્ચયથી આત્મતત્ત્વને જ નમસ્કાર છે.

આતમતત્ત્વ ચૈતન્ય રૂપે પોતાનું, પરનું અને પરમાત્માનું એક જ છે. એ રીતે 'सर्वं खल्विदं ब्रह्म' ની ભાવના પણ શ્રી નમસ્કારમંત્રનો જ અર્થ છે.

વેદના મહાવાક્યો અનુક્રમે 'तत्त्वमसि ।' 'प्रज्ञानमानन्दं ब्रह्म ।' 'अयमात्मा ब्रह्म।' 'अहं ब्रह्मास्मि ।' 'सर्वं खल्विदं ब्रह्म ।' એ સર્વની ભાવના શ્રી નમસ્કારમંત્રના અર્થમાં ઉપ-રની રીતે સાપેક્ષપણે થઇ શકે છે.

## શ્રી નમસ્કારમંત્રમાં પુણ્યાનુબંધી પુણ્ય.

શ્રી નમસ્કારમંત્ર દુષ્કૃતનો ક્ષય કરે છે, સુકૃતને પેદા કરે છે અને આત્માના શુદ્ધ સ્વરૂપની સાથે અનુસંધાન કરી આપે છે.

સંસારી આત્મા પાપરુચિના કારણે સંસારમાં પરિભ્રમણ કરે છે. શ્રી નમસ્કારમંત્ર પાપરુચિ ટાળે છે અને ધર્મરુચિ પ્રકટાવે છે.

પાપરુચિ ટળવાથી પરપીડા પરિહારની વૃત્તિ જાગે છે અને ધર્મરુચિ પ્રકટવાથી પરાનુગ્રહનો પરિણામ ઉત્પન્ન થાય છે તથા તે બંને થવાથી ચિત્ત નિર્મળ બને છે.

નિર્મળ ચિત્તમાં આત્મજ્ઞાન આવિર્ભાવ પામે છે. આત્મ-જ્ઞાન અનાદિકાલીન અજ્ઞાન અને મોહનો નાશ કરી શુદ્ધ સ્વ-રૂપની અનુભૂતિ કરાવે છે. શુદ્ધાત્માની અનુભૂતિ સકલ કર્મના ક્ષયનું કારણ બની અવ્યાબાધ પદની પ્રાપ્તિ કરાવે છે.

પુણ્યાનુબંધી પુણ્યનું સ્વરૂપ બતાવતાં શાસ્ત્રોમાં કહ્યું છે કે—

"दया भूतेषु वैराग्यं, विधिवत् गुरुपूजनम् ।
विशुद्धा शीलवृत्तिश्च, पुण्यं पुण्यानुबन्ध्यदः ॥ १ ॥
परोपतापविरतिः, परानुग्रह एव च ।
स्वचित्तदमनं चैव, पुण्यं पुण्यानुबन्ध्यदः ॥ २ ॥"

ભાવાર્થ "શ્રી નમસ્કારમંત્રમાં પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિના ઉપરોક્ત સઘળા ઉપાયોનો સંગ્રહ છે, કેમ કે શ્રી નમસ્કારમંત્રથી ભૂતદયાનો પરિણામ જાગે છે; સંસારનાં સુખો પ્રત્યે ઉદાસીનતાનો ભાવ જાગે છે, દેવ ગુરુની વિધિવત્ એકાગ્ર ચિત્તે ઉપાસના થાય છે, દયા દાન પરોપકાર સદાચાર આદિના પાલનરૂપ શીલવૃત્તિ જાગે છે, પરપીડાથી નિવૃત્ત થવાની અને પરને સહાયરૂપ બનવાની વૃત્તિ ઉત્પન્ન થાય છે, ચિત્તવૃત્તિની અશુદ્ધિનો ક્ષય થાય છે અને વિશુદ્ધ ચિત્તની ઉત્પત્તિ થાય છે, તેમ જ વિશુદ્ધ ચિત્તમાં આત્મજ્ઞાનનું પ્રતિબિંબ પડે છે અને આત્મજ્ઞાન મોહક્ષયનું કારણ બની મોક્ષસુખ અપાવે છે."

આ બધા લાભોનું મૂળ શ્રી નમસ્કારમંત્રની આરાધના બને છે. આથી શ્રી નમસ્કારમંત્રની આરાધનાને શાસ્ત્રોમાં શિવસુખનું અદ્વિતીય કારણ માન્યું છે.

## નમસ્કાર એ શાસ્ત્રોનો મહાન આદેશ.

નમસ્કાર એ અજ્ઞાનને અને આપમતિના આગ્રહને (મિથ્યાત્વને) નિવારવા માટે અનિવાર્ય છે. નમસ્કાર એટલે દેવ–ગુરુની આધિનતાનો સ્વીકાર

દેવ–ગુરુને નમસ્કાર કરવો એ શાસ્ત્રોનો મહાન આદેશ છે. એ શાસ્ત્રના આદેશને સમજવા માટે પ્રજ્ઞા જોઈએ જેનામાં સ્વયં પ્રજ્ઞા ન હોય, તેને શાસ્ત્ર પણ શો લાભ કરે?

અહીં પ્રજ્ઞાનો અર્થ સદ્બુદ્ધિ છે. સદ્બુદ્ધિ તે છે, કે જે શાસ્ત્રવચનને સમજવામાં અને તે સમજ્યા પછી તેને જીવનમાં ઉતારવા માટે સહાયભૂત બને.

શાસ્ત્રવચનને સદ્દહવામાટે જે પ્રજ્ઞા જરૂરી છે, તે પ્રજ્ઞાનો ઉપયોગ અવશ્ય કરવો જોઈએ. તેથી વિપરીત પ્રજ્ઞાનો અર્થાત્ કુતર્કનો નહિ.

પ્રજ્ઞાથી શાસ્ત્રનાં વચન અને એનો પરમાર્થ સમજવો સરળ બને છે, તેમ જ ઉત્સર્ગ –અપવાદ–વ્યવહાર–નિશ્ચય–-જ્ઞાન–-ક્રિયા ઈત્યાદિના ઉપયોગની સાચી દિશા સમજાય છે.

સદ્બુદ્ધિરૂપી પ્રજ્ઞાની સહાયથી જ શાસ્ત્રવચનનો દુરુપયોગ થતો નથી અને સદુપયોગ થાય છે. તેનાથી શાસ્ત્રવચનોની

સાપેક્ષતા સમજાય છે અને પ્રત્યેક અપેક્ષાનો યોગ્ય ઉપયોગ કરીને જીવની ક્રમિક આત્મોન્નતિ સાધી શકાય છે.

શાસ્ત્રોનું આદિવાક્ય પરમેષ્ઠિને નમસ્કાર છે અને તેનું પણ આદિ પદ 'नमो' છે. તે શાસ્ત્રાધીનતા સૂચવે છે.

શાસ્ત્રોના આદ્ય પ્રકાશક દેવ અને ગુરુનું પરાધીનપણું જ આત્માની સ્વાધીનતા પ્રાપ્ત કરવાનો એકનો એક રાજમાર્ગ છે, તેમ 'नमो' પદ સમજાવે છે.

## શુદ્ધ ચિદ્રૂપ રત્ન.

"ज्ञेयं दृश्यं न गम्यं मम जगति, किमप्यस्ति कार्यं न वाच्यं;
ध्येयं श्रेयं न लभ्यं न च विशदमते, श्रेयमादेयमन्यत् ।
श्रीमत्सर्वज्ञवाणीजलनिधिमथनात्, शुद्धचिद्रूपरत्नं;
यस्मात् लब्धं मयाऽहो कथमपि विधिनाऽप्राप्तपूर्वं प्रियं च ॥१॥

ભાવાર્થ–" શ્રી સર્વજ્ઞ ભગવંતની વાણીરૂપી મહાસાગરનું મથન કરવા વડે શુદ્ધ ચિદ્રૂપ રત્નને મેં મહાભાગ્યયોગે–મહા પ્રયત્ને પ્રાપ્ત કર્યું છે, કે જે કદી પૂર્વે પ્રાપ્ત થયું નથી અને જે આનંદથી ભરપૂર છે. તે પ્રાપ્ત કર્યા પછી હવે મારે બીજું કાંઇ પણ જાણવા યોગ્ય, જોવા યોગ્ય, શોધવા યોગ્ય, કરવા યોગ્ય, કહેવા યોગ્ય, ધ્યાન કરવા યોગ્ય, શ્રવણ કરવા યોગ્ય, પ્રાપ્ત કરવા યોગ્ય, આશ્રય કરવા યોગ્ય કે શ્રેય રૂપે ગ્રહણ કરવા યોગ્ય છે જ નહિ, એ ખરેખર આશ્ચર્ય છે."

શ્રી સર્વજ્ઞ ભગવંતની વાણી જેનો મહિમા ગાય છે, જે વસ્તુ જાણવાયોગ્ય, દેખવાયોગ્ય. શોધવાયોગ્ય, કરવાયોગ્ય, બોલવાયોગ્ય, ધ્યાવવાયોગ્ય, સાંભળવાયોગ્ય, પામવાયોગ્ય, આદરવાયોગ્ય અને પ્રીતિ કરવા યોગ્ય છે, તે કેવળ શુદ્ધ ચિદ્રૂપ રત્ન જ છે. જ્ઞાનચેતનામાં સ્થિર થવાથી મળતું શ્રેય–પરમાનંદ જ છે, તેથી તેમાં જ સર્વ પ્રકારે પ્રયત્ન કરવા યોગ્ય છે. તેની પ્રાપ્તિથી જ કૃતકૃત્યતાનો અનુભવ કરવા યોગ્ય છે. આ શુદ્ધ ચિદ્રૂપ રત્ન એ જ શ્રી નમસ્કારમંત્રનું જ્ઞેય અને ધ્યેય છે.

શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો એ શુદ્ધ ચિદ્રૂપ રત્નને પ્રાપ્ત થયેલા છે, તેથી તેઓશ્રી વારંવાર નમનીય છે, પૂજનીય છે, સેવનીય છે, આદરણીય છે અને સર્વ પ્રકારે સન્માનનીય છે.

શ્રી નમસ્કારમંત્રના સ્મરણ વડે, જાપવડે, ધ્યાન વડે, શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોમાં રહેલ શુદ્ધ ચિદ્રૂપ રત્નનું જ સ્મરણ, જાપ અને ધ્યાન થાય છે. તે દ્વારા પોતાના શુદ્ધ ચિદ્રૂપ આત્મરત્નમાં જ લીનતા થતી હોવાથી તેઓનું ધ્યાન પરમ આલંબન રૂપ છે.

શ્રી નમસ્કારમંત્ર એ દ્વિપ છે, દીપ છે, ત્રાણ છે, શરણ છે, ગતિ છે અને પ્રતિષ્ઠાન છે. તે બધાનો અર્થ એક જ છે કે ત્રણ કાળમાં અને ત્રણ લોકમાં શુદ્ધ ચિદ્રૂપ રત્ન એ જ દ્વિપ, દીપ, ત્રાણ, શરણ, ગતિ અને પરમ પ્રતિષ્ઠાન છે. તેમાં જ ત્રિકરણ યોગે લીન થવું એ પરમ પુરુષાર્થ છે.

તેનાથી રાગાદિ ભાવોનું વિસર્જન થાય છે અને જ્ઞાનાદિ ભાવોનું સેવન થાય છે, તેમ જ સાંયોગિક ભાવથી પર બનીને અસાંયોગિક આત્મ ભાવોમાં સ્થિર થવાય છે. શુદ્ધ ચિદ્રૂપ આત્મરત્ન એ જ એક ધ્યેય છે, એવી શ્રદ્ધા સુદૃઢ બને છે.

એ શ્રદ્ધાને સુદૃઢ બનાવવાનો પરમ ઉપાય શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર છે. તેથી શ્રુતકેવલી ભગવંતો પણ અણીના સમયે તેનો જ એક આશ્રય લે છે.

શુદ્ધ ચિદ્રૂપ રત્નની તે પેટી છે. તેનો ભાર અલ્પ છે અને મૂલ્ય ઘણું છે, આથી તે રત્નપેટીને તેઓ સદા સાથે રાખે છે. તેથી અજ્ઞાન, દારિદ્રય અને મિથ્યાત્વ મોહ સદાને માટે ચૂરાઈ જાય છે. વળી દુઃખ-દૌર્ભાગ્ય આદિનો સ્પર્શ પણ થઈ શકતો નથી.

દુઃખ-દૌર્ગત્યથી હણાયેલાઓને હંમેશાં સુખ-સૌભાગ્યને અર્પનાર રત્નનો દાબડો તે શ્રી નમસ્કારમંત્ર છે તેમાં સૌથી અધિક મૂલ્યવાન એવું શુદ્ધ ચિદ્રૂપ રત્ન રહેલું હોવાથી સમ્યગ્-જ્ઞાની અને સમ્યગ્દૃષ્ટિ જીવો તેને પોતાના પ્રાણથી પણ અધિક પ્રિય માને છે. તે મળ્યા પછી દુઃખ-દૌર્ગત્ય હણાઈ ગયાનો પરમ સંતોષ-પરમ ધૃતિનો અનુભવ થાય છે.

સર્વજ્ઞવાણીના મંથનથી મળેલ શ્રી નમસ્કારમંત્રની શ્રદ્ધા પરમધૃતિને આપે છે. તે ધૃતિ ધારણાને પ્રકટાવે છે, ધ્યાનને સ્થિર કરે છે અને ચિત્તસમાધિના પરમ સુખનો અનુભવ કરાવે છે.

## જ્ઞાનાદિથી એકતા અને રાગાદિથી ભિન્નતા.

શ્રી નમસ્કારમંત્ર વડે જ્ઞાનાદિથી એકતા અને રાગાદિથી ભિન્નતાનો અનુભવ થાય છે. ઉપયોગમાં એકતારૂપ જ્ઞાન અને રાગાદિથી ભિન્નતારૂપ વૈરાગ્ય, એવા જ્ઞાન – વૈરાગ્યયુક્ત શુદ્ધાત્માનું અનુભવન થાય છે.

તે અનુભવમાં જે રાગાદિથી ભેદનું જ્ઞાન છે, તે સંવર છે અને જ્ઞાનાદિથી અભેદનું જ્ઞાન છે, તે પૂર્વકર્મની નિર્જરા કરાવે છે.

એ રીતે સંવર–નિર્જરાની દશા પ્રાપ્ત કરાવનાર હોવાથી શ્રી નમસ્કારમંત્રને વિષે લીનતા એ પરમાનંદરૂપી મોક્ષનો પરમ ઉપાય છે. એવું સમ્યગ્દર્શન થતાં જ આત્મામાં આનંદની અનુભૂતિ અને સંવર–નિર્જરાની પ્રાપ્તિનો આરંભ થઇ જાય છે.

જ્ઞાનચેતના રાગાદિથી ભિન્ન છે. જેમ કમલ કાદવ વચ્ચે પણ નિર્લિપ્ત છે, સુવર્ણ સર્વદા કાટ વિનાનું છે, જીહ્વા જેમ ચીકાશકાળે પણ ચીકાશવાળી નથી, અથવા મંત્રના વર્ણો જેમ વિષાપહાર કરે છે, તેમ રાગાદિથી ભિન્ન જ્ઞાનચેતના કર્મફળના આસ્વાદનું વિષ હરી લે છે અને જીહ્વા, સુવર્ણ અને કમલની જેમ રાગાદિના લેપ વિનાની રહે છે, એવું ભેદાભેદ અથવા એકત્વ–પૃથક્ત્વ વિજ્ઞાન સંવર–નિર્જરારૂપ હોવાથી વીતરાગતા અને સર્વજ્ઞતાનું બીજ છે.

શ્રી નમસ્કારમંત્ર વડે તે બીજનું વપન થાય છે, કેમ કે તેમાં કેવળ 'જ્ઞાન'ચેતનાને નમસ્કાર છે, જ્ઞાન–ચેતનાનું બહુમાન છે તથા જ્ઞાન–ચેતનાની ઉપાદેયતાનું પુનઃ પુનઃ ભાવન છે.

નમસ્કાર એ સમ્યગ્દષ્ટિ જીવોનો પ્રાણ છે. શ્રી નમસ્કાર-મંત્ર વડે જ્ઞાનશક્તિ અને વૈરાગ્યશક્તિ દૃઢ અને સ્થિર થાય છે.

જ્ઞાન એટલે શુદ્ધ ચિદ્રૂપ સ્વરૂપનો અનુભવ અને વૈરાગ્ય એટલે પરદ્રવ્ય-પરભાવોથી ભિન્નતાની અનુભૂતિ.

આ અનુભૂતિનો ઝુકાવ શુદ્ધસ્વરૂપ તરફ હોવાથી દ્રવ્ય-કર્મ, ભાવકર્મ અને નોકર્મ તરફ ઉદાસીન ભાવ સેવાય છે તથા તેથી અશુદ્ધ પરિણતિ પ્રતિદિન ઘટતી જાય છે અને શુદ્ધતા વધતી જાય છે. તેનું જ નામ નિર્જરાતત્ત્વ છે.

જ્ઞાન–વૈરાગ્યસંપન્ન સમ્યગ્દષ્ટિ જીવ વીતરાગ અને સર્વજ્ઞનો જ ઉપાસક હોય છે. શ્રી નમસ્કાર–મંત્રમાં વીતરાગ–સર્વજ્ઞતત્ત્વની ઉપાસના છે.

નિર્ગ્રન્થતા એ વીતરાગતાનું બીજ છે અને જ્ઞાન–ચેતનાની સાથે એકત્વ એ સર્વજ્ઞતાનું બીજ છે.

'ગ્રન્થ' રાગનું નામ છે. તેનાથી પોતાના સ્વરૂપનો ભેદ જેઓ જાણે છે અને તે મુજબ જીવન જીવે છે, તેઓ નિર્ગ્રન્થ છે. જેઓ જાણવા છતાં તેવું જીવન ચોવીશેય કલાક જીવી શકતા નથી, તેઓ અવિરતિ સમ્યગ્દષ્ટિ છે અને થોડું થોડું જીવે છે, તેઓ દેશવિરતિ સમ્યગ્દષ્ટિ છે.

## દુઃખભાવિત જ્ઞાન.

"अदुःखभावितं ज्ञानं क्षीयते दुःखसन्निधौ ।
तस्माद्यथाबलं दुःखैरात्मानं भावयेन्मुनिः ॥ १ ॥
सुहेण भाविदं णाणं दुहे जादे विणस्सदि ।
तम्हा जहाबलं जोई अप्पा दुक्खेहिं भावए ॥२॥"

**ભાવાર્થ**– 'દુઃખરહિત અવસ્થામાં ભાવેલું આત્મજ્ઞાન દુઃખના પ્રસંગમાં ક્ષય પામી જાય છે, માટે શક્તિ અનુસાર કષ્ટ સહન કરવાપૂર્વક આત્મજ્ઞાનની ભાવના કરવી. (૧) સુખમાં ભાવેલું જ્ઞાન દુઃખકાળે નાશ પામે છે, માટે યોગી પુરુષે શકિત મુજબ દુઃખ સમયે આત્મભાવના કરવી જોઇએ. (૨)' મરણાન્ત કષ્ટ વખતે પણ શ્રી પરમેષ્ઠિ નમસ્કાર સમાધિમાં હેતુ બને છે, તેનું કારણ તેમાં રાગાદિથી ભિન્ન એવા વીતરાગ અને જ્ઞાનાદિથી અભિન્ન એવા સર્વજ્ઞતત્ત્વનું ચિન્તન–ભાવન થાય છે.

શુદ્ધ સ્વરૂપનું યથાર્થ ભાવન થવાથી પ્રતિકૂળતા વખતે પણ તે જ્ઞાન કાયમ રહે છે અને આનંદરસની અનુભૂતિ કરાવે છે.

અનુકૂળ સમયે ત્રણેય કાળ અને પ્રતિકૂળ સમયે વારંવાર શ્રી નમસ્કારમંત્રને ભાવિત કરવાનું ફરમાન છે, તેની પાછળ આત્મજ્ઞાનને દુઃખમાં અને સુખમાં પણ ભાવિત કરીને સ્થિરતર કરવાનો આશય છે.

## સત્સંગ વડે નિસ્તરંગ અવસ્થાનું કારણ નમસ્કાર.

જીવ પરિણામ પામવાના સ્વભાવવાળો છે. જ્યારે તે શુભાશુભ પરિણામમાં પરિણમે છે, ત્યારે તે શુભાશુભ થાય છે અને જ્યારે શુદ્ધ પરિણામરૂપે પરિણમે છે, ત્યારે તે શુદ્ધ થાય છે.

શ્રી નમસ્કારમંત્ર જીવને શુભાશુભ પરિણામે પરિણમતો અટકાવી શુદ્ધ પરિણામમાં પરિણમતો કરે છે, તેથી નમસ્કારનો એક અર્થ શુદ્ધ સ્વભાવમાં પરિણમન પણ થાય છે.

નમન એટલે પરિણમન. શ્રી અરિહંતાદિ પરમેષ્ઠિઓના શુદ્ધ સ્વરૂપના આલંબનથી નિજ આત્માનું શુદ્ધ પરિણમન કરાવનાર હોવાથી શ્રી નવકારમંત્ર જીવને મુક્તિ આપનારો થાય છે.

નવકાર શુદ્ધાત્મપરિણમનરૂપ છે. શ્રી નવકારમંત્રને જાણ-વાથી આત્મા રાગાદિ ભાવોથી અને પરસંગથી મુક્ત થાય છે, તે જ સાચી મુક્તિ છે.

શુદ્ધોપયોગમાં રહેલા શ્રી અરિહંત, શ્રી સિદ્ધ આદિ પર-મેષ્ઠિઓ, માત્ર આત્માથી જ ઉત્પન્ન એવા વિષયાતીત, નિરૂપમ અને અનંત એવા વિચ્છેદરહિત સુખને અનુભવે છે. તે સ્વરૂપનું ધ્યાન ધર્મધ્યાનના ક્રમથી શુક્લધ્યાનનું કારણ બની કર્મરૂપી ઈંધનના સમૂહને શીઘ્રપણે ભસ્મીભૂત કરે છે. હૃદયમાં આત્મ-સ્વભાવની લબ્ધિ પ્રકાશમાન થતાની સાથે જ શુભાશુભના કારણભૂત સંકલ્પવિકલ્પ શમી જાય છે.

જે કેવળ 'જ્ઞાન' સ્વભાવી છે, કેવળ 'દર્શન' સ્વભાવી છે, કેવળ 'સુખ' મય છે અને કેવળ 'વીર્ય' સ્વભાવી છે, તે આત્મા છે, એમ જ્ઞાની પુરુષો ચિંતવે છે.

જે ધ્યાનમાં જ્ઞાન વડે નિજાત્મા નથી ભાસતો, તે ધ્યાન નથી. જે જ્ઞાની નિત્ય ઉપયુક્ત થઈને શુદ્ધાત્મસ્વભાવનું પરિ-શીલન કરે છે, તે અલ્પ કાળમાં જ સર્વદુઃખથી મુક્ત થાય છે.

શ્રી નમસ્કારમંત્ર આત્મધ્યાનનું અનન્ય સાધન છે, જેથી દર્શનમોહનો વિનાશ થાય છે.

આત્મભાવના વડે પ્રતિક્રમણ, પ્રતિસરણ, પ્રતિહરણ, વારણ, નિવૃત્તિ, નિંદન, ગર્હણ અને શુદ્ધિ એકીસાથે થાય છે.

નમસ્કાર વડે આત્મભાવના થતી હોવાથી નમસ્કાર પણ પ્રતિક્રમણ–પ્રતિસરણાદિ રૂપ છે. તેથી મિથ્યાત્વ, અજ્ઞાન અને પાપાદિ આશ્રવોનો ત્યાગ થાય છે, તેમ જ આત્મસ્વરૂપનું અસંગપણે ધ્યાન થાય છે.

શુભોપયોગયુક્ત આત્મા સ્વર્ગાદિને અને શુદ્ધોપયોગયુક્ત આત્મા નિર્વાણને પામે છે. નમસ્કાર ધર્મધ્યાન અને શુક્લધ્યાન ઉભયનું કારણ હોવાથી સ્વર્ગાપવર્ગને આપનારો છે, એમ સિદ્ધ થાય છે.

મુક્તિ એટલે સંસારના રોગ-શોકથી મુક્ત થવું તે, જ્ઞાન–દર્શનાદિ અનુપમ વસ્તુઓ પ્રાપ્ત કરવી તે તથા પરમ સુખ અને પરમ આનંદનો અખંડ અનુભવ કરવો તે.

સત્સંગ વિનાનું ધ્યાન તરંગરૂપ થઈ પડે છે. શ્રી નમસ્કાર-મંત્ર સત્સંગપૂર્વકનું શુભ ધ્યાન હોવાથી નિસ્તરંગ અવસ્થાની પ્રાપ્તિમાં સહાયક થાય છે.

સંત વિના અંતની વાતનો તંત આવતો નથી. અનંતની યાત્રામાં સંતની સહાય અનિવાર્ય છે. નમસ્કારમાં સંતની પૂરેપૂરી સહાય હોવાથી અંતની વાતનો તંત પામી શકાય છે.

## આલંબનો પ્રત્યે આદર.

" आलंबनादरोद्भूत–प्रत्यूहक्षययोगतः ।
ध्यानाद्यारोहणभ्रंशो योगिनां नोपजायते ॥ १ ॥ "

–શ્રી અધ્યાત્મસાર.

ભાવાર્થ–' આલંબનોના આદરથી ઉત્પન્ન થયેલો વિઘ્નોનો ક્ષય યોગી પુરુષોને ધ્યાનાદિના આરોહણથી ભ્રંશ થવા દેતો

નથી, તેથી સદાલંબનોનું સેવન નિરાલંબન ધ્યાનમાં જવા માટે સેતુરૂપ છે અને તેમાં ગયા પછી ફરી પતન ન પામવા માટે આધાર–આલંબનરૂપ છે,

"एगो मे सासओ अप्पा नाणदंसणसंजुओ ।"

અથવા "શુદ્ધ બુદ્ધ ચૈતન્યમય, સ્વયંજ્યોતિ સુખધામ" ઇત્યાદિ વિશેષણોવાળું શુદ્ધ સ્વરૂપ શ્રી પરમેષ્ઠિ ભગવંતોમાં આવિર્ભાવ પામેલું છે. તેનો સંબંધ કરાવનાર શ્રી પરમેષ્ઠિમંત્ર છે, તેથી તે સર્વ મંત્રોમાં શિરોમણિભૂત મંત્ર છે.

સર્વ તત્ત્વોમાં શિરોમણિભૂત તત્ત્વ આત્મતત્ત્વ છે અને તેમાં પણ શિરોમણિભૂત શુદ્ધ પરમાત્મતત્ત્વ છે. તેને સીધો નમસ્કાર પરમેષ્ઠિમંત્ર વડે પહોંચે છે. તે નમસ્કાર પ્રતિબિંબિત ક્રિયા [ Reflex-action ] રૂપ થઇને પોતાના શુદ્ધ સ્વરૂપમાં પહોંચે છે.

શુદ્ધ સ્વરૂપનુ મૂલ્ય અપરંપાર છે. શુદ્ધ સ્વરૂપ એ ચૈતન્યનો મહાસાગર છે. તેની આગળ અચેતન એવા સુવર્ણ અને રત્નોના ડુંગરો પણ મૂલ્યહીન છે.

## એકત્વ–પૃથક્ત્વ વિભક્ત આત્મા.

સમ્યગ્દષ્ટિ જીવ ચૈતન્યના સ્વભાવ અને સામર્થ્યને ઓળખે છે, તેથી તેને ચૈતન્યથી ભિન્ન વસ્તુ પ્રત્યે અંતરથી રાગ હોતો નથી અને હેયબુદ્ધિ હોય છે. તેને સ્વરૂપમાં એકત્વબુદ્ધિ હોય છે અને પર માત્રમાં વિભક્તબુદ્ધિ હોય છે. આવો એકત્વ–વિભક્ત આત્મા જ સ્વ–સ્વરૂપમાં પ્રકાશે છે, કેમ કે તે શુદ્ધ છે.

આત્માનો–આત્મતત્ત્વનો મહિમા અગાધ છે. રાગથી તેની ભિન્નતા અને જ્ઞાનથી તેની એકતા બતાવીને, તેનો આશ્રય લેવાનું વિધાન શાસ્ત્રકારોએ કર્યું છે.

શ્રી નમસ્કારમંત્ર સકલ આગમોનો સાર કહેવાય છે, તેનું કારણ પણ તેમાં એકત્વ–પૃથક્ત્વ–વિભક્ત એવા શુદ્ધ આત્મ-તત્ત્વનું બહુમાનગર્ભિત નમનનું ગ્રહણ છે.

## ચૈતન્યની સાધનાનો પંથ.

જ્ઞાનમય નિર્મળ દ્રવ્ય–ગુણ–પર્યાય તે આત્માનું સ્વરૂપ છે. તેનો સ્વામી આત્મા છે. એ સિવાય બીજી વસ્તુનું સ્વામી-પણું જ્યારે શ્રદ્ધા અને જ્ઞાનમાંથી ખસી જાય, ત્યારે તે શ્રદ્ધા અને જ્ઞાન સમ્યક્ બને છે.

શ્રી નમસ્કારમંત્ર એ ચૈતન્યની સાધનાનો પંથ છે. તે પંથ વીરનો છે પણ કાયરનો નહિ. શ્રી વીર પ્રભુએ ચીંધેલા માર્ગે ચઢેલા પણ વીર છે. તેઓની વીરતા જ તેઓને આ માર્ગે આગળ વધવા માટે જરૂરી વૈરાગ્ય, જરૂરી શ્રદ્ધા, જરૂરી જ્ઞાન અને ઉત્સાહ અર્પે છે.

શ્રી નમસ્કારમંત્રના આરાધનથી તે વીરતા પુષ્ટ થાય છે. તે માર્ગે આગળ વધવા માટે પરિષહ–ઉપસર્ગો સહન કરવાની ધીરતા પણ શ્રી નમસ્કારમંત્રના આરાધનથી પ્રગટે છે.

શ્રી નમસ્કારમંત્ર એ સ્વરૂપની સાધનાનો પંથ હોવાથી આરંભમાં કષ્ટદાયક છે, પરંતુ અંતમાં અવ્યાબાધ સુખદાયક છે. તપોષ્ટકમાં કહ્યું છે કે–

" सदुपायप्रवृत्तानां–उपेयमधुरत्वतः ।
ज्ञानिनां नित्यमानन्द–वृद्धिरेव तपस्विनाम् ॥१॥ "

ભાવાર્થ– 'ઉપેય' એટલે 'સાધ્ય.' તેની મધુરતા હોવાથી સાધનામાં પ્રવૃત્ત થયેલા જ્ઞાની એવા તપસ્વીઓને તપના કષ્ટમાં પણ નિત્ય આનંદની વૃદ્ધિ અનુભવાય છે.'

બાહ્ય કષ્ટમાં પણ આંતર્ આનંદ અનુભવવાની ચાવી શ્રી નમસ્કારમંત્રમાંથી મળે છે, કેમ કે તે શુદ્ધ જ્ઞાન અને આનંદ-મય એવા સચ્ચિદાનંદ સ્વરૂપને સન્મુખ થવાની પ્રક્રિયા છે. દેહાદિથી ભિન્ન એવાં શુદ્ધ આત્મસ્વરૂપની સાચી ભાવના કરનાર આત્મામાં તીવ્ર વૈરાગ્ય, ઉદાસીનતા પ્રતિકૂળતામાં પણ સહનશીલતા ધૈર્ય વગેરે જરૂરી સદ્ગુણો સહજ પ્રગટે છે. કહ્યું છે કે–

" धनार्थिनां यथा नास्ति, शीततापादिदुःसहम् ।
तथा भवविरक्तानां, तत्त्वज्ञानार्थिनामपि ॥ १ ॥ "

ભાવાર્થ– 'ધનના અર્થી જીવો માટે જેમ શીત–તાપાદિનાં કષ્ટો દુઃસહ નથી, તેમ તત્ત્વજ્ઞાનના અર્થી જીવોને અને ભવથી વિરક્ત મહાત્માઓને પણ તે માર્ગે આવતી પ્રતિકૂળતાઓ અને કષ્ટો સહન કરવાં દુઃસહ નથી.'

શ્રી નમસ્કારમંત્ર વડે શુદ્ધ ચૈતન્ય સ્વભાવની સાથે એકત્વ સધાય છે અને ચૈતન્યથી ભિન્ન એવા પર પદાર્થો અને રાગાદિ ભાવો પ્રત્યે ઉદાસીનતા કેળવાય છે. તેથી શુદ્ધાત્મદ્રવ્ય, શુદ્ધા-ત્મગુણ અને શુદ્ધાત્મપર્યાયની સાથે એકત્વ અને તેની સાધના

ઉપર રુચિ, બહુમાન અને અંતરંગ પ્રીતિ ઉત્પન્ન કરાવી પ્રતિકૂળતાઓને સહન કરવાનું બળ અર્પે છે. તે હેતુને લક્ષ્યમાં રાખી જેમ જેમ તેનું આરાધન થતું જાય છે, તેમ તેમ આત્મતત્ત્વની નિકટ જવાનું અને પરિણામે પરમાત્મતત્ત્વની સાક્ષાત્ અનુભૂતિ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.

## તાત્ત્વિક ભવનિર્વેદ અને મોક્ષાભિલાષ.

ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા અને અપકારી પ્રત્યે ક્ષમાપના શીખવનાર મંત્ર તે '**નમામિ**' અને '**खमामि**' છે.

વ્યવહારધર્મનું બીજ કૃતજ્ઞતા અને ક્ષમાપના છે. કૃતજ્ઞતામાંથી ઉત્પન્ન થતા ક્ષમાપનાનાં મૂળ ઘણા ઊંડાં હોય છે. 'જેટલો ઉપકાર હું લઉં છું તેટલો ઉપકાર હું બીજાને કરી શકતો નથી', તેના ખેદમાંથી ઉત્પન્ન થતી ક્ષમાપના જીવની અત્યંત શુદ્ધિ કરી આપે છે.

ઉપકારીઓના ઉપકારનો બદલો હું વાળી શકતો નથી. એ બદલો તો જ વળે કે હું જેટલાનો ઉપકાર લઉં છું, તેનાથી અધિક ઉપકાર બીજા ઉપર કરું.' સંસારમાં તે શક્ય નથી. તેથી અનંત કાળ પર્યંત જ્યાં પરોપકાર જ થઈ શકે એવું જે સિદ્ધપદ છે, તેને મેળવવાની તીવ્ર ઝંખના ઉત્પન્ન થાય છે. તેનું જ નામ તાત્ત્વિક ભવનિર્વેદ અને તાત્ત્વિક સંવેગ–મોક્ષાભિલાષ છે.

ભવમાં જેટલો ઉપકાર લેવાનો છે તેટલો આપવાનો નથી. વળી તે ઉપકાર પણ અપકારમિશ્રિત હોય છે. શુદ્ધ ઉપકાર

સિદ્ધપદમાં છે, કે જ્યાં ઉપકાર લેવાનો નથી, અપકાર કરવાનો નથી અને અનંતકાળ સુધી પોતાના આલંબન વડે અનંતા જીવોને સતત ઉપકાર કરવાનો જ રહે છે. આથી ઉત્તમ જીવોને એક સિદ્ધપદ જ પરમ પ્રિય અને પરમ ઉપાદેય ભાસે છે.

## એકમાં સર્વ અને સર્વમાં એક.

નવકારમાં નવ પદ રહેલા છે, કેમ કે શ્રી અરિહંત અને શ્રી સિદ્ધના નમસ્કારથી સમ્યગ્દર્શન ગુણ પ્રકટે છે. શ્રી આચાર્યના નમસ્કારથી સમ્યગ્ચારિત્ર, શ્રી ઉપાધ્યાયના નમસ્કારથી સમ્યગ્જ્ઞાન અને શ્રી સાધુના નમસ્કારથી સમ્યગ્ તપગુણનું આરાધન થાય છે. અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપગુણના અર્થી માટે પાંચ પદોનો નમસ્કાર અનિવાર્ય છે.

દેવનો નમસ્કાર દર્શનગુણને વિકસાવે છે, ગુરુનો નમસ્કાર જ્ઞાનગુણને વિકસાવે છે અને ધર્મનો નમસ્કાર ચારિત્રગુણ તથા તપગુણને વિકસાવે છે.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સહિત થતી તપ–સંયમ રૂપ ધર્મની આરાધના જ મુક્તિફળને આપે છે. તેનો અર્થ દેવ–ગુરુના નમસ્કારપૂર્વક થતી ધર્મકરણી જ મોક્ષનો હેતુ બને છે. અથવા પાંચેય પરમેષ્ઠિ ચારેય ગુણોને ધારણ કરતા હોવાથી પાંચેયને કરેલ નમસ્કાર ચારેય ગુણોને વિકસાવે છે. "एगम्मि पूईए सव्वे ते पूईया होंति ।" જેમ એકની પૂજામાં સર્વની પૂજા છે, તેમ "एगम्मि हीलीए सव्वे ते हीलीया होंति ।" એકની હીલનામાં સર્વની હીલના છે. એમ ગત-પ્રત્યા-

ગત અથવા અનુવૃત્તિ–વ્યાવૃત્તિ ( Positive–Negative ) બ'ને મળીને જ કાર્ય સિદ્ધિ થાય છે.

સમ્યગ્દર્શનાદિ ચારને ધારણ કરનાર કોઈ એક પરમેષ્ઠિને કરેલ નમસ્કાર તે પાંચેયને નમસ્કાર છે. એ વાત જેમ સત્ય છે. તેમ પાંચેય જો ચારેય ગુણોને ધારણ કરનાર હોય, તો તેમાંથી એકને પણ અનમસ્કારનો પરિણામ પાંચેયને અનમસ્કાર રૂપ બને છે. ગુણથી સમાનમાં એકને પણ અનમસ્કાર તે તત્ત્વથી સર્વને અનમસ્કાર છે.

જેમ એક સાધુ, સાધુના ગુણથી સહિત હોય–તેને કરેલ નમસ્કાર અઢી દ્વીપમાં રહેલા સર્વ સાધુઓને પહોંચે છે, તેમ સાધુગુણથી સહિત એકને પણ અનમસ્કારનો ભાવ સર્વને અનમસ્કાર તુલ્ય છે.

પરમેષ્ઠિ નમસ્કારના ફળના અર્થી વડે એક પણ પરમેષ્ઠિની અવજ્ઞા ન થવી જોઈએ. તો જ તે નમસ્કાર સમજણપૂર્વકનો જ્ઞાન–શ્રદ્ધા સહિતનો બને છે. ચારેય ગુણોના અર્થીને પાંચેય પદોનો નમસ્કાર આવશ્યક છે, એમ ઉપરોક્ત રીતે વિચારવાથી સ્પષ્ટ થાય છે.

## તાત્ત્વિક નમસ્કાર.

'तत्त्वमसि ।' આ તાત્ત્વિક નમસ્કાર છે. તેનો પ્રયોગ ત્યારે જ થાય, કે જ્યારે ધ્યાતા ધ્યાનાવેશને પૂર્ણ કરી ધ્યેયાવેશમાં હોય.

ધ્યેયને જ્યારે સ્વરૂપમાં અવસ્થાન કરવાનું હોય, ત્યારે ધ્યાતા ગૌણ બને છે અને ધ્યેય મુખ્ય બને છે. એટલે ધ્યેયાવેશમાં પ્રવેશ વખતે 'तत्त्वमसि' નો અથવા 'सोऽहं' નો મંત્રપ્રયોગ થાય છે.

'नमो अरिहंताणं' મંત્ર વડે શ્રી અરિહંત પરમાત્માની ચારેય નિક્ષેપાથી નવેય પ્રકારની ભક્તિ થઈ ગયા બાદ, તેના ફલસ્વરૂપ શ્રી અરિહંત પરમાત્માના મુખ કમળથી 'तत्त्वमसि' વાક્યનું શ્રવણ કરતા હોઈએ, તેમ આપણો આત્મા શ્રી અરિહંતસ્વરૂપ છે, એવું સ્વરૂપાનુસંધાન કરી 'अर्हमय' પોતાના આત્માને ધ્યાવવાનો હોય છે. આ ધ્યાન સકલ પદાર્થોની સિદ્ધિ કરાવનારું છે.

## પાપનાશક અને મંગલોત્પાદક મંત્ર.

'नमो अरिहंताणं ।' શ્રી અરિહંતોને નમસ્કાર સર્વ પાપોનો નાશક છે અને સર્વ મંગલોનો ઉત્પાદક છે. તેનું મુખ્ય કારણ શ્રી અરિહંતોનું કેવળજ્ઞાનમય સ્વરૂપ છે.

જ્ઞાનસ્વરૂપ રાગાદિ પાપોનું નાશક છે અને મૈત્ર્યાદિ ભાવોનું ઉત્પાદક છે. જ્ઞાનસ્વરૂપમાં સમરસતા હોવાના કારણે તે હર્ષ, શોક અને શત્રુ-મિત્રભાવથી પર છે.

હર્ષ-શોકનું મૂળ સુખ-દુઃખનું દ્વન્દ્વ છે અને રાગ-દ્વેષનું મૂળ શત્રુ-મિત્રભાવની વૃત્તિ છે. જ્ઞાનચેતના સત્તાથી સર્વમાં સમાન ભાવે વર્તતી હોવાથી, તેમાં જ રમણ કરાવનાર શ્રી અરિહંતાદિનો નમસ્કાર કષાયભાવને અને વિષયભાવને દૂર કરી આપે છે.

કષાયભાવ મોટે ભાગે જીવસૃષ્ટિ પ્રત્યે અને વિષયભાવ મુખ્યતઃ નિર્જીવ સૃષ્ટિ પ્રત્યે હોય છે. જ્ઞાનભાવથી સચરાચર વિશ્વના જ્ઞાતા-દ્રષ્ટા એવા પરમાત્માનો નમસ્કાર આપણી જ્ઞાન-ચેતનાને જગાડી આપે છે. એટલે જ્યાં સુધી સંપૂર્ણ જ્ઞાન-ચેતના આવિર્ભાવ ન પામે, ત્યાં સુધી માત્ર સમતારૂપ-જ્ઞાન સરોવરમાં ઝીલતા એવા પરમેષ્ઠિઓને વારંવાર આદરપૂર્વક નમન આવશ્યક છે.

એ નમન જ્ઞાનચેતનામાં પરિણમનરૂપ બનીને, જેને નમવામાં આવે છે તે પરમેષ્ઠિપદની પ્રાપ્તિ કરાવે છે. પરમાત્માનું સન્માન પરમાત્મપદ આપનારું હોવાથી તેનાથી મોટું કોઈ શુભ કર્મ નથી.

જે કર્મનું ફળ અકર્મ એવું પરમપદ અપાવે, તે જ કર્મ સર્વશ્રેષ્ઠ કર્મ છે-એમ જાણનારા મહાપુરુષો પરમેષ્ઠિ નમસ્કારને પરમ કર્તવ્ય સમજે છે.

પરમેષ્ઠિ નમસ્કાર પ્રથમ અભિમાનરૂપી પાપનો નાશ કરે છે અને પછી નમ્રતાગુણરૂપી પરમ મંગલને આપે છે. એ બંનેના પરિણામે અર્થાત્ અહંકારના નાશથી અને નમ્રતા ગુણના લાભથી જીવ પોતે શિવસ્વરૂપ બની જાય છે.

અહંકારના નાશથી 'કષાય' નો નાશ અને નમ્રતાના લાભથી સર્વશ્રેષ્ઠ 'વિષય' ( ધર્મમંગલ ) નો લાભ થાય છે. તેથી તુચ્છ વિષયો પ્રત્યેની આસક્તિ છૂટી જાય છે.

વિષયોની આસક્તિ છૂટી જવાથી કષાયની ઉત્પત્તિ પણ અટકી જાય છે. તેના પરિણામે અપ્રમાદ અને અકષાયગુણની ઉત્પત્તિ થવાથી આત્માનું શુદ્ધ નિરાવરણ જ્ઞાનાનંદસ્વરૂપ પ્રગટી નીકળે છે.

## સુખદુઃખનો જ્ઞાતા અને રાગદ્વેષનો દૃષ્ટા.

પ્રભુને સર્વસ્વનું દાન કરવાથી પ્રભુ પોતાના સર્વસ્વનું દાન કરે છે. જેની પાસે જે હોય તે આપે, એ નિયમાનુસાર નમસ્કાર કરનારો પોતાનાં મન–વચન–કાયા પ્રભુને સોંપે છે. તેના બદલામાં પ્રભુ જ્ઞાન–દર્શન–ચારિત્રસ્વરૂપ પરમાત્મપદ નમસ્કાર કરનારને અર્પણ કરે છે.

જગતમાં સર્વશ્રેષ્ઠ દાન પરમાત્મપદનું દાન છે. પરમાત્માને નમસ્કાર કરનારો પોતે તે દાન મેળવવાનો અધિકારી બને છે. નમસ્કાર કરવા વડે અધિકારી બનેલા તે જીવને પરમાત્મા પોતાનું પદ જ આપી દે છે. ભક્ત 'नमो अरिहंताणं' બોલે છે તેના બદલામાં ભગવાન ભક્તને 'तत्त्वमसि' કહીને 'તું જ ભગવાન છે' –એવું વચન (Call) આપે છે.

સુખદુઃખનો જ્ઞાતા અને રાગદ્વેષનો દૃષ્ટા જે થઇ શકે છે, તે સ્વયં અંશે ભગવાન છે, કેમ કે તેની તે સાધના જ કાળક્રમે સાધકને કેવળજ્ઞાન અને કેવળદર્શન આપનારી થાય છે. કેવળજ્ઞાનગુણના અને કેવળદર્શનગુણના અધિકારી થવા માટે દૃષ્ટાભાવ અને જ્ઞાતાભાવ કેળવતાં શીખવું જોઇએ.

સુખદુઃખ એ કર્મનું ફળ છે અને રાગદ્વેષ એ સ્વયં ભાવકર્મસ્વરૂપ છે.

ભાવકર્મનું કર્તૃત્વ અને કર્મફળનું ભોક્તૃત્વ છોડીને, જીવ જ્યારે તેનું જ્ઞાતૃત્વ અને દ્રષ્ટૃત્વ માત્ર પોતામાં સ્થિર કરે છે, ત્યારે તે નિશ્ચયતત્ત્વનો જ્ઞાતા બનીને મોક્ષમાર્ગે પ્રયાણનો પ્રારંભ કરે છે. જ્ઞાતૃત્વ દ્રષ્ટૃત્વભાવ જ્યારે પરિપક્વ બને છે, ત્યારે તે જીવ યોગના શિખર ઉપર આરૂઢ થઇને મોક્ષના સુખને સિદ્ધ કરે છે.

## ભક્તિ અને મૈત્રીનો મહામંત્ર.

'सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः' એ સૂત્રમાં સમ્યગ્દર્શનનો ટૂંકો અર્થ જિનભક્તિ અને જીવમૈત્રી, સમ્યગ્ જ્ઞાનનો ટૂંકો અર્થ જિનસ્વરૂપ તે નિજસ્વરૂપ અને નિજસ્વરૂપ તે જિનસ્વરૂપ, સમ્યક્ચારિત્રનો ટૂંકો અર્થ જિનભક્તિ વડે વિષયનો વિરાગ અને જીવમૈત્રી વડે કષાયનો ત્યાગ, એમ પણ કહી શકાય.

'नमो अरिहंताणं' શ્રી અરિહંતોની ભક્તિ જે કોઇ પ્રકારે થાય, તે બધો નમસ્કાર છે. તે નમસ્કારનું ફળ શ્રી અરિહંત ભગવંતો તરફથી 'तत्त्वमसि' એવા ઉપદેશરૂપે મળે છે. જે અરિહંતસ્વરૂપની તું ભક્તિ કરે છે, તે તું જ પોતે છે—એમ અંતે નિશ્ચય થાય છે અને તે જ ભક્તિનું પારમાર્થિક ફળ છે.

'नमो अरिहंताणं' એ મૈત્રીનો મહામંત્ર છે અને ભક્તિનો પણ મહામંત્ર છે. મૈત્રીભાવ વડે અરિભાવને—શત્રુ-ભાવને હણનારા શ્રી અરિહંતો છે. તેઓને નમસ્કાર થાય છે, તેથી મૈત્રીનો મહામંત્ર બની જાય છે અને 'અરિહં'

એટલે શુદ્ધ આત્મા. તેઓને નમસ્કાર હોવાથી ભક્તિનો મહામંત્ર બને છે.

મૈત્રી અને ભક્તિ પરસ્પર અવિનાભાવી છે. એક વિના બીજાનું અસ્તિત્વ અશક્ય છે. આત્મસ્વરૂપની ભક્તિ પૂર્ણ થઈ ત્યારે ગણાય, કે જ્યારે સાવરણ અને નિરાવરણ એવા બંને પ્રકારના આત્માઓ ઉપર સ્નેહભાવ ઉત્પન્ન થાય.

નિરાવરણસ્વરૂપ પ્રત્યે સ્નેહ તે પ્રમોદ અને સાવરણસ્વરૂપ પ્રત્યે સ્નેહ તે કરુણા અને માધ્યસ્થ્ય. જો કરુણા–માધ્યસ્થ્ય ન હોય, તો પ્રમોદ પણ સાચો ન ગણાય. જો પ્રમોદ ન હોય, તો કરુણા અને માધ્યસ્થ્ય પણ સાચા નહિ.

જીવતત્ત્વની જો સાચી સદ્દહણા થઈ હોય, તો તેની નિશાની જીવના દુઃખ પ્રત્યે સહાનુભૂતિ અને કરુણા, તેમ જ તેના સુખ પ્રત્યે હર્ષ અને પ્રમોદ હોવા જોઈએ. એ રીતે ભક્તિ અને મૈત્રી ઉભયને એકી સાથે પ્રગટાવનાર મંત્ર તે શ્રી નમસ્કાર મહામંત્ર છે.

## પ્રથમ પદમાં સમગ્ર મોક્ષમાર્ગ.

મૈત્રી અને ભક્તિ એ સમ્યગ્દર્શનનાં લક્ષણ છે. તેની પાછળ સમ્યગ્જ્ઞાન હોવું આવશ્યક છે. તે જ્ઞાન એકત્વનું છે. જીવ, જગત અને જગદીશ્વરની એકતાનું જ્ઞાન જ સાચી ભક્તિ અને મૈત્રી પ્રગટાવી શકે છે.

એ એકતા ગુણથી, જાતિથી અને સ્વભાવથી છે. સજાતીય એકતાના સંબંધનું જ્ઞાન ભક્તિપ્રેરક અને મૈત્રીપ્રેરક છે, તેથી તે સમ્યગ્જ્ઞાન છે.

જ્યાં સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન હોય, ત્યાં નિશ્ચયથી ચારિત્ર અવિનાભાવી છે. જ્ઞાન-દર્શન તો જ સત્ય ગણાય, કે જો જીવનમાં તેનો અમલ હોય. એ અમલનું નામ જ ચારિત્ર છે. તે ચારિત્રના બે પ્રકારો છે :

એક પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ અને બીજું સ્વભાવરમણતારૂપ. સ્વભાવરમણતારૂપ ચારિત્ર તે વ્યવહારચારિત્રનું ફળ છે. હિંસાદિ આશ્રવોથી નિવૃત્તિ અને ક્ષમાદિ ધર્મોમાં પ્રવૃત્તિ તે વ્યવહાર-ચારિત્ર છે.

મૈત્રી વડે હિંસાદિ આશ્રવોનો નિરોધ થાય છે અને ભક્તિ વડે સ્વરૂપરમણતા વિકસિત થાય છે. કષાયના અભાવને લાવ-નાર મુખ્યતઃ મૈત્રી છે અને વિષયોની આસક્તિને હઠાવનાર મુખ્યતઃ ભક્તિ છે.

પરમાત્મતત્ત્વ ભક્તિનો સર્વશ્રેષ્ઠ વિષય હોવાથી, તે ભક્તિના પ્રભાવે તુચ્છ વિષયો તરફનું આકર્ષણ આપોઆપ ચાલ્યું જાય છે અને વિષય-કષાયને જીતનારો આત્મા પોતે જ મોક્ષ છે. ભક્તિ અને મૈત્રી તેનાં સાધનો છે. તેને વિકસા-વનાર મંત્ર નવકાર અથવા તેનું પ્રથમ પદ છે. આથી શ્રી નવ-કારમંત્રમાં રત્નત્રયી રહેલી છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરિત્ર એ આત્માના ત્રણ મુખ્ય ગુણો છે. શ્રી અરિહંતોનો નમસ્કાર એ ત્રણેય ગુણોને વિકસાવે છે, કેમ કે તે મંત્ર વડે ભક્તિ અને મૈત્રી સાક્ષાત્ પુષ્ટ થાય છે, ચૈતન્ય સાથે તે એકતાનું જ્ઞાન કરાવે છે તથા વિષય-કષાયની પરિણતિથી આત્માને છોડાવે છે.

વિષયોમાં સર્વશ્રેષ્ઠ વિષય શ્રી અરિહંત છે. તેઓશ્રી પ્રત્યેનો આદર બીજા વિષયોની તુચ્છતાનું ભાન કરાવે છે. કષાયોનું મૂળ જીવો પ્રત્યે અમૈત્રી છે. અરિહંતોનો નમસ્કાર મૈત્રી શીખવે છે, કે જેથી કષાય નિર્મૂળ થાય છે. વિષય-કષાયથી મુક્ત આત્મા સ્વયં ચારિત્રરૂપ છે.

એ રીતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયી, કે જેને મોક્ષમાર્ગ કહેવાય છે, તે નવકારના પ્રથમ પદમાં જ સંગ્રહીત થયેલી છે. આથી તેના આરાધકોનું મોક્ષરૂપી ધ્યેય સિદ્ધ થાય છે.

## સાત ધાતુ અને દશ પ્રાણ.

નમસ્કાર કરવા વડે જે અરિહંતની ભક્તિ થાય છે, તે અરિહંત પરમાત્મા વડે 'તે તું જ છે'– એવો અનુગ્રહ પ્રાપ્ત થાય છે. 'અરિહંત તું પોતે જ છે'– એવો આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે શ્રી અરિહંતોની ભક્તિ અનિવાર્ય છે.

જેની ભક્તિ કરવામાં આવે છે, તેનું સ્વરૂપ ભક્તિ કરનારમાં પ્રગટે છે. આત્મામાં અપ્રગટપણે રહેલું અરિહંતસ્વરૂપ શ્રી અરિહંતની ભક્તિ વડે પ્રથમ મન સમક્ષ-બુદ્ધિ સમક્ષ પ્રગટ થાય છે.

મન અને બુદ્ધિને શ્રી અરિહંતના ધ્યાનમાં પરોવવાથી, તે બંને સમક્ષ ભક્તિ કરનારમાં છુપાયેલું અરિહંતસ્વરૂપ પ્રત્યક્ષ થાય છે. શ્રી અરિહંત ભક્તિનો આ પ્રભાવ છે. આથી શ્રી અરિહંતની ભક્તિ મન-વચન-કાયાથી કરવા, કરાવવા અને અનુમોદવા વડે, સાતેય ધાતુ ભેદાય તે રીતે અને દશેય પ્રાણો તેમાં પરોવાય તે રીતે કરવા યોગ્ય છે.

જ્યારે શરીર રોમાંચિત થાય અને ચક્ષુઓમાં હર્ષનાં આસુ-ઓની ધારા વહેવા લાગે, ત્યારે સમજવું કે શ્રી અરિહંતની ભક્તિમાં સાતેય ધાતુ અને દશેય પ્રાણ ઓતપ્રોત થયા છે.

આથી શ્રી અરિહંતની ભક્તિ ત્રિકરણ યોગે કરવાનું વિધાન છે. જ્યારે ત્રણેય યોગ અને ત્રણેય કરણ શ્રી અરિહંતના ધ્યા-નમાં પરોવાય, ત્યારે અંતઃકરણ નિર્મળ થાય છે અને નિર્મળ અંતઃકરણમાં અરિહંતતુલ્ય આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રતિબિંબિત થાય છે.

## પરમાત્મ-સમાપત્તિ.

વિષયની સમાપત્તિ અર્થાત્ ત્રણ કરણથી-ત્રણ યોગથી થતું વિષય (Odject)નું ધ્યાન આત્માને તદ્રૂપ બનાવે છે, જ્યારે આત્મા(Subject)ની સમાપત્તિ અર્થાત્ ત્રણ કરણથી ત્રણ યોગથી થતું શુદ્ધાત્માનું ધ્યાન આત્માને પરમાત્મસ્વરૂપ બનાવે છે.

વિહિત અનુષ્ઠાનને પણ શાસ્ત્રોક્ત વિધાનાનુસાર કરવાથી પરમાત્માની સાથે સમાપત્તિનું કારણ બને છે, કારણ કે શાસ્ત્રોક્ત અનુષ્ઠાન કરતી વખતે શાસ્ત્રના કહેનારા શાસ્ત્રકારો ઉપર પણ બહુમાનગર્ભિત અંતરંગ પ્રીતિ થાય છે તે પ્રીતિ પરમાત્મ-સમાપત્તિનું કારણ બને છે. વિહિત અનુષ્ઠાન દ્વારા થતું પર-માત્મ-સ્મરણ પરમાત્મ-સમાપત્તિનું કારણ છે, કારણ કે તે સ્મરણ બહુમાનગર્ભિત હોય છે.

ભગવાનની આજ્ઞાનું આરાધન એ બહુમાનગર્ભિત એક પ્રકારનું પરમાત્મ–સ્મરણ જ છે. તેથી ભગવાનનું નામગ્રહણ અને પ્રતિમાપૂજન પણ ભગવાનની આજ્ઞાના આરાધનરૂપે કરવાનું હોય છે. આજ્ઞાના આરાધનમાં આજ્ઞાકારકનું બહુમાન ગર્ભિત સ્મરણ રહેલું છે, તેથી તે સમાપત્તિનું સરલ સાધન બને છે.

ભગવાનના સ્મરણને અને ક્લિષ્ટ કર્મને સહઅનવસ્થાન લક્ષણ ( એકી સાથે બન્ને ભેગાં ન રહી શકે તેવો ) વિરોધ છે. જ્યાં બહુમાનગર્ભિત ભગવત્સ્મરણ હોય, ત્યાં સંસારભ્રમણના કારણભૂત ક્લિષ્ટ કર્મ ટકી શકતાં નથી. ભગવત્-સ્મરણ મિથ્યા મોહનો નાશ કરીને આત્માના શુદ્ધ સ્વરૂપની સાથે એકતાનું ભાન પેદા કરાવે છે.

## મંત્રાત્મક બે પદો.

'नमामि सव्व–जिणाणं ।
खमामि सव्व–जीवाणं ॥' વર્ણ-૧૬

**અર્થભાવના :—** 'જિનસ્વરૂપ પ્રાપ્ત થયેલ સર્વને હું નમું છું, કેમ કે તેઓ તરફથી મને અનુગ્રહ પ્રાપ્ત થાય છે, કે જે અનુગ્રહ વડે હું મારા જિનસ્વરૂપને પામું છું. જિનસ્વરૂપને પામવામાં મારાથી થતાં પ્રમાદ, અજ્ઞાન અને મિથ્યાત્વને હું નિંદું છું. મારા તે અપરાધને સર્વ જીવો પાસે હું ખમાવું છું. સર્વ જીવોને જિનસ્વરૂપની પ્રાપ્તિ માટે આલંબનરૂપ થવામાં થતા વિલંબ અને વિઘ્નરૂપ મારા અપરાધોની હું ક્ષમા માગું છું. સર્વ જીવો મારા તે અપરાધોને ખમો--મને ક્ષમા આપો.'

એ રીતે અર્થભાવનાપૂર્વકના થતા આ બે પદોના ધ્યાનથી અને સ્મરણથી મારા આત્માને હું શુદ્ધ-નિર્મળ કરું છું. રાગાદિથી ભિન્ન અને જ્ઞાનાદિથી અભિન્ન એવા મારા શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ અર્થે મંત્રસ્વરૂપ આ બે પદોનું હું નિરંતર ભાવથી સ્મરણ કરું છું.

## 'नमामि सव्व-जिणाणं ।'

આ મંત્રથી સર્વ ઉપકારીઓને નમસ્કાર છે. સૌથી શ્રેષ્ઠ ઉપકાર આપણને 'द्रव्यतया परमात्मा एव जीवात्मा' અર્થાત્ 'દ્રવ્યથી પરમાત્મા એ જ જીવાત્મા છે' એવું જ્ઞાન આપનારનો છે. સર્વ જિનો જીવ માત્રને જિનસ્વરૂપ જુએ છે, અજિનસ્વરૂપને જોવા છતાં ય ન જોવા બરાબર કરે છે અને જિનસ્વરૂપને આગળ કરી ઉત્તેજના આપે છે, તેથી તેઓ સર્વશ્રેષ્ઠ ઉપકાર કરી રહ્યા છે. તેઓને થતો નમસ્કાર કૃતજ્ઞતાગુણ અને જ્ઞાનગુણ ઉભયને વિકસાવે છે.

## 'खमामि सव्व-जीवाणं ।'

સર્વ જીવોમાં સત્તાથી જિનસ્વરૂપ હોવા છતા, તેને તે સ્વરૂપે ન જોવા રૂપ અપરાધને હું ખમાવું છું. તે અપરાધોને ખમાવવાથી તે સ્વરૂપને જોનારા ઉપકારીઓને કરાતો નમસ્કાર તાત્ત્વિક બને છે-

## 'नमामि सव्व-जिणाणं । खमामि सव्व-जीवाणं ।'

શબ્દાર્થ-' સર્વ જિનોને હું નમું છું. સર્વ જીવોને હું ખમું છું.

**ભાવાર્થ**– 'નમું છું' એટલે તેઓના ઉપકારને સ્વીકારું છું ખમું છું એટલે મારા અપકારને કબૂલું છું.'

મારા ઉપર થયેલા, થઈ રહેલા અને થનારા બધા ઉપકારીઓના ઉપકારને હું કૃતજ્ઞભાવે સ્વીકારું છું. મારા તરફથી થયેલા, થઈ રહેલા અને થનારા બધા અપકારોને હું સરલભાવે કબૂલું છું અને ફરી નહિ કરવાના ભાવથી ક્ષમા માંગુ છું.

મોટામાં મોટો ઉપકાર આપણું જિનસ્વરૂપ જેઓ જોઈ રહ્યા છે અને તેની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી આપણા અપરાધોની ક્ષમા આપી રહ્યા છે, તેઓનો છે.

તેઓની કરુણા, તેઓની મૈત્રી, તેઓનો પ્રમોદ અને તેઓનું માધ્યસ્થ્ય મારા જિનસ્વરૂપની પ્રાપ્તિમાં ઉપકારક છે. આથી તેઓની હું સ્તુતિ કરું છું અને મારામાં તે ચારેય ભાવો સર્વ જીવો પ્રત્યે પ્રગટે એવી પ્રાર્થના કરું છું તેથી વિપરીત મારા ભાવોને હું નિંદું છું–ગહુઁ છું અને સર્વ જિનોની સમક્ષ તેની ક્ષમા પ્રાર્થું છું અને સર્વ જીવોની સમક્ષ તેઓ પ્રત્યે આચરેલા અપરાધોની ક્ષમા યાચું છું. સર્વ જીવોનું પ્રચ્છન્ન જિનસ્વરૂપ જોઈને તેઓ પ્રત્યે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય ભાવને વિકસાવું છું.

ઋણમુક્તિ એ કૃતજ્ઞતા અને પરોપકારની ફરજના સ્વીકારમાંથી નિષ્પન્ન થાય છે. ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતાભાવ અને અપકારી પ્રત્યે પણ ઉપકાર કરવાનો ભાવ આવ્યા વિના ઉભય ઋણમાંથી મુક્તિ અસંવિત છે.

એક ઋણ ઉપકાર લેવાથી થાય છે. બીજું ઋણ અપકાર કરવાથી થાય છે. આથી ઉભયઋણની મુક્તિ માટે 'નમામિ' અને 'ખમામિ' બંને ભાવોના આરાધનની સરખી જરૂર છે.

## 'નમો' પદનું મહત્ત્વ.

'નમો' પદનો એક અર્થ દ્રવ્ય–ભાવસંકોચ છે.

દ્રવ્યથી કાયા અને વાણીનો તથા ભાવથી મન અને બુદ્ધિનો બાહ્ય પદાર્થોમાંથી સંકોચ સાધીને તથા તેને આત્માભિમુખ બનાવીને સર્વ મહાપુરુષો 'પરમ પદને પામ્યા છે.

અથવા બીજી રીતે દ્રવ્યસંકોચ એટલે શરીરાદિ બાહ્ય વસ્તુના મદનો ત્યાગ તથા ભાવસંકોચ એટલે મન, બુદ્ધિ આદિના માનનો ત્યાગ.

એ રીતે મદ અને માનનો ત્યાગ થવાથી વૃત્તિ અંતર્મુખ વળે છે અને તેથી સર્વશ્રેષ્ઠ વસ્તુઓનું જ્ઞાન અને ધ્યાન ફળીભૂત થાય છે.

જ્ઞાનનું ફળ સમતા–સંવર છે અને ધ્યાનનું ફળ નિરોધ-નિર્જરા છે. તે તેને જ વરે છે, કે જેના મનમાં કાયા અને વાણી તથા ઉપલક્ષણથી પુદ્ગલના સંયોગજનિત સર્વ ઔદયિક ભાવોનું અભિમાન ગળી ગયુ હોય છેઃ તેમ જ મન અને બુદ્ધિ તથા ઉપલક્ષણથી સર્વ પ્રકારના ક્ષાયોપશમિક ભાવોનો પણ અહંકાર ચાલ્યો ગયો હોય છે.

આથી એ સિદ્ધ થયું કે જાતિ, કુળ, રૂપ, બળ, ઐશ્વર્ય અને વાલ્લભ્યાદિ ઔદયિક ભાવોના મદનો ત્યાગ તે મુખ્યત્વે દ્રવ્ય-

સંકોચ છે અને તપ, શ્રુત, જ્ઞાન અને બુદ્ધિ આદિ ક્ષયોપશમ ભાવના માનનો ત્યાગ તે મુખ્યત્વે ભાવસંકોચ છે.

દ્રવ્ય અને ભાવ અથવા બાહ્ય અને અભ્યંતર એ ઉભય પ્રકારે મદ અને માનના ત્યાગનું પ્રણિધાન તે દ્રવ્ય–ભાવ સંકોચ અને તે નમસ્કારનો મુખ્ય પદાર્થ છે. એવો નમસ્કાર-ભાવ અથવા તેનું લક્ષ્ય, એ ધર્મના પ્રારંભમાં અતીવ આવશ્યક છે.

## 'નમો' મંત્ર વડે અહંતા–મમતાનો ત્યાગ.

અહંતા અને મમતા સંસારમાં ભટકાવનારી વસ્તુ છે.

અહંતા એટલે 'કર્મનો કર્તા માત્ર હું જ છું,' એવી બુદ્ધિ, મમતા એટલે 'કર્મફળનો અધિકારી હું છું,' એવી બુદ્ધિ.

એ બંનેને નિવારવા માટે કર્મનો કર્તા કેવળ હું નથી, કિન્તુ કાળ, સ્વભાવ, ભવિતવ્યતા અને પૂર્વકૃત કર્મ વિગેરેના સહકારથી કર્મ થાય છે, તેમ વિચારવું : અને કર્મફળ પણ બધાના સહકારનું પરિણામ હોવાથી, તેના ઉપર માત્ર મારા એકલાનો અધિકાર નથી, એમ વિચારવું.

નમસ્કારના આરાધકે પોતાનાં સઘળાં કર્મ અને તેના ફળ, જેને નમસ્કાર કરે છે, તે નમસ્કાર્યોને સમર્પિત કરી દેવાનાં હોય છે, કેમ કે નિમિત્ત કર્તૃત્વ તેઓનું છે. તેઓના અવલંબને જ કર્મ અને તેના ફળમાં શ્રેષ્ઠતા આવે છે.

પ્રત્યેક શુભ કર્મ અને તેનું શ્રેષ્ઠ ફળ, જેના અવલંબનથી તે શુભ અને શ્રેષ્ઠ બને છે, તેની માલિકીનું છે, એમ વ્યવહાર નય કહે છે.

તેથી બંને ઉપર સ્વામિત્વ તેઓનું છે, એવી વૃત્તિ ધારણ કરવી જોઇએ. તેના પરિણામે અહંત્વ–મમત્વ ગળી જાય છે અને નમ્રતા, નિરભિમાનતા, સરલતા, સંતોષ વગેરે ગુણોની ઉત્પત્તિ થાય છે. તથા ભક્તિનાં સુમધુર ફળોના અધિકારી થવાય છે.

## અવ્યય પદ.

'नमो' એ વ્યાકરણશાસ્ત્રના નિયમ મુજબ અવ્યય પદ છે. મોક્ષ પણ અવ્યય પદ છે. તેથી 'नमो' અવ્યય–મોક્ષ પદનું બીજ પણ બને છે. અવ્યય પદ એ જ જ્ઞાતવ્ય, ધ્યાતવ્ય અને પ્રાપ્તવ્ય છે.

વાક્યમાં કર્તા, કર્મ અને ક્રિયા – એમ ત્રણ હોય છે. અહીં 'नमो' એ અવ્યય હોવાથી માત્ર તેમાં ક્રિયા છે, પણ કર્તા કે કર્મ નથી. સાધના વખતે કર્તા અને કર્મ ગૌણ બનીને જ્યારે ઉપયોગમાં માત્ર ક્રિયા રહે, ત્યારે તે સાધના શુદ્ધ બને છે.

'नमो' પદનું ઉચ્ચારણ જ ક્રિયાવાચક હોઈ કોઇ શ્રેષ્ઠ તત્ત્વનું સીધું ભાન કરાવે છે અથવા ધ્યાતા, ધ્યેય અને ધ્યાન– એ ત્રિપુટિમાંથી જ્યારે ધ્યાતાનું વિસ્મરણ થઈ મનોવૃત્તિ કેવળ ધ્યેયાકાર બને છે, ત્યારે તે ધ્યાન યથાર્થ થયું ગણાય છે.

નમસ્કારની ક્રિયામાં પણ જ્યારે કર્તા અને કર્મનું વિસ્મરણ થઇ કેવળ ક્રિયા રહે છે, ત્યારે જ તે સાધના શુદ્ધ થઈ ગણાય છે.

વળી 'નમો' પદનું ઉચ્ચારણ તે વૈખરી વાણીનો પ્રયોગ છે, તેથી તે ક્રિયાયોગ છે; અર્થનું ભાવન તે મધ્યમા વાણી હોઇ ભક્તિયોગ છે અને નમસ્કારની આન્તર્ ક્રિયા પશ્યન્તી રૂપ છે, તેથી તે જ્ઞાનયોગ છે. એ રીતે કર્મ, ભક્તિ અને જ્ઞાન–ત્રણેય યોગની સાધના 'નમો' પદમાં રહેલી છે.

## નિર્મળ વાસના.

નમસ્કારની સાધનાથી મલિન વાસનાઓનો ત્યાગ થાય છે, નિર્મળ વાસનાનો સ્વીકાર થાય છે અને અંતે ચિન્ત્રમાત્ર વાસના અવશેષ રહે છે.

મલિન વાસના બે પ્રકારની છે:— એક બાહ્ય અને બીજી આંતર્. વિષયવાસના તે બાહ્ય છે અને માનસવાસના તે અભ્યંતર છે. વિષયવાસના સ્થૂલ છે, જ્યારે માનસવાસના સૂક્ષ્મ છે. વિષયના ભોગકાળમાં ઉત્પન્ન થતા સંસ્કાર તે વિષય-વાસના છે અને વિષયો પ્રતિ કામનાના કાળમાં ઉદ્ભવતા સંસ્કાર તે માનસવાસના છે. બીજી રીતે લોકવાસના કે દેહ-વાસના તે વિષયવાસના છે અને દંભ, દર્પાદિ તે માનસવાસના છે.

નમસ્કારભાવ અને નમસ્કારની ક્રિયાથી બાહ્ય–આંતર્ ઉભય પ્રકારની મલિન વાસનાનો નાશ થાય છે તથા મૈત્રી, મુદિતાદિ નિર્મળ ભાવનાઓ પ્રગટે છે.

ચિન્માત્ર વાસના એટલે મન, બુદ્ધિ આદિ ચૈતન્યનો શુભ વ્યાપાર તેથી કાર્યાકાર્યના વિવેકરૂપી સદ્વિચાર જાગે છે અને અંતે તેનો પણ પરમાત્મ–સાક્ષાત્કારમાં લય થાય છે.

સદ્‌વિચાર અને સદ્‌વિવેક તે સાધનારૂપ 'અપર' જ્ઞાન છે અને આત્મસાક્ષાત્કાર—પરમાત્મસાક્ષાત્કાર તે સાધ્યરૂપ 'પર' જ્ઞાન છે. સાક્ષાત્ યા પરંપરાએ ઉભય પ્રકારના જ્ઞાનની પ્રાપ્તિ નમસ્કારભાવ અને નમસ્કારની ક્રિયાથી સિદ્ધ થાય છે. આ સંબંધમાં કહ્યું છે કે—

"**बन्धो हि वासनाबन्धो, मोक्षः स्याद् वासनाक्षयः ।**
**वासनास्त्वं परित्यज्य, मोक्षार्थित्वमपि त्यज ॥ १ ॥**"

**અર્થ**— વાસનાનો બંધ એ જ બંધ છે. વાસનાનો ક્ષય એ જ મોક્ષ છે. વાસનાઓનો ત્યાગ કરીને તું મોક્ષાર્થિપણાનો પણ ત્યાગ કર અર્થાત્ આત્મસાક્ષાત્કારને મેળવ.'

## પરમેષ્ઠિ—નમસ્કારથી સમત્વની સિદ્ધિ.

ચૌદ પૂર્વ અને દ્વાદશાંગીમાંથી આપણને જે અનેક પ્રકારનો પ્રકાશ મળે છે, તેમાંનો એક પ્રકાશ એ છે કે આત્મદૃષ્ટિએ કોઇ જીવ આપણાથી ઊતરતો નથી અને દેહદૃષ્ટિએ કોઇ જીવ આપણાથી ચઢિયાતો નથી.

કર્મમુક્ત જીવની અવસ્થા સર્વની સરખી સુખદાયક છે. કર્મબદ્ધ અવસ્થા સર્વને સરખી કષ્ટદાયક છે, કેમ કે કર્મજનિત સુખપણ પરિણામે દુઃખદાયક છે. સર્વ જીવો સાથે પોતાની તુલ્યતાનું આ પ્રકારે ભાવન અને તે વડે પ્રાપ્ત થતું અપૂર્વ સમત્વ એ મોક્ષનું અસાધારણ કારણ છે.

આ ભાવના આઠેય પ્રકારના મદને, ચારેક પ્રકારના કષાયને અને પાંચેય પ્રકારની ઇન્દ્રિયોને જિતાવનાર થાય છે. તેથી પરમ પુરુષાર્થની સિદ્ધિ થાય છે.

શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારમાં આ ભાવના વડે શ્રી સિદ્ધિ-પદને પામેલા અનંતા શ્રી અરિહંતો, વર્તમાનના ઉત્કૃષ્ટ ૧૭૦ અને જઘન્ય ૨૦ શ્રી અરિહંતો તથા ભવિષ્યકાળના અનંતા શ્રી અરિહંતોને નમસ્કાર થાય છે : વળી અતીતકાળના અનંતા સિદ્ધોને વર્તમાનકાળના એક સમયમાં ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ અને ભવિષ્યના થનારા અનંતા સિદ્ધોને નમસ્કાર થાય છે: તેમ જ અતીતકાળના અનંતા, વર્તમાનકાળના સર્વક્ષેત્રના કેવળ જ્ઞાનીઓ અને છદ્મસ્થ મુનિઓ તથા ભવિષ્યકાળના અનંતા આચાર્ય, ઉપાધ્યાય આદિ સાધુ ભગવંતોને નમસ્કાર થાય છે. એ નમસ્કાર પરમેષ્ઠિઓમાં રહેલા સમત્વને ઉદ્દેશીને થતો હોવાથી સમત્વની સિદ્ધિ કરે છે.

## પાંચ પ્રકારના ગુરુ.

શ્રી નમસ્કારમંત્રમાં પાંચ પ્રકારના ગુરુઓ રહેલા છે. શ્રી અરિહંતો માર્ગદર્શક હોવાથી પ્રેરક ગુરુ છે, સિદ્ધો અવિનાશી પદને પામેલા હોવાથી સૂચક ગુરુ છે, શ્રી આચાર્યો અર્થના દેશક હોવાથી બોધક ગુરુ છે, શ્રી ઉપાધ્યાયો સૂત્રના દાતા હોવાથી વાચક ગુરુ છે અને શ્રી સાધુઓ મોક્ષમાર્ગમાં સહાયક હોવાથી સહાયક ગુરુ છે. પંચ ગુરુઓને નમસ્કાર રૂપ હોવાથી શ્રી નવકારમંત્રને ગુરુમંત્ર અથવા પંચ મંગલ પણ કહે છે.

આ પંચ મંગલ સૂત્રરૂપ હોવા છતાં વારંવાર મનન કરવા યોગ્ય હોવાથી, તેમ જ તેના સમ્યગ્ આરાધન દ્વારા ચમત્કારિક પરિણામો આવતાં હોવાથી તેની પ્રસિદ્ધિ લોકમાં મંત્રરૂપે થઈ છે.

પાંચ જ્ઞાન અને ચાર શરણુની જેમ તે ભાવમંગલ છે. પુણ્ય-પાપની વિશેષતાને જાણુનાર જીવ આ મંત્રનો વિશેષ-પણે અધિકારી છે.

## ધ્યાન અને લેશ્યા.

સઘળી ઇન્દ્રિયોને મધ્ય આદિ સ્થાનોમાં કેન્દ્રિત કરીને પછી જે ચિન્તન થાય તેને ધ્યાન કહે છે.

ધ્યાનના બીજા પણ અનેક અર્થો છે. શ્રુતજ્ઞાનને પણ શુભ ધ્યાન કહ્યું છે. ચિન્તા અને ભાવનાપૂર્વક, સ્થિર અધ્ય-વસાયને પણ ધ્યાન કહ્યું છે. 'નિરાકાર-નિશ્ચલ બુદ્ધિ,' 'એકપ્રત્યયસન્તતિ,' 'સજાતીય પ્રત્યયની ધારા,' 'પરિસ્પન્દ-વર્જિત એકાગ્ર ચિન્તાનિરોધ' વગેરે ધ્યાનના અનેક પર્યાયો કહ્યા છે, તે બધાનો સંગ્રહ પરમેષ્ઠિધ્યાનમાં સમજવાનો છે.

કમલબંધથી, ત્રિકરણ શુદ્ધિથી અને બિન્દુનવકથી પણ નમસ્કારનું ધ્યાન થઈ શકે છે. 'નમસ્કારના ધ્યાનનું ફળ લેશ્યાવિશુદ્ધિ છે.'

લેશ્યાવિશુદ્ધિ એટલે માયા, મિથ્યાત્વ અને નિદાન, એ ત્રણ શલ્યથી રહિત ચિત્તનાં પરિણામ.

શ્રદ્ધાળુ આત્મા જે કાંઈ ક્રિયા કરે છે, તે બીજાને હલકા પાડવા માટે કે પોતાનો ઉત્કર્ષ સાધવા માટે હોતી નથી. જેમાં મુખ્યત્વે પરાપકર્ષની વૃત્તિ હોય તે માયાશલ્ય છે, જેમાં મુખ્યત્વે સ્વોત્કર્ષ સાધવાનો મનોરથ હોય તે નિદાન-શલ્ય છે અને જેમાં સ્વમતિની કલ્પના મુખ્ય હોય તે મિથ્યાત્વ-શલ્ય છે.

ક્રિયાની સફળતા માટે પ્રત્યેક ક્રિયા માયા, મિથ્યાત્વ અને નિદાન–એ ત્રણ શલ્યથી રહિત હોવી જોઈએ, અર્થાત્ નિર્દંભ, નિઃશંક અને નિરાસંશભાવે થવી જોઈએ.

શ્રી નમસ્કારમંત્રનું ધ્યેયનિષ્ઠ આરાધન જીવને નિર્દંભ, નિઃશંક અને નિષ્કામ બનાવે છે, કેમ કે તેમાં મમત્વભાવનું શોષણ અને સમત્વભાવનું પોષણ થાય છે.

## લેશ્યાવિશુદ્ધિ અને સ્નેહપરિણામ.

શ્રી નમસ્કારમંત્રના આરાધનથી બીજા પણ ત્રણ ગુણો પોષાય છે. તે છે ક્ષમતા, દમતા અને શમતા. ક્ષમતા એટલે ક્રોધરહિતતા, દમતા એટલે કામરહિતતા અને શમતા એટલે લોભરહિતતા.

બીજાને આત્મસમાન જોનાર ક્રોધ કોના ઉપર કરે? બીજાને પીડા થાય તેવી રીતે કામ કે લોભનું સેવન પણ તે કેવી રીતે કરી શકે?

બીજાના દુઃખને પોતાનું દુઃખ માનનાર અને બીજાના સુખની પોતાના સુખ જેટલી જ કિંમત આંકનારમાં કામ, ક્રોધ અને લોભ–એ ત્રણેય દોષો ઓગળી જાય છે. એવી જ રીતે માયા, મિથ્યાત્વ અને નિદાન–એ ત્રણેય શલ્યો પણ ચાલ્યા જાય છે. શ્રી નમસ્કારમંત્ર વડે થતી લેશ્યાવિશુદ્ધિનું આ ફળ છે.

લેશ્યાવિશુદ્ધિ અને સ્નેહનો પરિણામ એ એક દૃષ્ટિએ સમાન અર્થને કહેનાર શબ્દો છે. શ્રી નમસ્કારમંત્ર સમસ્ત જીવરાશિ ઉપર સ્નેહનો પરિણામ વિકસાવે છે: તેમ જ એ

સ્નેહના પરિણામમાં કામ, ક્રોધ અને લોભ—એ ત્રણ દોષો તથા માયા, મિથ્યાત્વ અને નિદાન, એ શલ્યો પાણીથી ભરેલા કાચી માટીના ઘડાની જેમ પીગળી જાય છે: અને આત્મા ક્ષાન્ત, દાન્ત અને શાન્ત તથા નિષ્કામ, નિર્દંભ અને નિ:શલ્ય થઈ ક્રિયાના ઉત્કૃષ્ટ ફળને મેળવી શકે છે.

## કૃતજ્ઞતાગુણનો વિકાસ.

નવકાર એ ચૌદ પૂર્વનો સાર છે અને સમસ્ત શ્રુતજ્ઞાનનું રહસ્ય છે. તેનું એક કારણ નમસ્કારથી કૃતજ્ઞતાગુણ કેળવાય છે.

કૃતજ્ઞતાગુણ એ સર્વ સદ્દગુણોનું મૂળ છે. તેનું શિક્ષણ નમસ્કારથી મળે છે. કૃતજ્ઞતાગુણને ઉત્પન્ન કરનાર પરોપકાર ગુણ છે.

પરોપકારગુણ સૂર્યના સ્થાને છે, તો કૃતજ્ઞતાગુણ ચંદ્રના સ્થાને છે. જેનાથી ઉપકાર થાય છે, તેને કૃતજ્ઞ રહેવું એ ધર્મનો પાયો છે. એવું જ્ઞાન મૂળથી જ આપવા માટે શ્રી નમસ્કાર મંત્રને મૂળ મંત્ર યા મહામંત્ર કહ્યો છે

નવકાર વિના તપ, ચારિત્ર અને શ્રુત નિષ્ફળ કહ્યાં છે. તેનો અર્થ કૃતજ્ઞતાભાવ વિના સઘળી આરાધના અંક વિનાની શૂન્ય જેવી છે.

સમ્યક્ત્વગુણ પણ કૃતજ્ઞતાભાવનો સૂચક છે, કેમ કે તેમાં દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ પ્રત્યે ભક્તિ છે, નમસ્કાર છે શ્રદ્ધાગર્ભિત બહુમાન છે અને એ ત્રણ તત્ત્વો પરમ ઉપકારક છે, એવો હાર્દિક સ્વીકાર છે.

જેનાથી સર્વ કાંઈ શુભ મળ્યું છે, મળે છે અને મળવાનું છે, તેને યાદ કરવા અને તેમના પ્રત્યે નમ્રભાવ ધારણ કરવો, તેનું બીજું નામ કૃતજ્ઞતાગુણ છે.

કૃતજ્ઞતાગુણ એ એક પ્રકારની ઋણમુક્તિની ભાવના પણ છે. મુક્તિમાર્ગમાં પરોપકાર ગુણ એ ઋણમુક્તિની ભાવના-માંથી ઉત્પન્ન થતો શુભભાવ છે.

ઋણમુક્તિ અને કર્મમુક્તિ એક જ સિક્કાની બે બાજુ છે. અવ્યબાધ સુખસ્વરૂપ મોક્ષમાં આપવાનું જ છે પણ લેવાનું કાંઈ નથી. સંસારમાં માત્ર લેવાનું છે પણ આપવાનું કાંઈ નથી. લેવાની ક્રિયામાંથી છૂટવાનો ઉપાય જ્યાં કશું જ લેવાનું નથી અને કેવળ આપવાનુ છે, તેવો મોક્ષ મેળવવવો તે છે. તે મોક્ષ મેળવવાનું અનન્ય સાધન એક નમસ્કારભાવ યા કૃતજ્ઞતાગુણ છે.

યોગ્યને નમનારનો વિકાસ અને ન નમનારનો વિનાશ, એ આ સંસારનો અવિચળ નિયમ છે.

દાનરુચિ એ પણ નમસ્કારની જ એક રુચિ છે. નમસ્કાર એ સર્વશ્રેષ્ઠ પુરુષોને અને સર્વશ્રેષ્ઠ સદ્ગુણોને સર્વશ્રેષ્ઠ દાન છે. દાનરુચિ વિના દાનાદિ ગુણો જેમ ગુણ બની શકતા નથી, તેમ નમસ્કારરુચિ વિના પુણ્યનાં કાર્યો પણ પુણ્યાનુબંધી પુણ્યસ્વરૂપ બની શકતા નથી.

નમ્રતાનું મૂળ કૃતજ્ઞતા, કૃતજ્ઞતાનું બીજ પરોપકાર અને પરોપકારનું બીજ જગતસ્વભાવ છે. વિશ્વનું ધારણ–પાલન–

પોષણ પરોપકારથી જ થઈ રહ્યું છે. કોઈ પણ ક્ષણ એવી નથી, કે જેમાં એક જીવને બીજા જીવ તરફથી ઉપગ્રહ-ઉપકાર ન થતો હોય. એ સંબંધમાં કહ્યું છે કે-

'तरुवर सरवर संतजन, चोथा वरसत मेह;
परमारथ के कारणे, चारों धरिया देह ॥१॥'

अथवा- 'पिबन्ति नद्यः स्वयमेव नांभः,
स्वयं न खादन्ति फलानि वृक्षाः।
नादन्ति सस्यानि खलु वारिवाहाः,
परोपकाराय सतां विभूतयः ॥२॥'

'परकार्याय पर्याप्ते, वरं भस्म वरं तृणम्।
परोपकृतिमाधातु-मक्षमो न पुनः पुमान् ॥३॥'

तथा -'सूर्यचन्द्रमसौ व्योम्न, द्वौ नरौ भूषणं भुवः।
उपकारे मतिर्यस्य, यश्च तं न विलुम्पति ॥४॥'

## નમસ્કારમાં નમ્રતા.

અહિંસાદિ ધર્મ માત્રનું મૂળ નમ્રતા છે. ધર્મને સાનુબંધ બનાવનાર નમસ્કારનો ભાવ છે. ધર્મ પામવાનું પહેલું પગથિયું નમ્ર થવું તે છે જે નમ્ર બની શકતો નથી, તે ધર્મને ઓળખી શકતો નથી.

ધર્મને ઓળખવા માટે કર્મના સ્વરૂપને જાણવું જોઇએ અને જે કર્મના સ્વરૂપને જાણે, તે અવશ્ય નમ્ર બને છે. નમ્ર બનીને સંયમી થનારો આત્મા આવતાં કર્મોને રોકે છે.

અને જુના કર્મોને વિખેરવા માટેનું સાધન તપ, તેને કરવા માટે સદા ઉલ્લસિત રહે છે.

એક નમસ્કારમાં અહિંસા, સંયમ અને તપ—એ ત્રણેય પ્રકારનાં ધર્મનાં અંગોને મેળવી આપવાનું સામર્થ્ય છે. ધર્મ કરીને જ જે ગર્વ કરે છે, તે ધર્મ વાસ્તવિક નહિ પણ ધર્મનો આભાસ માત્ર છે.

કર્મની ભયાનકતાના જ્ઞાનથી થતી નમ્રતા એ જ વાસ્તવિક નમ્રતા છે. કર્મના સ્વરૂપનું જ્ઞાન થતાંની સાથે જ તે જ્ઞાન જીવને નમ્ર બનાવી દે છે. કર્મ સ્વરૂપના જ્ઞાન વિના કર્મ—કચવરને કાઢવાની કે રોકવાની વૃત્તિ થતી નથી.

નમ્રતાને પેદા કરનાર તત્ત્વજ્ઞાન જો ન મળે તો તે આત્મા કર્મનો ક્ષય કરનાર તાત્ત્વિક ધર્મને કેવી રીતે પામી શકે? અહિંસા, સંયમ અને તપ રૂપી સત્ય ધર્મને પામવા માટે કર્મની સત્તા, બંધ, ઉદય અને ઉદીરણાદિને શ્રી સર્વજ્ઞ ભગવાને કહ્યાં છે. તેને જાણવા વડે પ્રાપ્ત થતી તાત્ત્વિક નમ્રતાથી સાચા અહિંસાદિ ધર્મોની પ્રાપ્તિ અને પાલન થઈ શકે છે.

વિનય એ 'નમો' નો અર્થાત્ નમ્રતાનો પર્યાય છે. અષ્ટકર્મવિનયન—દૂરીકરણ એ વિનયની શક્તિ છે. તેનો અર્થ એ છે કે અષ્ટકર્મના બંધમાં મુખ્ય કારણભૂત અષ્ટ મદ છે, તેનો મૂળમાંથી નાશ કરવાની શક્તિ વિનયગુણમાં છે. નમ્ર વૃત્તિમાં છે.

મારો આત્મા અનાદિ—કર્મના સંબંધથી તુચ્છ, ક્ષુદ્ર, પરવશ અને પરાધીન દશામાં છે એવું જ્ઞાન શ્રી જિનવચન

વડે થવાથી જાતિ કુલ, રૂપ, બળ, લાભ ઐશ્વર્યાદિ કર્મકૃત ભાવોનું અભિમાન ગળી જાય છે અને જીવમાં સાચી નમ્રતા આવે છે. તેથી ધર્મને સાનુબંધ બનાવનાર નમસ્કારભાવ છે, એ વાક્ય સત્ય ઠરે છે.

આઠ મદના કારણભૂત આઠ કર્મ, આઠ કર્મનાં કારણભૂત ચાર કષાય અને ચાર સંજ્ઞા તથા પાંચ વિષય વગેરેથી ભય-ભીત થયેલો જીવ જ વાસ્તવિક ધર્મ પામવાને યોગ્ય છે.

ધર્મ પામેલા જીવો ઉપર તેને ભક્તિ અને પ્રમોદ જાગે છે તથા ધર્મને નહિ પામેલા જીવો પ્રત્યે કરુણા અને માધ્યસ્થ્ય આવે છે. એ ચાર ભાવ વિનાના ધર્માનુષ્ઠાનમાં કોઈ ને કોઈ પ્રકારનો મદભાવ છૂપાયેલો હોય છે, તેથી તે ધર્મ સાનુબંધ બનતો નથી.

ધર્મને સાનુબંધ બનાવવા માટે કર્મના વિચારની સાથે ગુણાધિક પ્રત્યે પ્રમોદ અને દુઃખાધિક પ્રત્યે કરુણા આદિ ભાવોની પણ તેટલી જ આવશ્યક્તા છે.

## સર્વશ્રેષ્ઠ મહામંત્ર.

જેઓ ત્રણ ભુવનને નમસ્કરણીય બન્યા છે, તેઓ આત્મ-દૃષ્ટિએ પોતાથી કોઈ નાનું નથી, એ ભાવ સ્પર્શીને જ બન્યા છે. તે કારણે નમસ્કરણીયનો નમસ્કાર આપણામાં સાચો નમસ્કારભાવ લાવી આપે છે.

આત્મદૃષ્ટિએ આપણા કરતાં કોઈ નાનું નથી, એમ જ્યારે સમજાય ત્યારે નમસ્કાર લાગુ પડ્યો ગણાય. એવો ભાવનમસ્કાર પામીને જ જીવો મોક્ષે ગયા છે અને જાય છે.

આત્મદૃષ્ટિએ મારાથી કોઈ નાનું નથી, કેમ કે સર્વ આત્માઓ સ્વરૂપથી સરખા છે: દેહદૃષ્ટિએ મારાથી કોઇ મોટું નથી, કેમ કે કર્મકૃત ભાવો સૌને સરખા છે: કર્મકૃત શુભ પણ પરિણામ દૃષ્ટિએ અશુભ અથવા વિનશ્વર છે.

કોઈ નાનું નથી- એ વિચાર ગર્વને રોકે છે અને કોઈ મોટું નથી—એ વિચાર દૈન્યને અટકાવે છે. ધર્મની માતા દયા છે અને પિતા દાન છે. પાપની માતા માયા છે અને પિતા માન છે. દાન વડે માનનો નાશ થાય છે અને દયા વડે માયાનો નાશ થાય છે.

દાનમાં સર્વશ્રેષ્ઠ દાન સન્માનનું દાન છે. શ્રી નમસ્કાર-મંત્રમાં પંચપરમેષ્ઠિઓનું સન્માન થાય છે, તેથી તે મોટામાં મોટું દાન છે; અને શ્રી નમસ્કારમંત્ર વડે સર્વ દુઃખી જીવોના દુઃખને દૂર કરવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તેથી તે મોટામાં મોટી દયા—કરુણા છે.

સર્વોત્કૃષ્ટ દયા અને દાન વડે માયા અને માનનો નાશ કરનાર હોવાથી, શ્રી નમસ્કામંત્ર એ જીવનમાં ઉત્તમ પરિવર્તન આણનાર સર્વશ્રેષ્ઠ મહામંત્ર છે.

## ત્રિકરણ યોગનો હેતુ.

શ્રી અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ—એ બધી સિદ્ધ અવસ્થાની પૂર્વભૂમિકાઓ છે. તેથી જ તે પરમેષ્ઠિઓ

કહેવાય છે, અને તેમાં સમ્યગ્જ્ઞાન, દર્શન ચારિત્ર અને તપની સર્વોત્કૃષ્ટ સંપત્તિઓ વસે છે.

ચમત્કારથી નમસ્કાર એ લોભવૃત્તિ છે, જ્યારે નમસ્કારથી ચમત્કાર એ ધર્મવૃત્તિ છે.

ધર્મનું મૂળ નમસ્કાર છે અને ધર્મનું ફળ ચિત્ત-પ્રસાદરૂપી પુરસ્કાર છે ધર્મનું સ્વરૂપ ભાવ–વિશુદ્ધિ છે. નમસ્કારનો સાક્ષાત્ પુરસ્કાર ચિત્તપ્રસાદ છે.

ચિત્તપ્રસાદનું ફળ 'આત્મીય–ગ્રહ–મોક્ષ' છે. એટલે પૌદ્ગલિક ભાવોમાં મારાપણાની બુદ્ધિનો નાશ છે.

કોઈ પણ ધર્મનો નિયમ ત્રણ 'કરણ' અને ત્રણ 'યોગ' પૂર્વક જ પૂર્ણ બને છે. મનથી કરાવણ અને મનથી અનુમોદન–એ વિશ્વહિતચિન્તનના ભાવની અંતર્ગત આવી જાય છે.

વિશ્વહિતચિન્તનનો ભાવ એ શ્રી જિનેશ્વરદેવનો ભાવ હોવાથી ભવભ્રમણનું નિયમન કરે છે. અર્ધપુદ્ગલપરાવર્તથી અધિક ભવભ્રમણ ન થાય, એવો નિયમ માત્ર જ્ઞાન કે માત્ર ચારિત્રની અપેક્ષા રાખતો નથી, પણ શ્રી જિનવચન, શ્રી જિન-વિચાર કે શ્રી જિનવર્તન ઉપર આદરભાવની અપેક્ષા રાખે છે,

ત્રણ કરણ અને ત્રણ યોગપૂર્વક થતી ધર્મક્રિયા વિશ્વહિત-ચિન્તનને આવરી લેતી હોવાથી તે ભવભ્રમણને પરિમિત બનાવે છે. નમસ્કાર પણ ધર્મક્રિયા છે, તેથી ત્રિકરણ યોગે કરવાનું વિધાન છે.

## સાચી માનવતા.

જેનાથી અધિક ઉપકાર થાય તેને નમવું તે માનવતા છે. માણસને મળેલ મનનું તે શ્રેષ્ઠ ફળ છે. તેથી ઉપકારીઓને નમસ્કાર એ પરમ કર્ત્તવ્ય છે.

ભૌતિક પદાર્થો વડે થતો ઉપકાર એક પાક્ષિક, કેવળ ઇહ-લૌકિક છે, જ્યારે ઉભયલૌકિક ઉપકાર અભૌતિક-ચિન્મય પદાર્થોથી થાય છે. તેથી અભૌતિક પદાર્થો 'પ્રથમ' નમ-સ્કારને પાત્ર છે.

શાસ્ત્રો કહે છે કે જે દુઃખ મળ્યું છે, તે આપણી અયોગ્યતા કરતાં ઓછું છે—એમ માનતાં શીખો અને જે સુખ મળ્યું છે, તે આપણી યોગ્યતા કરતાં અધિક છે—એમ માનતાં શીખો. પુણ્યને પરની સહાયતા વડે માનતાં શીખો અને પાપને કેવળ સ્વથી માનતાં શીખો.

પાપ પ્રત્યે પક્ષપાત અને પુણ્ય પ્રત્યે અણગમો, તે જ બધાં દુઃખોનું મૂળ છે; અને તેનું કારણ કાર્ય—કારણભાવના નિયમનો અવિચાર અથવા અજ્ઞાન છે. કારણને અનુરૂપ કાર્ય હોય છે.

પાપ પરને પીડારૂપ છે, તેથી તેનું ફળ દુઃખ છે અને પુણ્ય પરની પીડાના પરિહારરૂપ છે, તેથી તેનું ફળ સુખ છે.

સાચું સુખ મોક્ષમાં છે—પુણ્ય—પાપથી રહિત અવસ્થામાં છે. જેને ઊર્ધ્વગમન કરવું હોય, તેણે ઉચ્ચ પદાર્થોને નમતાં શીખવું જોઇએ, તેમાં સાચી માનવતા છે.

નખ કરતાં આંગળી, વાળ કરતાં માથું અને વસ્ત્ર કરતાં શરીર જેમ મૂલ્યમાં અધિકતર છે, તેમ શરીર કરતાં આત્માનું મૂલ્ય અધિકતમ છે, એમ માનતાં શીખવું જોઇએ.

ધન એ અગિયારમો પ્રાણ છે. તેના કરતાં દશ દ્રવ્ય-પ્રાણની અધિકતા સ્વીકારવી અને દ્રવ્યપ્રાણ કરતાં ભાવપ્રાણની વિશેષતા–અધિકતા સ્વીકારવી તેમાં વિવેક છે, વિચાર છે અને સત્યનો સ્વીકાર છે. પરમેષ્ઠિ નમસ્કારમાં વિવેક વિચાર તથા સત્યનો સ્વીકાર હોવાથી માનવતાની સફળતા છે.

## શ્રી પંચપરમેષ્ઠિમય વિશ્વ.

શ્રી અરિહંત પંચપરમેષ્ઠિમય છે. શ્રી પંચપરમેષ્ઠિની સ્તુતિ તે શ્રી અરિહંતની સ્તુતિ છે.

શ્રી અરિહંતમાં અરિહંતપણું તો છે જ, પરન્તુ તે ઉપ-રાન્ત સિદ્ધપણું પણ છે: અર્થની દેશના આપનારા હોવાથી આચાર્યપણું પણ છે: શ્રી ગણધર ભગવંતોને ત્રિપદી રૂપી સૂત્રનું દાન કરનારા હોવાથી ઉપાધ્યાયપણું પણ છે: કંચન–કામિનીના સંગથી અલિપ્ત, નિર્વિષય ચિત્તવાળા, નિર્મમ, નિ:સંગ અને અપ્રમત્તભાવવાળા હોવાથી સાધુપણું પણ છે.

એ રીતે પાંચેય પરમેષ્ઠિમય હોવાથી શ્રી અરિહંતની સ્તુતિ શ્રી પંચપરમેષ્ઠિની સ્તુતિ રૂપ છે અને શ્રી પંચપરમેષ્ઠિની સ્તુતિ શ્રી અરિહંતની સ્તુતિ રૂપ છે શ્રી અરિહંતમાં પંચ-પરમેષ્ઠિ અને શ્રી પંચપરમેષ્ઠિમાં શ્રી અરિહંત રહેલા છે.'

બીજી રીતે શ્રી અરિહંત એ વિશ્વના આત્મા છે. સમગ્ર વિશ્વ તેઓશ્રીના આત્મામાં જ્ઞાન રૂપે, કરુણા રૂપે મૈત્રી રૂપે, પ્રમોદ રૂપે અને માધ્યસ્થ્ય રૂપે રહેલું છે–પ્રતિષ્ઠિત થયેલું છે.

વિશ્વ શ્રી અરિહંત રૂપ છે, કેમ કે શ્રી અરિહંતોની કરુણાનો વિષય છે, શ્રી અરિહંતોના જ્ઞાનનું જ્ઞેય છે અને શ્રી અરિહંતોના ઉપદેશ અર્થાત્ આજ્ઞાનું આલંબન અથવા ક્ષેત્ર છે.

એ રીતે શ્રી અરિહંત સમગ્ર વિશ્વમય અને સમગ્ર વિશ્વ શ્રી અરિહંતમય છે, અર્થાત્ શ્રી પંચપરમેષ્ઠિ સમગ્ર વિશ્વમય અને સમગ્ર વિશ્વ શ્રી પંચપરમેષ્ઠિમય છે.

## શ્રી પંચપરમેષ્ઠિનું ધ્યાન.

શ્રી પંચપરમેષ્ઠિનું ધ્યાન જ્યારે શબ્દ, અર્થ અને જ્ઞાનથી સંકીર્ણ હોય છે, ત્યારે તે સવિકલ્પ સમાધિનો હેતુ બને છે. એ રીતે જ્યારે દેશ, કાળ, જાતિ આદિથી યુક્ત હોય છે, ત્યારે પણ તે સવિકલ્પ સમાધિ બને છે. જ્યારે દેશ, કાળ, જાતિ આદિથી શૂન્ય કેવળ અર્થ માત્ર નિર્ભાસ બને, ત્યારે જો તે સ્થૂલ વિષયક હોય તો નિર્વિતર્ક અને સૂક્ષ્મ વિષયક હોય તો નિર્વિચાર સમાધિ રૂપ બને છે, એમ.શ્રી પાતંજલ યોગદર્શન કહે છે.

સ્થૂલ એટલે મનુષ્યાદિ પર્યાય રૂપ અને સૂક્ષ્મ એટલે શુદ્ધ આત્મસ્વરૂપ સમજવું. શ્રી જૈનદર્શન મુજબ પર્યાયયુક્ત સ્થૂલ–સૂક્ષ્મ દ્રવ્યનું ધ્યાન એ સવિતર્ક–સવિચાર અને પર્યાયવિનિર્મુક્ત સ્થૂલ–સૂક્ષ્મ દ્રવ્યનુ ધ્યાન તે નિર્વિતર્ક–નિર્વિચાર સમાધિ છે. અથવા અંતરાત્મામાં પરમાત્માના ગુણોનો અભેદ આરોપ (સમાપત્તિ) તે ધ્યાનુ ફળ છે અને તે સંસર્ગારોપ વડે થાય છે.

સંસર્ગારોપ એટલે જેના તાત્ત્વિક અનંત ગુણો આવિર્ભાવ પામેલા છે, તેવા સિદ્ધાત્માઓનાં ગુણો વિષે અંતરાત્માનો

એકાગ્ર ઉપયોગ અને તે ચંચલ ચિત્તવાળાને ઇન્દ્રિયોના નિગ્રહ વિના થતો નથી.

ઇંદ્રિયોનો નિગ્રહ શ્રી જિનપ્રતિમાદિ અને સૂત્ર-સ્વાધ્યાયાદિના આલંબન વિના થતો નથી. માટે તત્ત્વની પ્રાપ્તિમાં સૂત્ર-સ્વાધ્યાય અને શ્રી જિનપ્રતિમાદિનું આલંબન પણ પ્રકૃષ્ટ ઉપકારક છે. તે માટે શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથામાં કહ્યું છે કે–

**'मूलोत्तरगुणाः सर्वे, सर्वा चेयं बहिष्क्रिया ।**
**मुनीनां श्रावकाणां च, ध्यानयोगार्थमीरिताः ॥ १ ॥'**

'**અર્થ**:– સાધુઓ અને શ્રાવકોના મૂલ-ઉત્તરગુણો તથા સઘળી બાહ્ય ક્રિયાઓ ધ્યાનયોગને માટે કહેલ છે.'

## નવકારમાં ભગવદ્‌ભક્તિ.

નવકારમાં કેવળ વીર પૂજા નથી, પરન્તુ ભગવદ્‌ભક્તિ પણ ભરેલી છે. સકલ જીવલોકનું કલ્યાણ કરવું એ શ્રી પરમેષ્ઠિ ભગવંતોને સ્વભાવ રૂપ બની ગયું છે. તેઓશ્રીનો તે સ્વભાવ તેઓશ્રીના નામ, આકૃતિ દ્રવ્ય અને ભાવ–એ ચારેય નિક્ષેપ વડે આવિર્ભાવ પામે છે.

નવકારના પહેલા પાંચ પદમાં રહેલા પાંચેય પરમેષ્ઠિઓ ચારેય નિક્ષેપથી ત્રણેય કાળમાં અને ચૌદેય લોકમાં પોતાના સ્વભાવથી જ સર્વનું કલ્યાણ કરી રહેલા છે.

છેલ્લા ચાર પદોમાં તેઓશ્રીને નમસ્કાર કરનારા ચારેય ગતિના સમ્યગ્દૃષ્ટિ અને માર્ગાનુસારી જીવો, 'ધ્યાતા–ધ્યેય-

સ્વરૂપ બને'– એ ન્યાયે આગમથી અર્થાત્ જ્ઞાનોપયોગથી ભાવનિક્ષેપે શ્રી પંચપરમેષ્ઠિ રૂપ બનીને સકલ પાપના વિધ્વસંક તથા સકલ મંગલના ઉત્પાદક બને છે.

'નો' આગમથી ભાવનિક્ષેપે શ્રી અરિહંતાદિ પરમેષ્ઠિઓ પોતે છે અને આગમથી ભાવનિક્ષેપે તેઓશ્રીના જ્ઞાતા અને તેઓશ્રીના ધ્યાનમાં ઉપયોગવંત એવા ધ્યાતા પણ છે.

નમસ્કારની ચૂલિકા મળીને પાંચ પદ તે મહાશ્રુતસ્કંધ રૂપ છે. એનો અર્થ એ થયો કે નમસ્કાર્ય, નમસ્કાર કરનાર અને નમસ્કાર્યનાં હૃદયમાં જ્ઞાન અને કરુણાના વિષયભૂત સમસ્ત જીવલોક શ્રી નમસ્કાર મહામંત્ર રૂપી મહાશ્રુતસ્કંધમાં સમાવિષ્ટ થઇ જાય છે.

ચૌદ રાજલોક અને સચરાચર સૃષ્ટિને આવરી લેતો શ્રી નમસ્કારમંત્ર સર્વવ્યાપક છે. સમગ્ર વિશ્વ સાથે વિવેકપૂર્વકની એકતાનતા અને એકરસતા કેળવવા માટેનું સહેલામાં સહેલું સાધન અર્થભાવનાપૂર્વક થતું શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ અને રટણ છે.

પરમેષ્ઠિઓ પછી તે ત્રણેય કાળના અને સર્વક્ષેત્રના હો પણ તે જાતિથી એક છે. તેથી એકનો પ્રભાવ સર્વમાં છે અને સર્વનો પ્રભાવ એકમાં છે. એક શ્રી અરિહંતના સ્મરણમાં સર્વનું સ્મરણ આવી જાય છે.

ત્રણેય ભુવનમાં રહેલ સારભૂત તત્ત્વ આર્હંત્ય અને તેનુ સ્મરણ એક શ્રી અરિહંતના સ્મરણથી થાય છે, તેથી શ્રી અરિહંતના સ્મરણનો પ્રભાવ અચિંત્ય છે.

વિશ્વને શુભ, શુભતર કે શુભતમ બનાવનાર અથવા અશુભ, અશુભતર કે અશુભતમ થતું અટકાવનાર જો કોઈ હોય, તો તે આ શ્રી પંચપરમેષ્ઠિમય તત્ત્વ છે. આ નિશ્ચય જેમ જેમ દૃઢ થતો જાય છે, તેમ તેમ શ્રી અરિહંતોનું કે શ્રી પરમેષ્ઠિઓનું સ્મરણ, ભાવસ્મરણ બનીને જીવનું ભાવ-રક્ષણ કરે છે.

જેનું મનન કરવાથી રક્ષણ થાય તે મંત્ર છે. તેથી નમસ્કારના વર્ણો વડે થતું શ્રી પરમેષ્ઠિઓનું સ્મરણ મહા મંત્ર-સ્વરૂપ બની પરમ ઉપકારક થાય છે.

## શ્રી નમસ્કારમંત્રનું સ્મરણ.

જે શ્રી જિનશાસનનો સાર છે, જેને અંત સમયે પામીને ભવસમુદ્ર તરી જવાય છે અને જીવનમાં અનેક પાપો આચરવા છતાં જેના સ્મરણ માત્રથી જીવો સદ્દગતિને પામે છે, તે શ્રી પંચપરમેષ્ઠિ નવકાર મહામંત્ર અચિંત્ય મહિમાથી ભરેલો છે.

દેવપણું મળવું સહેલું છે; વિશાળ રાજ્ય, સુંદર સ્ત્રીઓ, રત્નના ઢગલા કે સુવર્ણના ડુંગરો મળવા સુલભ છે, પણ શ્રી નવકારમંત્ર મળવો અને તેના પ્રત્યે અંતરંગ પ્રેમ જાગવો એ સૌથી વધુ દુર્લભ છે. તે કારણથી પ્રત્યેક કાર્યના પ્રારંભમાં તેને સ્મરણ કરવાનું વિધાન છે.

ચૌદ પૂર્વને ધરનારા પણ અંત સમયે એ મહામંત્રનું સ્મરણ કરે છે. એના પ્રભાવથી સ્વયંભૂરમણ સાગર કરતાં પણ મોટો એવો ભવસાગર સુખપૂર્વક તરી શકાય છે તથા મોક્ષના

અવિચલ સુખો શીઘ્રપણે–જલદીથી પ્રાપ્ત કરી શકાય છે. એ મહામંત્રનું સ્મરણ હૃદયમાં અખંડપણે કાયમ રહે, એવો મનોરથ સમ્યગ્દૃષ્ટિ જીવને સદા માટે હોય છે. તે અંગે કહ્યું છે કે–

'દશમે અધિકારે મહા મંત્ર નવકાર,
મનથી નવિ મૂકો શિવસુખ ફલ સહકાર;
એહ જપતાં જાયે દુર્ગતિ દોષ વિકાર,
સુપરે એ સમરો ચૌદ પૂરવનો સાર. (૧)

જન્માંતર જાતાં જો પામે નવકાર,
તો પાતિક ગાળી, પામે સુર અવતાર;
એ નવપદ સરિખો મંત્ર ન કોઈ સાર,
ઇહભવ ને પરભવે સુખ સંપત્તિ દાતાર. (૨)

જુઓ ભીલ ભીલડી, રાજા રાણી થાય,
નવપદ મહિમાથી રાજસિંહ મહારાય;
રાણી રત્નાવતી બેહુ પામ્યા છે સુરભોગ,
એક ભવ પછી લેશે શિવવધૂ સંજોગ. (૩)

શ્રીમતીને એ વળી મંત્ર ફલ્યો તત્કાલ,
ફણિધર ફીટીને પ્રગટ થઇ ફૂલમાલ;
શિવકુમરે જોગી સોવન પુરિષો કીધ,
એમ એણે મંત્રે કાજ ઘણાનાં સિદ્ધ. (૪)"

–ઉપા. શ્રી વિનયવિજયજી મહારાજ
(પુણ્યપ્રકાશનું સ્તવન ઢાળ ૧૦)

॥ शुभं भवतु सर्वेषाम् ॥

# અનુપ્રેક્ષા

## કિરણ ત્રીજું

卐

## મહામંત્રની આરાધના.

આરાધ્ય, આરાધક, આરાધના અને આરાધનાનું ફળ–આ ચારેય વસ્તુઓનું જ્ઞાન મહામંત્રની આરાધનામાં આવશ્યક છે.

(૧) આરાધ્ય–નવકાર.

(૨) આરાધક–સમિતિ–ગુપ્તિયુક્ત જીવ.

(૩) આરાધના–મન, વચન અને કાયાની શુદ્ધિ તથા એકાગ્રતાથી થતો જાપ.

(૪) આરાધનાનું ફળ–ઇહલૌકિક અર્થ, કામ, આરોગ્ય–અભિરતિ તથા પારલૌકિક સ્વર્ગાપવર્ગનાં સુખ.

પવિત્ર ગુણોની સિદ્ધિ કૃપા વિના થતી નથી. નવકારના જાપથી પરમ પદે રહેલા પુરુષોનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે, તેથી જીવનમાં સંયમાદિ ગુણોની સિદ્ધિ થાય છે.

'**નમો**' એ શરણગમન રૂપ છે. દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના–એ શરણગમન રૂપ એક જ ઢાલની બે બાજુઓ છે.

દુષ્કૃતગર્હાથી પાપનું મૂળ બળે છે અને સુકૃતાનુમોદનાથી ધર્મનું મૂળ સિંચાય છે.

'નમો' એ સ્વાપકર્ષનો બોધક છે, તેથી દુષ્કૃતગર્હા થાય છે.

'નમો' એ જેને નમવામાં આવે છે, તેના ઉત્કર્ષનો બોધક છે, તેથી સુકૃતાનુમોદના થાય છે. સ્વાપકર્ષના સ્વીકારથી પાપનું પ્રાયશ્ચિત થાય છે અને પરોત્કર્ષના બોધથી

વિનયગુણ પુષ્ટ થાય છે, કે જે વિનયગુણ ધર્મનું મૂળ છે. આ રીતે એક નમસ્કારમાં જીવની શુદ્ધિ કરવા માટેની ત્રણેય પ્રકારની સામગ્રીઓ રહેલી છે.

## સાચો નમસ્કાર.

શરણગમન એ નગદ નાણું છે. દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના તે શરણગમન રૂપ એક જ સિક્કાની બે બાજુઓ છે.

દુષ્કૃતનો જ્યારે ભય લાગે, ત્યારે દોષરહિતનું શરણ સ્વીકારવાની મનોવૃત્તિ થાય છે.

સુકૃતનો જ્યારે પ્રેમ જાગે, ત્યારે સુકૃતના ભંડાર એવા શ્રી અરિહંતાદિનું શરણ ઈષ્ટ લાગે છે.

શ્રી અરિહંતાદિનો નમસ્કાર દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનાનું પરિણામ છે. તેથી તે એક બાજુ સહજમળનો હ્રાસ કરે છે અને બીજી બાજુ જીવના ભવ્યત્વભાવનો વિકાસ કરે છે.

સર્વ દોષ રહિતનું અને સર્વ ગુણસહિતનું શરણ જ્યારે દોષ દૂર કરવાના ભાવથી અને ગુણ મેળવવાના લક્ષ્યથી થાય છે, ત્યારે તે સાચો નમસ્કાર બને છે.

## પાપનો નાશક અને મંગલનો ઉત્પાદક.

નવકાર એ પાપનો નાશક અને મંગલનું મૂળ છે, એમ નમસ્કારની ચૂલિકામાં ફરમાવ્યું છે.

સહજમલ ઘટવાથી પાપનો નાશ થાય છે અને ભવ્યત્વ પરિપક્વ થવાથી મંગલની વૃદ્ધિ થાય છે.

સહજમલ ઘટે એટલે ભવ્યત્વ પાકે અને ભવ્યત્વ પાકે એટલે સહજમલ ઘટે, એમ પરસ્પર એકબીજાનો સંબંધ છે.

નમસ્કારમાં દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના રહેલી છે. દુષ્કૃતગર્હાથી સહજમલ ઘટે છે અને સુકૃતાનુમોદનાથી ભવ્યત્વ પાકે છે.

સુકૃતની સાચી અનુમોદના દુષ્કૃતની ગર્હામાં રહેલી છે અને દુષ્કૃતની સાચી ગર્હા સુકૃતની અનુમોદનામાં રહેલી છે. ઉભય મળીને શરણ રૂપ સિક્કો બને છે. શરણ રૂપી સિક્કાનું બીજું નામ નમસ્કાર ભાવ છે.

તેનું સાધન એ પંચ મંગલનું ઉચ્ચારણ છે.

## દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના, એ એક જ સિક્કાની બે બાજુઓ છે

જીવની કર્મના સંબંધમાં આવવાની શક્તિ તે સહજમલ છે છે અને કર્મનાં સંબંધમાંથી છૂટવાની શક્તિ તે તથાભવ્યત્વ છે.

યોગ્યને ન નમવાથી અને અયોગ્યને નમવાથી સહજમલ વધે છે. તેથી વિપરીતપણે યોગ્યને નમવાથી અને અયોગ્યને ન નમવાથી તથાભવ્યત્વ વિકસે છે.

યોગ્યને નમવું અને અયોગ્યને ન નમવું, તેનો જ અર્થ સાચો નમસ્કાર છે.

સાચો નમસ્કાર એટલે યોગ્યને શરણે જવું અને અયોગ્યને શરણે ન જવું.

અયોગ્યને ન નમવું તે અયોગ્યને શરણે ન જવા બરાબર છે.

યોગ્યને નમવું તે યોગ્યને શરણે જવા બરાબર છે.

અયોગ્યને શરણે ન જવું એનું નામ દુષ્કૃતગર્હા છે અને યોગ્યને શરણે જવું એનું નામ સુકૃતાનુમોદના છે. એ બંને શરણગમનરૂપ સિક્કાની બે બાજુઓ છે.

શ્રી અરિહંતાદિનો નમસ્કાર તે શ્રી જિનશાસન રૂપી સામ્રાજ્યનું નગદનાણું છે.

તે નાણાંની એક બાજુ દુષ્કૃતગર્હાની છાપ છે અને બીજી બાજુ સુકૃતાનુમોદનાની છાપ છે. નમસ્કાર, દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના-એ ત્રણેય મળીને ભવ્યત્વ પરિપાકનો ઉપાય બને છે.

## સંસારની વિમુખતા—મોક્ષની સન્મુખતા.

સહજમલ જીવને સંસાર તરફ ખેંચે છે, જ્યારે તથાભવ્યત્વભાવ જીવને મુક્તિ તરફ ખેંચે છે.

સહજમલના હ્રાસથી પાપના મૂળનો નાશ થાય છે અને તે દુષ્કૃતગર્હા વડે સાધ્ય છે.

તથાભવ્યત્વના વિકાસથી ધર્મનાં મૂળનું સિંચન થાય છે અને તે સુકૃતાનુમોદન વડે સાધ્ય છે.

શ્રી અરિહંતાદિનો નમસ્કાર સંસાર અને તેના હેતુઓથી જીવને પરાઙ્મુખ બનાવનાર છે તથા મુક્તિ અને તેના હેતુઓની અભિમુખ કરનાર છે.

શ્રી અરિહંતાદિનું શરણુ જેમાં રહેલું છે, એવી નમસ્કારની ક્રિયા સંસારની વિમુખતા કરાવી આપે છે અને મોક્ષની સન્મુખતાને સાધી આપે છે, તેથી તે પુનઃ પુન કર્તવ્ય છે.

વિષયોને નમવાથી સહજમલનું બળ વધે છે. પરમેષ્ઠિઓને નમવાથી તથાભવ્યત્વભાવ વિકસિત થાય છે.

પરમેષ્ઠિઓ પાંચ છે અને વિષયો પણ પાંચ છે.

નમવું એટલે શરણે જવું. પાંચ વિષયોને શરણે જવાથ ચાર કષાયો પુષ્ટ થાય છે.

પાંચ પરમેષ્ઠિઓને શરણે જવાથી આત્માના ચાર મૂળ ગુણ–જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ પુષ્ટ થાય છે.

પુષ્ટ થયેલા ચાર કષાયો ચાર ગતિ રૂપ સંસારને વધારે છે. પુષ્ટ થયેલા જ્ઞાનાદિ ચાર ગુણો ચાર ગતિનો છેદ કરે છે

ચાર ગતિનું કારણ ચાર કષાયો છે. જ્ઞાનાદિ ગુણો અને દાનાદિ ધર્મો વડે ચાર પ્રકારના કષાયોનો છેદ થાય છે.

સમ્યગ્દર્શનગુણ ક્રોધકષાયનો નિગ્રહ કરે છે, સમ્યગ્જ્ઞાનગુણ માનકષાયનો નિગ્રહ કરે છે, સમ્યગ્ચારિત્રગુણ માયાકષાયનો નિગ્રહ કરે છે અને સમ્યક્તપગુણ લોભકષાયનો નિગ્રહ કરે છે

દાનધર્મ વડે માન તજાય છે અને નમ્રતા આવે છે શીલધર્મ વડે માયા તજાય છે અને સરળતા આવે છે, તપ ધર્મ વડે લોભ જિતાય છે અને સંતોષ આવે છે તથા ભાવ ધર્મ વડે ક્રોધ જિતાય છે અને સહનશીલતા આવે છે

શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર, એ ચાર પ્રકારના ધર્મ વડે અને જ્ઞાનાદિ ચાર ગુણોની પુષ્ટિ વડે ચાર ગતિ અને તેનું મૂળ ચાર કષાયો તેનો અંત કરી પંચમ ગતિને અપાવે છે.

## ધર્મપ્રાપ્તિનું દ્વાર.

સંસાર અસાર છે. તેમાં દુઃખને તો અસાર સૌ કોઇ માને છે, કિન્તુ જ્ઞાની પુરુષો સંસારના સુખને પણ અસાર ગણે છે, કારણ કે સુખને માટે પાપ થાય છે અને પાપના પરિણામે દુઃખ મળે છે. તેથી દુઃખ નહિ પણ પાપ અસાર છે તથા સુખ એ સાર નહિ પણ તેનું કારણ સુકૃત એ સાર છે, આવી બુદ્ધિવાળાને જ શ્રી અરિહંતાદિ ચારનું શરણ પ્રિય લાગે છે.

ભગવાનનું શરણ સ્વીકારવા માટે મુખ્ય બે જ શરતો છે.

એક તો પાપને–દુષ્કૃતને અસાર માનવું અને બીજું ધર્મને–સુકૃતને સાર માનવો. એમ માનનાર જ સર્વથા પાપ-રહિત અને ધર્મસહિત એવા શ્રી અરિહંતાદિ ચારનું મહાત્મ્ય સમજી શકે અને તેઓના નમસ્કારને ભાવથી આદરી શકે.

જેમ સુવર્ણના અલંકારોમાં સુવર્ણ એ મુખ્ય કારણ છે, તેમ અર્થપ્રાપ્તિમાં, કામપ્રાપ્તિમાં અને મોક્ષપ્રાપ્તિમાં ધર્મ એ મુખ્ય કારણ છે.

અર્થ, કામ અને મોક્ષ–એ ધર્મરૂપી સુવર્ણના જ ભિન્ન ભિન્ન ઘાટ છે. તે ધર્મ પ્રત્યેની પ્રીતિ નમસ્કારભાવથી જાગે છે, તેથી પરમેષ્ઠિ નમસ્કાર ધર્મપ્રાપ્તિનું દ્વાર છે.

## પાપનો પશ્ચાત્તાપ અને પુણ્યનો પ્રમોદ.

પાપકાર્ય કરીને જેને ખરેખર પસ્તાવો થાય, તેનું પાપ વધતું અટકી જાય છે.

ધર્મકાર્ય કરીને જેને હર્ષ ન થાય, તેનું પુણ્ય વધતું અટકી જાય છે.

પાપનો પશ્ચાત્તાપ એ પાપથી પાછા ફરવાનું સાધન છે. પુણ્યનો પ્રમોદ એ પુણ્યમાં આગળ વધવાનો ઉપાય છે.

શ્રી નમસ્કારમંત્રમાં પાપનો પશ્ચાત્તાપ છે અને પુણ્યનો પ્રમોદ છે.

પાપનો પશ્ચાત્તાપ એ દુષ્કૃતગર્હાનું જ બીજું નામ છે. પુણ્યનો પ્રમોદ એ સુકૃતાનુમોદનાનો પર્યાય શબ્દ છે.

શ્રી નમસ્કારમંત્રની આરાધના પાપથી પાછા ફરવાની અને પુણ્યમાં આગળ વધવાની પ્રેરણા આપે છે. તેથી પાપ નિરનુબંધ બને છે અને પુણ્ય સાનુબંધ થાય છે.

પુણ્યાનુબંધી પુણ્યનો અર્થી અને પાપાનુબંધથી ભીરુ–એવા પ્રત્યેક મુમુક્ષુ આત્માઓ માટે નિત્ય એકસો ને આઠ વાર શ્રી નમસ્કારમંત્રનું સ્મરણ, આજ સુધી નહિ પ્રાપ્ત થયેલી એવી આધ્યાત્મિક નવી દુનિયામાં પ્રવેશ કરવાનું પ્રબળ સાધન બને છે.

માર્ગે ચાલવું તેટલું કઠિન નથી, જેટલું કઠિન માર્ગે ચઢવું તે છે.

શ્રી નમસ્કારમહામંત્ર જીવને અધ્યાત્મ માર્ગે ચઢાવે છે. શુદ્ધ અધ્યાત્મના માર્ગે ચઢ્યા પછી જીવની જેટલી શક્તિ તેટલો તે માર્ગે ચાલવા પ્રયાસ કરે છે અને તેથી મોડો-વહેલો પણ પોતાના ઈષ્ટ સ્થાને પહોંચે છે.

શુદ્ધ અધ્યાત્મ તે પાપરહિત થવાનો માર્ગ છે. પુણ્યની પણ પેલે પાર તેનાથી જ જવાય છે.

શ્રી નમસ્કારમંત્ર દુષ્કૃતગર્હારૂપ હોવાથી જીવને પાપ-રહિત બનાવે છે.

શ્રી નમસ્કારમંત્ર સુકૃતાનુમોદનારૂપ હોવાથી જીવને પુણ્યાનુબંધી પુણ્યવાળો બનાવે છે.

શ્રી નમસ્કારમંત્ર શ્રી અરિહંતાદિ ચારના શરણરૂપ હોવાથી આત્માના શુદ્ધ સ્વરૂપને પમાડનાર થાય છે.

શ્રી અરિહંતાદિ ચાર, એ આત્માનું શુદ્ધ સ્વરૂપ પામેલા હોવાથી તેઓનું અવલંબન શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન અને શ્રદ્ધાન કરાવે છે તથા તે જ્ઞાન અને શ્રદ્ધાન મુજબ આત્માના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરાવનાર થાય છે. શુદ્ધ સ્વરૂપનું ધ્યાન અંતે મુક્તિ અપાવે છે.

## શ્રી નમસ્કારમંત્રની સિદ્ધિ.

કેટલાક શારીરિક દુઃખને જ દુઃખ માને છે. કેટલાક તેથી આગળ વધીને માનસિક દુઃખોને દુઃખ માને છે. તેથી પણ આગળ વધીને કેટલાક શારીરિક–માનસિક દુઃખોનાં મૂળ જે વાસના, મમતા યા તૃષ્ણા તેને જ દુઃખ માનીને તેના નિવારણ માટે પ્રયત્ન કરે છે.

મમતા સંકુચિત મટીને જ્યારે વ્યાપક બને છે, ત્યારે આપોઆપ સમતા આવે છે. બંનેના મૂળમાં સ્નેહતત્ત્વ છે.

જ્યારે સ્નેહ સંકીર્ણ-સંકીર્ણતર હોય, ત્યારે મમતા કહેવાય છે. તે જ્યારે વ્યાપક અને પરિપૂર્ણ બને, ત્યારે સમતા કહેવાય છે. સંકીર્ણ સ્નેહ એ જ મમતા છે, તેમાંથી વાસના યા તૃષ્ણા પેદા થાય છે તથા તે વાસના જ આન્તર્ અને બાહ્ય સર્વ પ્રકારનાં દુઃખોનું મૂળ છે.

માણસ ઘરનો, દુકાનનો યા વસ્ત્રનો કચરો યા મેલ દૂર કરવા તત્પર રહે છે અને અનાજમાં કે ભોજનમાં રહેલો કચરો પણ અપ્રમત્તભાવે દૂર કરે છે. માત્ર મનમાં કે આત્મામાં રહેલો મમતારૂપી મેલ કે તૃષ્ણા અને વાસનારૂપી કચરો કાઢવા માટે તત્પરતા દાખવતો નથી.

તે તત્પરતા શાસ્ત્રાભ્યાસ તથા તત્ત્વચિંતનથી આવે છે. શાસ્ત્રાભ્યાસ તથા તત્ત્વચિંતનનું બીજ શ્રી નમસ્કારમંત્ર છે.

શ્રી નમસ્કારમંત્રનાં સ્મરણ અને સતત ચિંતનથી શાસ્ત્રાભ્યાસ પ્રત્યે આદર જાગે છે. શાસ્ત્રાભ્યાસ પ્રત્યે આદર જાગવાથી શાસ્ત્રકાર પ્રત્યે આદર જાગે છે -બહુમાન ઉત્પન્ન થાય છે. શાસ્ત્રકાર પ્રત્યે બહુમાન ઉત્પન્ન થવાથી તત્ત્વચિંતન ઊંડું થાય છે. તત્ત્વચિંતન ઊંડું થવાથી વાસના, તૃષ્ણા અને મમતાનું મૂળ સ્નેહની સંકીર્ણતા છે, એમ સમજાય છે.

સ્નેહની સંકીર્ણતા એ મમતાદિ બધા દોષોનું મૂળ છે, એવી સમજણ જ્યારે જીવને થાય છે, ત્યારે તે તેને કાઢવા

માટેનો ઉપાય શોધે છે. એ ઉપાય શોધતાં તેને શ્રી નમસ્કાર-મંત્ર ઉપર સર્વાધિક આદર ઉત્પન્ન થાય છે.

શ્રી નમસ્કારમંત્ર ઉપરના અધિક આદરથી સમસ્ત જીવ-રાશિ ઉપર સ્નેહનો પરિણામ વ્યાપી જાય છે.

સંકીર્ણ સ્નેહ જે મમતા યા વાસનાનું કારણ બનતો હતો, તે જ જ્યારે વ્યાપક અને પૂર્ણ બને છે, ત્યારે સમતાનો હેતુ બની જાય છે.

સમતાની સિદ્ધિનો ઉપાય સ્નેહની વ્યાપકતા છે અને સ્નેહની વ્યાપકતાનો ઉપાય નિષ્કામ સ્નેહપૂર્ણ શ્રી પંચપર-મેષ્ઠિનો નમસ્કાર છે, એમ જ્યારે સમજાય છે, ત્યારે નમસ્કાર-મંત્રની સિદ્ધિ થઈ ગણાય છે.

## સાધ્ય, સાધન અને સાધના.

મનુષ્ય માત્રમાં થોડે–ઘણે અંશે વાસના અને ઇચ્છારૂપ નબળાઇ રહેલી છે એ ખરું, પણ સાથે સાથે એ નબળાઇ ઉપર વિજય મેળવવાનું સામર્થ્ય પણ રહેલું છે.

ઉચ્ચ ગુણોનાં બીજ મનુષ્ય માત્રમાં પડેલા હોય છે. જ્યારે એ સર્વોત્કૃષ્ટ ગુણીના શરણે જાય છે, ત્યારે તે બીજોમાંથી અંકુરા પ્રગટે છે.

જ્યાં સુધી સર્વોત્કૃષ્ટનું શરણ તે સ્વીકારતો નથી, ત્યાં સુધી અંદર પડેલાં બીજો અંકુરારૂપ, વૃક્ષરૂપ કે ફળરૂપ બની શકતા નથી.

## મોહવિષ ઉતારવાનો મહામંત્ર.

સર્પનું ઝેર ચઢવાથી જેમ કડવો લીમડો પણ મીઠો લાગે છે, તેમ મોહરૂપી સર્પનું ઝેર ચઢવાથી કડવા વિપાકોને આપનારા વિષયકષાયના કડવા રસ પણ મીઠા લાગે છે.

સર્પનું ઝેર ઊતર્યા બાદ કડવો લીમડો કડવો લાગે છે, તેમ મોહ રૂપી સર્પનું ઝેર ઊતર્યા બાદ વિષય-કષાય પણ કડવા લાગે છે.

સર્પનું ઝેર ઉતારવાનો જેમ મંત્ર હોય છે, તેમ મોહ-રૂપી સર્પના વિષને ઉતારવા માટે પણ મંત્ર છે અને તે દેવ-ગુરુનું ધ્યાન છે.

દેવ-ગુરુનું ધ્યાન કરવાનો મંત્ર શ્રી નવકારમંત્ર છે, તેથી તે મોહવિષ ઉતારવાનો મહામંત્ર ગણાય છે.

કર્મબંધનાં કારણો અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ છે. તેનો અનુબંધ પાડનાર મિથ્યાત્વ છે.

શ્રી નવકારમંત્ર આરાધતાં દેવ-ગુરુના ધ્યાન વડે કર્મનાં અનુબંધ તૂટે છે અને મિથ્યાત્વમોહ વિલીન થાય છે.

ચારેય ગતિનાં ભિન્ન ભિન્ન કાર્યો છે. સુખ ભોગવવા માટે સ્વર્ગ, દુઃખ ભોગવવા માટે નરક, અવિવેકપણે વર્તવા માટે તિર્યંચ અને વિવેક સહિત ધર્મ કરવા માટે મનુષ્યભવ છે.

શ્રી જિનોક્ત ધર્મમાં ત્રણ શક્તિ છે. તે આવતા કર્મોને રોકે છે, પ્રાચીન કર્મોને ખપાવે છે અને પરિણામે હિતકારી શુભાશ્રવો કરાવે છે.

મિથ્યાત્વમોહની હાજરીમાં બીજાં કર્મોનો ક્ષયોપશમ અધિક પાપકર્મ કરાવે છે. મંદ મિથ્યાત્વ અને સમ્યક્ત્વની હાજરીમાં બધાં જ ક્ષયોપશમો લાભદાયક બને છે.

સંસાર એટલે કર્મકૃત અવસ્થા. એને ટાળવાનો ઉપાય તે ધર્મ. તે ધર્મનું સાધન માત્ર મનુષ્યભવમાં સમ્યક્ત્વની કે મંદ મિથ્યાત્વની હાજરીમાં થઈ શકે છે.

મિથ્યાત્વને મંદ કરવા માટેનો અને સમ્યક્ત્વની પ્રાપ્તિ માટેનો અમોઘ ઉપાય દેવ-ગુરુની ભક્તિ છે. તે ભક્તિ કરવાનું પ્રથમ અને સરળ સાધન શ્રી નમસ્કારમંત્રનું સ્મરણ અને જાપ છે.

માનવજન્મમાં ધર્મની આરાધના કરવાની જે ઉત્તમ તક મળી છે, તેનો લાભ લેવાની જેને તીવ્ર ઉત્કંઠા છે, તેને માટે શ્રી નમસ્કારમંત્ર એક જડીબુટ્ટી સમાન છે.

## દ્રવ્ય-ભાવસંકોચ કાયા અને મનની શુદ્ધિ

વંદન, નમસ્કાર, અભિવાદન, કરયોજન, અંગનમન, શિરોવંદન વગેરે નમસ્કાર રૂપ છે તે દ્રવ્ય-ભાવ ઉભય સંકોચ રૂપ છે. અભિવાદન તે ભાવસંકોચ છે. તેનો અર્થ પ્રત્યક્ષ અને પરોક્ષ એવા ગુણીના ગુણોની પ્રશંસા તથા તે ગુણોને વિષે વિશુદ્ધ એવા મનની વૃત્તિ, અર્થાત્ મનની વિશુદ્ધ વૃત્તિ. એ રીતે કાયાની અને વચનની વિશુદ્ધ પ્રવૃત્તિ અને મનની વિશુદ્ધ વૃત્તિ – એ બંને મળીને વંદન પદાર્થ બને છે.

સિદ્ધ થવું અર્થાત્ પૂર્ણ થવું એ અંતિમ ધ્યેયછે. એ ધ્યેયને અને આદર્શને સિદ્ધ કરવા માટે હૃદયમાં શ્રી પંચ-પરમેષ્ઠિનું ધ્યાન આવશ્યક છે.

શ્રી નમસ્કારમંત્રના સ્મરણ વડે એ ધ્યાનને કાયમી બનાવી શકાય છે.

બીમારીના ભયથી જેમ મિષ્ટાન્નાદિનો લોકો ત્યાગ કરે છે, તેમ જ્યારે દુર્ગતિનો ભય લાગે છે ત્યારે પાપવ્યાપારો પણ અટકી જાય છે.

બીમારીમાં ભોજન કરવાથી બીમારી આવે જ એવો નિયમ નહિ, પણ પાપ ચાલુ રાખવાથી દુર્ગતિ તો થાય જ એ નક્કી.

અહંભાવપૂર્વકની સ્વાર્થસાધના જીવને નીચે લઇ જાય છે.

નમસ્કારભાવપૂર્વકની પરમાર્થની સાધના જીવને ઊંચે લઇ જાય છે.

નમસ્કારભાવ વડે અહંભાવને અળગો કરી શકાય છે.

નમસ્કારભાવમાં સાધ્ય, સાધન અને સાધના એ ત્રણેયની શુદ્ધિ રહેલી છે.

'नमो अरिहंताणं'માં 'नमो'એ સાધન છે, 'अरिहं' એ સાધ્ય છે અને 'ताणं' – તન્મયતા એ સાધના છે. પ્રથમ સાધ્યને તાકવું તે 'नमो' પદથી થાય છે અને સાધ્યને પામવું તે 'ताणं' પદથી થાય છે.

'नमो' પદ વડે સાધ્યનો સમ્યગ્ યોગ થાય છે, 'अरिहं' પદ એ સાધ્યનું સમ્યક્ સાધન થાય છે અને 'ताणं' પદ વડે સાધ્યની સમ્યક્ સિદ્ધિ થાય છે.

## આત્મજ્ઞાન અને નિર્ભયતા.

શ્રી અરિહંતાદિ પાંચને છોડીને બધા પ્રાણીઓ સભય છે. એ પાંચ પદ સદા નિર્ભય છે, તેમાં કારણ તેઓની 'સકલ-સત્ત્વહિતાશયતા' છે.

સભયને નિર્ભય બનવા માટે સર્વત્ર હિતચિન્તન રૂપ મૈત્રી ભાવનું અને એ ભાવથી ભરેલા શ્રીપંચપરમેષ્ઠિનું અવલંબન છે. એ અવલંબન લેવાથી સભયતા જાય છે અને નિર્ભયતા પ્રગટે છે.

શ્રી પરમેષ્ઠિઓનું આલંબન આત્મજ્ઞાનનું કારણ બને છે. આત્મજ્ઞાન એટલે 'હું આત્મા છું–' એવું જ્ઞાન. હું દેહાદિથી ભિન્ન આત્મસ્વરૂપ છું,' એવું ભાન. જરા–મરણાદિનો ભય દેહને છે પણ આત્માને નથી.

આત્મા અજર–અમર–અવિનાશી છે, એવું સ્વસંવેદ્ય જ્ઞાન પરમેષ્ઠિઓની ભક્તિના પ્રભાવે પ્રકટે છે.

આત્મજ્ઞાન પામેલાની ભક્તિ આત્મજ્ઞાન પ્રગટાવે છે. પાંચેય પરમેષ્ઠિઓ આત્મજ્ઞાની છે, તેથી તેઓનું આલંબન આત્મસ્વરૂપનું જ્ઞાન પામવામાં પુષ્ટ આલંબન બને છે.

જે વસ્તુ પામવી હોય, તે જેનામાં હોય તેનું આલંબન પુષ્ટાલંબન ગણાય છે. પરમેષ્ઠિઓનું આલંબન આત્મજ્ઞાન અને નિર્ભયતા ઉભય માટે પુષ્ટાલંબન છે.

અર્થાત્ મન-વચન-કાયાની વિશુદ્ધ પ્રવૃત્તિનું જ બીજું નામ વંદન છે અને તેને જ દ્રવ્ય-ભાવસંકોચ પણ કહે છે.

મંત્ર ઉચ્ચારણમાં શબ્દ વડે દ્રવ્યસંકોચ થાય છે અને શબ્દવાચ્ય અર્થના ચિંતન વડે ભાવસંકોચ થાય છે.

દ્રવ્યસંકોચ એટલે દેહ અને તેના અવયવોની શુદ્ધિ અને ભાવસંકોચ એટલે મન અને તેની વૃત્તિઓની નિર્મળતા.

મહામંત્રના વાચ્ય શ્રી પરમેષ્ઠિ ભગવંતોનું સ્મરણ એ દેવ-ગુરુનું સ્મરણ કરાવે છે અને દેવ-ગુરુનું સ્મરણ એ આત્માના શુદ્ધ સ્વરૂપનું સ્મરણ કરાવે છે.

એ રીતે તે શુદ્ધ સ્વરૂપનું સ્મરણ અને અશુદ્ધ સ્વરૂપનું વિસ્મરણ કરાવી દેવ-ગુરુના શુદ્ધ સ્વરૂપની સાથે આત્માની એકતાનું જ્ઞાન કરાવે છે.

બીજી રીતે મંત્રના પવિત્ર અક્ષરો પ્રાણની શુદ્ધિ કરે છે. શુદ્ધ પ્રાણ મનને અને મન દ્વારા આત્માને શુદ્ધ કરે છે.

મંત્રના શબ્દોમાં જેમ પ્રાણ અને મન દ્વારા આત્માને શુદ્ધ કરવાની શક્તિ છે, તેમ પોતાના વાચ્યાર્થ દ્વારા આત્માને નિર્મળ કરવાની સૂક્ષ્મ શક્તિ પણ રહેલી છે.

મંત્રના વર્ણો શબ્દોની રચના કરે છે અને શબ્દો તેના વાચ્ય અર્થની સાથે સંબંધ કરાવી માનસિક શુદ્ધિ કરે છે. વાચકના પ્રણિધાન વડે થતી શુદ્ધિ એ સ્થૂલ અને દ્રવ્યશુદ્ધિ છે. વાચ્યનાં પ્રણિધાન વડે થતી શુદ્ધિ એ સૂક્ષ્મ અને ભાવશુદ્ધિ છે.

મંત્રના પદો અને તેના વાચ્ય અર્થોનું સતત રટણ અને સ્મરણ કરતા રહેવાથી બાહ્ય-આંતર્ શુદ્ધિની સાથે નિત્ય નવો જ્ઞાનપ્રકાશ મળે છે, અર્થાત્ મોહનીયકર્મના હ્રાસ સાથે જ્ઞાનાવરણીયાદિ કર્મોનો પણ હ્રાસ થાય છે. અંતે કૈવલ્યની પ્રાપ્તિ પણ સુલભ બને છે. કહ્યું છે કે—

'मोहक्षयात् ज्ञानादर्शनावरणान्तरायक्षयाच्च कैवल्यम्'

શ્રી તત્ત્વાર્થસૂત્ર, અ. ૧૦-૧

## માર્ગદર્શક અને માર્ગરૂપ.

પ્રભુ માર્ગદર્શક અને માર્ગરૂપ પણ છે. જેમ ભૂતકાળમાં માર્ગ બતાવીને તે ઉપકાર કરી ગયા છે, તેમ વર્તમાનકાળમાં દર્શન-પૂજનાદિ વડે અને તજ્જન્ય શુભભાવાદિ વડે માર્ગરૂપ બનીને તેઓ ઉપકાર કરી રહ્યા છે.

પ્રભુના દર્શનાદિથી રત્નત્રયી રૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. તેમાં પ્રભુ નિમિત્તકર્તા છે અને શુભ ભાવ પામનારો જીવ ઉપાદાનકર્તા છે.

નામાદિ વડે લેવાતા પ્રભુનાં આલંબનથી મોહનીય આદિ કર્મનો ક્ષય-ક્ષયોપશમ થાય છે અને જીવને શુભ ભાવરૂપી રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે. તે જ માર્ગ છે અને તેને આપનારા તે પ્રભુ છે.

શુભ ભાવ એ જ માર્ગ અથવા તીર્થ. તેને જે કરે તે તીર્થંકર.

વ્યવહારથી તીર્થના કર્તા શ્રી તીર્થંકર પરમાત્મા કહેવાય છે. તે તીર્થ બે પ્રકારનું છે. દ્વાદશાંગી, તેને રચનારા પ્રથમ ગણધર અને ચતુર્વિધ શ્રીસંઘ એ બાહ્ય તીર્થ છે. શુભ ભાવ એ અભ્યંતર તીર્થ છે.

તેના પણ પ્રયોજકકર્તા, નિમિત્તકર્તા અને પ્રેરકકર્તા પરમાત્મા છે. તેથી તેઓની ભક્તિ નિરંતર કર્તવ્ય છે.

નવકારના પ્રથમ પદથી તે ભક્તિ થઈ શકે છે. આત્માને નિશ્ચયથી તે જ જાણી શકે, કે જે શ્રી અરિહંત ભગવંતને તેઓના શુદ્ધ આત્મદ્રવ્યથી, શુદ્ધ કેવલજ્ઞાનગુણથી અને શુદ્ધ સ્વભાવ પરિણમનરૂપી પર્યાયથી જાણે છે.

કહ્યું છે કે —

**જેહ ધ્યાન અરિહંતકો, સોહી આતમ ધ્યાન,**
**ફેર કછુ ઇણમેં નહિ, એહી જ પરમ બિધાન.**
**એમ વિચાર હિયરડે ધરી, સમકિતદૃષ્ટિ જેહ,**
**સાવધાન નિજ રૂપમેં, મગન રહે નિત્ય તેહ.**

—મરણસમાધિ વિચાર, ગાથા ૨૨૫-૨૨૬

**'दलतया परमात्मा एव जीवात्मा ।'**

—દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા ટીકા.

દલથી પરમાત્મા પોતે જ જીવાત્મા છે. શુદ્ધ દ્રવ્ય, ગુણ અને પર્યાયથી શ્રી અરિહંતનું તથાપ્રકારે જ્ઞાન થવાથી તથાપ્રકારે ધ્યાન થાય છે. તે ધ્યાન સમાપત્તિજનક બનીને મોહનો નાશ કરે છે.

સમાપત્તિ એટલે ધ્યાનજનિત સ્પર્શના અર્થાત્ ધ્યાનકાળે ધ્યાતાને થતી ધ્યેયની સ્પર્શના.

તે બે પ્રકારે થાય છે: એક સંસર્ગારોપથી અને બીજી અભેદારોપથી.

શુદ્ધાત્માના ધ્યાનથી અંતરાત્માને વિષે પરમાત્મા ગુણોનો સંસર્ગારોપ થાય છે, તે પ્રથમ સમાપત્તિ છે અને પછી અંતરાત્માને વિષે પરમાત્માનો અભેદ આરોપ થાય છે, તે બીજી સમાપત્તિ છે. તેનું ફળ અતિ વિશુદ્ધ સમાધિ છે.

શ્રી નમસ્કારમંત્ર ઉભય પ્રકારની સમાપત્તિનું કારણ બનીને સાધકને વિશુદ્ધ સમાધિ આપનાર થાય છે, તેથી તે પુનઃ પુનઃ સ્મર્તવ્ય છે ધ્યાતવ્ય છે અને તેનું ધ્યાન પુનઃ પુનઃ કર્તવ્ય છે.

## મંત્ર વડે મનનું રક્ષણ.

મંત્ર શબ્દ મનની સાથે ગાઢ સંબંધ ધરાવે છે. મન અને પ્રાણ વચ્ચે અવિનાભાવ સંબંધ છે. મનનું સ્પંદન એ પ્રાણ છે અને પ્રાણનું સ્પંદન એ મન છે. 'यत्र मनस्तत्र मरुत्, यत्र मरुत्तत्र मनः।'

મનુષ્યની વાણી અને વર્તન પણ મનની સ્થિતિનું જ પ્રતિબિંબ છે. તેથી શાસ્ત્રોમાં બંધ અને મોક્ષનું કારણ પણ મનને જ કહેલ છે.

શરીરથી જે કોઇ કાર્યો થતાં દેખાય છે, એની પાછળનું પ્રેરણાબળ મનુષ્યના મનમાં જ હોય છે. મનની સુધારણા ઉપર જ માનવીની સુધારણાનો આધાર છે.

બાહ્ય જગતનાં કાર્યો ઇન્દ્રિયો દ્વારા થતાં દેખાય છે, પણ ખરી રીતે તો બધી ક્રિયાઓ મગજમાં આવેલા મનનાં વિવિધ કેન્દ્રો દ્વારા જ થતી હોય છે.

ઇન્દ્રિયો તો તેના બાહ્ય કરણો છે. અહંકાર, બુદ્ધિ, ચિત્ત, મન વગેરે આંતર્ કરણો છે. એ આંતર્ કરણો દ્વારા જ પ્રત્યક્ષ, અનુમાન આગમ આદિ પ્રમાણોનો બોધ થાય છે.

નિદ્રા, સ્વપ્ન, સ્મૃતિ અને મિથ્યાજ્ઞાન પણ અંતઃકરણ દ્વારા જ થાય છે.

જાગૃત, સ્વપ્ન અને નિદ્રા ઉપરાંત એક ચોથી અવસ્થા પણ છે, કે જેને તુરીય અવસ્થા કહેવાય છે.

તે અવસ્થામાં જ જીવને આત્મપ્રત્યક્ષ–આત્મસાક્ષાત્કાર થાય છે. મનને એ અવસ્થા માટે તૈયાર કરવાનું અમૂલ્ય સાધન એક માત્ર મંત્ર છે.

મંત્ર દ્વારા મન એકાગ્ર બને છે, શુદ્ધ બને છે અને અંતર્મુખ બને છે. એકાગ્ર, શુદ્ધ અને અંતર્મુખ બનેલ મનમાં વિવેક–વૈરાગ્ય જાગે છે. ત્યારબાદ શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ, શ્રદ્ધા અને સમાધાન પ્રાપ્ત થાય છે અને તેથી અધ્યાત્મ માર્ગની યાત્રા આગળ વધે છે.

મંત્રનું પ્રધાન કાર્ય માનવીની રક્ષા કરવાનું છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ એ ત્રણેયની સામે મંત્ર રક્ષણ કરે છે.

મંત્રસાધના, માનવીના મનને નિરર્થક ચિન્તાઓથી છોડાવે છે, માનવીના શરીરને ચિન્તા અને વિષાદથી ઉત્પન્ન થતા અનેક

શારીરિક રોગોથી બચાવે છે અને પ્રારબ્ધના યોગે આવી પડનારાં બાહ્ય સંકટો અને અનિવાર્ય પ્રત્યવાયો–વિઘ્નો વખતે મનને શાંત રાખી તેનાથી દૂર થવાના માર્ગો શોધી કાઢવામાં સહાયકારક થાય છે.

મંત્રસાધનાના પરિણામે આત્મસાક્ષાત્કાર થતાં, તેના સંપર્કમાં આવનાર આત્માઓને પણ તે સત્ય માર્ગદર્શન કરાવી અનેક આપત્તિઓમાંથી તેઓનો ઉદ્ધાર કરી શકે છે.

મંત્રસાધના એ રીતે માનવીના સર્વલક્ષી આધ્યાત્મિક વિકાસમાં ખૂબ જ સહાયભૂત થનારી હોવાથી અત્યંત આદરપૂર્વક કરવા યોગ્ય છે.

શ્રી નવકારમંત્ર એ સર્વ મંત્રોમાં શિરોમણિભૂત હોવાથી, તેની સાધનામાં અહર્નિશ રત રહેનારા મનુષ્યોને તે વિવેક, વૈરાગ્ય અને અંતર્મુખતા અપાવનાર તથા આધિ, વ્યાધિ અને ઉપાધિથી ઉગારનાર થાય છે. એટલું જ નહિ પણ મનની પર–અવસ્થા જે તુરીયાવસ્થા કહેવાય છે, તેને મેળવી આપનાર થાય છે.

તુરીયાવસ્થાને અમનસ્કતા, ઉન્મનીભાવ અને નિર્વિકલ્પ ચિન્માત્ર અવસ્થા પણ કહેવાય છે. તે અવસ્થામાં અતિદુર્લભ એવું આત્મજ્ઞાન થાય છે, કે જે સકલ ક્લેશ અને કર્મથી જીવને હંમેશ માટે છુટકારો અપાવે છે.

## મનને જિતાડનાર 'નમો' મંત્ર.

મનને આત્માધીન બનાવવાની પ્રક્રિયા 'નમો' મંત્ર વડે સધાય છે. 'નમો' મંત્રનો 'ન' અક્ષર સૂર્યવાચક છે અને 'મ' અક્ષર ચંદ્રવાચક છે.

—કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ મ. કૃત એકાક્ષરી કોષ

મંત્રશાસ્ત્રમાં સૂર્ય એટલે આત્મા અને ચંદ્ર એટલે મન ગણાય છે. એ દૃષ્ટિએ 'નમો' પદમાં પ્રથમ સ્થાન આત્માને મળે છે.

'મન' પદમાં પ્રથમ સ્થાન મનને મળે છે. 'નમો' મંત્ર વડે મનને પ્રથમ સ્થાન જે સંસારપરિભ્રમણમાં પરિણમતું હતું, તે મટીને આત્માને પ્રથમ સ્થાન મળવાથી સંસાર-પરિભ્રમણનો અંત આવે છે.

મનનો માલિક આત્મા છે, પણ આત્માનો માલિક મન નથી, એવું જ્ઞાન અને એવો બોધ 'નમો' પદનાં વારંવાર સ્વાધ્યાયથી થાય છે.

'નમો' પદપૂર્વક જેટલા મંત્રો છે, તે બધા આત્માને મનની ગુલામીમાંથી છોડાવનાર થાય છે.

મન એ કર્મનું સર્જન છે. એટલે કર્મનાં બંધનમાંથી જેને છૂટવું છે, તેને સૌ પ્રથમ મનની આધીનતામાંથી છૂટવું પડશે.

'નમો' મંત્ર મન ઉપર પ્રભુત્વ અપાવનારો અને પ્રકૃતિ ઉપર વિજય અપાવનારો મંત્ર છે.

‘ નમો ’ મંત્ર આત્માભિમુખ બનાવે છે. બહિર્મુખ મનને આત્માભિમુખ બનાવવા માટેનું સામર્થ્ય ‘ નમો ’ મંત્રમાં છે.

‘ નમો ’ પદનો અર્થ આત્માને મુખ્ય સ્થાન આપવું અને મન તથા ઉપલક્ષણથી વચન, કાયા, કુટુંબ, ધન આદિને ગૌણત્વ આપવું તે છે.

‘નમો’ પદનો વિશેષ અર્થ આત્મામાં જ ચિત્ત, આત્મામાં જ મન, આત્મા તરફ જ લેશ્યા, આત્માનો જ અધ્યવસાય, આત્માનો જ તીવ્ર અધ્યવસાય, આત્મામાં જ ઉપયોગ અને આત્મામાં જ તીવ્ર ઉપયોગ ધારણ કરવો તે છે.

ત્રણેય કરણો અને ત્રણેય યોગો આત્મભાવનાથી જ ભાવિત કરવા, તે ‘ નમો ’ પદનો વિશેષ અર્થ છે.

‘ નમો ’ પદ કેવળ નમસ્કાર રૂપ નથી, કિંતુ દ્રવ્યભાવ-સંકોચરૂપ છે. દ્રવ્યથી અને ભાવથી, દેહથી અને પ્રાણથી, મનથી અને બુદ્ધિથી, બાહ્યથી અને અંતરથી સંકુચિત થવું, તેમજ એ દેહ–પ્રાણ, મન, બુદ્ધિ વગેરે બધામાં ચૈતન્યનું સંપાદન કરનાર આત્મતત્ત્વમાં જ વિલીન થવું, નિમજ્જિત થવું તથા તન્મય, તત્પર અને તદ્રૂપ થવું, એ ‘ નમો ’ પદનો રહસ્યાર્થ છે.

‘ નમો ’ પદની સાથે શ્રી અરિહંત, સિદ્ધ, સાધુ આદિ પદોને જોડવાથી, તેનો અર્થ અને આશય પણ આત્માની શુદ્ધ અવસ્થાઓને આગળ કરવાનો છે તથા તે અવસ્થાઓ વડે અવસ્થાવાન શુદ્ધ આત્માની અંદર પરિણતિ લઈ જઈ ત્યાં સ્થિર કરવાનો છે.

આત્મા રૂપી અર્થાકાર થઈ જવું તે જપનું ધ્યેય છે. કહ્યું છે કે–'तज्जपस्तदर्थभावनम् ।' અર્થાત્ 'મંત્રનો જાપ મંત્રના અર્થની સાથે ભાવિત થવા માટે છે.'

અનાત્મભાવ તરફ ઢળતા જીવને આત્મભાવ તરફ લઈ જવાનું કાર્ય 'નમો' મંત્ર વડે સધાય છે.

મન અનાત્મભાવ તરફ ઢળે છે, તેથી તે સંસારમાં જીવાત્માને લઈ જવાને માટે સેતુ બને છે. 'નમો' એથી વિરુદ્ધ આત્મભાવમાં લઈ જવા માટે સેતુ બને છે.

'નમો' પદ અંતરાત્મભાવનું પ્રતીક છે. અનાત્મભાવની શૂન્યતામાંથી આત્મભાવની પૂર્ણતામાં લઈ જવા માટે 'નમો' મંત્ર સેતુ–પુલનું કાર્ય કરે છે.

મન એ સંસાર છે. આત્મા એ મોક્ષ છે. મનનું વલણ સંસાર તરફથી વળી આત્મા તરફ થવું એ મોક્ષમાર્ગ છે અને તે જ 'નમો' પદનું અભિપ્રેત છે.

## 'નમો' પદરૂપી સેતુ.

'નમો' શબ્દ અર્ધમાત્રાસ્વરૂપ છે. ત્રિમાત્રમાંથી અમાત્રમાં લઈ જવા માટે અર્ધમાત્રા એ સેતુરૂપ છે.

કર્મકૃત વૈષમ્ય એ ત્રિમાત્ર રૂપ છે. ધર્મકૃત 'નમો' ભાવ એ અર્ધમાત્રા રૂપ છે અને તેથી થતો પાપનો નાશ અને મંગલનું આગમન એ અમાત્ર રૂપ છે.

અમાત્ર એટલે અપરિમિત એવું આત્મસ્વરૂપ. રાગ, દ્વેષ અને મોહ એ ત્રિમાત્ર રૂપ છે અને 'નમો' એ અર્ધમાત્ર રૂપ છે. અથવા ઔદયિક ભાવના ધર્મો એ ત્રિમાત્ર રૂપ છે. ક્ષયોપશમ ભાવના ધર્મો એ અર્ધમાત્ર રૂપ છે અને ક્ષાયિક ભાવના ધર્મો એ અમાત્ર રૂપ છે.

'નમો' મંત્ર વડે ઔદયિક ભાવોના ધર્મોનો ત્યાગ થઇને ક્ષાયિક ભાવના ધર્મો પ્રાપ્ત થાય છે અને તે પ્રાપ્ત થવામાં ક્ષયોપશમ ભાવના ધર્મો સેતુ રુપ બને છે.

'નમો' મંત્ર મમત્વભાવનો ત્યાગ કરાવી સમત્વભાવ તરફ લઇ જાય છે, તેથી પણ તે સેતુ રુપ છે.

'નમો' મંત્ર નિર્વિકલ્પ પદની પ્રાપ્તિ માટે અશુભ વિકલ્પોથી છોડાવી શુભ વિકલ્પોમાં જોડનાર થાય છે. તેથી પણ તેને સેતુની ઉપમા યથાર્થપણે ઘટે છે.

## નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ.

મંત્ર એટલે ગુહ્ય ભાષણ. જીવાત્માનુ પરમાત્મા સાથે જે પદો વડે ગુહ્ય ભાષણ થાય, તે પદોને મંત્રપદો કહે છે.

ગુહ્ય ભાષણ એટલે અન્ય કોઇની સાક્ષી વિના માત્ર આત્મસાક્ષીએ આત્માનો પરમાત્મભાવે સ્વીકાર.

'सर्वे जीवात्मनः तत्त्वतः परमात्मन एव ।'

અર્થાત્ 'સર્વે જીવાત્માઓ તત્ત્વથી પરમાત્મા છે,' એ જાતિનું પોતાના આત્મામાં જ પોતાના શુદ્ધ સ્વરૂપનું મનન.

એ મનનને જ મંત્રસંજ્ઞા પ્રાપ્ત થાય છે. 'मननान्मन्त्रः' પુનઃ પુનઃ એ જાતિની મંત્રણા—ગુહ્ય કથની પોતાના સંકુચિત સ્વરૂપનો ત્યાગ કરાવી નિઃસીમ સ્વરૂપનું ભાન કરાવે છે. તે ભાન જેમ જેમ દૃઢ થતું જાય છે, તેમ તેમ સંકલ્પ—વિકલ્પોથી મુક્તિને મેળવી આપી નિર્વિકલ્પ અવસ્થાની પ્રાપ્તિ કરાવે છે. તેને નિજ શુદ્ધ સ્વરૂપની અનુભૂતિ અથવા નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ તરીકે ઓળખવામાં આવે છે.

'નમો' મંત્ર વડે તે કાર્ય શીઘ્રપણે થતું હોવાથી તે મહામંત્ર કહેવાય છે.

## સર્વશિરોમણી મંત્ર.

શુદ્ધ આત્મદ્રવ્યની અનુભૂતિ એ મોદકના સ્થાને છે, તેનુ જ્ઞાન એ ગોળના સ્થાને છે અને તેની શ્રદ્ધા એ ઘીના સ્થાને છે. શુદ્ધ આત્મદ્રવ્ય એ પૂર્ણ છે, એવા જ્ઞાન અને શ્રદ્ધાની સાથે થતું તેનું ધ્યાન, સ્મરણ, રટણ આદિ લોટના સ્થાને છે.

શુદ્ધ આત્મસ્વરૂપના લાભની ઈચ્છા સિવાયની બીજી સર્વ ઈચ્છાઓનો જેમાં નિરોધ છે, એવા તપ રૂપી અગ્નિમાં આત્મ-ધ્યાન રૂપી લોટના ભાખરા બનાવીને, તેને સત્ક્રિયાઓથી કૂટીને, તેમાં શ્રદ્ધારૂપી ઘી અને જ્ઞાનરૂપી ગોળ મેળવીને જે મોદક તૈયાર થાય, તે જ મોક્ષમોદક છે અને તેમાં સંસારનાં સર્વ પ્રકારનાં સુખોના આસ્વાદથી અનંતગુણ અધિક સુખાસ્વાદ રહેલો છે.

નિશ્ચયનયથી આત્માના શુદ્ધ અને પૂર્ણ સ્વરૂપનું જ્ઞાન અને શ્રદ્ધાન તથા વ્યવહારનયથી શુદ્ધ સ્વરૂપમાં ઉપયોગ રૂપી પ્રણિધાન, એ મોક્ષરૂપી મોદકને પામવાનો સરળ માર્ગ છે.

'नमो अरिहंताणं' પદના ધ્યાનથી–રટણથી પુનઃ પુનઃ ઉચ્ચારણરૂપી જાપ અને પ્રણિધાન—ધ્યાનથી તે સિદ્ધ થઈ શકે છે. તેથી સાત અક્ષરના તે મંત્રને મોક્ષપ્રાપ્તિ માટે સર્વ-શિરોમણિ મંત્ર કહ્યો છે.

## સાચા મંત્રોનો પ્રભાવ.

સાચા મંત્રો દેવ, ગુરુ અને આત્માની સાથે તથા બીજી બાજુ મન, પવન અને આત્માની સાથે ઐક્ય સધાવી આપનાર હોવાથી, તે સર્વ અંતરાયોનું નિવારણ કરાવનારા તથા અંતરાત્મભાવની પ્રાપ્તિ કરાવનારા થાય છે.

અંતરાત્મભાવ એટલે આત્મામાં આત્મા વડે આત્માની પ્રતીતિ. તે પ્રતીતિ કરવા માટે અથવા જો તે થયેલી હોય તો તેને દૃઢ બનાવવા માટે સાચા મંત્રનું આરાધન પરમ સહાયભૂત થાય છે.

મંત્રના અક્ષરોનું ઉચ્ચારણ પ્રાણની ગતિને નિયમિત કરે છે. પ્રાણની ગતિની નિયમિતતા મનને કાબૂમાં લાવે છે. મનનો કાબૂ આત્માનું પ્રભુત્વ અપાવે છે.

મંત્રોના અર્થોનો સંબંધ દેવતત્ત્વ અને ગુરુતત્ત્વની સાથે હોય છે. તેથી દેવતત્ત્વ અને ગુરુતત્ત્વનો બોધ કરાવી તે દ્વારા શુદ્ધ આત્મતત્ત્વનું જ્ઞાન કરાવે છે.

મન ઉપર (આત્માનું) પ્રભુત્વ પ્રાપ્ત કરાવવાની ક્રિયા અને શુદ્ધ આત્મતત્ત્વનું જ્ઞાન – એ બંને વડે, અર્થાત્ સમ્યક્ ક્રિયા અને સમ્યગ્ જ્ઞાન તથા તેની સાધનાનો અભ્યાસ કરાવવા દ્વારા, સત્ય મંત્રો અને તેની સાધના મોક્ષનાં અસાધારણ કારણ બને છે.

## મનોગુપ્તિ અને 'નમો' મંત્ર.

નિત્ય નમસ્કારનો અભ્યાસ એ ભેદભાવની ઊંડી નદી ઉપર મજબૂત પુલ બાંધવાની ક્રિયા છે. તેથી 'નમો' પદને સેતુ કહેલ છે.

'નમો' પદરૂપી સેતુનો આશ્રય લેવાથી ભેદભાવરૂપી નદીનું ઉલ્લંઘન થાય છે અને અભેદભાવના કિનારા ઉપર પહોંચી જવાય છે. પછી તેને ડૂબી જવાનો ભય રહેતો નથી.

ભેદભાવને મિટાવી અભેદભાવ સુધી પહોંચવાનું કાર્ય 'નમો' પદરૂપી સેતુની આરાધનાથી થાય છે.

તેને મંત્રશાસ્ત્રોમાં અમાત્ર પદે પહોંચાડનાર 'અર્ધમાત્રા' પણ કહે છે. અડધી માત્રામાં સમગ્ર સંસાર સમાઈ જાય છે અને બીજી અડધી માત્રા સેતુ બનીને સંસારની પેલે પાર આત્માને લઈ જાય છે તથા સંકલ્પ–વિકલ્પથી મુક્ત કરાવીને નિર્વિકલ્પ અવસ્થા સુધી પહોંચાડે છે.

'નમો' પદ વડે 'મનોગુપ્તિ' સાધ્ય બને છે. મનોગુપ્તિનું લક્ષણ બાંધતાં કહ્યું છે કે–

'विमुक्तकल्पनाजालं, समत्वे सुप्रतिष्ठितं ।
आत्मारामं मनस्तज्ज्ञैर्मनोगुप्तिरुदाहृता ॥ १ ॥'

અર્થાત્ 'કલ્પનાજાળથી મુક્તિ, સમત્વમાં સુસ્થિતિ અને આત્મભાવમાં પરિણતિ જેનાથી થાય, તે મનોગુપ્તિ છે.'

મનોગુપ્તિના લક્ષણમાં પ્રથમ મનના રક્ષણની નિષેધાત્મક અને પછી વિધેયાત્મક-એમ બંને બાજુ બતાવવામાં આવી છે.

'विमुक्तकल्पनाजालं' નિષેધાત્મક બાજુ છે અને 'समत्वे सुप्रतिष्ठितं તથા 'आत्मारामं मनः' એ વિધેયાત્મક બાજુ છે. શ્રી નમસ્કારમંત્રના જાપમાં પણ ઉભયનો સમન્વય છે.

જે કાર્ય મનોગુપ્તિ વડે સાધ્ય છે, તે જ કાર્ય 'નમો' મંત્રની આરાધના વડે થાય છે. તેથી મનોગુપ્તિ અને 'નમો' મંત્ર એક જ કાર્યની સિદ્ધિ કરનાર હોવાથી એ અંશમાં પરસ્પર પૂરક બની જાય છે.

## સમર્થનું શરણ.

નમસ્કાર, વંદન અથવા પ્રણામ–એ સર્વે દૈન્યભાવનાના પ્રતીક છે. જે સર્વ ઐશ્વર્યસંપન્ન છે અને સર્વનું ત્રાણ–રક્ષણ કરવાને સમર્થ છે, તેનો આશ્રય લેવા માટે તથા પોતાની દીનતા અને સાધનહીનતાને પ્રકટ કરવા માટે 'નમો' પદનું ઉચ્ચારણ છે.

સમર્થનું શરણ જે ગ્રહણ કરે, તે જ દુસ્તર અને દુરત્યય–દુઃખે તરી શકાય અને દુઃખે જેનો અંત લાવી શકાય એવી સંસારની માયાને તરી શકે છે. અન્યત્ર પણ કહ્યું છે કે–

'दैवी ह्येषा गुणमयी, मम माया दुरत्यया ।
मामेव प्रतिपद्यन्ते, मायामेतां तरन्ति ते ॥ १ ॥'

અર્થાત્ 'દૈવી અને ગુણમયી એવી આ મારી માયા દુરત્યય છે. મારું જે શરણ સ્વીકારે છે, તે જ આ માયાને તરી જાય છે.'

વરસાદનું પાણી સર્વત્ર પડે છે, પરંતુ તે ટકે છે નીચાણવાળાં સ્થાનોમાં પણ ઊંચા પર્વતો ઉપર નહિ. તે રીતે પ્રભુની કૃપા સર્વત્ર છે, પણ તેની અભિવ્યક્તિ જ્યાં દૈન્ય અને વિનમ્રતા છે ત્યાં જ થાય છે, પરન્તુ અહંકાર–અભિમાનાદિ પર્વતીય સ્થાનોમાં નહિ.

જીવ દૈન્યશ્રીથી સંયુક્ત જ્યાં સુધી થાય નહિ, ત્યાં સુધી તેને ભગવત્પ્રાપ્તિ અશક્ય છે.

ભક્તિ, પ્રીતિ, અનુરાગ કે પ્રેમસાધનામાં દૈન્યની જ એક પ્રધાનતા છે. કહ્યું છે કે–

'पीनोऽहं पापपङ्केन, हीनोऽहं गुणसंपदा ।
दीनोऽहं तावकीनोऽहं, मीनोऽहं त्वद्गुणाम्बुधौ ॥ १ ॥'

અર્થાત્– હું પાપરૂપી પંકથી પીન છું (પુષ્ટ છું), ગુણસંપત્તિથી હીન છું, દીન છું છતાં હે ભગવાન હું તારો છું અને તારા ગુણ સમુદ્રમાં મગ્ન છું.

મોક્ષમાર્ગમાં કૃપા એ મુખ્ય છે. એકલું પોતાનું બળ કે એકલી પોતાની સાધના ત્યાં કામ આવી શકતી નથી.

નરેણીથી જેમ પર્વત ભેદી શકાય નહિ પણ તે ઇન્દ્રવજ્રથી ભેદાય છે, તેમ પાપરૂપી પર્વતોને ભેદવા માટે ભક્તિરૂપી વજ્ર જોઈએ. તેની પ્રાપ્તિ નમ્રભાવને આધીન છે. તે નમ્રભાવ 'નમો' મંત્ર વડે સાધ્ય થઇ શકે છે.

## શ્રદ્ધા અને ભક્તિ.

સકલ ક્રિયાનું મૂળ શ્રદ્ધા છે, શ્રદ્ધાનું મૂળ જ્ઞાન છે, જ્ઞાનનું મૂળ ભક્તિ છે અને ભક્તિનું મૂળ ભગવાન છે.

ભગવાનની શક્તિ એ ભક્તના હૃદયમાં ભક્તિ પેદા કરે છે. ભક્તિ વડે આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. તે આત્મજ્ઞાન શ્રદ્ધાને પેદા કરે છે. શ્રદ્ધા એ ક્રિયામાં પ્રેરે છે. તેથી શ્રદ્ધા એ પુરુષતંત્ર છે અને ભક્તિ એ વસ્તુતંત્ર છે.

ભક્તિમાં પ્રેરક વસ્તુની વિશેષતા છે. શ્રદ્ધામાં પ્રેર્ય પુરુષની વિશેષતા છે. નિમિત્તની વિશેષતા એ ભક્તિપ્રેરક છે. ઉપાદાનની વિશેષતા એ શ્રદ્ધાજનક છે. ભક્તિ એ આરાધ્યમાં રહેલ આરાધ્યત્વના જ્ઞાનની અપેક્ષા રાખે છે. શ્રદ્ધા એ ક્રિયા અને તેના ફળમાં વિશ્વાસની અપેક્ષા રાખે છે. એ વિશ્વાસ ક્રિયા કરનારની યોગ્યતા ઉપર આધાર રાખે છે. જ્યારે શ્રદ્ધા અને ભક્તિ એકત્ર મળે, ત્યારે કાર્યની સિદ્ધિ થાય છે.

ભગવાનનો પ્રભાવ ચિંતવવાથી ભક્તિ જાગે છે અને ભક્તિનો પ્રભાવ ચિંતવવાથી શ્રદ્ધા જાગે છે.

આજ્ઞાનું આરાધન એ શ્રદ્ધા અને ભક્તિ ઉભયની અપેક્ષા રાખે છે.

આજ્ઞાકારક પ્રત્યે નિષ્ઠા તે ભક્તિ છે. આજ્ઞાપાલન પ્રત્યે નિષ્ઠા તે શ્રદ્ધા છે.

ભક્તિમાં આજ્ઞાકારકનાં સામર્થ્યની પ્રતીતિ છે. શ્રદ્ધામાં આજ્ઞાપાલકની યોગ્યતાનું ભાન છે.

ભક્તનું સામર્થ્ય પ્રયત્નની એકનિષ્ઠામાં રહેલું છે. ભગવાનનું સામર્થ્ય તેઓની અચિંત્ય શક્તિમત્તામાં રહેલું છે.

જો ભગવાનમાં અચિંત્ય સામર્થ્ય ન હોય, તો ભક્તનો પ્રયત્ન વિફળ છે. જો ભક્તનો પ્રયત્ન ન હોય, તો અચિંત્ય સામર્થ્ય પણ લાભ કરતું નથી.

પ્રયત્ન ફળદાયી છે–એવી ખાત્રી તે શ્રદ્ધા છે. કૃપા ફળદાયી છે–એવી ખાત્રી તે ભક્તિ છે. કૃપા એ ભગવાનના સામર્થ્યનો સૂચક શબ્દ છે. પ્રયત્ન એ ભક્તની શ્રદ્ધાનો સૂચક શબ્દ છે. ભક્તિના પ્રમાણમાં જ શ્રદ્ધા સ્ફૂરે છે. અને શ્રદ્ધાના પ્રમાણમાં જ ભક્તિ ફળે છે.

ચાલ્યા વિના ઈષ્ટ સ્થાને પહોંચાય નહિ–એ શ્રદ્ધાસૂચક વાક્ય છે. ઈષ્ટ સ્થળે પહોંચવા માટે જ ચાલવાની ક્રિયા થાય એ ભક્તિસૂચક વાક્ય છે.

ઇષ્ટ સ્થળમાં જો ઇષ્ટત્વની બુદ્ધિ ન હોય, તો ચાલવાની ક્રિયા થઈ જ કેમ શકે? અને ચાલવાની ક્રિયા વિના ઇષ્ટ સ્થળે પહોંચાય જ કેમ?

આત્મા એ મહિમાશાળી દ્રવ્ય છે. તેથી જ તેને ઓળખાવનાર પરમાત્મા પ્રત્યે ભક્તિ જાગે છે. એ ભક્તિ ક્રિયા તરફ આદર જગાડે છે અને એ આદર પ્રયત્નમાં પરિણામ પામે છે.

શ્રી નમસ્કારમંત્રમાં શ્રદ્ધા અને ભક્તિ બંને રહેલાં છે. શ્રદ્ધા નમસ્કારની ક્રિયા ઉપર અને ભક્તિ નમસ્કાર્યના પ્રભાવ ઉપર અવલંબે છે. 'आराध्यत्वेन ज्ञानं भक्तिः।'

અર્થાત્ 'ભક્તિ એક પ્રકારનું જ્ઞાન છે,' કે જેમાં આરાધ્ય તત્ત્વની વિશેષતાનું ગ્રહણ થાય છે.

'इदमित्थमेव ।' 'अयमेव परमार्थः ।'

અર્થાત્ 'આ વસ્તુ આમ જ છે અથવા આ જ એક પરમાર્થ છે'– એ પ્રકારના જ્ઞાનને શ્રદ્ધા કહેવાય છે અને તેમાં આરાધકની નિષ્ઠાનાં વખાણ છે.

## સાધ્ય અને સાધનામાં નિષ્ઠા.

શ્રદ્ધા અને ભક્તિ આરાધકમાં હોવાં જરૂરી છે, છતાં બંનેમાં જે તફાવત છે તે એના જ્ઞાનમાં છે.

શ્રદ્ધાળુનું જ્ઞાન સાધનામાં નિષ્ઠા પેદા કરે છે. ભક્તિમાનનું જ્ઞાન સાધ્યમાં નિષ્ઠા પેદા કરે છે.

સાધ્યની શ્રેષ્ઠતાનું જ્ઞાન ભક્તિવર્ધક બને છે. સાધનાની શ્રેષ્ઠતાનું જ્ઞાન શ્રદ્ધાવર્ધક બને છે.

શ્રી નમસ્કારમંત્રમાં સાધ્ય સર્વશ્રેષ્ઠ હોવાથી તે સર્વોત્તમ ભક્તિનું ઉત્પાદક છે અને સાધન સર્વશ્રેષ્ઠ હોવાથી તે સર્વોત્તમ શ્રદ્ધાને ઉત્પન્ન કરે છે.

સર્વોત્તમ શ્રદ્ધા અને સર્વોત્તમ ભક્તિથી થયેલી ક્રિયા સર્વોત્તમ ફળને આપે, એ નિઃશંક છે.

ભક્તિ ઉત્પન્ન થવામાં પ્રમુખ અનુગ્રહ પ્રભુનો છે. એ અનુગ્રહ કરવાની શક્તિ બીજા કોઇમાં પણ ન હોવાથી ભવ્ય જીવને પ્રભુ જ એક સેવ્ય, આરાધ્ય અને ઉપાસ્ય છે તેમજ તેમની જ એક આજ્ઞા પાલન કરવી યોગ્ય છે, એવી નિષ્ઠા પ્રાપ્ત થાય છે અને તેનું જ નામ ભક્તિ છે.

આજ્ઞાનું પાલન પોતે જ કરવા યોગ્ય છે, એવી નિષ્ઠા તે શ્રદ્ધા છે. એમ શ્રદ્ધા અને ભક્તિ ઉભય મળીને જીવની મુક્તિ-રૂપી કાર્યસિદ્ધિ કરે છે.

આ બંને વસ્તુને પૂરી પાડનાર શ્રી નમસ્કારમંત્ર હોવાથી ભવ્ય જીવોને તે પ્રાણથી પણ પ્યારો છે અને પ્રત્યેક શ્વાસે સો વાર સંભારવા લાયક છે. તેથી મનનું રક્ષણ થાય છે, સંકલ્પ-વિકલ્પ છૂટી જાય છે, સમત્વભાવમાં સ્થિતિ પેદા થાય છે અને આત્મારામતા—આત્મસ્વરૂપમાં જ રમણતા કરવાનો અભ્યાસ પડે છે.

## ઋણમુક્તિનો મહામંત્ર.

નમસ્કાર એ ઋણમુક્તિનો મંત્ર છે. પોતાના માથે ઋણ છે, એમ માનનાર વ્યક્તિ આપોઆપ નમ્ર બને છે—નિરહંકાર રહે છે.

પ્રત્યેક જન્મમાં બીજા ઉપર કરેલા અપકાર અને બીજાના પોતા ઉપર થયેલા ઉપકારને યાદ રાખનારો જ સદા નમ્ર રહે છે અને ઉપકારના બદલામાં પ્રત્યુપકાર કરવાની ભાવના-વાળો રહે છે.

પોતે કરેલા અપકારનો બદલો સમતાભાવથી સર્વ પ્રકારનાં કષ્ટસહનમાં રહેલો છે અને પોતા ઉપર થયેલા ઉપકારનો બદલો આત્મજ્ઞાનથી વળે છે.

આત્મજ્ઞાની પુરુષ વિશ્વ ઉપર જે ઉપકાર કરે છે, તે એટલો મોટો હોય છે કે તેની આગળ તેમના ઉપર બીજાથી થયેલા બધા ઉપકારોનો બદલો વળી જાય છે.

દુઃખ અને કષ્ટ વખતે કર્મના વિપાકનું ચિન્તન કરવાથી સમતાભાવ અખંડ રહે છે અને તેથી બીજા ઉપર કરેલા અપકારોનું ઋણ ઊતરી જાય છે.

'નમો' મંત્ર અપકાર અને ઉપકાર બંનેનો બદલો એકી-સાથે વાળી શકે છે. તેનું કારણ તેની પાછળ કર્મ–વિપાકનો પણ વિચાર છે અને આત્મજ્ઞાન પામવાનો પણ વિચાર છે.

કર્મવિપાકનો વિચાર સમતા દ્વારા સર્વ પાપોનો નાશ કરે છે. આત્મજ્ઞાનનો વિચાર સર્વ મંગલોનું કારણ બને છે.

ધર્મમાત્ર મંગલ છે. આત્મજ્ઞાન બધા ધર્મોનું ફળ છે. તેથી શ્રી અરિહંતાદિના નમસ્કાર વડે થતું આત્મજ્ઞાન એ સર્વ મંગલોમાં પ્રધાન મંગલ છે અને નિત્ય વધતું મંગલ છે.

## નમ્રતા અને બહુમાન.

જીવ કર્મથી બંધાયેલો છે, એ વિચાર જેમ નમ્રતાને લાવે છે, તેમ કર્મથી મુક્ત થયેલા પુરુષો પ્રત્યે અંતરથી થતું બહુમાન પણ નમ્રતાને લાવે છે.

કર્મનો વિચાર પાપનું પ્રાયશ્ચિત કરાવે છે અને ધર્મનો વિચાર પુણ્યનું બીજ બને છે.

'નમો' મંત્રમાં કર્મનો અનાદર છે અને ધર્મનો આદર છે. કર્મનો બંધ, કે જે બીજા ઉપર અપકાર કરવાથી થયો છે. તેનો સ્વીકાર છે અને ધર્મની પ્રાપ્તિ જે પરોપકારથી થાય છે, એનો પણ શ્રદ્ધાપૂર્વક સ્વીકાર છે.

પોતાને ધર્મ પમાડનાર બીજા છે, તેથી તે ઉપકારીને નમસ્કાર એ જેમ ધર્મવૃદ્ધિનો હેતુ છે, તેમ બીજા પ્રત્યે કરવામાં આવતો ઉપકાર પણ ધર્મની વૃદ્ધિ કરે છે. ધર્મને પામવા માટે પણ પરોપકાર અને ધર્મને કરવા માટે પણ પરોપકાર આવશ્યક છે.

એક બાજુ નમસ્કાર અપરાધને ખમાવવા માટે આવશ્યક છે અને બીજી બાજુ નમસ્કાર ઉપકારને સ્વીકારવા માટે આવશ્યક છે. ઉપકારનો સ્વીકાર અને અપરાધની ક્ષમાપના બંને એકી સાથે નમસ્કાર વડે થાય છે.

અધર્મથી છૂટવા માટે અને ફરીથી અધર્મ ન કરવા માટે પણ નમસ્કાર આવશ્યક છે.

શ્રી નમસ્કારમંત્ર સર્વપાપોનો પ્રણાશક અને સર્વ મંગલોનું મૂળ કહેવાય છે. તેનું કારણ તે પાપનાં પ્રાયશ્ચિત્તની બુદ્ધિથી પાપરહિત પુરુષોને નમનક્રિયા રૂપ છે.

પરાપકારથી રહિત અને પરોપકારથી સહિત એવા પુરુષોને પરાપકારથી રહિત અને પરોપકારથી સહિત થવાની બુદ્ધિથી જે નમસ્કાર કરવામાં આવે છે, તે ભાવનમસ્કાર છે. તે ભાવનમસ્કાર પાપનો પ્રણાશક અને મંગલવર્ધક બને છે. ભાવનમસ્કારમાં દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના રહેલી છે અને તે બંનેપૂર્વક આત્મજ્ઞાની પુરુષોની શરણાગતિ પણ રહેલી છે.

આત્મજ્ઞાની પુરુષોની શરણાગતિ આત્મજ્ઞાનને સુલભ બનાવે છે.

શ્રી નવકારમંત્રમાં આત્મજ્ઞાન અને કર્મવિજ્ઞાન ઉભય એકીસાથે રહેલાં હોવાથી, તેમાં સર્વમંત્રશિરોમણિતા રહેલી છે.

શ્રી નમસ્કારમંત્રથી પાપનું પ્રયશ્ચિત્ત થાય છે અને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, તેથી તે એક જ મંત્રમાં આત્મકલ્યાણની સિદ્ધિ કરાવી આપનાર સર્વ અનુષ્ઠાનોનો સાર આવી જાય છે.

## અધિકારિતા અને યોગ્યતા.

શ્રી નમસ્કારમંત્રનો જાપ અને તેની અર્થભાવના સર્વ અંતરાયોનું નિવારણ કરનાર થાય છે અને આત્મજ્ઞાનનું કારણ બને છે. તેથી પાપભીરુ અને આત્માર્થી એવા સર્વ ભવ્ય આત્માઓને તેનું નિરંતર સ્મરણ આનંદ આપનારું થાય છે તથા તેના જાપક અને અર્થભાવકને હંમેશ માટે નિર્ભય અને નિશ્ચિંત બનાવે છે.

શ્રી નમસ્કારમંત્રના જાપ માટે તથા તેના અર્થની ભાવના માટે જે યોગ્યતા જોઇએ, તે નીચેના ગુણોને કેળવવાથી આવે છે.

૧ ભદ્રિક પરિણતિ,

૨ વિશેષ નિપુણમતિ,

૩ ન્યાય માર્ગરતિ,

૪ દૃઢ નિજ–વચન–સ્થિતિ.

મનુષ્ય માત્રમાં આ ચારેય ગુણો અંશે અંશે રહેલા જ હોય છે. તેને અધિક ને અધિક વિકસાવતા રહેવાથી મહામંત્રની અધિકારિતા પ્રાપ્ત થાય છે.

ભદ્રિક પરિણતિમાં અક્ષુદ્રતા, મધ્યસ્થતા, અક્રૂરતા, સૌમ્યતા, દયાળુતા, દાક્ષિણ્યતા, વૃદ્ધાનુસારિતા અને વિનીતતા મુખ્ય છે.

નિપુણમતિમાં દીર્ઘદર્શિતા, વિશેષજ્ઞતા, કૃતજ્ઞતા, પરાર્થતા, લબ્ધલક્ષ્યતા વગેરે મુખ્ય છે.

ન્યાયમાર્ગરતિમાં નિર્દંભતા, લજ્જાળુતા, પાપભીરુતા, ગુણરાગિતા વગેરે મુખ્ય છે.

તેમ જ દઢ–નિજ–વચનસ્થિતિમાં લોકપ્રિયતા, સુપક્ષયુક્તતા વગેરે ગુણો મુખ્ય છે.

## ચૌદ પૂર્વનો સાર અભેદ નમસ્કાર.

ચૌદ પૂર્વીઓ પણ અંત સમયે શ્રી નવકારનું સ્મરણ કરે છે. તેથી નવકાર ચૌદ પૂર્વનો સાર કહ્યો છે.

નમસ્કાર એ દ્રવ્ય–ભાવસંકોચરૂપ છે. દ્રવ્યસંકોચ કાયા અને વચનનો છે. ભાવસંકોચ મનનો છે.

દ્રવ્યસંકોચ દ્રવ્યનમસ્કાર રૂપ છે. ભાવસંકોચ ભાવનમસ્કાર રૂપ છે.

ભાવનમસ્કાર, પરમાર્થનમસ્કાર અને તાત્ત્વિક નમસ્કાર એક જ અર્થને કહે છે. તાત્ત્વિક નમસ્કાર અભેદ–પ્રણિધાન

રૂપ છે. તેથી અભેદ-પ્રણિધાન એ જ ચૌદ પૂર્વનો સાર છે, એમ સિદ્ધ થાય છે.

નમસ્કાર્યની સાથે નમસ્કારકર્તાનો જે અભેદ-એકત્વ તેનું જે પ્રણિધાન, તે તાત્ત્વિક નમસ્કાર છે.

પરમાત્માને ઉદ્દેશીને પોતાના આત્માનુ તાત્ત્વિક સ્વરૂપ જેમાં પ્રણિધાનનો વિષય બને છે, તે અભેદ નમસ્કાર છે. તેમાં ધ્યાતા અને ધ્યેય, ધ્યાનની સાથે એકત્વ પામે તે છે. અને ત્યારે તે આત્મા પોતે જ પરમાત્માસ્વરૂપ બની જાય છે.

બધું ભણીને છેવટે પરમાત્મપદ મેળવવાનું છે, એ જ સર્વ પ્રયોજનનું મૌલિભૂત પ્રયોજન છે અને સર્વ ક્રિયાઓનું સાફલ્ય પણ તેમાં છે.

જેમાં આત્મા લીન બને છે, તેમાં આત્મા તદ્રૂપ બની જાય છે.

પરમાત્મપદમાં લયભાવની વૃદ્ધિ થવાથી આત્મા પરમાત્મા-સ્વરૂપ બની જાય છે. તેથી પરમાત્મસ્મરણ એ સકલ શાસ્ત્રના સારભૂત ગણાય છે.

શ્રી નવકારમંત્રનું જે વિશેષ મહત્ત્વ છે, તેનું એક કારણ એમાં શબ્દરચના વિશિષ્ટ છે, તે પણ છે.

ઉપનિષદોમાં 'બ્રહ્મ'ને જ 'નમઃ' રૂપ માનીને ઉપાસના કહી છે. શ્રી અરિહંતાદિ પાંચેયને પણ 'નમઃ' કે 'બ્રહ્મ'

રૂપ માનીને જ્યારે ઉપાસના કરાય છે, ત્યારે ઉપાસક તદ્રૂપ બની જાય છે. તેને જ સાચી અર્થભાવના કહી છે. તેથી ઉપાસકની બધી કામનાઓ વિલીન થઈ જાય છે અર્થાત્ પૂર્ણ થઈ જાય છે. કહ્યું છે કે—

'तन्नम इत्युपासीत, नम्यन्तेऽस्मै कामाः ।'

—ઉપનિષદ

અર્થાત્ 'નમ' એ પરમાત્માનું સાક્ષાત્ અક્ષરાત્મક નામ છે. અંતરંગ શત્રુઓને નમાવનાર હોવાથી પરમાત્મા 'નમો' સ્વરૂપ છે.

અંતરંગ શત્રુઓને નમાવનાર પરમાત્માનું ધ્યાન જે કોઈ કરે, તેનાં કામો અર્થાત્ કામનાઓ અને કામવિકારો શમી જાય એ સ્વાભાવિક છે.

વળી ગુણની પરાકાષ્ઠાએ પહોંચ્યા ત્યારે જ ગણાય, કે જ્યારે તેઓના ધ્યાનાદિથી બીજામાં એ ગુણો પ્રગટે અને વિરોધી દોષો શમી જાય એ દૃષ્ટિએ 'नम्यन्तेऽस्मै कामाः।' એવું ઉપનિષદ્ વાક્ય પણ સંગત થાય છે.

'નમો' પદ વડે પરમાત્માની ઉપાસના થાય છે. એ વાત બીજી પણ અનેક રીતે સંગત થાય છે.

'नमो अरिहंताणं' – એ પદમાં નમસ્કારનો સ્વામી નિશ્ચયદૃષ્ટિથી જેમ નમસ્કાર કરનારો બને છે, વ્યવહારનયથી નમસ્કારનું સ્વામિત્વ નમસ્કાર્ય એવા શ્રી અરિહંત પરમાત્માનું છે. તેથી નમસ્કારથી અભિન્ન એવા પરમાત્મા જ 'નમો'

પદથી ઉપાસ્ય બને છે. એ રીતે પાંચેય પરમેષ્ઠિઓ 'નમો' પદથી ઉપાસ્ય બને છે.

## દ્રવ્ય-ગુણ-પર્યાયથી નમસ્કાર.

નમસ્કાર એ આત્મગુણ છે અને ગુણ-ગુણીનો અભેદ છે. એ ન્યાયે નમસ્કાર એ આત્મદ્રવ્ય પણ છે. દ્રવ્ય એ પર્યાયનો આધાર છે. એ દૃષ્ટિએ નમસ્કાર એ આત્મદ્રવ્યનો શુભ પર્યાય પણ છે.

એ રીતે નમસ્કાર રૂપી આત્મદ્રવ્ય, નમસ્કાર રૂપી આત્મગુણ અને નમસ્કાર રૂપી આત્મપર્યાય દ્વીપ, ત્રાણ, શરણ, ગતિ અને આધાર છે. અર્થાત્ નમસ્કાર એ સંસારસમુદ્રમાં દ્વીપ છે, અનર્થ માત્રનો ઘાતક છે, ભવભયનો ત્રાતા છે, ચારેય ગતિનાં જીવોને આશ્રયસ્થાન અને ભવરૂપી કૂપમાં પડતાં જીવોને આલંબનભૂત છે.

આત્મદ્રવ્ય એ દ્વીપ છે, આત્મગુણ એ ત્રાણ, શરણ અને ગતિ છે તથા આત્મપર્યાય એ ભવકૂપમાં બૂડતા જીવને આધાર છે.

અથવા દ્રવ્ય, ગુણ અને પર્યાયથી આત્મા જ નમસ્કાર રૂપ છે. તેથી અંતતઃ ગુણપર્યાયના આધારભૂત આત્મદ્રવ્ય જ દ્વીપ, ત્રાણ, શરણ, ગતિ અને આધાર છે.

સહભાવી પર્યાયને ગુણ કહે છે, ક્રમભાવી અવસ્થાને પર્યાય કહે છે.

નમસ્કાર આત્મગુણ પણ છે અને આત્મપર્યાય પણ છે.

ગુણપર્યાયનો આધાર દ્રવ્ય છે. તેથી આત્મદ્રવ્યરૂપ નમસ્કાર એ સંસારસાગરમાં દ્વીપ, સંસાર–અટવીમાં ત્રાણ, સંસાર–કારાગારમાં શરણ, સંસાર–અરણ્યમાં ગતિ અને સંસાર–કૂપમાં આધાર, અવલંબન અને પ્રતિષ્ઠા છે.

## સમ્યગ્દષ્ટિ જીવોનો પ્રાણ.

ધર્મના બે પ્રકાર છે: એક શ્રુતધર્મ અને બીજો ચારિત્રધર્મ.

શ્રુતધર્મનું પ્રતિક નવકાર છે. ચારિત્રધર્મનું પ્રતિક શ્રી સામાયિકસૂત્ર છે.

એકના અક્ષર ૬૮ ( અડસઠ ) છે. બીજાના અક્ષર ૮૬ છે. દેશવિરતિ સામાયિકસૂત્રના અક્ષર ૭૬ છે.

નવકાર એ દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વરૂપ તત્ત્વત્રયીને જણાવનાર છે. તેથી નવકારમાં નવતત્ત્વનું જ્ઞાન છે. દેવતત્ત્વ એ મોક્ષસ્વરૂપ છે, ગુરુતત્ત્વ એ મોક્ષમાર્ગરૂપ છે અને ધર્મતત્ત્વ એ મોક્ષને પામેલા અને મોક્ષમાર્ગ ઉપર રહેલા પુરુષોના બહુમાનસ્વરૂપ હોવાથી ધર્મતત્ત્વ રૂપ છે.

દેવતત્ત્વના બહુમાનથી સંસારની હેયતા અને મોક્ષની ઉપાદેયતાનું જ્ઞાન થાય છે.

ગુરુતત્ત્વના બહુમાનથી સંવર–નિર્જરા રૂપ તત્ત્વની ઉપાદેયતા અને આશ્રવ–બંધતત્ત્વની હેયતાનું જ્ઞાન થાય છે.

ધર્મતત્ત્વના બહુમાનથી પુણ્યતત્ત્વની ઉપાદેયતા અને પાપતત્ત્વની હેયતાનું જ્ઞાન થાય છે.

સમગ્ર નવકાર જીવતત્ત્વની ઉપાદેયતાનો અને અજીવ-તત્ત્વની હેયતાનો બોધ કરાવે છે. એ રીતે નવકારમાં નવેય તત્ત્વોનો હેયોપાદેયતા સહિત બોધ થાય છે.

નવકારમાં હેયતત્ત્વોની હેયતાનું જ્ઞાન અને ઉપાદેય તત્ત્વોની ઉપાદેયતાનું જ્ઞાન આ રીતે થાય છે. પાપ, આશ્રવ અને બંધ હેય છે; પુણ્યાનુબંધી પુણ્ય, સંવર, નિર્જરા અને મોક્ષ ઉપાદેય છે; એવો સમ્યગ્ બોધ નવકારના જ્ઞાનથી થતો હોવાથી સમ્યગ્દૃષ્ટિ જીવોને તે પ્રાણરૂપ છે.

## પ્રકાશક જ્ઞાન અને સ્થૈર્યોત્પાદક ક્રિયા.

ધર્મ એ મંગલ છે. ધર્મ મંગલ બે પ્રકારનું છે: એક ક્રિયારૂપ, બીજું જ્ઞાનરૂપ.

જ્ઞાનરૂપ મંગલ વિના એકલું ક્રિયારૂપ મંગલ કે ક્રિયારૂપ મંગલ વિના એકલું જ્ઞાનરૂપ મંગલ મોક્ષમાર્ગ બની શકતું નથી.

દેવ, ગુરુ અને ધર્મ રૂપી તત્ત્વત્રયી ઉપાસ્ય છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી તત્ત્વત્રયી સેવ્ય છે.

ઉપાસ્યતત્ત્વની ઉપાસના નવકારશ્રુતરૂપી મંગલથી થાય છે, તેથી તે જ્ઞાનસ્વરૂપ છે. સેવ્યતત્ત્વની આરાધના શ્રી સામાયિક-સૂત્રની પ્રતિજ્ઞાથી થાય છે, તેથી તે ક્રિયાસ્વરૂપ છે.

એકનો મંગલ પાઠ થાય છે. બીજાની મંગલ પ્રતિજ્ઞા થાય છે. મંગલ પાઠમાં જ્ઞાન મુખ્ય છે અને ક્રિયા ગૌણ છે. મંગલ પ્રતિજ્ઞામાં ક્રિયા મુખ્ય છે અને જ્ઞાન ગૌણ છે.

જ્યાં જ્ઞાન રહેલું છે, ત્યાં ગૌણ પણે ક્રિયા પણ રહેલી છે. જ્યાં ક્રિયા મુખ્ય છે ત્યાં ગૌણ રૂપે જ્ઞાન પણ રહેલું છે.

નવકાર વડે પાપ નહિ કરવાની પ્રતિજ્ઞાનું બહુમાન થાય છે. સામાયિક વડે બહુમાનપૂર્વક પાપ નહિ કરવાની પ્રતિજ્ઞાનો સ્વીકાર થાય છે.

જ્ઞાન માત્રનો મૂળ સ્રોત નવકાર છે. ક્રિયા માત્રનો મૂળ સ્રોત કરેમિભંતે છે.

ક્રિયાનાં કારણો ત્રણ યોગ અને ત્રણ કરણ છે. તેનું નિયમન કરેમિભંતેની પ્રતિજ્ઞાથી થાય છે. સામાયિકમાં સાવદ્ય-ત્યાગ અને નિરવદ્યસેવનની પ્રતિજ્ઞાઓ ત્રણ કરણથી અને ત્રણ યોગથી વ્યાપ્ત છે.

સાવદ્ય ક્રિયા અસ્થૈર્યનિષ્પાદક છે. તેના ત્યાગની ક્રિયા આત્મામાં સ્થૈર્ય ઉત્પન્ન કરે છે.

જ્ઞાન પ્રકાશક છે. ક્રિયા સ્થૈર્યજનક છે. બંને મળીને આત્મસુખનું કારણ બને છે.

નવકાર દ્વારા નવતત્ત્વ, ષડ્દ્રવ્ય તથા આત્મ–અનાત્મ-તત્ત્વનું જ્ઞાન દૃઢ કરીને સામાયિકની ક્રિયા દ્વારા તે જ્ઞાનનું સમ્યગ્ આચરણ કરી શકાય છે.

## નમ્રતા અને સૌમ્યતા.

નમ્ર જીવો જ સલામતીપૂર્વક ઉંચાણ ઉપર ચઢી શકે છે.

નમ્રતા (Humility) અને સૌમ્યતા (Meekness) રૂપી બે અશ્વોને નમસ્કારભાવ રૂપી રથમાં જોડીને મોક્ષમાર્ગના પ્રવાસની શરૂઆત થઈ શકે છે.

જ્યાં નમસ્કારભાવ નથી, ત્યાં નમ્રતા નથી અને જ્યાં નમ્રતા નથી, ત્યાં સૌમ્યતા નથી.

સૌમ્યતા એટલે સમભાવ. સમભાવ વિના કોઇ પણ સદ્‌ગુણનો સાચો વાસ આત્મામાં થઇ શકતો નથી.

આપણી હીનતા અને ક્ષતિઓની બેધડક કબૂલાત વિના નમસ્કારભાવની ઝાંખી પણ થઈ શકતી નથી. નમસ્કારભાવ વિનાની કોરી નમ્રતા અહંકારભાવની જનેતા છે અને તે ઠગારી હોય છે.

નમસ્કારભાવ ત્રણે ય જગતનાં સ્વામિત્વનું બીજ છે.

શ્રી તીર્થંકર ભગવંતો અને શ્રી સિદ્ધ ભગવંતોની સઘળી ઋદ્ધિ-સિદ્ધિ અને આત્મસમૃદ્ધિ આ નમસ્કારભાવમાંથી જ પ્રગટ થયેલી છે.

નમસ્કારભાવનો એક અર્થ ક્ષમાયાચના છે. ક્ષમાયાચનાથી ચિત્ત પ્રસન્ન બને છે. અર્થાત્ ચિત્તમાંથી ખેદ, ઉદ્વેગ, વિષાદાદિ દોષો ચાલ્યા જાય છે.

નમસ્કારભાવનો બીજો અર્થ કૃતજ્ઞતા અને ઉદારતા છે.

નમસ્કારભાવ વડે પરના ઉપકારનો સ્વીકાર કરાય છે અને પરને ગુણ કરવાની વૃત્તિ પેદા થાય છે. એમાં એકનું નામ કૃતજ્ઞતા છે. બીજાનું નામ ઉદારતા છે.

કૃતજ્ઞતાગુણ વડે અપાત્રતા દૂર થાય છે અને ઉદારતાગુણ વડે પાત્રતા વિકાસને પામે છે.

જીવની અનાદિકાળની અયોગ્યતાને અર્થાત્ અપાત્રતાને શાસ્ત્રકારો સહજમલના શબ્દથી સંબોધે છે.

સહજમલના કારણે જીવ કર્મના સંબંધમાં આવે છે અને કર્મનો સંબંધ જીવને વિષયાભિમુખ બનાવે છે.

વિષયાભિમુખતા એ સ્વાર્થવૃત્તિનું જ બીજું નામ છે. નમસ્કારભાવ સ્વાર્થવૃત્તિનું ઉન્મૂલન કરે છે.

જીવમાં છુપાયેલી યોગ્યતાને શાસ્ત્રકારો તથાભવ્યત્વ શબ્દથી ઓળખાવે છે. એનો પરિપાક જીવને ધર્મની સાથે સંબંધ કરાવે છે.

નમસ્કારભાવ વડે તે યોગ્યતા વિકસિત થાય છે અને ધર્મ તથા ધર્માત્માઓ સાથે સંબંધ કરાવે છે.

ધર્મ તથા ધર્મી આત્માઓનો સંબંધ સમત્વભાવ (સૌમ્યતા ગુણ)ને વિકસાવે છે. સમત્વભાવની વૃદ્ધિ પરોપકારભાવને ઉત્તેજિત કરે છે.

પરસ્પર સહાય અને શુભેચ્છા વિના કોઇ પણ જીવની પ્રગતિ થઈ શકતી નથી. આ કાર્ય શત્રુતાથી નહિ પણ મિત્રતાથી જ થઇ શકે છે.

નમસ્કારભાવ એ મિત્રતા કેળવવાનું અમોઘ સાધન છે.

નમવા માંડે એટલે મિત્રો મળવા માંડે, એ સનાતન નિયમ છે. મિત્રો શુભેચ્છા લઇનેજ આવે છે. એમ પરસ્પર શુભેચ્છાની વૃદ્ધિ થવાથી ઔદાર્ય ભાવ વિકસે છે. આ બધાનું મૂળ નમસ્કારભાવ છે.

નમસ્કારભાવ કેળવવાનો મોટો મંત્ર 'नमो अरिहंताणं' છે.

જેઓ ભાવથી એ મંત્રનું નિત્ય સ્મરણ કરે છે, તેઓની અપાત્રતા નાશ પામે છે, પાત્રતા વિકસે છે, કર્મનો સંબંધ ઘટે છે, ધર્મનો સંબંધ વધે છે, સ્વાર્થવૃત્તિ ઘટે છે, પરાર્થ-વૃત્તિ વધે છે, ચિત્તની સંકુચિતતા નાશ પામે છે, વિશાળતા વધે છે, તેમ જ પરિણામે કર્મક્ષય થાય છે અને પરંપરાએ મોક્ષ મળે છે.

## 'નમો' પદથી શાન્તિ, તુષ્ટિ અને પુષ્ટિ.

વિષયોના રાગથી થતી અશાન્તિ 'નમો' પદના જાપથી ટળે છે.

'નમો' પદના જાપ વડે ક્ષુદ્ર વિષયોના રાગના સ્થાને પરમ પરમેષ્ઠિઓ પ્રત્યે રાગભાવ જાગે છે.

પરમેષ્ઠિઓ પ્રત્યે ભક્તિરાગ તે વિષયોના રાગથી ઉત્પન્ન થતી અશાન્તિને ટાળે છે અને શાન્તિને પમાડે છે.

ભોજન વડે ભૂખ ભાંગવાની સાથે જ જેમ શરીરમાં આરોગ્ય અને બળનો અનુભવ થાય છે, તેમ 'નમો' પદના રટણથી વિષયાભિલાષ ટળવાની સાથે જ આત્માને તુષ્ટિ-પુષ્ટિ મળે છે.

'નમો' પદમાં ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન-ત્રણેય સાથે રહેલાં છે. ભક્તિ એટલે પ્રેમ, વૈરાગ્ય એટલે વિષયોથી વિમુખતા અને જ્ઞાન એટલે સ્વરૂપનો બોધ. સ્વરૂપના બોધથી બળ મળે છે, જે પુષ્ટના સ્થાને છે. ભક્તિથી પ્રેમ જાગે છે, જે તુષ્ટિના સ્થાને છે અને વૈરાગ્યથી વિષયવિમુખતા થાય છે, જે શાન્તિસ્વરૂપ છે.

'નમો' પદનો જાપ એ રીતે આધ્યાત્મિક 'શાન્તિ', આધ્યાત્મિક 'તુષ્ટિ' અને આધ્યાત્મિક 'પુષ્ટિ'નો હેતુ બને છે.

'નમો' પદનો જાપ ચંદનની જેમ 'શીતળતા,' સાકરની જેમ 'મધુરતા' અને કંચનની જેમ 'શુદ્ધતા' સમર્પે છે.

શીતળતા શાન્તિકર છે, મધુરતા તુષ્ટિકર છે અને શુદ્ધતા પુષ્ટિકર છે.

'નમો' પદ વડે વિષયોમાં વિરસપણાની અને પરમેષ્ઠિઓમાં સરસપણાની ભાવના કેળવાય છે.

પંચ વિષયો એ જ સંસાર છે અને પંચ પરમેષ્ઠિઓ એ જ મોક્ષ છે.

'નમો' પદ વિષયોને ભુલાવે છે અને નિર્વિષયી—નિર્વિકારી એવા આત્માનું સ્મરણ કરાવે છે.

'નમો' એ અનાત્મા કરતાં આત્માનું મૂલ્ય અધિક છે, એમ સમજાવે છે.

'નમો' પદ વડે અનાત્મભાવની વિસ્મૃતિ અને આત્મભાવની સ્મૃતિ જાગે છે.

મોક્ષમાર્ગમાં ભાવના અને ધ્યાન, રાગાદિ દોષોના ક્ષય માટે અતિ ઉપયોગી મનાયાં છે.

'નમો અરિહંતાણં' મંત્રમાં 'નમો' પદભાવનાનું ઉત્પાદક છે અને 'અરિહંતાણં' પદ ધ્યાનનું સાધન છે.

વિષયોનો રસ ઘટાડવાનું કાર્ય 'નમો' પદની ભાવનાથી થાય છે અને આત્મરસ જગાડવાનું કાર્ય શ્રી અરિહંત પદના ધ્યાનથી થાય છે.

વિષયોનું સ્મરણ અનાદિ અભ્યાસથી પોતાની મેળે થાય છે.

દેવ–ગુરુનું સ્મરણ અભ્યાસના બળથી સાધ્ય છે. દેવ–ગુરુના સ્મરણનો અભ્યાસ દૃઢ થયા પછી વિષયોનું સ્મરણ આપોઆપ ટળી જાય છે.

બહિરાત્મભાવમાં આત્મા ચાલ્યો જાય, તે એક પ્રકારનો આધ્યાત્મિક આત્મઘાત છે. તેનાથી જીવને બચાવી લેનાર શ્રી નમસ્કારમંત્રનો જાપ છે.

## ભાવનમસ્કાર.

'नमो अरिहंताणं' 'અર્થાત્–'અરિહંતોને નમસ્કાર' એ પદનો તાત્પર્યાર્થ એ છે, કે હું અરિહંતોનો દાસ છું, પ્રેષ્ય છું, કિંકર છું અને સેવક છું.

અરિહંતો મારા સ્વામી છે, નાથ છે, માલિક છે અને સત્તાધીશ છે.

અરિહંતોના નિર્દેશને, અરિહંતોની આજ્ઞાને; અરિહંતોના કાર્યને અને અરિહંતોની સેવાને હું સ્વીકારું છું.

તેઓની આજ્ઞાનું પાલન એ જ મારો પરમ ધર્મ છે, એમ હું માનું છું.

નમસ્કાર્યની આજ્ઞા મુજબ જીવનને જીવવું, એ જ નમસ્કારકર્તાનો શુભ ભાવ છે.

આજ્ઞાપાલનને પરમ કર્તવ્ય સમજનાર જ સાચો નમસ્કાર કરનારો ગણાય છે.

આજ્ઞાથી પરાઙ્મુખ વૃત્તિવાળાનો નમસ્કાર, 'એ નામ નિક્ષેપે' નમસ્કાર છે.

આજ્ઞા ઉપરનો સાચો બહુમાનભાવ, એ સાચો ભાવનિક્ષેપે નમસ્કાર છે.

ભાવનમસ્કાર અને આજ્ઞાપાલનનો અધ્યવસાય એકાર્થક છે.

નમવું, પરિણમવું અને તદાકાર થવું, એ નમસ્કારનો ભાવાર્થ છે.

શ્રી અરિહંતોને વિષે એકચિત્ત થવું, તેઓને વિષે જ મન સ્થાપન કરવું, તેઓનું જ ધ્યાન અને તેઓને વિષે જ લેશ્યા, એ ભાવનમસ્કાર છે.

ભાવથી નમવું એટલે તદ્રૂપ થવું અને તદ્રૂપ પરિણમવું, એટલે ત્રિકરણ યોગથી તેઓને જ સમર્પિત થવું. તન મન અને ધન તેઓનાં જ કાર્યમાં વાપરવાં,

તેઓનું કાર્ય કરવું એમાં ત્રણેય લોકનું હિત છે. તે કાર્યને પોતાનું કાર્ય માનવું, તેમજ મન, વચન અને કાયાના યોગો તેમાં જ વાપરવાં, તે ભાવનમસ્કાર છે.

## ભાવનમસ્કાર અને આજ્ઞાયોગ.

'नमो अरिहंताणं' ના જાપથી શ્રી અરિહંતોની આજ્ઞાપાલનનો અધ્યવસાય જાગૃત થાય છે.

શ્રી અરિહંતોની આજ્ઞા એટલે જીવનિકાયનું હિત થાય એવું જીવન જીવવું તે. શ્રી અરિહંતોના નમસ્કારનું એ ફળ છે.

આજ્ઞાપાલનનો અધ્યવસાય એટલે સમસ્ત જીવરાશિ ઉપરનો સ્નેહનો પરિણામ, સમસ્ત જીવરાશિના હિતનો અધ્યવસાય અને તે મુજબનું જીવન.

પ્રભુની આજ્ઞા ઉપર પ્રીતિ ઉત્પન્ન થવામાં પ્રથમ કારણ આજ્ઞાભંગની ભીતિ છે અને આજ્ઞાભંગથી ઉત્પન્ન થતા દુષ્ટ વિપાકનું ચિંતવન છે. આજ્ઞા ભંગની ભીતિ વડે પ્રીતિ ઉત્પન્ન થાય છે, પ્રીતિ પછી ભક્તિ જાગે છે અને તે પછી આજ્ઞાપાલનની રુચિ પ્રગટે છે. એ રુચિપૂર્વક જે અનુષ્ઠાન થાય તે વચનાનુષ્ઠાન કહેવાય છે અને તેના પરિણામે અસંગાનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે. એ મુજબ ક્રમ છે.

અસંગાનુષ્ઠાન એ મોક્ષનું અનંતર કારણ છે. અસંગાનુષ્ઠાન નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ રૂપ છે. તે જ્ઞાનક્રિયાની અભેદ ભૂમિકા રૂપ છે, કેમ કે તે શુદ્ધ ઉપયોગ અને શુદ્ધ વીર્યોલ્લાસની સાથે તાદાત્મ્યભાવને ધારણ કરે છે.

અત્યંત પ્રીતિપૂર્વક થાય તે પ્રીતિ અનુષ્ઠાન, આદર–બહુમાનપૂર્વક થાય તે ભક્તિ અનુષ્ઠાન, આગમને અનુસરીને થાય તે વચનાનુષ્ઠાન અને તે અતિશય અભ્યાસથી આગમની અપેક્ષા વિના જ સહજ ભાવે થાય તે અસંગાનુષ્ઠાન છે.

અસંગાનુષ્ઠાનમાં યોગ અને ઉપયોગની શુદ્ધિ તેના પ્રકર્ષ પર્યંત પહોંચેલી હોય છે.

શ્રી અરિહંત ભગવંતો ઉપર પ્રીતિનો પરિણામ જો ષડ્જીવ-નિકાયના હિતની બુદ્ધિમાંથી થયેલો હોય, તો તે શુદ્ધ અને સ્થિર હોય છે.

ષડ્જીવનિકાયના હિતનો પરિણામ સૌ પ્રથમ ભવની ભીતિ-માંથી જન્મે છે. તે પછી આત્મૌપમ્ય ભાવમાંથી જન્મે છે. શ્રી અરિહંતોની ભક્તિ દ્રવ્ય–ભાવ ઉભયથી હોય છે. તેમાં ભાવભક્તિ આજ્ઞાપાલન–સ્વરૂપ છે. તેથી ભાવભક્તિનું બીજ આજ્ઞાપાલનનો અધ્યવસાય છે. એ જ અધ્યવસાય ભાવનમ-સ્કારની પ્રાપ્તિ કરાવે છે.

ભાવનમસ્કાર અંતે સર્વ પાપવૃત્તિઓનો નાશ કરી પરમ મંગલ પદની પ્રાપ્તિ કરાવે છે.

## નમસ્કાર વડે ધ્યાનસિદ્ધિ.

આજ્ઞાનું આરાધન મોક્ષ માટે થાય છે અને આજ્ઞાનું વિરાધન સંસાર માટે થાય છે.

પ્રભુની આજ્ઞા આશ્રવોના ત્યાગની અને સંવરોના સ્વીકારની છે.

જે જે ક્રિયાથી આત્મામાં કર્મ આવે તે આશ્રવ છે અને આવતાં કર્મ રોકાય તે સંવર છે.

ભવનો અંત કે ભવનું ભ્રમણ પ્રભુને આધીન છે, એટલે કે પ્રભુની આજ્ઞાને આધીન છે. આજ્ઞાની આરાધના અને વિરાધના એ જ મોક્ષનું અને ભવનું કારણ છે.

સંવરભાવ એ આજ્ઞાની આરાધના છે. સામાયિક એ સંવર છે અને નમસ્કાર એ સામાયિકનું સાધન છે, તેથી નમસ્કાર પણ સંવર છે.

સામાયિકથી અવિરતિ રૂપી આશ્રવનો સંવર થાય છે.

નમસ્કારથી મિથ્યાત્વ રૂપી આશ્રવનો સંવર થાય છે.

નમસ્કારમાં ભગવાનના સ્વરૂપનું ચિંતન થાય છે, તે નિશ્ચયથી નિજસ્વરૂપનું જ ચિંતન છે. શ્રી જિનની પૂજા પરમાર્થથી નિજની પૂજા છે. કહ્યું છે કે–

'જિનવર પૂજા રે, તે નિજ પૂજના રે.'

ભાગવત્સ્વરૂપનાં આલંબનથી આત્મધ્યાન સહજ બને છે. સમસ્ત દ્વાદશાંગીનો સાર ધ્યાનયોગ છે. ધ્યાન વડે આત્મસ્વરૂપની સ્પર્શના થાય છે, તેને સમાપત્તિ કહે છે. શ્રી નમસ્કારમંત્ર વડે તે ધ્યાનની સિદ્ધિ થાય છે. કહ્યું છે કે–

'श्री नमस्कारमंत्रेण सकलध्यानसिद्धिः ।

## મંત્રસિદ્ધિ માટે અનિવાર્ય.

પશુત્વ બીજાના ભોગે પોતે જીવવા ઇચ્છે છે. મનુષ્યત્વ પોતાના ભોગે બીજાને જીવાડવા ઇચ્છે છે. અથવા પોતે જેમ જીવવાને ઇચ્છે છે, તેમ બધા પણ જીવવાને ઇચ્છે છે, એમ સમજીને બધાની સાથે આત્મતુલ્ય વ્યવહાર કરે છે.

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માન એ જ તાત્ત્વિક પશુત્વ છે. તે જ ભાવશત્રુઓ છે. તે ભાવશત્રુઓનો નાશ પોતાના આત્માની અને જગતના જીવોની શાન્તિ માટે અનિવાર્ય છે.

'मातृवत् परदारेषु ।'

—એ ભાવના કામ અને રાગને શમાવે છે.

'लोष्टवत् परद्रव्येषु ।'

—એ ભાવના લોભ અને મોહને કાબૂમાં લાવે છે.

'आत्मवत् सर्वभूतेषु ।'

—એ ભાવના મદ, માન, ઈર્ષા-અસૂયાદિ વિકારોને શમાવે છે.

શાસ્ત્ર કહે છે કે ક્ષાન્ત, દાન્ત અને શાન્ત આત્માને જ કોઈ પણ પ્રાર્થના યા મંત્ર ફલીભૂત થાય છે.

અહિંસાના પાલનથી ક્રોધ જિતાય છે અને ક્ષાન્ત બનાય છે. સંયમના પાલનથી કામ જિતાય છે અને દાન્ત બનાય છે. તપના સેવનથી લોભ જિતાય છે અને શાન્ત થવાય છે.

કામને જીતવા માટે 'मातृवत् परदारेषु'ની ભાવના કર્તવ્ય છે. લોભને જીતવા માટે 'लोष्टवत् परद्रव्येषु'ની ભાવના કર્તવ્ય છે ક્રોધને જીતવા માટે 'आत्मवत सर्वभूतेषु'ની ભાવના કર્તવ્ય છે.

લોભને જીતનાર શાન્ત આત્મા જ સાચો તપસ્વી છે, કામને જીતનાર દાન્ત આત્મા જ સાચો સંયમી છે અને ક્રોધને જીતનાર ક્ષાન્ત આત્મા જ સાચો અહિંસક છે.

મંત્રસિદ્ધિની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે તે ત્રણેય ગુણો મેળવવા જોઈએ.

## આત્મા એ જ નમસ્કાર છે.

મંત્રસાધનાનું મહત્ત્વ અર્થની દૃષ્ટિએ નથી, પણ બીજની દૃષ્ટિએ છે.

'नमो' એ શ્રદ્ધાસૂચક છે, 'अरिहं' એ સર્વજ્ઞતાનું બીજ હોવાથી જ્ઞાનસૂચક છે અને 'ताणं' એ મનનક્રિયા રૂપ હોવાથી ચારિત્રસૂચક છે.

'नमो अरिहंताणं' એ મંત્રનાં ત્રણ પદો એ રીતે રત્નત્રયસૂચક છે. અનુક્રમે તત્ત્વરુચિ, તત્ત્વબોધ અને તત્ત્વરમણતા રૂપ અર્થને બતાવે છે. એ અર્થ ભેદ–રત્નત્રયીની દૃષ્ટિએ છે. અભેદ–રત્નત્રયીની દૃષ્ટિએ પણ તેનો અર્થ ઘટાવી શકાય છે.

'अर्हम्' પદની વ્યાખ્યા કરતાં 'श्री सिद्धहेमबृहद्वृत्ति' માં કહ્યું છે કે—

'प्रणिधानं चाऽनेन सह आत्मनः सर्वतः संभेदः तदभिधेयेन चाऽभेदः। अयमेव हि तात्त्विको नमस्कार इति।'

'अर्हं' પદનું પ્રણિધાન 'સંભેદપ્રણિધાન' છે અને 'अर्हं' વાચ્ય પરમાત્મસ્વરૂપનું પ્રણિધાન તે 'અભેદપ્રણિધાન' છે.

આ અભેદપ્રણિધાન એ જ તાત્ત્વિક નમસ્કાર છે. અહીં 'એવ'કાર વડે નમસ્કાર અને અરિહંતનો અભેદ સૂચિત કર્યો છે.

જેમ 'अर्हं'નું અભેદ-પ્રણિધાન એ તાત્ત્વિક નમસ્કાર છે. તેમ ત્રાણ પણ 'અરિહંત' પરમાત્મા જ છે. એ રીતે 'नमो', 'अरिहं' અને 'ताणं'– એ ત્રણેય એક જ અર્થને સૂચવનારા બની જાય છે.

'अर्हं' વાચ્ય શ્રી અરિહંત પરમાત્માનો નમસ્કાર અને તેથી ફલિત થતું ત્રાણ–રક્ષણ એક જ આત્મામાં રહેલું છે.

આત્મા એ જ 'अर्हं', આત્મા એ જ 'त्राण' અને આત્મા એ જ 'नमो' નમસ્કાર રૂપ છે.

બીજા શબ્દોમાં આત્મા એ જ જ્ઞાન, આત્મા એ જ દર્શન અને આત્મા એ જ ચારિત્ર–એમ અભેદ રત્નત્રયી પણ નમસ્કારના પ્રથમ પદમાં રહેલી છે.

## નમસ્કાર વડે વિશ્વનું પ્રભુત્વ.

વિશ્વ ઉપર પ્રભુત્વ પાંચ સમવાયનું છે. પાંચ સમવાય એટલે પાંચ કારણોનો સમુદાય.

પાંચ કારણોનાં નામ અનુક્રમે કાલ, સ્વભાવ, નિયતિ, કર્મ અને પુરુષકાર.

ચિત્તને સમત્વભાવની તાલીમ પાંચ કારણવાદના તત્ત્વજ્ઞાનથી મળે છે.

પાંચ કારણોનો સમવાય માનવાથી દીનતા-અહંકારાદિ દોષોનો વિલોપ થઈ જાય છે. એકલો દૈવવાદ માનવાથી દીનતા આવે છે. એકલો પુરુષકારવાદ માનવાથી અહંકાર ઉત્પન્ન થાય છે. એકલી નિયતિ, એકલો કાળ કે એકલો સ્વભાવવાદ માનવાથી સ્વચ્છંદ પોષાય છે.

પાંચેય કારણો મળીને કાર્ય બને છે, એમ માનવાથી એકેક વાદથી પોષાતા સ્વચ્છંદાદિ દોષોનો નિગ્રહ થાય છે અને સારા–નરસા બનાવ વખતે ચિત્તનું સમત્વ ટકી રહે છે.

જેમ જેમ સમત્વભાવ વિકસે છે, તેમ તેમ કર્મક્ષય વધતો જાય છે.

સમ્યક્ત્વ સમત્વભાવ રૂપ છે, માટે તેને સમકિત સામાયિક કહેવાય છે. વિરતિ અધિક સમત્વસૂચક છે, તેથી તેને દેશવિરતિ અને સર્વવિરતિ સામાયિક કહે છે. અપ્રમાદ એથી પણી અધિક સમત્વસૂચક છે. એથી આગળ અકષાયતા, અયોગતાદિ ઉત્તરોત્તર અધિક સમત્વ રૂપ હોવાથી અધિક અધિક નિર્જરાના હેતુ છે.

વિશ્વ ઉપર પાંચ સમવાયનું પ્રભુત્વ છે એટલે સમત્વભાવનું પ્રભુત્વ છે અને સમત્વભાવ ઉપર શ્રી અરિહંતાદિ ચારનું પ્રભુત્વ છે. કહ્યું છે કે–

> કાળ સ્વભાવ ભવિતવ્યતા,<br>
> એ સઘળાં તારા દાસો રે;<br>
> મુખ્ય હેતુ તું મોક્ષનો,<br>
> એ મુજ સબલ વિશ્વાસો રે.

પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ.

શ્રી અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ–એ ચારના અવલંબનથી શુભ ભાવ પ્રકટે છે. એ શુભ ભાવ પાંચ સમવાય ઉપર પ્રભુત્વ ધરાવે છે. તેથી વિશ્વના સાચા સ્વામી શ્રી અરિહંતાદિ ચાર છે. તેઓનો નમસ્કાર, નમસ્કાર કરનારને સમગ્ર વિશ્વ ઉપર પ્રભુત્વ અપાવે છે.

## પાંચેય કારણો ઉપર શુભ ભાવનું પ્રભુત્વ.

દુષ્કૃતગર્હા વડે સહજમલનો હ્રાસ થાય છે. સુકૃતાનુમોદના વડે તથાભવ્યત્વભાવનો વિકાસ થાય છે. શરણગમન વડે ઉભય

સધાય છે, કેમ કે જેનુ શરણુ ગ્રહણુ થાય છે, તેઓનો સહજમલ સર્વથા નાશ પામ્યો છે અને તેઓનું તથાભવ્યત્વ પૂર્ણપણે વિકાસ પામ્યું છે.

સહજમલ તે પર-પુદ્ગલના સંબંધમાં આવવાની શક્તિ છે. દુષ્કૃત માત્ર તે શક્તિનું પરિણામ છે.

તે શક્તિનું બીજ જ્યારે બળી જાય છે, ત્યારે પરના સંબંધમાં આવવાની ઇચ્છા માત્રનો વિલય થાય છે.

પરને આધીન એવા સુખને પામવાની ઇચ્છા નષ્ટ પામવાથી સ્વાધીન સુખને પામવાની ઇચ્છા વિકાસ પામે છે, તે જ તથાભવ્યત્વભાવનો વિકાસ છે.

સ્વાધીન સુખને પામેલાનું શરણુ અચિંત્ય શક્તિશાળી છે. તે પરાધીન સુખની ઇચ્છાનો નાશ કરાવી, સ્વાધીન સુખની ઇચ્છાનો વિકાસ કરાવી, અંતે સ્વાધીન સુખને સંપૂર્ણપણે પમાડીને જ જંપે છે.

અનાદિ નિગોદમાંથી જીવને બહાર કાઢનાર શ્રી સિદ્ધ ભગવંત છે. તેઓનું ઋણુ પોતાને માથે ધારણુ કરનાર તેઓનાં સુકૃતનું નિરંતર અનુમોદન કરે છે. તે ઋણુ જ્યાં સુધી પોતે ચૂકવી શકતો નથી, ત્યાં સુધી પોતાના તે દુષ્કૃતની ગર્હા કરે છે.

શ્રી સિદ્ધ ભગવંતના ઉપકારરૂપી સુકૃતને અને સંસારમાં રહીને પોતે અનેકને અપકાર કરે છે, તે રૂપ દુષ્કૃતને જે નિરંતર યાદ કરે છે, તેને સાચું સુકૃતાનુમોદન અને સાચું દુષ્કૃતગર્હણુ થાય છે.

ગર્હણ સહજમલનો નાશ કરે છે અને અનુમોદન ભવ્યત્વભાવનો વિકાસ કરે છે. તેના પ્રભાવે મુક્તિનાં પાંચેય કારણો આવી મળે છે. તેથી પાંચેય કારણો ઉપર પ્રભુત્વ શુભ ભાવનું છે.

## દ્વૈત અને અદ્વૈત નમસ્કાર.

પરમેષ્ઠિ એટલે પરમ ઉત્કૃષ્ટ સ્વરૂપમાં જેઓ અવસ્થિત છે તે. આત્માનું ઉત્કૃષ્ટ સ્વરૂપ સમભાવમાં છે. તેમાં જ જેઓ સ્થિત છે—અવસ્થિત છે, તેઓ પરમેષ્ઠિ કહેવાય છે.

શ્રી અરિહંત અને સિદ્ધ કેવળ પૂજ્ય છે, તેથી દેવતત્ત્વ છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પૂજ્ય પણ છે અને પૂજક પણ છે, તેથી ગુરુતત્ત્વ છે.

ધર્મનો આત્મા દેવ અને ગુરુતત્ત્વ છે. એ બન્ને તત્ત્વોની ભક્તિ તે ધર્મનો પ્રાણ છે. એ પ્રાણની રક્ષા કરનાર મંદિર–મૂર્તિ–પૂજાદિ ધર્મના દેહ અને વસ્ત્રાલંકાર છે.

મોટાઓ પાસે આપણી લઘુતા અને તેઓની ગુરુતા પ્રગટ થાય એવું વર્તન કરવું, તેનું નામ નમસ્કાર છે. તેના બે ભેદ છે: એક દ્વૈત અને બીજો અદ્વૈત.

જ્યાં સુધી વિશેષ પ્રકારની સ્થિરતા પ્રાપ્ત થઇ ન હોય, ત્યાં સુધી હું ઉપાસક અને તે ઉપાસ્ય, એવો દ્વૈતભાવ હોય છે, તે દ્વૈત નમસ્કાર છે.

રાગ–દ્વેષના વિકલ્પોનો નાશ થઈ જવાથી, ચિત્તની એટલી બધી સ્થિરતા થઇ જાય છે, કે તેમાંથી દ્વૈતભાવ જ ચાલ્યો જાય. તે અદ્વૈત નમસ્કાર છે.

તે સ્થિતિમાં પોતાની જાત જ ઉપાસ્ય બને છે અને પોતાના શુદ્ધ સ્વરૂપનું જ ધ્યાન થયા કરે છે.

દ્વૈત નમસ્કાર અદ્વૈત નમસ્કારનું સાધન માત્ર છે.

સિદ્ધોના પરોક્ષ સ્વરૂપને બતાવનાર શ્રી અરિહંત છે. તેથી વ્યવહારદૃષ્ટિએ તેઓ પ્રથમ છે. એ રીતે પંચપરમેષ્ઠિઓનો ક્રમ પૂર્વાનુપૂર્વીથી છે, એમ સાબિત થાય છે.

## જપની ક્રિયા દૃષ્ટફલા છે.

જપની ક્રિયા દૃષ્ટફલા–પ્રત્યક્ષ ફળ આપનારી છે.

મંત્રશક્તિ કોઈ દિવસ પણ ખોટી પડતી નથી. જેમ વિજળીના પ્રવાહ (Current)માં વિજળીનું સામર્થ્ય ગુપ્ત રીતે રહેલું છે, તેમ મંત્રમાં તેના દેવતાનું દિવ્ય સામર્થ્ય દિવ્ય તેજ ગુપ્ત રીતે રહેલું છે. અનુકૂળ દ્યોતન દ્વારા તેને પ્રકટાવી શકાય છે. સાધકના આત્માને દિવ્યતા અપાવે તે દેવ. દેવતા, ઋષિ, છંદ તથા વિનિયોગ, એ મંત્રની ચાર વસ્તુઓ અગત્યની છે.

જપને યજ્ઞ પણ કહે છે. જપયજ્ઞમાં હોમવાનો પદાર્થ અહંકારભાવ છે. અહંકારભાવના કારણે જ જીવનું શિવસ્વરૂપ વિસારે પડયું છે.

આત્મા રૂપી દેવની આગળ જીવનો અહંકારભાવ ધરી દેવાનો છે. આ ક્રિયા જ ચિત્તપ્રસાદને પ્રકટાવે છે.

મંત્રજાપ સાથે મંત્રદેવતાનું અને તે મંત્ર આપનાર સદ્ગુરુનું ધ્યાન ખ્યાલમાં રહેવું જોઈએ.

'નમઃ' શબ્દનું ઉચ્ચારણ થતાંની સાથે જ મન, વાણી અને શરીર ઇષ્ટને સોંપાઈ જવાં જોઇએ. તે ત્રણેય ઉપર મારાપણાનું અભિમાન છૂટી જવું જોઇએ. આ અભિમાન જેમ જેમ છૂટે છે, તેમ તેમ મંત્રદેવતા સાથે એકતા સધાય છે.

જેટલા અક્ષરનો મંત્ર હોય, તેટલા લક્ષ જાપ કરવાથી એક પુરશ્ચરણ થાય છે. ઉપાસ્ય દેવતાના સાક્ષાત્કાર માટે આવા પુરશ્ચરણોની ખાસ જરૂર હોય છે.

પુરશ્ચરણ વખતે ઉપાસકની અનેક પ્રકારની કસોટી થાય છે. તે વખતે ક્ષોભ ન પામતાં ધૈર્ય ધારણ કરનારને મંત્ર સાક્ષાત્કાર થાય છે.

## જાત ઉપર કાબૂ મેળવવાનો મહામંત્ર.

વિશ્વ ઉપર કાબૂ મેળવવા માટે પોતાની જાત ઉપર કાબૂ મેળવવો જોઇએ. પોતાની જાત ઉપર કાબૂ મેળવવા માટે પોતાની પાંચેય ઇન્દ્રિયો અને છઠ્ઠું મન. તેના ઉપર કાબૂ મેળવવો જોઇએ.

ઇન્દ્રિયો અને મન ઉપર કાબૂ ત્યારે જ આવે, કે જ્યારે તેમાં વિલસી રહેલું ચૈતન્ય તેથી જુદું છે અને પોતાની શક્તિ વડે તે બધાનું સંચાલન કરી રહેલું છે, એવો બોધ સ્પષ્ટ થાય.

જે ખાતો નથી અને ખવડાવે છે, જે પીતો નથી અને પીવડાવે છે, જે સૂતો નથી અને સુવડાવે છે, જે પહેરતો નથી અને પહેરાવે છે, જે ઓઢતો નથી અને ઓઢાડે છે,

જે બેસતો નથી અને બેસાડે છે, જે ઊઠતો નથી અને ઉઠાડે છે, જે ચાલતો નથી અને ચલાવે છે, જે જોતો નથી અને દેખાડે છે, જે સાંભળતો નથી અને સંભળાવે છે, જે આપણે ભૂલી જઈએ છીએ છતાં જે કદી આપણને ભૂલતો નથી, જે બધી ઇન્દ્રિયોમાં અને મનમાં ચૈતન્ય પૂરું પાડે છે અને છતાં તે બધાથી પર છે, તે જ ધ્યેય છે, તે જ ઉપાસ્ય છે અને તે જ આરાધ્ય છે, તે જ લોકમાં મંગલ, ઉત્તમ અને શરણ્ય છે, તે જ સ્મરણ કરવાયોગ્ય, સ્તુતિ કરવાયોગ્ય અને ધ્યાન કરવાયોગ્ય છે. એવો નિશ્ચય જ્યારે દૃઢ થાય છે, ત્યારે પાંચેય ઇન્દ્રિયો અને મન ઉપર તથા પોતાની સમગ્ર જાત જીવ કાબૂ મેળવે છે.

મહામંત્રની ઉપાસનામાં પરમ ધ્યેય તરીકે તે પરમ-તત્ત્વની જ એક ઉપાસના વિવિધ રીતે થાય છે. તેથી તેનો જાપ અને સ્મરણ સતત કરવા યોગ્ય છે.

'नमो' પદ વડે પરમાત્માની નજીક જવાય છે.

'अरिहं' પદ વડે પરમાત્મા પકડમાં આવે છે.

'ताणं' પદ વડે પરમાત્મામાં એકાગ્રતાની બુદ્ધિ થાય છે.

સમગ્ર ત્રણેય પદ વડે અને તેની અર્થભાવના વડે પર-માત્માની સાથે એકત્વ–અભેદનો અનુભવ થાય છે. તેથી 'नमो अरिहंताणं' એ મહામંત્ર છે.

મંત્રનો જાપ સ્થિર ચિત્તથી, સ્વસ્થ ગતિથી અને મંત્રાર્થ-ચિંતનપૂર્વક થવો જોઈએ.

મંત્ર, મંત્રદેવતા અને મંત્રદાતા ગુરુમાં દૃઢ શ્રદ્ધા, એ સાધનાનાં ત્રણ ચરણો છે. જો એક પણ ચરણનો ભંગ હોય, તો સાધના પંગુ બને છે અને અસફળ થાય છે.

'નમો' પદ વડે ઔદયિક ભાવનો નિષેધ ત્યાં સુધી કરવો, કે એક પણ નિષેધ કરવાયોગ્ય પરભાવ બાકી ન રહે.

પછી જે રહે તે જ આત્મા છે, અરિહંત છે અને શુદ્ધ સ્વરૂપવાળા પરમાત્મા છે.

## સમતા સામાયિકની સિદ્ધિ.

સમ્યગ્દૃષ્ટિ જીવોને વિશ્વની વિવિધતા અને વિચિત્રતા સંવેગ અને વૈરાગ્યની વૃદ્ધિ માટે થાય છે તથા અહિંસા, સંયમ અને તપસ્વરૂપ ધર્મના પાલનમાં ઉપકારક થાય છે.

જીવોની કર્મકૃત વિચિત્રતાઓને મૈત્ર્યાદિ ભાવો વડે સહવી, તે અહિંસાનું બીજ છે અને પોતાને પ્રાપ્ત થતી સુખ–દુઃખ આદિ વિવિધ અવસ્થાઓને સમભાવે વેઠવી, તે અનુક્રમે સંયમ અને તપનું બીજ છે.

તપધર્મને વિકસાવવા માટે દુઃખની પણ ઉપયોગિતા છે. સંયમધર્મને વિકસાવવા માટે સુખની પણ ઉપયોગીતા છે. અહિંસાને આરાધવા માટે જીવોની વિવિધતાની પણ ઉપયોગિતા છે.

જીવોને સહવા તે અહિંસા છે, સુખોને સહવા તે સંયમ છે અને દુઃખોને સહવા તે તપ છે.

જીવોને સહવા એટલે કે શત્રુ, મિત્ર કે ઉદાસીન પ્રત્યે તુલ્યભાવ કેળવવો.

સુખોને સહવા એટલે સુખ વખતે વિરક્ત રહેવું. દુઃખોને સહવા એટલે દુઃખ વખતે અદીન રહેવું.

જીવોની વિવિધતામાં એકતાનું ભાન અહિંસાને વિકસાવે છે, સુખોમાં દુઃખબીજતાનું જ્ઞાન સંયમને વિકસાવે છે અને દુઃખોમાં સુખબીજતાનું જ્ઞાન તપગુણને વિકસાવે છે.

દુઃખ માત્ર જો સમજપૂર્વક વેદવામાં આવે, તો સુખનાં બીજ છે. સુખ માત્ર જો સમજ વિના વેદવામાં આવે, તો દુઃખનાં બીજ છે.

જીવ માત્ર સત્તાથી શિવ છે. ચૈતન્ય સામાન્યથી જીવોમાં એકતાનું જ્ઞાન સમત્વ વિકસાવે છે. દ્રવ્ય સામાન્યથી સુખ-દુઃખમાં અભિન્ન એક આત્માનું જ્ઞાન સમતાભાવનું કારણ બને છે. સમાનભાવને આગળ કરવાથી સમતા સામાયિકની સિદ્ધિ થાય છે.

ધર્મ ચિત્તની સમાન વૃત્તિમાં છે. અહિંસા, સંયમ, તપ વગેરેની ક્રિયા ચિત્તવૃત્તિને એક જ આલંબનમાં ટકાવી રાખવાનું સાધન છે. મંત્રજાપની ક્રિયા પણ મનોગુપ્તિનું—મનના રક્ષણનું સાધન છે.

મનોગુપ્તિ એ મોક્ષનું સાધન છે. મંત્રથી બંધાયેલું મન મનોગુપ્તિનું સાધન બનીને મોક્ષનું સાધન બને છે. જપ વડે ભગવાનનું પ્રણિધાન થાય છે.

## સર્વશ્રેષ્ઠ જપયજ્ઞ.

જપ વડે ભગવાનનું પ્રણિધાન થાય છે ભગવાનના નામનો જાપ કરવાથી બાહ્ય વ્યાપારોનો નિરોધ થાય છે. શબ્દાદિ બાહ્ય વ્યાપારો રોકાઇ જવાથી આંતર્જ્યોતિ પ્રગટ થાય છે, તેને પ્રત્યક્–ચૈતન્ય કહે છે. જ્ઞાનાદિ ગુણોની વિશુદ્ધિ થાય છે તેથી ભક્તિ અને શ્રદ્ધામાં ઉત્તરોત્તર વધારો થાય છે.

શાસ્ત્રોમાં વિશિષ્ટ ગુણવાન પુરુષોના પ્રણિધાનથી મહાફળ થવાનું કહ્યું છે, તે વાત ભગવાનના નામનો જાપ કરવાથી પ્રત્યક્ષ અનુભવાય છે. ભગવાનના નામના જાપ વડે પાપનાશનું સ્વાભાવિક કાર્ય થતું જ હોય છે. પછી તે જાપ વ્યગ્ર ચિત્તે હોય કે એકાગ્ર ચિત્તે, કિન્તુ અતીન્દ્રિય શાન્તિ અને અલૌકિક આનંદનો અનુભવ તો એકાગ્ર ચિત્તે થતા જાપ વડે જ અનુભવાય છે. ઉપર્યુક્ત અર્થને જ નીચેના શ્લોકો કહે છે.

'अेवं च प्रणवेनैतत्, जपात् प्रत्यूहसंक्षयः ।
प्रत्यक्चैतन्यलाभश्च, इत्युक्तं युक्तं पतञ्जलेः ॥ १ ॥
रजस्तमोमयाद्दोषा–द्विक्षेपाश्चेतसो ह्यमी ।
सोपक्रमा जपान्नाशं, यान्ति शक्तिहति परे ॥ २ ॥
प्रत्यक्चैतन्यमप्यस्मा–दन्तर्ज्योतिःप्रथामयम् ।
बहिर्व्यापाररोधेन, जायमानं मतं हि नः ॥ ३ ॥'

–દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા

અન્યત્ર પણ કહ્યું છે કે 'સરળતાથી જપી શકાય એવું ભગવાનનું નામ અને પોતાને વશવર્તી એવી જિહ્વા હોવા

છતાં, તેનો ઉપયોગ નહિ કરનાર લોક ઘોર નરકમાં જાય છે. એ જોઈને જ્ઞાની પુરુષોને સખેદ આશ્ચર્ય થાય છે.'

'योगातिशयतश्चाऽयं, स्तोत्रकोटिगुणः स्मृतः ।
योगदृष्टया बुधैर्दृष्टो, ध्यानविश्रामभूमिका ॥ १ ॥'

– દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા

અર્થ–'યોગાચાર્યોએ પ્રભુના જાપને સ્તોત્ર કરતાં પણ કોટિગુણા ફળવાળો કહ્યો છે, એટલું જ નહિ પરન્તુ જાપને ધ્યાનની વિશ્રાન્તિ ભૂમિકા કહી છે.'

બહાર પ્રસરી રહેલી વૃત્તિઓને ખેંચીને અંતરમાં સમાવવા સારુ જાપ જરૂરી છે.

જપથી પ્રાણ અને શરીર સમતોલ અવસ્થાને પામે છે તથા મન સ્થિર અને શાન્ત થાય છે. જપ બહિર્વૃત્તિઓનો નાશ કરે છે. તેની કામનાવાળા જીવોની કામનાની પૂર્તિ કરાવી અંતે તે નિષ્કામ બનાવે છે.

'નમો' મંત્ર મનને કલ્પનાજાળથી છોડાવી અને સમત્વમાં પ્રતિષ્ઠિત કરી, અંતે આત્મનિષ્ઠ બનાવે છે.

જાપ કરનારે પ્રથમ આસન સિદ્ધ કરવું જોઈએ. આસનથી દેહનું ચાંચલ્ય નાશ પામે છે.

ચાંચલ્ય રજોગુણ અને તમોગુણથી થાય છે. તે નાશ પામતાં મન અને પ્રાણનો નિગ્રહ સરળ બને છે.

'अरिहं' એ આત્માનો સંકેત છે અને 'नमो' એ પ્રાણનો સંકેત છે. 'ताणं' પદ ઉભયની એકતાને જણાવનારું ચિહ્ન છે.

'नमो' વડે પ્રાણ 'अरिहं'રૂપી આત્મામાં જોડાય છે અને તેથી ત્રાણશક્તિ ઉત્પન્ન થાય છે.

ઇન્દ્રિયોને વિષયોથી ઉપરામ કરાવી, આત્માને વિષે હોમવાનું કાર્ય 'નમો' મંત્ર વડે સધાય છે. તેથી તેને સર્વ પ્રકારના યજ્ઞોમાં શ્રેષ્ઠ યજ્ઞ તરીકેનું પણ સ્થાન મળે છે.

## નમસ્કાર વડે બોધિ અને નિરુપસર્ગ.

'નમો' એટલે વંદન, પૂજન, સત્કાર અને સન્માન. તેના પરિણામે બોધિ અને નિરૂપસર્ગ અવસ્થા પ્રાપ્ત થાય છે. નમો પદ નિરૂપસર્ગ પર્યંતના લાભનો હેતુ છે, એ નિર્ણય, શ્રદ્ધા, મેધા, ધૃતિ ધારણા અને અનુપ્રેક્ષાથી થાય છે.

શ્રદ્ધાદિ સાધનો ઉત્કટ ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય અને સિદ્ધિનાં સાધન બનીને નમસ્કાર દ્વારા નિરૂપસર્ગ પદને અપાવે છે.

નિરૂપસર્ગ પદ એટલે જ્યાં જન્મ–મરણાદિ ઉપસર્ગો નથી, એવું મોક્ષસ્થાન. વંદન એટલે અભિવાદન અને મન, વચન તથા કાયાની પ્રશસ્ત પ્રવૃત્તિ. પૂજન એટલે પુષ્પાદિ વડે સમ્યગ્ અભ્યર્ચન. સત્કાર એટલે શ્રેષ્ઠ વસ્ત્રાલંકારાદિ વડે પૂજન. સન્માન એટલે સ્તુતિ–સ્તોત્રાદિ વડે ગુણગાન. તેના પરિણામે બોધિ એટલે જિનધર્મની પ્રાપ્તિ. વંદન, પૂજન, સત્કાર, સન્માન આદિ

જ્યારે શ્રદ્ધા વડે થાય પણ બલાત્કારાદિ વડે નહિ, મેધા વડે થાય પણ જડ ચિત્તથી નહિ, ધૃતિથી થાય પણ આકુળવ્યાકુળતાથી નહિ, ધારણાથી થાય પણ શૂન્ય ચિત્તે નહિ, તથા અનુપ્રેક્ષાપૂર્વક થાય પણ માત્ર ક્રિયા રૂપે નહિ, ત્યારે તે ભાવરૂપ બને છે અને બોધિ તથા નિરૂપસર્ગ અવસ્થાનું કારણ બને છે.

## નવકારના પ્રથમ પદનો અર્થ.

નવકારના પ્રથમ પદનો અર્થ એ છે કે–'अरिहं' 'अरहं' અને 'अरुहं' ને નમસ્કાર એ ત્રાણસ્વરૂપ છે.

'अरिहं' એ પ્રભુની ધર્મકાય અવસ્થાને કહે છે.

'अरहं' એ પ્રભુની કર્મકાય અવસ્થાને કહે છે.

'अरुहं' એ પ્રભુની તત્ત્વકાય અવસ્થાને કહે છે.

ધર્મકાય અવસ્થા જન્મને જિતાવનારી છે.

કર્મકાય અવસ્થા જીવનને જિતાવનારી છે.

તત્ત્વકાય અવસ્થા મરણને જિતાવનારી છે.

જન્મ, જીવન અને મરણ–એ ત્રણેય અવસ્થાઓ ઉપર જેઓએ વિજય પ્રાપ્ત કર્યો છે, તે 'अरिहं' છે.

સંસ્કૃતમાં 'अर्हं' શબ્દ ઉપરથી પ્રાકૃતમાં ત્રણ રૂપ બને છે. તે જ અનુક્રમે 'अरिहं', 'अरहं' અને 'अरुहं' છે.

'अर्हं' શબ્દ બ્રહ્મ છે, તેથી પરબ્રહ્મનો વાચક છે. પરબ્રહ્મ ચૈતન્ય પર સામાન્યથી એક રૂપ છે. તેને નમસ્કાર એટલે

તદ્રૂપપરિણમન. તે પરિણમન નિર્વિકલ્પ-ચિન્માત્ર-સમાધિ રૂપ છે. તેથી તેમાં ભવનો બાધ થઈ જાય છે.

'अरिहं', 'अरहं' કે 'अरुहं'-એ શબ્દો શુદ્ધ આત્મ-સ્વરૂપના બોધક હોવાથી શ્રુતસામાયિકની પ્રાપ્તિ કરાવે છે. શ્રુતસામાયિક એ સમ્યક્ત્વ સામાયિકની પ્રાપ્તિનું કારણ છે.

શ્રી અરિહંતોને ભાવથી થતો નમસ્કાર એ સમ્યક્ત્વ સામાયિક રૂપ છે, કેમ કે તેમાં આત્મતત્ત્વની અભેદભાવે પ્રતીતિ છે.

એ પ્રતીતિનું ફળ સર્વવિરતિ સામાયિક, અપ્રમત-ભાવ અને અકષાય-ભાવની પ્રાપ્તિ કરાવી, પરંપરાએ તે સયોગી અને અયોગી કેવળ અવસ્થાને અપાવે છે.

તેથી તેમાં સાધુનમસ્કાર અને સિદ્ધનમસ્કાર આવી જાય છે.

ભાવનમસ્કાર એ એક અપેક્ષાએ સંગ્રહનયનું સામાયિક છે. તેમાં સ્વરૂપાસ્તિત્વ અને સાદૃશ્યાસ્તિત્વ રૂપે આત્મતત્ત્વની એકતાનું ભાન થાય છે. એ ભાન અનાદિ અજ્ઞાન ગ્રંથિનો છેદ કરે છે. અનાદિ અજ્ઞાન ગ્રંથિનો છેદ થવાથી કુદેવ, કુગુરુ અને કુધર્મમાં સુદેવ, સુગુરુ અને સુધર્મની બુદ્ધિ ઉત્પન્ન થતી નથી અને અનંતાનુબંધી કષાય જન્ય હિંસાદિ પાપસ્થાનોનું સેવન થતું નથી.

વળી સુદેવ, સુગુરુ અને સુધર્મ તથા ત્રણ તત્ત્વોને માન-નાર શ્રી ચતુર્વિધ સંઘ અને સાધર્મિકોની ભક્તિમાં પ્રમાદ

ચૈતન્ય પર સામાન્ય વડે આત્મતત્ત્વની એકતાનો બોધ થતો હોવાથી વૈર-વિરોધનો નાશ થાય છે; સમગ્ર જીવરાશિ ઉપર સ્નેહ-પરિણામની વૃદ્ધિ થાય છે; દાન, દયા, પરોપકારાદિ ગુણોનો વિકાસ સહજ બને છે અને અલ્પ કાળમાં મુક્તિનાં અનલ્પ સુખનો લાભ થાય છે.

આ બધો લાભ શ્રી નવકારમંત્રના પ્રથમ પદનો અર્થ-ભાવના સાથે થતો જાપ મેળવી આપે છે. તેથી તેનો જેમ બને તેમ વિશેષ આદર કરવો જોઈએ.

## ત્રણ ગુણોની શુદ્ધિ.

મન-વચન-કાયાના યોગો તથા જ્ઞાન-દર્શન-ચારિત્રસ્વરૂપ આત્માના ગુણો વગેરે નવકારના પ્રથમ પદના સ્મરણથી શુદ્ધ થાય છે; ત્રણ યોગોની શુદ્ધિથી વાત-પિત્ત-કફ રૂપી દેહની ત્રણ ધાતુઓના વૈષમ્યની શુદ્ધિ થાય છે અને જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી આત્માની ત્રણ[1] ધાતુઓ અર્થાત્ ત્રણ ગુણોની પણ શુદ્ધિ થાય છે. કહ્યું છે કે-

'वातं विजयते ज्ञानं, दर्शनं पित्तवारणम् ।
कफनाशाय चरणं, धर्मस्तेनामृतायते ॥ १ ॥'

—पू. उपा. श्री मेघवि. म. कृत अर्हद् गीता ॥ ६/१५ ॥

---

१ दधति धारयन्ति जीवस्वरूपमिति धातवः सम्यग्ज्ञानादयः ।
—धर्मबिन्दु, अ. ८, सू. ११ टीका.

અર્થાત્ 'જ્ઞાનથી વાતદોષ જિતાય છે, દર્શનથી પિત્તદોષ જિતાય છે અને ચારિત્રથી કફદોષ જિતાય છે. તેથી ધર્મ અમૃત જેવું કાર્ય કરે છે.'

રાગ–દ્વેષ–મોહ એ આત્માની જ્ઞાનાદિ ધાતુઓના વૈષમ્યથી ઉત્પન્ન થનારા દોષો છે. તે અનુક્રમે જ્ઞાન–દર્શન–ચારિત્રગુણ વડે જીતાય છે. સાથે સાથે ક્રમશઃ મન, વચન અને કાયાના યોગો પણ શુદ્ધ થાય છે, કેમ કે જ્ઞાનમાં મનોયોગની પ્રધાનતા છે, દર્શનમાં સ્તુતિ–સ્તોત્રાદિ પૂજાની મુખ્યતા હોવાથી વચનયોગની પ્રધાનતા છે અને ચારિત્રમાં કાયિક ક્રિયાઓની મુખ્યતા હોવાથી કાયયોગની પ્રધાનતા છે.

આ રીતે વિચારતાં, દેહના વાતાદિજન્ય ત્રણેય દોષોને અને આત્માના રાગાદિજન્ય ત્રણેય દોષોને–વિકારોને શુદ્ધ કરવાની શક્તિ નવકારના પ્રથમ પદના સાત અક્ષરો રૂપી એક આલાવામાં એટલે તેના ત્રણ પદોમાં પણ રહેલી છે.

'नमो' પદ વડે મનોયોગની અને જ્ઞાનગુણની શુદ્ધિ થાય છે, તેથી રાગદોષ જીતાય છે.

'अरिहं' પદ વડે વચનયોગની અને દર્શનગુણની શુદ્ધિ થાય છે, તેથી દ્વેષદોષ જીતાય છે.

'તાણં' પદ વડે કાયયોગની અને ચારિત્રગુણની શુદ્ધિ થાય છે, તેથી મોહદોષ જીતાય છે.

ત્રણ યોગો અને તે વડે અભિવ્યક્ત થતા જ્ઞાનાદિ ત્રણ ગુણો વડે વાત–પિત્ત–કફના દોષો અને રાગ–દ્વેષ–મોહના દોષો પણ નાશ પામે છે. એટલે કે શરીર અને આત્મા એ બંનેની એકી સાથે શુદ્ધિ કરવાનો ગુણ નવકારના પ્રથમ પદના જાપમાં રહેલો છે, તેમજ ઉપલક્ષણથી ધર્મના પ્રત્યેક અંગના સમ્યગ્ આરાધનમાં તે શક્તિ રહેલી છે.

## 'નમો' પદની ગંભીરતા.

'નમો' મંત્રમાં નવધા ભક્તિ રહેલી છે.

'નમો' મંત્ર વડે નામનું [1]શ્રવણ, [2]કીર્તન અને [3]સ્મરણ થાય છે, તેમજ આકૃતિનું [4]પૂજન, [5]વંદન અને [6]અર્ચન થાય છે. દ્રવ્યનિક્ષેપે પરમાત્માની સેવા અને ભક્તિ થાય છે તથા ભાવનિક્ષેપે પરમાત્મા પ્રત્યે આત્મનિવેદન અથવા સર્વસમર્પણ થાય છે.

નવકાર એ સર્વ મંગલોમાં પહેલું મંગલ છે. પાપને, અશુભ કર્મને અને સર્વ મળને ગાળે તે મંગલ; તેમાં ઉત્કૃષ્ટ પંચમંગલસ્વરૂપ નવકાર છે.

નવકાર વડે બાહ્ય–અભ્યંતર અથવા દ્રવ્ય–ભાવમળ જાય

છે. ભાવમળ એ અજ્ઞાન અને અશ્રદ્ધા છે. નવકાર વડે આત્માનું અજ્ઞાન ટળે છે. અને પરમ તત્ત્વનું જ્ઞાન થાય છે.

નવકાર વડે ધર્મફળની અશ્રદ્ધા ટળે છે અને શ્રદ્ધા જાગે છે. નવકાર મિથ્યાત્વના અને અજ્ઞાનનાં પરિણામોને ગાળે છે, વિનાશ કરે છે, હણે છે, શુદ્ધ કરે છે અને વિધ્વંસ કરે છે. સમ્યક્ત્વનાં અને જ્ઞાનનાં પરિણામોને લાવે છે, ઉત્પન્ન કરે છે, સર્જે છે, પુષ્ટ કરે છે અને વૃદ્ધિ પમાડે છે. અપ્રતીતની પ્રતીતિ કરાવે છે. અનિર્ણિતનો નિર્ણય કરાવે છે. આત્મ-તત્ત્વ અપ્રતીત છે તેની પ્રતીતિ કરાવે છે. તેમ જ ધર્મતત્ત્વ અનિર્ણિત છે તેનો નિર્ણય કરાવે છે.

ઓછામાં ઓછા પ્રયત્ને વધુમાં વધુ ફળ લાવવાની શક્તિ 'નમો' મંત્રમાં છે.

'નમો' પદમાં મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય ભાવનાઓની સાથે અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્ય-ત્વાદિ ભાવનાઓ સમાવિષ્ટ થઈ જાય છે. તેથી પ્રથમ પદ અતિ ગંભીર છે.

## નવકારમાં યોગનાં આઠેય અંગ.

નમસ્કાર એ જેમ મોક્ષનું બીજ છે, તેમ અનમસ્કાર એ સંસારનું બીજ છે.

નમનીયને અનમન અને અનમનીયને નમન, એ સંસાર-વૃક્ષનું બીજ છે. અનમનીયને અનમન અને નમનીયને નમન, એ ધર્મવૃક્ષનું બીજ છે. નમનીયને નમસ્કાર, એ સર્વ દુઃખોનો અને પાપોનો નાશક છે. નમનીયને અનમસ્કાર, એ સર્વ દુઃખોનુ અને પાપોનું ઉત્પાદક છે.

એક અંગ્રેજ લેખકે ઠીક જ કહ્યું છે કે–

Prayer changes things but the lack of prayer also changes things.

અર્થાત્ 'પ્રાર્થના સંયોગોને સુધારે છે, અપ્રાર્થના સંયોગોને બગાડે છે. બંનેમાંથી નિષ્ક્રિય કોઈ નથી.'

નવકારમાં તપ છે, સ્વાધ્યાય છે અને ઇશ્વરપ્રણિધાન છે.

તપથી શરીર સુધરે છે, સ્વાધ્યાયથી મન સુધરે છે અને ઇશ્વરપ્રણિધાનથી આત્મા સુધરે છે.

પરમાત્માની નજીક વસવા માટે પ્રથમ અનાત્માના સંગથી છૂટવું જોઇએ.

આસન શરીરનો સંગ છોડાવે છે. પ્રાણાયામ પ્રાણ ઉપર નિયમન લાવે છે. પ્રત્યાહાર ઇન્દ્રિયોનો સંગ છોડાવે છે. ધારણા, ધ્યાન અને સમાધિ અનુક્રમે મન, બુદ્ધિ અને અહંકારનો સંગ છોડાવે છે.

નવકારમાં આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિની સાધના છે. તેની સાથે યમ-નિયમ પણ સધાય છે.

આંતર્ શાન્તિ માટે નિયમ છે અને બાહ્ય શાન્તિ માટે યમ છે.

નવકારથી બાહ્ય-આંતર સંબંધો સુધરે છે.

## ઇષ્ટદેવતાનો નમસ્કાર અને પરંપર ફળ.

ઈષ્ટદેવતાને નમસ્કાર કર્યા વિના શ્રુતજ્ઞાનના પારને કોઈ પણ આત્મા પામી શકતો નથી.

પંચમંગલ એ ઇષ્ટદેવતાના નમસ્કારસ્વરૂપ છે. તેથી શ્રુતજ્ઞાનનો પાર પામવાના અર્થીએ નિરંતર તેનું આલંબન લેવું જોઇએ, એમ 'શ્રી મહાનિશીથસૂત્ર' માં પ્રતિપાદન કરેલું છે.

શ્રુતજ્ઞાનથી જીવાદિ તત્ત્વોનો બોધ થાય છે. તેથી દયાની લાગણી ઉત્પન્ન થાય છે. સર્વ જીવો મારા આત્માની સમાન છે, એવી સ્થિર બુદ્ધિ ઉત્પન્ન થવાથી જીવોની સંઘટ્ટના, પરિતાપનાદિ પીડાનો પરિહાર થાય છે. એથી આશ્રવ દ્વારનું વિસર્જન થાય છે, સંવરભાવની પ્રાપ્તિ થાય છે અને અત્યંત વિષયતૃષ્ણાના ત્યાગરૂપી દમ તથા તીવ્ર ક્રોધકંડૂતિના ત્યાગરૂપ શમગુણનો લાભ થાય છે.

અકષાયતાથી સમ્યક્ત્વગુણનો લાભ થાય છે અને તેથી જીવાદિ પદાર્થોનું સંદેહ-વિપર્યાસરહિત સંવેદનાત્મક વિશિષ્ટ અનુભવજ્ઞાન થાય છે. તેવું જ્ઞાન થવાથી અહિતકારી આચરણનો ત્યાગ અને જ્ઞાનધ્યાનાદિ હિતકારી આચરણમાં ઉદ્યમ થાય છે તથા સર્વોત્તમ ક્ષમાદિ દશવિધ યતિધર્મોમાં આસક્તિ થાય છે. તેથી સર્વોત્તમ ક્ષમા અને સર્વોત્તમ મૃદુતાદિ ગુણોનું પાલન થાય છે.

સ્વાધ્યાય-ધ્યાન સહિત સર્વોત્કૃષ્ટ સંયમધર્મનું પાલન પરંપરાએ મુક્તિનાં સુખ અપાવે છે.

એ બધાનું મૂળ ઈષ્ટ દેવતાનો નમસ્કાર છે તથા ઈષ્ટ દેવતાના નમસ્કારપૂર્વક થતું સામાયિકથી માંડી બિંદુસાર પર્યંતનું શ્રુતજ્ઞાનનું આરાધન છે.

## પંચનમસ્કારરૂપી પરમ ધર્મ.

**'पंच-नमुक्कारो खलु, विहिदाणं सत्तिओ अहिंसा य ।**
**इंदिय-कसायविजओ, एसो धम्मो सुद्धपओगो ॥१॥'**

ઉપદેશપદ, ગા. ૧૯૮

અર્થાત્ 'નર-નારકાદિ પરિભ્રમણરૂપ સંસાર એ પારમાર્થિક વ્યાધિ છે. સર્વ દેહધારી પ્રાણીઓને એ વ્યાધિ સાધારણ છે. શુદ્ધ ધર્મ તેનું ઔષધ છે.

ગુરુકુલવાસમાં વસવાથી અને ગુરુઆજ્ઞા મુજબ જીવન જીવવાથી શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થાય છે.

શુદ્ધ ધર્મનાં ચાર લક્ષણો છે: (૧) વિધિયુક્ત દાન, (૨) શક્તિ મુજબ સદાચાર, (૩) ઇંદ્રિયકષાયનો વિજય અને (૪) પંચપરમેષ્ઠિ નમસ્કાર.

અન્યત્ર ધર્મના ચાર પ્રકારો દાન શીલ, તપ અને ભાવ કહ્યા છે. તેને જ આ ગાથામાં જુદી રીતે કહ્યા છે. વિધિયુક્ત દાન તે દાનધર્મ છે, શક્તિ મુજબ સદાચાર તે શીલધર્મ છે, ઇન્દ્રિયકષાયનો વિજય તે તપધર્મ છે. અને પંચપરમેષ્ઠિ–નમસ્કાર તે ભાવધર્મ છે.

ભાવ વિનાના દાનાદિ જેમ નિષ્ફળ કહ્યાં છે, તેમ પંચનમસ્કાર વિનાનાં દાનાદિ પણ નિષ્ફળ છે. તેથી બધા ધર્મોને સફળ બનાવનાર પંચનમસ્કાર એ પરમ ધર્મ છે.

## મંગલ, ઉત્તમ અને શરણની સિદ્ધિ.

નમસ્કારભાવ આત્માને મનની આધીનતામાંથી છોડાવે છે. મનને આત્માધીન બનાવાની પ્રક્રિયા નમસ્કારભાવમાં છુપાયેલી છે. ધર્મની અનુમોદનારૂપ નમસ્કાર એ ભાવધર્મ છે.

અન્યનો આભાર ન માનવામાં કૃપણતાદોષ કારણભૂત છે.

નમસ્કારભાવ એ સમ્યગ્દૃષ્ટિને મન સદ્દેવ છે, સમ્યગ્જ્ઞાનીને મન સદ્ગુરુ છે અને સમ્યક્ચારિત્રીને મન સદ્ધર્મ છે.

નમસ્કારભાવ સિવાય માનસિક ભેદભાવ ટળતો નથી અને તે જ્યાં સુધી ન ટળે ત્યાં સુધી અહંકારભાવ ગળતો નથી. અહંકારનું ગળવું એ જ ભેદભાવનું ટળવું છે.

ભેદભાવ ટળ્યા વિના અને અભેદભાવ આવ્યા વિના જીવ જીવને જીવરૂપે કદી ય ઓળખી શકતો નથી, આવકારી શકતો નથી અને ચાહી શકતો નથી.

ભેદભાવને ટાળવાનું અને અભેદભાવને સાધવાનું સનાતન સાધન 'નમો' પદ છે.

'નમો' પદરૂપી અદ્વિતીય સાધન વડે જીવ યોગ્યતાને વિકસાવે છે અને અયોગ્યતાને ટાળે છે.

યોગ્યતાના વિકાસ વડે રક્ષણ થાય છે. અયોગ્યતા ટળવાથી વિનાશ અટકે છે.

અરિહંતોનો નમસ્કાર ભાવશત્રુઓને હણે છે. અરિહંતોનો નમસ્કાર યોગ્યતાને લાવે છે. અરિહંતોનો નમસ્કાર વિનાશને અટકાવે છે.

ભાવશત્રુઓના નાશથી મંગલ થાય છે, યોગ્યતાના વિકાસથી ઉત્તમતા મળે છે અને વિનાશના અટકવાથી શરણની પ્રાપ્તિ થાય છે.

નમસ્કારથી મંગલ, ઉત્તમ અને શરણ – એ ત્રણે ય અર્થોની સિદ્ધિ થાય છે.

## મંત્રચૈતન્ય પ્રકટાવનાર મંત્ર.

દેવતા, ગુરુ અને આત્માનું જે મનન કરાવે અને મનન દ્વારા જીવનું રક્ષણ કરે, તે મંત્ર છે.

મંત્ર એક બાજુ મન અને પ્રાણનું આત્મા સાથે જોડાણ કરાવે છે અને બીજી બાજુ તેના મનન દ્વારા દેવતા અને ગુરુ સાથે આત્માનું ઐક્ય સધાવે છે.

મંત્રના અક્ષરોનો સંબંધ મન અને પ્રાણની સાથે છે. મંત્રના અર્થનો સંબંધ દેવતા અને ગુરુ સાથે છે.

ગુરુ, મંત્ર અને દેવતા તથા આત્મા, મન અને પ્રાણ–એ બધાંનું ઐક્ય થવાથી મંત્રચૈતન્ય પ્રકટે છે તથા મંત્ર-ચૈતન્ય પ્રકટવાથી યથેષ્ટ ફળની સિદ્ધિ થાય છે.

દેવતા અને ગુરુનો સંબંધ સકલ જીવસૃષ્ટિ સાથે છે, તેથી મંત્રચૈતન્ય વિશ્વવ્યાપી બની જાય છે.

પરમેષ્ઠિનમસ્કાર એ રીતે સમત્વભાવને વિકસાવે છે. સમત્વ-ભાવનો વિકાસ મમત્મભાવને દૂર કરી આપે છે. મમત્વભાવના નાશથી અહંત્વ જાય છે. સમત્વભાવના વિકાસથી અર્હત્વ પ્રગટે છે.

પરમેષ્ઠિઓનો નમસ્કાર એ સર્વ મંગલોમાં પ્રધાન–શ્રેષ્ઠ મંગલ છે, તેમ જ નિત્ય વૃદ્ધિ પામનારું અને શાશ્વત મંગલ

છે, કેમ કે તે જીવને અહં-મમભાવથી છોડાવે છે અને જીવમાં અર્હંભાવને વિકસાવે છે, સ્વાર્થવૃત્તિ દૂર કરી આપે છે તથા પરમાર્થવૃત્તિ વિકસાવી આપે છે.

પુનઃ પુનઃ પરમેષ્ઠિનમસ્કાર વડે દેવ, ગુરુ, આત્મા મન, અને પ્રાણનું ઐક્ય સધાય છે તથા મંત્રચૈતન્ય પ્રગટે છે.

## અનંતર-પરંપર ફળ.

પંચનમસ્કારનું અનંતર ફળ સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ છે. મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ આદિનો નાશ છે તથા પરંપર ફળ સ્વર્ગાપવર્ગ રૂપ મંગલનો લાભ છે.

પાપનો નાશ એટલે પુદ્ગલ પ્રત્યેના મોહનો નાશ અને મંગલનું આગમન એટલે જીવોના જીવત્વ પ્રત્યે સ્નેહનું આકર્ષણ. પુદ્ગલ પ્રત્યે વિગત-રતિ અને જીવો પ્રત્યે વિશિષ્ટ-રતિ, એ નમસ્કાર પ્રત્યેની અભિરતિનું ફળ છે.

નમસ્કાર એ પુદ્ગલ પ્રત્યે નમનશીલ અને ચૈતન્ય પ્રત્યે અનમનશીલ જીવને ચૈતન્ય પ્રત્યે નમનશીલ અને પુદ્ગલ પ્રત્યે અનમનશીલ બનાવે છે.

પંચપરમેષ્ઠિઓ પુદ્ગલ પ્રત્યે વિરક્ત અને ચૈતન્ય પ્રત્યે અનુરક્ત છે, તેથી તેઓને નમન કરનારો પણ ક્રમશઃ જડ પ્રત્યે વિરક્તિવાળો અને ચૈતન્ય પ્રત્યે અનુરક્તિવાળો બને છે.

પુદ્‌ગલનો વિરાગ જીવને કામ, ક્રોધ અને લોભથી મુક્ત કરે છે તથા ચૈતન્યનો અનુરાગ જીવને શમ, દમ અને સંતોષથી યુક્ત કરે છે.

ચૈતન્ય એ હિતકર હોવાથી નમનીય છે અને જડ એ અહિતકર હોવાથી ઉપેક્ષણીય છે.

ચૈતન્ય લાગણીયુક્ત છે અને જડ લાગણીશૂન્ય છે.

લાગણીશૂન્ય પ્રત્યે ગમે તેટલા નમ્ર રહેવામાં આવે તો પણ વ્યર્થ છે. લાગણીયુક્ત પ્રત્યે નમ્ર રહેવાથી લાગણી મળે છે.

લાગણી એટલે સ્નેહ અને સ્નેહ એટલે દયા, કરુણા, પ્રમોદ તથા સહાય–સહકારાદિ.

જેનાથી ઉપકાર થવો ત્રણેય કાળમાં શક્ય નથી, તેવાં જડ તત્ત્વો પ્રત્યે નમતાં રહેવું, એ મોહ, અજ્ઞાન અને અવિવેક છે.

જેનાથી ઉપકાર થવો શક્ય છે, તેને જ નમવાનો અભ્યાસ પાડવો અને તેને સ્મરણપથમાં કાયમ રાખી નમ્ર રહેવું એમાં વિવેક છે, ડહાપણ છે અને બુદ્ધિમત્તા છે.

નવકારથી જડ પ્રત્યે ઉદાસીનતા અને ચૈતન્ય પ્રત્યે નમનશીલતા કેળવાય છે.

## લાયક બનો અને લાયકાત મેળવો.

લાગણીયુક્ત પ્રત્યે લાગણી ધારણ કરવાથી લાયકાત પ્રગટે છે. લાગણીશૂન્ય જડ પદાર્થો પ્રત્યે લાગણી રાખવાથી લાયકાત નાશ પામે છે અને નાલાયકતા પ્રગટ થાય છે.

જીવ જડને અનંતકાળ નમ્યો છે. પણ એ નમસ્કાર નિષ્ફળ ગયો છે. ચેતનને એક વાર પણ સાચા ભાવથી નમે તો તે સફળ થાય.

ચેતનને નમવું એટલે પિંડમાં દેહ પ્રત્યે આદર છોડી આત્મા પ્રત્યે આદર રાખવો અને બ્રહ્માંડમાં પુદ્ગલ માત્ર પ્રત્યે રાગ છોડી જીવ માત્ર પ્રત્યે રાગ ધારણ કરવો. રાગ ધારણ કરવો એટલે લાગણીવાળા બનવું.

જેઓ લાગણીવાળા છે, તેઓ પ્રત્યે લાગણી બતાવવાથી સર્વ પ્રકારની માંગણી વિના માંગ્યે પૂર્ણ થાય છે.

સર્વ પ્રકારના પાપની ઉત્પત્તિ પુદ્ગલના રાગથી છે અને સર્વ પ્રકારના પુણ્યની ઉત્પત્તિ ચૈતન્યના બહુમાનથી છે.

નમસ્કારથી ચૈતન્યનું બહુમાન થાય છે, તેથી તે સર્વ પ્રકારના મંગલની ઉત્પત્તિનો હેતુ છે. નવકાર એ પાપનો નાશક અને મંગલનો ઉત્પાદક બને છે, કારણ કે તેમાં ચૈતન્યનું બહુમાન છે અને જડનું અબહુમાન છે. કર્મ અને કર્મકૃત સૃષ્ટિ એ જડ છે તેનો અંત કરનાર પરમેષ્ઠિઓ છે. તેથી તેઓનો નમસ્કાર જડસૃષ્ટિના રાગને શમાવે છે અને ચૈતન્યસૃષ્ટિના પ્રેમને વિકસાવે છે.

નવકાર વડે પાપનું મૂળ જે પુદ્ગલનો રાગ છે, તે નાશ પામે છે અને ધર્મનું મૂળ જે ચૈતન્યનો પ્રેમ છે તે પ્રગટે છે તેથી તે ઉપાદેય છે. ચૈતન્ય એ વિશ્વમાં રહેલ સર્વ શ્રેષ્ઠ સત્તા છે. નવકારમાં એ સર્વશ્રેષ્ઠ સત્તાને નમસ્કાર છે અને એ સર્વશ્રેષ્ઠ સત્તાને નમીને જેઓએ શુદ્ધ ચૈતન્ય પ્રગટાવ્યું છે, તેઓને નમસ્કાર છે. એટલું જ નહિ પણ તેઓને નમસ્કાર કરનાર એવા સર્વ વિવેકી જીવોની સર્વશ્રેષ્ઠ ક્રિયાનું અનુમોદન છે તથા એ ક્રિયાજન્ય પાપનાશ અને મંગલ લાભ રૂપી સર્વશ્રેષ્ઠ ફળનું પણ સ્મરણ અને અનુમોદન છે.

એ સ્મરણ જેટલી વખત વધુ કરવામાં આવે તેટલો લાભ અધિક છે, એ વાત નિશ્ચિત છે.

દ્રવ્યમંગલો સંદિગ્ધ ફળવાળાં છે. ભાવમંગલ અસંદિગ્ધ ફળવાળાં છે. નવકાર એ બધા ભાવમંગલોનો પણ નાયક છે. નાયક એટલે તેની હયાતિમાં જ બીજા મંગલો ભાવમંગલ બને છે.

મંગલને મંગલ બની રહેવામાં કારણ ચૈતન્યની ભક્તિ અને જડની વિરક્તિ છે. નવકારની મંગલમયતા ચૈતન્યના આદરમાં અને જડના અનાદરમાં છે.

જડતત્ત્વનો પ્રેમ જીવને દુઃખદાયક બને છે. ચૈતન્ય તત્ત્વનો પ્રેમ જીવને સુખદાયક થાય છે.

નમસ્કારરૂપી રસાયણનું પુનઃ પુનઃ સેવન જડની આસક્તિ ટાળે છે અને ચૈતન્યતત્ત્વની ભક્તિ વિકસાવે છે, તેથી તે સર્વ મંગલોનું માંગલ્યા અને સર્વ કલ્યણોનું કારણ છે.

## હિતૈષિતા એ વિશિષ્ટ પૂજા.

અયોગ્યને નમનાર અને યોગ્યને ન નમનારને, અનિચ્છાએ પણ સદા નમવું પડે તેવા ભવ મળે છે. વૃક્ષના અને તિર્યંચના ભવો એનાં પ્રત્યક્ષ ઉદાહરણ છે.

નમસ્કારથી ધર્મવૃક્ષનું મૂળ સિંચાય છે. સાધુધર્મ અને ગૃહસ્થધર્મ–એ બંને પ્રકારનાં ધર્મનાં મૂળમાં સમ્યક્ત્વ છે અને તે દેવગુરુને નમસ્કારરૂપ છે.

માતા–પિતાને નમન તે સતતાભ્યાસ છે, દેવ–ગુરુને નમન તે( દેવ–ગુરુ વગેરે પ્રશસ્ત વિષયોનો અભ્યાસ ) વિષયાભ્યાસ છે અને રત્નત્રયીને નમન તે ભાવાભ્યાસ છે.

ત્રણેય પ્રકારની નમનક્રિયા એ ઉત્તરોત્તર આત્મોન્નતિ માટેની પ્રક્રિયા છે.

નાનો મોટાને નમે એ દુનિયાનો ક્રમ છે. એ રીતે મોટો નાનાને (નાનો બે હાથ જોડીને મોટાને નમે એ રીતે ભલે) ન નમે, પણ પોતાના હૃદયમાં નાનાને અવશ્ય સ્થાન આપે, તેમનું હિત ચિન્તવે, તેમને સન્માર્ગમાં જોડે અને તેમનું કલ્યાણ થાય તેમ વિચારે, એ પણ એક પ્રકારનો નમસ્કારભાવ છે.

'અર્હં' એ ત્રિભુવનપૂજ્ય છે, કેમ કે તેઓ ત્રિભુવનહિતૈષી છે.

પોતાના ઉપકારીને ભૂલી જવા તે અહંકાર અને પોતાના ઉપકારીને જિંદગીભર યાદ રાખવા તે નમસ્કાર. અહંકાર એ પાપનું મૂળ છે અને નમસ્કાર એ મોક્ષનું મૂળ છે.

જેમ દવા લાગુ પડે એટલે દર્દ ઓછું થાય. તેમ નવકાર લાગુ પડે એટલે અહંકાર ઓછો થાય. અહંકાર એટલે સ્વાર્થનો ભાર. જ્યાં સુધી તે ન ઘટે, ત્યાં સુધી નવકાર લાગુ પડ્યો ન કહેવાય.

પોતાનાં સુખોનો વિચાર એ સ્વાર્થ છે. સ્વાર્થનું બીજું નામ તિરસ્કારભાવ છે. સર્વના સુખનો વિચાર એ પરમાર્થ છે. એનું બીજું નામ નમસ્કારભાવ છે. શરીરના અણુએ અણુમાંથી તિરસ્કારભાવરૂપી ચોરોને ભગાડી મૂકવા માટે નમસ્કારભાવને અસ્થિમજ્જા બનાવવો જોઇએ.

નમસ્કારનું પ્રથમ ફળ પાપનાશ–સ્વાર્થવૃત્તિનો નાશ છે. બીજું ફળ પુણ્યબંધ–શુભનો અનુબંધ છે.

નમસ્કારથી પાપનો નાશ ઇચ્છવો અને પુણ્યનો બંધ નહી પણ અનુબંધ ઇચ્છવો. તેથી જે પુણ્ય બંધાય તે સર્વકલ્યાણની ભાવનામાં પલટાય છે.

તિરસ્કારના પાપમાંથી બચવા માટે નમસ્કાર એ એક અમોઘ સાધન છે.

## નમસ્કારધર્મની વ્યાખ્યાઓ.

નમસ્કાર એ ક્ષમાનું બીજું નામ છે. ભૂલ થયા પછી તેને સુધારી લેવા માટે નમ્રતા બતાવવી, તેનું નામ ક્ષમાપના છે.

પોતાથી થયેલી ભૂલની ક્ષમા માગવી અને બીજાથી થયેલી ભૂલની ક્ષમા આપવી, એ નમસ્કારધર્મની જ આરાધના છે.

જેમ અહંકાર ઉપકારીઓને ઓળખવા દેતો નથી, તેમ પોતાના અપરાધને સ્વીકારવા પણ દેતો નથી.

જેમ નમસ્કાર ઉપકારીઓને ભૂલવા દેતો નથી, તેમ પોતાના અપરાધોને પણ ભૂલવા દેતો નથી.

ઉપકારના સ્વીકારની જેમ અપરાધનો સ્વીકાર પણ નમસ્કાર છે.

વિષયો પ્રત્યેની નમનશીલતાનો ત્યાગ કરીને પરમેષ્ઠિઓ પ્રત્યે નમનશીલતા કેળવવી, એ પણ નમસ્કારધર્મ છે.

બાહ્ય પદાર્થો પ્રત્યે તૃષ્ણાવાળા ન બનવું અને આત્મ તૃપ્ત રહેવાનો અભ્યાસ કરવો, તે પણ નમસ્કારધર્મ છે.

જીવ, પોતાને પ્રાપ્ત થયેલ જાતિ, કુલ, રૂપ, બળ, લાભ, બુદ્ધિ, વૈભવ, યશ અને શ્રુતાદિ પ્રત્યે નમ્ર છે જ : નમ્રપણે તેઓ પ્રત્યે આદર, રુચિ અને બહુમાન બતાવે છે જ, પણ તે નમનશીલતા ધર્મરૂપ નથી. પૂજ્ય તત્ત્વો પ્રત્યે નમ્ર રહેવું, તે સાચી નમ્રતા છે.

દુન્યવી પદાર્થો પ્રત્યે નમસ્કારભાવ અનાદિ કુવાસનાના યોગે હોય છે જ, તેનો સ્થાનપલટો કરી મૈત્ર્યાદિના વિષયભૂત બીજા જીવો પ્રત્યે, શ્રી પરમેષ્ઠિ ભગવંતો પ્રત્યે અને આત્મતત્ત્વ પ્રત્યે નમ્ર બનવું એ જ ધર્મ છે અને એ જ વિવેક છે. એથી વિનયયોગ્ય સ્થાને વિનય થાય છે. એ વિનય જ નમસ્કારધર્મરૂપ બનીને કર્મનો ક્ષય કરે છે.

ઉપકારીઓને નમસ્કાર કરવાથી તેઓનાં આપણા ઉપરના ઋણથી મુક્ત થવાય છે અને તેઓનાં પ્રશસ્ત અવલંબનથી પ્રશસ્ત ધ્યાનના બળે કર્મક્ષય થાય છે.

બુદ્ધિબળને ખીલવવા માટે જેમ અક્ષરજ્ઞાન અને તેનાં સાધનોની આવશ્યકતા છે, તેમ ભાવનાબળને વિકસાવવા માટે નમસ્કારધર્મ અને તેનાં સર્વ સાધનોની આવશ્યકતા છે. ન્યાય, નીતિ, ક્ષમા, સદાચાર અને પરમેશ્વરભક્તિ તેનાં સાધનો છે. તે બધાં સાધનો નમસ્કારભાવને વિકસાવે છે અને નમસ્કારભાવ અહંકારભાવનો નાશ કરી પરમાત્મતત્ત્વ પ્રત્યે પ્રેમ પેદા કરે છે.

શ્રી પંચપરમેષ્ઠિઓમાં પ્રગટ થયેલું પરમાત્મતત્ત્વ જ્યારે આપણા નમસ્કારભાવનો વિષય બને છે, ત્યારે અંતરમાં રહેલું પરમાત્મતત્ત્વ જાગૃત થાય છે અને સકલ ક્લેશનો નાશ કરી પરમાનંદની પ્રાપ્તિ કરાવે છે.

## નમસ્કારનો પર્યાય અહિંસા, સંયમ અને તપ.

અંતરમાં કરુણા અને વર્તનમાં અહિંસા એ શ્રેષ્ઠ મંગલ છે.

અહિંસામાં બીજા જીવો પ્રત્યે તાત્ત્વિક નમનભાવ છે. સંયમ અને તપ અહિંસાની સિદ્ધિ માટે અનિવાર્ય છે.

પાંચેય ઇન્દ્રિયોને કાબૂમાં રાખવી તે સંયમ છે અને મનને કાબૂમાં રાખવું તે તપ છે. ઇન્દ્રિયો અને મનને અંકુશમાં રાખ્યા સિવાય અહિંસા પળાતી નથી અને અહિંસાને પાળ્યા વિના નમસ્કારધર્મની આરાધના પૂર્ણપણે થતી નથી.

અહિંસાના પાલનમાં પ્રભુઆજ્ઞાની આરાધના છે. પ્રભુ-આજ્ઞાનું રહસ્ય જીવ માત્રને આત્મસમ સ્વીકારવામાં છે.

વર્તન વગરની ઉચ્ચ વિચારસરણી પણ વંધ્ય છે. વિચારનું ફળ વર્તન છે. તે જ્યાં હોતું નથી, ત્યાં વિચાર એ માત્ર વાણી અને બુદ્ધિનો વિલાસ છે.

અહિંસા, સંયમ અને તપને એ જ કારણે ઉત્કૃષ્ટ મંગલ તરીકે ગણાવ્યાં છે.

મૈત્રી વિનાની અહિંસા જેમ શુષ્ક છે, તેમ અહિંસા વિનાની મૈત્રી પણ માયા છે. વૈરાગ્ય વિનાનો સંયમ જેમ શુષ્ક છે, તેમ સંયમ વિનાનો વૈરાગ્ય પણ છેતરપિંડી છે, અનાસક્તિ વિનાનો તપ જેમ શુષ્ક છે, તેમ તપ વિનાની અનાસક્તિ પણ આડંબર માત્ર છે.

અહિંસાપૂર્વકની મૈત્રી, સંયમપૂર્વકનો વૈરાગ્ય અને તપ સહિતની અનાસક્તિ એ જ તાત્ત્વિક છે.

## કરુણાભાવનો દ્યોતક.

પ્રભુનાં નામ, રૂપ, દ્રવ્ય અને ભાવ—એ ચારેયમાં કરુણા ભરેલી છે. તેનો સાક્ષાત્કાર કરવો તે આત્માર્થી જીવોનું કર્તવ્ય છે, અન્યથા કૃતઘ્નતા અને અભક્તિ પોષાય છે.

દુઃખી પ્રાણીઓનાં દુઃખનો નાશ કરવાની શક્તિ જેમાં હોય, તે તત્ત્વ કરુણામય કહેવાય.

પ્રભુના નામથી પાપ જાય છે અને પાપ જવાથી દુઃખ જાય છે.

પ્રભુનાં બિમ્બથી પણ પાપ અને દુઃખ જાય છે.

પ્રભુનું આત્મદ્રવ્ય તો કરુણાથી સમવેત—સમેત છે જ અને ભાવ નિક્ષેપે તો પ્રભુ સાક્ષાત્ કરુણામૂર્તિ છે.

એ રીતે પ્રભુની કરુણાનું ધ્યાન એ જ ભક્તિભાવની વૃદ્ધિનું સાક્ષાત્ કારણ છે.

કરુણાભાવ એ શુદ્ધ જીવનો સ્વભાવ છે અને તે નામ, સ્થાપના, દ્રવ્ય તથા ભાવ વડે અભિવ્યક્ત થાય છે—બહાર પ્રકટપણે દેખાય છે.

નામાદિ ચાર નિક્ષેપા વડે શ્રી અરિહંતાદિ પાંચ પરમેષ્ઠિઓને થતો નમસ્કાર, એ સર્વ પાપનો અને દુઃખનો નાશક હોઈ કરુણાભાવના પ્રભાવનો દ્યોતક છે અને તેથી ભક્તિભાવનો વર્ધક છે.

## 'નમો' પદનું રહસ્ય.

'નમો' માં નમ્રતા છે, વિનય છે, વિવેક છે અને વૈરાગ્ય પણ છે; તપ સ્વાધ્યાય અને ઇશ્વરભક્તિ પણ છે; તેમ જ દુષ્કૃતની ગર્હા, સુકૃતની અનુમોદના અને શ્રી અરિહંતાદિનું શરણ પણ છે.

નમવું એટલે માત્ર મસ્તકને નમાવવું એમ નહિ, પણ મનને, મનના વિચારોને, મનની ઈચ્છાઓને અને મનની તૃષ્ણાઓને પણ નમાવવી અર્થાત્ તેઓને તુચ્છ લેખવાં.

માત્ર હાથ જોડવા એમ નહિ, પણ અંતઃકરણમાં એકતાની અભેદની ભાવના કરવી.

નમ્રતાનો અર્થ અહંભાવનો સંપૂર્ણ નાશ અને બાહ્ય વિષયોમાં પોતાપણાની બુદ્ધિનો સર્વથા વિલય.

કાંઈ ન થવાથી સર્વ કાંઇ થવાય છે. કાંઈ થવું એટલે સર્વથી વિખુટું પડવું. કાંઈ પણ ન રહેવું એટલે પરમાત્મતત્ત્વમાં મળી જવું.

સમુદ્રમાં રહેવાવાળું બિન્દુ સમુદ્રની મહત્તા ભોગવે છે. સમુદ્રથી અલગ થઇને જ્યારે તે પોતાપણાનો દાવો કરવા

જાય છે, ત્યારે તે તરત સુકાઈ જાય છે-તેનું અસ્તિત્વ ગુમાવે છે. 'નમો' પદમાં છુપાયેલું રહસ્ય શું છે, તે આથી પ્રકટ થાય છે.

નમસ્કારથી દર્શનની શુદ્ધિ થાય છે અર્થાત્ કર્મકૃત પોતાની હીનતા, લઘુતા યા તુચ્છતાનું દર્શન થાય છે અને પરમાત્મ-તત્ત્વની ઉચ્ચતા, મહત્તા તથા ભવ્યતાનું ભાન થાય છે. તેથી અહંભાવનો ફોલ્લો ફૂટી જાય છે અને મમતાભાવનું પરુ નીકળી જાય છે. પરિણામે જીવને પરમ શાન્તિનો અનુભવ થાય છે.

એકાગ્રતાથી અર્થવિચાર સહિત જપ કરનારના સમસ્ત કષ્ટ દૂર થાય છે.

**मननात् त्रायते यस्मात्, तस्मान्मन्त्रः प्रकीर्तितः ।**

જેના મનનથી રક્ષા થાય છે, તે મંત્ર છે. મનન અર્થાત્ ચિન્તવન તે મનનો ધર્મ છે. મનનો લય થવાથી ચિન્તા-રાશિનો ત્યાગ થાય છે. ચિન્તારાશિના ત્યાગથી નિશ્ચિંતતારૂપી સમાધિ પ્રાપ્ત થાય છે.

મન જ્યારે સર્વ વિષયોની ચિન્તાથી રહિત થાય છે અને આત્મતત્ત્વમાં વિલય થાય છે. ત્યારે તે સમાધિ પ્રાપ્ત કરે છે.

નવકારના પ્રથમ બે પદોમાં મુખ્યત્વે સામર્થ્યયોગનો નમસ્કાર છે, કેમ કે શ્રી અરિહંત અને સિદ્ધમાં અનંતુ

સામર્થ્ય-વીર્ય પ્રકટેલું છે. પછીનાં ત્રણ પદોમાં પ્રધાનપણે શાસ્ત્રયોગનો નમસ્કાર છે, કેમ કે આચાર્ય ઉપાધ્યાય અને સાધુમાં વચનાનુષ્ઠાન રહેલું છે. છેલ્લાં ચાર પદોમાં ઇચ્છા-યોગનો નમસ્કાર છે, કેમ કે તેમાં નમસ્કારનું ફળ વર્ણવ્યું છે. ફલ-શ્રવણથી નમસ્કારમાં પ્રવૃત્ત થવાની ઇચ્છા થાય છે.

શ્રી નવ પદોમાં રહેલ ભિન્ન ભિન્ન પ્રકારનો નમસ્કાર જો ધ્યાનમાં રાખીને કરવામાં આવે તો તે શીઘ્રપણે સજીવ અને પ્રાણવાન બને છે.

જ્ઞાનપૂર્વક, શ્રદ્ધાપૂર્વક અને લક્ષ્યપૂર્વક પ્રમાદ છોડીને જો નમસ્કારમહામંત્રનું આરાધન કરવામાં આવે તો તે અચિંત્ય ચિંતામણિ અને અપૂર્વ કલ્પવૃક્ષ સમ ફલપ્રદ બને છે.

ચિરકાળનો તપ ઘણું પણ શ્રુત અને ઉત્કૃષ્ટ પણ ચારિત્ર જો ભક્તિશૂન્ય હોય, તો તે અહંકારનું પોષક બની અધોગતિને સર્જે છે.

ભક્તિનો ઉદય થતાં તે બધાં કૃતકૃત્ય બને છે.

મંત્રના ધ્યાનથી અને જાપથી; વારંવાર પ્રભુનાં નામનો અને મંત્રનો પાઠ કરવાથી ચિત્તમાં ભક્તિ સ્ફુરાયમાન થાય છે.

બહારના પદાર્થો બહારની ક્રિયાની અપેક્ષા રાખે છે. પરંતુ પરમાત્મા જે સૂક્ષ્મતમ અને જીવ માત્રમાં સત્તારૂપે

બિરાજમાન છે, તેની પ્રાપ્તિ વિવેક અને વિચાર તથા જ્ઞાન અને ભક્તિરૂપી અંતરંગ સાધનોથી થાય છે.

સ્નેહરૂપી તેલથી ભરેલ જ્ઞાનરૂપી દીપક મનોમંદિરમાં પ્રકટવાથી દેહમંદિરમાં બિરાજમાન અંતર્યામી પરમાત્માનાં દર્શન થાય છે. તે માટે દીર્ઘકાળ પર્યંત આદર સહિત સતત અભ્યાસની જરૂર છે.

તે અભ્યાસ મંત્રના જાપ વડે અને તેના અર્થની ભાવના વડે કરી શકાય છે. આ રીતે શ્રી નવકારમંત્ર પણ તેના અર્થની ભાવના સહિત જ્યારે આરાધવામાં આવે છે ત્યારે તે અવશ્ય ભક્તિવર્ધક બને છે અને વધેલી ભક્તિ મુક્તિને નિકટ લાવી આપે છે.

॥ शिवमस्तु सर्वं जगतः ॥

-: મુદ્રણ સ્થાન :-

ભરત પ્રિન્ટરી

દાણાપીઠ પાછળ, તળાવ,

પાલિતાણા-૩૬૪ ૨૭૦.